


પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

અવધિજ્ઞાની મહર્ષિ શ્રી ધર્મદાસગણિ-વિરચિત

# ઉપદેશમાલા

શ્રી ચિન્તામણિપાર્શ્વનાથાય: નમ:

શ્રી મહાવીરપ્રભુના હસ્તદીક્ષિત અવધિજ્ઞાની રાજર્ષિ
શ્રી ધર્મદાસગણિ-વિરચિત

# ઉપદેશમાળા

: અનુવાદક :


પ્રભાવક પ્રવચનકાર વર્ધમાન તપોનિધિ
પ.પૂ. આચાર્યદેવશ્રી
વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ


પ્રકાશક :


દિવ્યદર્શન ટ્રસ્ટ
કુમારપાળ વિ. શાહ
૩૬, કલિકુંડ સોસાયટી
ધોળકા - ૩૮૭૮૧૦

**પ્રાપ્તિસ્થાન :**

દિવ્યદર્શન ટ્રસ્ટ

કુમારપાળ વિ. શાહ
૩૬, કલિકુંડ સોસાયટી
ધોળકા - ૩૮૭૮૧૦

ભરતભાઈ ચતુરદાસ
૮૬૮ કાળુશીનીપોળ
કાળુપુર - અમદાવાદ

❑ કિંમત : પ્રચારાર્થે ૧૫-૦૦

❑ બીજી આવૃત્તિ :
વિ.સં. ૨૦૫૧

❑ સંપાદક :
પ.પૂ. પંન્યાસશ્રી પદ્મસેનવિજયજી ગણિવર્ય

**સૌજન્ય :**

શ્રી શાંતિનગર જૈન સોસાયટી સંઘ
ઊંઝા. (ઉ. ગુજરાત)

❑ મુદ્રક :

*જીતુ શાહ (અરીહંત)*
૬૮૭/૧, છીપાપોળ, કાલુપુર, અમદાવાદ

# પ્રાસંગિક

અવધિજ્ઞાની મહર્ષિએ પોતાના સંસારી પુત્ર રણસિંહને પ્રતિબોધ કરવા માટે જે મહિમાવંત ગ્રંથની રચના કરી તે જ ગ્રન્થ આજે દરેક ગાથાના સરળ અને અર્થગંભીર અનુવાદ સાથે 'ઉપદેશમાળા' નામે પ્રસિદ્ધ થઈ રહ્યો છે, જે જિજ્ઞાસુ અને મુમુક્ષુ જૈન જનતા માટે ઘણા જ આનંદનો વિષય છે. જૈન જગતમાં 'ઉપદેશમાળા'એ ઉપદેશના વિષયમાં પ્રાચીનતમ ગ્રન્થો પૈકીનો એક ગ્રન્થ છે, એનો પ્રતિપાદ્ય વિષય એટલો બધો સુંદર છે કે પ્રાચીન કાળથી જ વ્યાખ્યાન આદિમાં એ ગ્રન્થ વંચાતો આવ્યો છે અને આજે પણ વંચાઈ રહ્યો છે. ધુરંધર તાર્કિક પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ, પૂ. સિદ્ધર્ષિગણી, પૂ. રત્નપ્રભસૂરિ, પૂ. ઉદયપ્રભસૂરિ, પૂ. રામવિજયગણિ વગેરે અને પૂર્વજ મહર્ષિઓએ આ ગ્રન્થ ઉપર અનેક વિવરણો લખ્યા છે. એ આ ગ્રન્થની ઉપાદેયતા સિદ્ધ કરવા માટે ઓછા નથી. પૂ. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે પણ સ્વ-નિર્મિત અનેક ગ્રંથોમાં ઉપદેશમાળાના અનેક શ્લોકો સાક્ષી તરીકે ટાંકી દેખાડ્યા છે. તાત્પર્ય, ઉપદેશનાં વિષયમાં આટલો બધો પ્રાચીન અને મહા પ્રમાણભૂત અન્ય ગ્રન્થ મળવો દુર્લભ છે. તદુપરાંત આ ગ્રન્થને અનુસરીને બીજા પણ અનેક આચાર્ય ભગવંતોએ જુદા જુદા ઉપદેશ વિષયક ગ્રન્થોનું નિર્માણ કર્યું છે.

સાધુ અને શ્રાવક બંનેના જીવનમાં અતિ ઉપયોગી એવા એક એક માર્મિક ઉપદેશો શ્લોકના પ્રારંભમાં નિર્દેશીને એ જ શ્લોકમાં એનું એક એક સચોટ દૃષ્ટાન્ત પણ આપી દેવું એ આ ગ્રન્થની અનોખી વિશેષતા છે. ખરેખર આ ગ્રન્થ હૃદયંગમ ઉપદેશો અને એના શાસ્ત્રીય દૃષ્ટાંતોનો અદ્‌ભૂત ખજાનો છે. બધી જ કક્ષાના જીવોને આત્મપ્રગતિમાં આ ગ્રન્થ ઘણો જ પ્રેરક બની રહે તેવો છે, પણ મૂલગ્રન્થની ભાષા પ્રાકૃત છે અને આજે સંસ્કૃતની જેમ પ્રાકૃતભાષા પણ વિદ્યાભ્યાસના ક્ષેત્રમાંથી દૂર થઈ ગઈ છે. એ કારણે ભાષાના અનભિજ્ઞ જીવો આવા ઉત્તમ ગ્રન્થના માર્મિક ઉપદેશથી વંચિત રહી જાય એ બાબત કોઈ પણ દીર્ઘદૃષ્ટા વિશેષજ્ઞને સહેજ ખૂંચે એ સ્વાભાવિક છે.

ન્યાયવિશારદ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબે પોતાના અનેકવિધ કર્તવ્યોમાંથી રોજ થોડો થોડો બહુમૂલ્ય સમય ફાળવીને ઉપદેશમાળાની બધી ગાથાઓનો સુંદર અને સરળ અનુવાદ કરી આપી ગુજરાતી ભાષા વ્યવહર્તાઓ ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો છે. પૂજ્યપાદ આચાર્યદેવશ્રીને શરૂઆતથી જ આ ગ્રન્થ સાથે આત્મીયતા એટલી બધી કેળવાઈ ગઈ છે કે વ્યાખ્યાનમાં જ્યારે જ્યારે તેઓ ઉપદેશમાળાના કોઈ એકાદ શ્લોકને લઈને સાથે તેમાનાં કથા પ્રસંગનું ધારદાર નિરૂપણ કરે છે ત્યારે શ્રોતાઓ કેટલા બધા ઊંડા સંવેગ-વૈરાગ્યના મહાસાગરમાં ડૂબી જાય છે કે એ તો સાંભળનારા સૌ જાણે જ છે. લગભગ દરેક સાધુ-સાધ્વીઓને પૂજ્યશ્રી અવારનવાર આ ગ્રન્થને કંઠાભરણ કરવા માટે પ્રેરણાઓ કરતા જ રહ્યા છે અને એના સત્પ્રભાવે તેઓશ્રીના અનેક અંતેવાસીઓ આ ગ્રંથને કંઠસ્થ કરવા

સદ્ભાગી બન્યા છે. 'ઉપમિતિભવ-પ્રપંચા કથા' મહાશાસ્ત્રના રચયિતા મહાવિદ્વાન શ્રી સિદ્ધર્ષિગણી મહારાજે આ ઉપદેશમાળાશાસ્ત્રના શબ્દે શબ્દના ખોલેલા રહસ્યના આધારે પૂજ્યશ્રીએ આ ગ્રંથ ઉપર માર્મિક અનુવાદનું આલેખન કર્યું છે.

આત્માની ઉન્નતિ બહુધા નિમિત્તાધીન જ છે. મોટા ભાગના જીવો મુક્તિની સાધનામાં ઉપદેશના સહારે જ આગળ વધે છે. જીવનો મુક્તિમાં જવાનો કાળ એક બાજુ પાક્યો હોય અને બીજી બાજુ આવા સુંદર-ગંભીર શાસ્ત્રીય ઉપદેશોના સંવાહક સદ્ગુરુ ભગવંતોનો ભેટો થઈ જાય, પછી પૂછવું જ શું ? આ ઉપદેશમાળા ગ્રન્થના તાત્ત્વિક ઉપદેશોએ આજ સુધી અનેક માર્ગ ભૂલ્યા પથિકોના રાહમાં નિર્ણાયક પ્રકાશ પાથર્યો છે. અનેક ઉન્માર્ગગામીઓને સન્માર્ગમાં આવવાની ઉચ્ચતમ પ્રેરણાઓ પ્રાપ્ત થઈ છે. અનેક પુણ્યાત્માઓ પતનની પગથારેથી પાછા વળી ગયા છે. આત્મોન્નતિની સાધનાવાળાઓમાં આ ગ્રન્થરત્ને અપૂર્વ પ્રાણ સંચાર કર્યો છે.

આ ગ્રન્થ માત્ર કોરા ઉપદેશોનો ભંડાર નથી પણ આત્મામાં વૈરાગ્યનો વિરાટ દાવાનળ પ્રગટાવવા માટે અનેક ચિનગારીઓ એમાં ભરી પડી છે. કોઈ મુમુક્ષુને એમાંથી એકાદ ચિનગારી પણ અડી જશે તો એના પાપ કર્મોના ઝૂંડે ઝૂંડે વિરાગના ચિરાગમાં બળીને ખત્મ થઈ જશે એમાં કોઈ સંદેહ નથી.

જેઓ સંપૂર્ણ ગ્રન્થ ન ગોખી શકે તેમ હોય તેવા પુણ્યાત્મા માટે પૂજ્યપાદશ્રીએ આ માલામાંથી વિશિષ્ટ ગોખવા લાયક શ્લોક પુષ્પોનો પુષ્પિકાના ચિહ્નથી * (ફૂંદડીથી) અલગ નિર્દેશ કરેલો છે. એટલા શ્લોકો પણ ગોખનારને આ માલાની મ્હેંક અને સુગંધ પ્રાપ્ત થયા વિના નહીં રહે.

આ ઉપદેશમાળાનું પુસ્તક કદમાં ઘણું નાનું છે અને સાથે જ નીચે એનો અર્થ પણ છે. એટલે ગોખવા માટે તથા શ્લોકનો અન્વયાર્થ સમજવા માટે તેમજ ઉપદેશમાળાના રસથાળને માત્ર ગુજરાતી ભાષામાં સળંગ અવગાહવા હોય તેમના માટે પણ ઘણું જ ઉપયોગી સિદ્ધ થશે.

ગ્રન્થના શ્લોકોનો તથા ગ્રન્થગત દૃષ્ટાન્તોનો અકારાદિક્રમ આપ્યો હોવાથી ગ્રન્થની ઉપયોગિતામાં સારો વધારો થયો છે.

સૌ કોઈ મુમુક્ષુ આત્માઓ આનો સાદર સ્વાધ્યાય કરી, તથા ઉપદેશોને જીવનમાં ઊતારી તેની પ્રભાવના દ્વારા સ્વ-પર સર્વનું કલ્યાણ સાધે એ જ મંગળકામના.

(પ્રથમ આવૃત્તિમાંથી)

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ટ |
|---|---|
| મંગલ | ૧ |
| ઋષભદેવ પ્રભુનો તપ | ૧ |
| મહાવીર પ્રભુની ક્ષમા | ૨ |
| **ગુરુ-આચાર્ય કેવા હોય** | **૪** |
| પુરુષની પ્રધાનતા | ૫ |
| **વેષની મહત્તા** | **૭** |
| ગુર્વાધીનતાથી જ આત્મહિત | ૮ |
| કષાયોના નિમિત્તનો ત્યાગ | ૧૦ |
| સાધુનો અધિકાર ક્યાં | ૧૧ |
| આપતિમાં ધર્મ ન છોડવો | ૧૨ |
| ધર્મ કોણ કરી શકે ? | ૧૩ |
| સચ્ચારિત્રનો પ્રભાવ | ૧૫ |
| **વૈયાવચ્ચનું ફળ** | **૧૬** |
| ભણ્યાનું ફળ અકાર્યત્યાગ | ૧૯ |
| ઇર્ષ્યાથી સ્ત્રીપણું | ૨૦ |
| પરનિંદા ભયંકર | ૨૧ |
| **ગુરુકુલવાસનું ફળ** | **૨૨** |
| સાધુ કેવું બોલે ? વાણીમાં તકેદારીઓ | ૨૩ |
| પ્રાણાંતે પણ ધર્મરક્ષા | ૨૬ |
| વિનીત શિષ્યના ગુણો | ૨૭ |
| ધર્માચાર્યનો ઉપકાર | ૩૦ |
| દયાસહિતનો તપ સફળ | ૩૨ |

ગૃહસ્થનો પરિચય કેમ દોષકારી ? ૩૩
જોષ જોવાનું કે મંતર-જંતર સાધુ ન કરે ૩૪
રાગદ્વેષથી જ દુઃખ ૩૮
પિતા-પુત્ર-પત્ની આદિના સ્વાર્થના દષ્ટાંતો ૪૩
ગુરુકુલવાસ કષ્ટદાયી કે લાભકારી ? ૪૬
**એકાકી રહેવાના દોષો** **૪૬**
સ્ત્રી-દર્શનથી દીર્ઘ સંસાર ૪૮
ગૃહસ્થને સાધુની ઉપાસનાના લાભો ૪૯
લઘુકર્મી જ ભોગત્યાગ કરી શકે ૫૧
પાપનું ફળ ૧૦ ગણું આદિ ૫૨
આત્મદમન શ્રેયસ્કર ૫૫
જીવે શું નથી ભોગવ્યું ? ૫૯
પાસત્થાના સંસર્ગનો નિષેધ ૬૭
**શ્રાવકધર્મ-વિધિ** **૬૯**
સાધુ રહિત દેશમાં વસવાટમાં ધર્મકમાઈમાં હાનિ ૭૧
સુપાત્રદાન પછી શ્રાવકને ભોજન ૭૨
**શ્રાવકના અણુવ્રત** **૭૩**
અપરિમિત પરિગ્રહના નુકશાન ૭૩
શૈલક આચાર્ય પંથક શિષ્ય દૃષ્ટાંત ૭૪
કર્મ-વિટંબણા ૭૫
દૂષણ પહેલા કાળજી કેમ ? ૭૬
શિથિલ વિહારી મોહપરવશ ૭૭
કરણીને અનુરૂપ ગતિ ૭૯
શ્રુતજ્ઞાનનો વિનય ૮૦
ગુરુનો અપલાપ એ શ્રુતનો લોપ ૮૦

| | |
|---|---|
| ગુરુની 'અમારિ'ની ઘોષણા | ૮૧ |
| ગુરુનો ઉપકાર દુષ્પ્રતિકાર્ય | ૮૧ |
| સમ્યક્ત્વથી મોક્ષસુખ સ્વાધીન | ૮૧ |
| એક દિવસના પ્રમાદથી કેટલું નુકશાન ? | ૮૨ |
| **નારકી-તિર્યંચના દુઃખ** | **૮૪** |
| મનુષ્યના દુઃખ | ૮૫ |
| દેવનાં દુઃખ | ૮૬ |
| ભાવી બોધિ ક્યા મુલ્ય પર ? | ૮૮ |
| **૫ સમિતિ** | **૮૯** |
| ક્રોધના વિવિધરૂપ | ૯૧ |
| અરતિ-ભય-શોક | ૯૬ |
| **૩ ગારવ** | **૯૮** |
| ઇન્દ્રિય-પરવશતા | ૯૯ |
| ૮ મદ | ૧૦૧ |
| **બ્રહ્મચર્ય-ગુપ્તિ** | **૧૦૨** |
| સ્વાધ્યાય | ૧૦૪ |
| વિનય | ૧૦૫ |
| તપદ્વાર | ૧૦૬ |
| ચિકિત્સા | ૧૦૭ |
| **પાર્શ્વસ્થાદિના દુર્ગુણો** | **૧૦૮** |
| ભોજન માંડલીના ૫ દોષો | ૧૧૫ |
| **સુસાધુનાં લક્ષણ** | **૧૨૧** |
| અતિચારનાં સ્થાનો | ૧૨૫ |
| અગીતાર્થ અનંત સંસારી કેમ ? | ૧૨૬ |

| | |
|---|---|
| ચતુર્વિધ પ્રતિસેવના | ૧૨૭ |
| ગચ્છ કોણ સંભાળી શકે ? | ૧૨૮ |
| ગુરુનિશ્રા રહિતને ગુણશ્રેણિ વધતી નથી | ૧૩૦ |
| અલ્પજ્ઞાનીને ક્લેશ ઘણા | ૧૩૧ |
| દ્રવ્યક્ષેત્રકાળભાવના સંયોગોમાં વિધિ | ૧૩૨ |
| જ્ઞાની ક્રિયા વિના ફળ પામે નહિ | ૧૩૪ |
| જ્ઞાનીની વડાઈ | ૧૩૫ |
| ચારિત્રહીનનું જ્ઞાન નિરર્થક | ૧૩૫ |
| ચારિત્રહીનનું દર્શન નિરર્થક | ૧૩૬ |
| ષટ્જીવનિકાયની રક્ષામાં ધર્મ | ૧૩૬ |
| 'જીવો' 'મરો' ચતુર્ભંગી | ૧૪૦ |
| ગુણવાનને ઉભય લોકમાં હિત | ૧૪૧ |
| નબળા ઉપર વિશેષ ક્ષમા | ૧૪૮ |
| ધર્મસામગ્રીનો યોગ દુષ્પ્રાપ્ય | ૧૪૯ |
| 'મા સાહસ' પંખીનું દૃષ્ટાન્ત | ૧૫૧ |
| નિરતિચારતા જ ઈષ્ટ-સાધક | ૧૫૪ |
| કાયયોગાદિ-નિયંત્રણ | ૧૫૬ |
| ભારે કર્મીને જેમ જેમ જ્ઞાન વધે તેમ વધુ બાહ્ય | ૧૫૭ |
| ભાવાર્ચન-દ્રવ્યાર્ચન | ૧૫૯ |
| ચાર પ્રકારના ખેડુત | ૧૬૦ |
| **જિનાજ્ઞામાં જ ચારિત્ર** | ૧૬૨ |
| ચારિત્રનાશે જ્ઞાન-દર્શનનાશ | ૧૬૬ |
| સંવિજ્ઞપાક્ષિક માર્ગ | ૧૬૭ |
| સંવિજ્ઞપાક્ષિકનો ઉપયોગ | ૧૭૦ |
| ઉપદેશમાળાના અનધિકારી | ૧૭૩ |

# દ્રષ્ટાન્તોનો અકારાદિક્રમ


| દ્રષ્ટાંત | ગાથા |
| --- | --- |
| અંગવીર | ૧૭ |
| અંગારમર્દક | ૧૬૮ |
| અભયકુમાર | ૪૩૯ |
| અર્ણિકાપુત્ર | ૧૭૧ |
| અવંતી સુકુમાળ | ૮૮ |
| ઋષભદેવ | ૩ |
| કનકકેતુ | ૧૪૬ |
| કરકંડુ | ૧૮૦ |
| કામદેવ | ૧૨૧ |
| કાલ સૌકરિક | ૪૩૯ |
| કાલિકાચાર્ય | ૧૦૫ |
| કેશી ગણધર | ૧૦૨ |
| કોણિક | ૧૪૯ |
| ગજસુકુમાળ | ૫૫ |
| ગિરિશૂક | ૨૨૭ |
| ગોશાળો | ૧૩૦ |
| ગૌતમસ્વામી | ૬ |
| ચંડરૂદ્રાચાર્યશિષ્ય | ૧૬૭ |
| ચંદનબાલા | ૧૩ |
| ચંદ્રાવતંસક | ૧૧૮ |
| ચાણાક્ય | ૧૫૦ |
| ચિલાતીપુત્ર | ૩૮ |
| ચુલણી | ૧૪૫ |
| જમાલી | ૪૫૯ |
| જંબૂકુમાર | ૩૭ |
| જા સા સા સા | ૩૩ |
| ઢંઢણકુમાર | ૩૯ |
| તામલિતાપસ | ૯૧ |
| દત્તમુનિ | ૯૯ |
| દ્રમકભિખારી | ૧૨૨ |
| દૃઢપ્રહારી | ૧૩૬ |
| નંદીષેણ | ૫૩ |
| પરશુરામ | ૧૫૧ |
| પંથક | ૨૪૭ |
| પીઠ | ૬૮ |
| પુષ્પચૂલા | ૧૭૦ |
| પુષ્પશૂક | ૨૨૭ |
| પુંડરિક | ૨૫૨ |
| પૂરણતાપસ | ૧૦૯ |
| પ્રદેશી | ૧૦૨ |
| પ્રભવ | ૩૭ |
| પ્રસન્નચંદ્ર | ૨૦ |
| બળદેવમુનિ | ૧૦૮ |
| બ્રહ્મદત્તચક્રી | ૩૧ |
| બાહુબલી | ૨૫ |

| | |
|---|---|
| ભરતચક્રી | ૨૦ |
| મરીચિ | ૧૦૬ |
| મરુદેવી | ૧૭૯ |
| મંગુઆચાર્ય | ૧૯૧ |
| મહાપીઠ | ૬૮ |
| મહાવીર | ૨ |
| માસાહસ | ૪૭૨ |
| મેઘકુમાર | ૧૫૪ |
| મૃગાવતી | ૩૪ |
| મેતાર્ય | ૯૧ |
| રથકાર | ૧૦૮ |
| વજ્રસ્વામી | ૪૮ |
| વસુદેવ | ૫૩ |
| વારત્રઋષિ | ૧૧૩ |
| વિનયરત્ન | ૩૧ |
| શશિપ્રભ સુરપ્રભ રાજા | ૨૫૬ |
| શિવભક્તભિલ્લ | ૨૬૫ |
| શેલક | ૨૪૭ |
| શ્રીકૃષ્ણ | ૨૫૦ |
| શ્રેણિક | ૧૪૯ |
| સનત્કુમાર | ૨૮ |
| સ્કંદકસૂરિ | ૪૨ |
| સ્કંદકુમાર | ૧૪૧ |
| સ્થૂલભદ્ર | ૫૯ |
| સંગમસૂરિ | ૧૧૦ |
| સંવાહન રાજા | ૧૭ |
| સાગરચંદ્ર | ૧૨૦ |
| સિંહગુફાવાસી | ૬૧ |
| સુનક્ષત્ર | ૧૦૦ |
| સુભૂમ | ૧૫૧ |
| સુલસ | ૪૪૫ |
| સુષૂમા | ૧૩૮ |
| સૂર્યકાંતા | ૧૪૮ |
| હરિકેશી | ૪૪ |

श्री शंखेश्वरपार्श्वनाथाय नमः
महत्तरश्रीधर्मदासगणिवीरचिता

# श्री उपदेशमाला

❋ नमिउण जिणवरिंदे, इंदनरिंदच्चिए तिलोयगुरु ।
उवएसमालमिणमो, वुच्छामि गुरुवएसेणं ॥१॥

❋ जगचूडामणीभूओ, उसमो वीरो तिलोयसिरितिलओ ।
एगो लोगाइच्चो, एगो चक्खू तिहुयणस्स ॥२॥

❋ संवच्छरमुसभजिणो, छम्मासे वद्धमाणजिणचंदो ।
इय विहरिया निरसणा, जइज्ज एउवमाणेणं ॥३॥

---

**અર્થ :** ત્રણે જગતના ગુરુ, દેવેન્દ્રો અને નરેન્દ્રો વડે પૂજાયેલા શ્રી જિનેશ્વર ભગવંતોને નમસ્કાર કરીને હું (ધર્મદાસગણિક્ષમાશ્રમણ) ગુરુના ઉપદેશને અનુસારે આ ઉપદેશમાળાને કહીશ. (૧)

ત્રણ જગતના ચૂડામણિ પહેલા શ્રીઋષભદેવ અને ત્રણ જગતની લક્ષ્મીના તિલક છેલ્લા શ્રીમહાવીર જિન થયા, તેમાં એક શ્રી ઋષભદેવ આ અવસર્પિણી કાળમાં કેવળજ્ઞાન દ્વારા સમસ્ત પંચાસ્તિકાય લોકના સૂર્ય છે અને એક શ્રી વીરજિન ત્રિભુવનનાં નેત્ર છે. (૨) (કેમકે સૂર્યવત્ સકલ માર્ગદર્શક અને નેત્રવત્ જ્ઞાનદાયક છે.)

શ્રી ઋષભદેવ એક વર્ષ સુધી અને વર્દ્ધમાન જિનચંદ્ર છ માસ સુધી એમ બન્ને તદન આહાર પાણી વિના વિચર્યા. તે દૃષ્ટાંતથી હે જીવ ! તું પણ તપનો ઉદ્યમ કર (૩)

✹ जइ ता तिलोगनाहो, विसहइ बहुयाइं असरिसजणस्स ।
इयं जीयंतकराइं, एस खमा सव्वसाहूणं ॥४॥

✹ न चइज्जइ चालेउं, महइ महावद्धमाणजिणचंदो ।
उवसग्गसहस्सेहिं वि, मेरू जहा वायगुंजाहिं ॥५॥

✹ भद्दो विणीयविणओ, पढमगणहरो समत्तसुअनाणी ।
जाणतो वि तमत्थं, विम्हियहियओ सुणइ सव्वं ॥६॥

✹ जं आणवेइ राया, पगइओ तं सिरेण इच्छंति ।
इय गुरुजणमुहभणियं, कयंजलिउडेहिं सोयव्वं ॥७॥

---

હવે જો ત્રિલોકના નાથ શ્રી વીરપ્રભુ હાલીમવાલી માણસોના પણ મારણાંતિક ઘણા ઉપસર્ગોને સહન કર્યા કરે છે, તો સર્વ સાધુઓએ પણ એવી ક્ષમા કરી જોઈએ. (૪)

જેમ ભયંકર સુસવાંટાવાળા વાવાઝોડાથી પણ મેરુ ન ચળાવી શકાય, તેમ હજારો ઉપસર્ગોથી પણ મોક્ષના જ એક નિશ્ચયવાળા મહાન્ શ્રીવદ્ધર્માનજિનચંદ્રને ધ્યાનમાંથી ચલાયામાન ન કરી શકાય. (તેમ સાધુઓએ પણ ઉપસર્ગો પરિષહોમાં નિશ્ચલ થવું જોઈએ). (૫)

કલ્યાણના કરનારા, મંગળરૂપ વિનયથી વિનીત અને સંપૂર્ણ શ્રુતજ્ઞાની પ્રથમ ગણધર શ્રી ગૌતમપ્રભુ જાણવા છતાં પણ રોમાંચિત થઈને આશ્ચર્યપૂર્ણ હૈયે ભગવાનના મુખથી બધુંજ સાંભળે છે. (તેમ સાધુએ ગુરુમુખે વિનયપૂર્વક શાસ્ત્રો સાંભળવાં જોઈએ) (૬).

રાજા જે આજ્ઞા કરે તેને પ્રાકૃત (પ્રજા)જન જેમ શિરોમાન્ય કરે છે, નતમસ્તકે સ્વીકારે છે, તેમ સાધુએ ગુરુજનના મુખથી

जह सुरगणाण इंदो, गहगणतारागणाण जह चंदो ।
जह य पयाण नरिंदो, गणस्स वि गुरूतहाणंदो ॥८॥

बालु त्ति महीपालो, न पया परिहवइ एस गुरुउवमा ।
जं वा पुरओ काउं, विहरंति मुणी तहा सो वि ॥९॥

✹ परिरूवो तेयस्सी, जुगप्पहाणागमो महुरवक्को ।
गंभीरो धीमंतो, उवएसपरो य आयरिओ ॥१०॥

---

નીકળેલા વચનને બે હાથથી અંજલિ કરી નત મસ્તકે સાંભળવું (સ્વીકારવું) જોઈએ. (૭)

જેમ દેવનાં સમુહોને ઈન્દ્ર, જેમ ગ્રહ-નક્ષત્ર અને તારાઓના સમુહને ચંદ્ર અને જેમ પ્રજાજનને રાજા આનંદ આપે છે તેમ સાધુગણને ગુરુ આનંદદાતા છે. (માટે ગુરુનો અવિનય, તે ઉંમરે ન્હાના હોય તો પણ, નહિ કરવો.) (૮)

રાજા બાળક હોય તો પણ પ્રજા તેનો પરાભવ નથી કરતી, તેમ અહીં ગુરુને માટે પણ સમજવું; અથવા સાધુએ જેને તે અગ્રેસર માનીને તેની નિશ્રામાં વિચરે છે તે ગીતાર્થ વય-પર્યાયથી લઘુ હોય તો પણ તેનો પરાભવ ન કરવો. તેને માન્ય કરવા. ગુરુને તો વિશેષથી માન્ય કરવા. એમના પરાભવનાં દુસ્તર ભવદંડની પ્રાપ્તિ થાય છે. (૯)

પ્રધાનગુણે તીર્થંકરાદિના રૂપક, યા સુંદર શરીરવાળા તેજસ્વી (પ્રતિભાશાળી), પોતાના કાળમાં અન્ય જીવો કરતાં વિશેષ જ્ઞાની, મધુરભાષી, ગંભીર, ધીમાન્=ધૈર્યવાન-નિશ્ચલ ચિત્તવાળા, સદુપદેશથી માર્ગપ્રવર્તક, (૧૦)

✱ अप्परिसावी सोमो, संगहसीलो अभिग्गहमई य ।
अविकहणो अचवलो, पसंतहियओ गुरू होइ ॥११॥

कइयावि जिणवरिंदा, पत्ता अयरामरं पहं दाउं ।
आयरिएहिं पवयणं, धारिज्जइ संपयं सयलं ॥१२॥

✱ अणुगम्मइ भगवई, रायसुयज्जा सहस्सविंदेहि ।
तहवि न करेइ माणं, परियच्छइ तं तहा नूणं ॥१३॥

---

બીજાએ કહેલી ગુપ્તવાતો કોઈને નહિ જણાવનારા, સૌમ્ય આકૃતિવાળા, તે તે લાભની દ્રષ્ટિએ શિષ્યવસ્ત્રપાત્રાદિના સંગ્રહમાં તત્પર, સ્વ-પરને દ્રવ્યાદિ અભિગ્રહો ગ્રહણ કરવા-કરાવવાનાં રસવાળાં, થોડું બોલનારા-સ્વશ્લાઘા નહિ કરનારા, સ્થિર સ્વભાવવાળા અને ક્રોધાદિ રહિત પ્રશાન્ત ચિત્તવાળા, એવા ગુરુ-આચાર્ય હોય છે. (૧૧)

શ્રી જિનેશ્વરો તો મોક્ષનો માર્ગ (જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ) બતાવીને કેટલાય કાલ પૂર્વે સિદ્ધિને પામ્યા છે. વર્તમાનમાં એમનાં વિરહમાં સમસ્ત શાસનને-આગમને તથા ચતુર્વિધ સંઘને આચાર્ય ભગવંતોજ ટકાવનાર છે. (૧૨)

ભગવતી રાજપુત્રી સાધ્વી આર્યચંદના હજારોના સમૂહોથી અનુસરાય છે. છતાં તે અભિમાન નથી કરતાં; કેમકે તે જાણે છે કે આ મહિમા જ્ઞાનદર્શનચારિત્રાદિ ગુણોનો છે, પણ મારો નહિ. એક દિવસના પણ દીક્ષિત દ્રમક સાધુની સામે તે ચંદના આસન પર બેસવાનું ઈચ્છતા નથી. (ઊભા રહેતા હતા) એ રીતે સર્વ સાધ્વીઓએ વિનય કરવો. (૧૩-૧૪)

दिणदिक्खियस्स दमगस्स, अभिमुहा अज्जचंदणा अज्जा ।
नेच्छइ आसणगहणं, सो विणओ सव्वअज्जाणं ॥१४॥

✹ वरिससयदिक्खियाए, अज्जाए अज्जदिक्खिओ साहू ।
अभिगमणवंदणनमंसणेण विणएण सो पुज्जो ॥१५॥

✹ धम्मो पुरिसप्पभवो, पुरिसवरदेसिओ पुरिसजिट्ठो ।
लोए वि पहू पुरिसो, किं पुण ? लोगुत्तमे धम्मे ॥१६॥

संवाहणस्स रन्नो, तइया वाणारसीए नयरीए ।
कण्णासहस्समहियं, आसी किर रूववंतीणं ॥१७॥

---

સો વર્ષની દીક્ષિત સાધ્વીએ આજના પણ દીક્ષિત સાધુની સામે જઈને, વંદન-નમસ્કાર કરીને તથા વિનયથી એટલે કે આસનદાનાદિથી પૂજવા યોગ્ય છે. (૧૫)

(કારણ) ધર્મની ઉત્પત્તિ ગણધરરૂપ પુરુષથી થાય છે, તેના મૂળ દેખાડનારા તીર્થંકરો પણ પુરુષ છે. એથી ધર્મ પુરુષને આધીન હોવાથી ધર્મમાં પુરુષ જ્યેષ્ઠ છે. લોકમાં પણ પુરુષનું પ્રભુત્વ છે, માલિકી હોય છે, તો લોકોત્તર ધર્મમાં તો પૂછવું જ શું ? (૧૬)

ત્યારે (પૂર્વકાળ) સંવાહન રાજાને વાણારસી નગરીમાં રૂપવતી એક હજાર કન્યાઓ હતી તો પણ (રાજાનું મરણ થતાં વારસના અભાવે બીજાઓ રાજ્યને લુંટવા લાગ્યા ત્યારે) તેઓ લુંટાતી રાજ્યલક્ષ્મીનું રક્ષણ કરી શકી નહિ. માત્ર અંગવીર નામનો એકજ પુત્ર કે જે પટ્ટરાણીના ઉદરમાં હતો તેણે રાજ્યશ્રીનું રક્ષણ કર્યું. (શત્રુને નિમિત્તિયાઓએ એનો પ્રભાવ બતાવ્યો તેથી એ ભાગી ગયા). (૧૭-૧૮)

तहवि य सा रायसिरी, उल्लटंती न ताइया ताहिं ।
उयरट्ठिएण एक्केण, ताइया अंगवीरेण ॥१८॥

महिलाण सुबहुयाण वि, मज्झाओ इह समत्थघरसारो ।
रायपुरिसेहिं निज्जइ, जणे वि पुरिसो जहिं नत्थि ॥१९॥

✻ किं ? परजणबहुजाणावणाहिं, वरमप्पसक्खियं सुकयं ।
इह भरहचक्कवट्टी, पसन्नचंदो य दिट्ठंता ॥२०॥

✻ वेसो वि अप्पमाणो, असंजमपएसु वट्टमाणस्स ।
किं परियत्तियवेसं, विसं न मारेइ ? खज्जंतं ॥२१॥

---

જે ઘરમાં પુરુષ નથી તે ઘરમાં ઘણી પણ સ્ત્રીઓ હોય તોય એની વચ્ચેથી (પતિના અભાવે) તે ઘરનું સમસ્ત ધન રાજપુરુષો લઈ જાય છે. (લોકમાં પણ પુરુષ પ્રધાન છે.) (૧૯)

સુકૃત બીજા મનુષ્યોને બહુ જણાવવાથી શું ? તે આત્મસાક્ષીએ કરવું તે જ શ્રેષ્ઠ છે, એ વિષયમાં ભરતચક્રી અને પ્રસન્નચંદ્ર રાજર્ષિ દૃષ્ટાંત રૂપ છે. (૨૦)

(ધર્મજનરંજન પ્રધાન નથી પણ ચિત્તશુદ્ધિ પ્રધાન છે)

છકાય - વિરાધનાદિ અસંયય-સ્થાનો સેવનારને સાધુનો રજોહરણાદિરૂપ વેષ પણ અપ્રમાણ છે-નકામો છે. શું વેષ બદલીને ઝેર ખાનારને ઝેર મારતું નથી ? (૨૧)

(માટે બાહ્ય વેષ માત્રથી સંતોષ ન ધરતાં પંચાચાર પાલનથી ભાવ-શુદ્ધિનો ઉદ્યમ કરવો.)

* धम्मं रक्खई वेसो, संकइ वेसेण दिक्खिओमि अहं ।
अम्मग्गेण पडंतं, रक्खइ राया जणवउ व्व ॥२२॥

* अप्पा जाणइ अप्पा, जहट्ठिओ अप्पसक्खिओ धम्मो ।
अप्पा करेइ तं तह, तह अप्पसुहावओ होइ ॥२३॥

* जं जं समयं जीवो, आविसइ जेण जेण भावेण ।
सो तंमि तंमि समए, सुहासुहं बंधए कम्मं ॥२४॥

* धम्मो मएण हुंतो, तो नवि सीउण्हवायविज्झडिओ ।
संवच्छरमणसिओ, बाहुबली तह किलिस्संतो ॥२५॥

---

છતાં વેષ નકામો નથી. વેષ ધર્મનું કારણ હોવાથી મુખ્ય છે. વેષ ચારિત્રધર્મનું રક્ષણ કરે છે. વેષથી લજ્જા પામે કે હું સાધુ છું. જેમ રાજા લોકને ઉન્માર્ગથી અટકાવે તેમ વેષ ઉન્માર્ગમાં પડતાને અટકાવે છે. (૨૨)

આત્મા જ પોતાને યથાવસ્થિત્ અર્થાત્ કેવા શુભ કે અશુભ ભાવવાળો છે ? તે જાણે છે, ધર્મ આત્મ-સાક્ષિક છે, સ્વતઃ વેદ્ય છે. તેથી હે આત્મન્ ! ધર્મ નિષ્કપટ ભાવે તેવો કર કે જે તારા આત્માને સુખકારક બને. (૨૩)

જીવ જે જે સમયે જે જે ભાવ (અધ્યવસાય) વાળો વર્તે છે તે તે સમયે તેવું શુભ-અશુભ કર્મ બાંધે છે. (માટે શુભભાવમાં જ રહેવું.) (૨૪)

જો ધર્મ ગર્વ વગેરેથી થતો હોત તો બાહુબળીજીએ એક વર્ષ અણાહારીપણે શીત, તાપ, વાયુ વગેરે ત્રણે ઋતુના કષ્ટ સહન ન કર્યા હોત. (ધર્મ કષ્ટથી સાધ્ય છે.) (૨૫)

नियममइविगप्पिय-चिंतिएण सच्छंदबुद्धिचरिएण ।
कत्तो ? पारत्तहियं, कीरइ गुरुअणुवएसेण ॥२६॥

थद्धो निरूवयारी, अविणीओ गव्विओ निरूवणामो ।
साहुजणस्स गरहिओ, जणे वि वयणिज्जयं लहइ ॥२७॥

✸ थोवेण वि सप्पुरिसा, सणंकुमार व्व केइ बुज्झंति ।
देहे खणपरिहाणी, जं किर देवेहिं से कहियं ॥२८॥

जइ ता लवसत्तमसुरा, विमाणवासी वि परिवडंति सुरा ।
चिंतिज्जंतं सेसं, संसारे सासयं कयरं ? ॥२९॥

---

જે ગુરુ ઉપદેશ વગર પોતાની મતિ કલ્પનાથી તત્ત્વાતત્વને કલ્પે-વિચારે, સ્વચ્છંદ બુદ્ધિથી આચરણ કરે એનું પારલૌકિક હિત શી રીતે થાય ? (ગુર્વાધીનતાથી જ આત્મહિત થાય.) (૨૬)

અભિમાનથી અક્કડ, કૃતઘ્ન, અવિનીત ગર્વિષ્ઠ આપ બડાઈ કરનારો, ગુરુને પણ નહિ નમનારો અને એથી સજ્જનોમાં નિંદ્ય એવો માણસ લોકમાં પણ હલકાઈને પામે છે. (૨૭)

કેટલાક પુરુષો નાના પણ નિમિત્તથી સનત્કુમાર ચક્રીની જેમ બોધ પામી જાય છે, જેમકે બે દેવોએ તેમને કહ્યું, શરીરમાં ક્ષણમાત્રમાં હાનિ થાય છે (અને એટલાથી ચક્રી બૂઝી જઈ સાધુ થયા.) (૨૮)

(અતિ દીર્ઘ આયુષ્યવાળા) લવ સત્તમિયા (અનુત્તરવાસી) દેવોને ચ્યવવું પડે છે. તો વિચાર કરતાં સંસારમાં બીજું શાશ્વત શું દેખાય છે ? (માટે ધર્મ જ નિત્ય છે.) (૨૯)

कह तं भण्णइ सोक्खं ? सुचिरेण वि जस्स दुक्खमल्लियइ ।
जं च मरणावसाणे, भवसंसाराणुबंधिं च ॥३०॥

उवएससहस्सेहिं वि, बोहिज्जंतो न बुज्झइ कोई ।
जह बंभदत्तराया, उदाइनिवमारओ चेव ॥३१॥

गयकन्नचंचलाए, अपरिचत्ताए रायलच्छीए ।
जीवा सकम्मकलिमल-भरियभरा तो पडंति अहे ॥३२॥

वोत्तूणं वि जीवाणं, सुदुक्कराइंति पालवरियाइं ।
भयवं जा सा सा सा, पच्चाएसो हु इणमो ते ॥३३॥

---

(તેથી જ) તેને સુખ જ કેમ કહેવાય કે લાંબા કાળે પણ જેના પરિણામે દુઃખ આવી પડે ? ને જે મૃત્યુ સુધી જ ચાલે છે ? અને જે ભવમાં પરિભ્રમણની પરંપરાવાળું હોય ? (વસ્તુતઃ સાંસારિક સુખો, દુઃખો જ છે. (૩૦)

હજારો ઉપદેશોથી પણ બોધ કરાતા છતાં બ્રહ્મદત્તચક્રી અને ઉદાયનૃપમારક (વિનયરત્ન)ની જેમ કોઈક (ભારે કર્મી) જીવ બોધ પામતો જ નથી. (૩૧)

હાથીના કાન સમી ચંચળ રાજ્યલક્ષ્મી જો નહિ છોડી, તો જીવો તે (લક્ષ્મીની મૂર્ચ્છાથી એકત્રિત) પોતાના પાપરૂપ કચરાથી ભારે થઈને નરકમાં પડે છે. (૩૨)

જીવોનાં આચરેલા કેટલાક એવા પાપકર્મોને બોલવાં પણ દુષ્કર બને છે. આનું દૃષ્ટાંત આ કે વીર ભગવાને એક પૃચ્છકના 'જા સા સા સા,' એ પ્રશ્નમાં એ જ ઉત્તર આપી સમાધાન કર્યું હતું. (કેમકે પાપ પ્રગટ બોલાય તેવું ન હતું.) (૩૩)

✷ पडिवज्जिऊण दोसे, नियए सम्मं च पायपडियाए ।
तो किर मिहावईए; उप्पन्नं केवलं नाणं ॥३४॥

किं सक्का ? वोत्तुं जे, सरागधम्मंमि कोइ अकसाओ ।
जो पुण धरेज्ज धणियं, दुव्वयणुज्जालिण स मुणी ॥३५॥

✷ कडुयकसायतरूणं, पुप्फं च फलं च दोवि विरसाईं ।
पुप्फेण झायइ कुविओ, फलेण पावं समायरइ ॥३६॥

✷ संते वि कोवि उज्झइ, कोवि असंते वि अहिलसइ भोए ।
चयई परपच्चएण वि, पभवो दट्ठूण जह जंबुं ॥३७॥

---

ગુરુણી ચંદનબાળા સાધ્વીએ દર્શાવેલ પોતાની ભૂલ સ્વીકારીને આર્યા મૃગાવતીજી ગુરુણીના પગોમાં મસ્તક મૂકી ખમાવતાં કેવળજ્ઞાન પામ્યા. (તાત્પર્ય આત્માર્થીએ ગુરુનો સર્વ પ્રકારે વિનય કરવો.) (૩૪)

શું સરાગ સંયમવાળો કોઈ કષાય વિનાનો હોય એમ કહી શકાય ? નહિ, તથાપિ મુનિ તે છે કે જે અનિષ્ટ વચનથી પ્રજ્વલિત કરાયેલ કષાયના ઉદયને રોકે છે, યા નિષ્ફળ કરે છે. (૩૫)

કેમકે તે સમજે છે કે કટુ કષાયરૂપ વૃક્ષનાં પુષ્પો અને ફળો બન્ને કડવાં છે. - ક્રોધિત થયેલા કષાયના પુષ્પરૂપે બીજાનું બુરું ચિંતવે છે, - અને ફળ રૂપે તાડન આદિ પાપ કરે છે. (માટ કષાયો અને) એના નિમિત્તભૂત વિષયોનો ત્યાગ રાખવો જોઈએ) (૩૬)

કોઈ વિવેકી છતાં ભોગોને પણ આર્ય જમ્બૂની જેમ તજે છે. કોઈ અવિવેકી પ્રભવ ચોરની જેમ અછતના અભખરા કરે છે.

✱ दीसंति परमघोरा वि, पवरधम्मप्पभावपडिबुद्धा ।
जह सो चिलाइपुत्तो, पडिबुद्धो सुसुमाणाए ।।३८।।

पुप्फियफलिए तह पिउधरंमि, तण्हाछुहा समणुबद्धा ।
ढंढेण तहा विसो(स)ढा,
विसढा जह सफलया जाया ।।३९।।

✱ आहारेसु सुहेसु अ, रम्मावसहेसु काणणेसुं च ।
साहूण नाहिगारो, अहिगारो धम्मकज्जेसु ।।४०।।

---

(કિન્તુ સમર્થ ત્યાગીનું આલંબન લઈ સ્વયં ત્યાગમાં આવવું.) જેમ જંબૂના ત્યાગને જોઈને પ્રભવે પણ ત્યાગ કર્યો. (૩૭)

અતિ ભયંકર આચરનારા પણ કેટલાક અરિહંત કથિત શ્રેષ્ઠ ધર્મના માહાત્મ્યથી બોધ પામેલા દેખાય છે. જેમ સુસુમાના દૃષ્ટાંતમાં ચારણ મુનિના ધર્મ તથા ધર્મવચનને પામી પેલો પાપી ચિલાતીપુત્ર પ્રતિબોધ પામ્યો. (૩૮)

પિતા કૃષ્ણનું ઘર ખાન-પાનાદિ ભોગસાધનોથી ભરેલું અને ભોગવિલાસથી પૂર્ણ છતાં મહાત્મા ઢંઢણને ભૂખ-તૃષાદિ નિરંતર પૂંઠે પડયા છતાં એની એવી તિતિક્ષા કરી એ પરિષહને એવા આવકાર્યા કે તે આવકારેલું સફળ થયું કેવળજ્ઞાનદાયી બન્યું. (૩૯)

સુંદર આહારમાં, સુંદર સુખોમાં, સુંદર આવાસોમાં, સુંદર ઉદ્યાનોમાં અને સુંદર વસ્ત્રપાત્રાદિમાં પણ સાધુને આસક્તિ કરવાનો અધિકાર નથી, માત્ર તપ-સ્વાધ્યાય-સાધ્વાચાર આદિ ધર્મકાર્યોમાં જ તેનો અધિકાર છે. (કેમકે સાધુઓને આ જ ધનરૂપે છે.) (૪૦)

साहू कंतारमहाभएसु, अवि जणवए वि मुइअम्मि ।
अवि ते सरीरपीडं, सहंति न लहं(यं)ति य विरुद्धं ॥४१॥

* जंतेहिं पीलिया वी हु, खंदगसीसा न चेव परिकुविया ।
विइयपरमत्थसारा, खमंति जे पंडिया हुंति ॥४२॥

* जिणवयणसुइसकण्णा, अवगयसंसारघोरपेयाला ।
बालाण खमंति जई, जइ त्तिं कि इत्थ अच्छेरं ? ॥४३॥

न कुलं एत्थ पहाणं, हरिएसबलस्स किं कुलं आसी ? ।
आकंपिया तवेणं, सुरा वि जं पज्जुवासंति ॥४४॥

---

સાધુઓ અટવીમાં કે મહાભયમાં હોય તો પણ અનેષણીય ન લઈને શરીરપીડા સહી લે છે, કિન્તુ માર્ગ- વિરુદ્ધ લેતા નથી. અટવીમાં પણ ગ્રામવાસની જેમ નિર્ભય રહે છે. (શરીરપીડા કહીને માનસપીડા- અસમાધિમાં યતનાથી ગ્રહણ કરે એમ સુચવ્યું.) (૪૧)

યંત્રમાં પીલાવાની પીડા પામ્યા છતાં સ્કંધકસૂરિના ૫૦૦ શિષ્યો ક્રોધિત થયા જ નહિ. પંડિતજન પરમાર્થ તત્ત્વના સારને જાણતા હોવાથી સહન કરવાનું જ રાખે છે. (આપત્તિમાં પણ ધર્મ ન છોડવો.) (૪૨)

જિનવચનમાં શ્રોત્રનો ઉપયોગ કરનારા સાવધ અને તેથી જ સંસારની ભયંકરતાનો વિચાર કરનારા સાધુઓ બાલિશ જનોનાં દુષ્ટ વર્તાવ સહન કરે એમાં શું આશ્ચર્ય ? (૪૩)

'ધર્મ કોણ કરી શકે' એ મુખ્યપણે કુળ ઉપર આધારિત નથી. હરિકેશિ મહામુનિનું ક્યાં ઊંચું કુળ હતું ? (છતાં) તેમના

देवो नेरयउत्ति य, कीडपयंगु त्ति माणुसो वेसो ।
रूवस्सी य विरूवो, सुहभागी दुक्खभागी य ।।४५।।

✹ राउत्तिय दमगुत्ति य, एस सपागु त्ति एस वेयविऊ ।
सामी दासो पुज्जो, खलो त्ति अधणो धणवइ त्ति ।।४६।।

✹ न वि इत्थ को वि नियमो, सकम्मविणिविट्ठसरिसकयचिट्ठो।
अन्नुन्नरूववेसो, नडु व्व परियत्तए जीवो ।।४७।।

---

તપથી આવર્જિત થયેલા દેવતાઓ પણ તેમની સેવા કરતા હતા. (૪૪)

(સંસારમાં ભ્રમણ વિકાસવાદના અનુસાર નથી, કિન્તુ) જીવ દેવ પણ થાય છે, નારકી પણ થાય છે. કીડો, પતંગિયો વગેરે તિર્યંચમાં પણ ઉપજે છે, એ જ જીવ મનુષ્ય પણ થાય. રૂપાળો કે કદ્રુપો પણ થાય, સુખ ભાગી થાય છે તેમ દુઃખ ભાગી પણ થાય છે. (૪૫)

રાજા થાય છે, ભિખારી થાય છે, એજ ચાંડાળ થાય છે, વેદજ્ઞ બ્રાહ્મણ પણ થાય છે, સ્વામી થાય છે, દાસ પણ થાય છે, પૂજ્ય થાય છે, ને દુર્જન પણ થાય છે, નિર્ધન થાય છે તો ધનવાન પણ થાય છે. (૪૬)

અહીં કોઈ નિયમ નથી (કે પશુ પશુ જ થાય, ને માણસ માણસ જ થાય) કિન્તુ પોતે બાંધેલા કર્મની પ્રકૃતિ સ્થિતિ આદિના ઉદયને અનુરૂપ વર્તતો સંસારમાં નટની જેમ અન્યાન્ય આકારે વેશ કરતો જીવ ભમે છે.. (માટે સંસારનું આ સ્વરૂપ વિચારી વિવેકીજનો મોક્ષ રસિક જ બને છે, ધનરસિક નહિ.) (૪૭)

✹ कोडीसएहिं धणसंचयस्स, गुणसुभरियाए कन्नाए ।
नवि लुद्धो वयररिसि, अलोभया एस साहूणं ॥४८॥

अंतेउरपुरबलवाहणेहिं, वरसिरिधरेहिं मुणिवसहा ।
कामेहिं बहुविहेहिं य, छंदिज्जंता वि नेच्छंति ॥४९॥

✹ छेओ भेओ वसणं, आयासकिलेसभयविवागो अ ।
मरणं धम्मब्भंसो, अरई अत्था उ सव्वाइं ॥५०॥

✹ दोससयमूलजालं, पुव्वरिसिविवज्जियं जई वंतं ।
अत्थं वहसि अणत्थं, कीस अणत्थं तवं चरसि ? ॥५१॥

(ધનાવહ પિતાવડે) સેંકડો ક્રોડના ધનરાશિ સહિત અને ગુણગણભરેલી રૂપાળી કન્યા અપાવા છતાં આર્ય વજ્રસ્વામી તેમાં લોભાયા નહિ. સાધુઓએ આવી નિર્લોભતા રાખવી. (૪૮)

અંતઃપુરો, નગરો, લશ્કર, હાથીઓ વગેરે વાહનો, પુષ્કળ ધનના ભંડારો અને ઘણી જાતના શબ્દાદિ વિષયોથી વિનવાવા છતાં ઉત્તમ મુનિવરો તે ઈચ્છતા જ નથી. (કેમકે પરિગ્રહ અને વિષયો એ અનર્થનું કારણ છે.) (૪૯)

પરિગ્રહમાં અનર્થો,-શરીરનું ખડ્ગાદિથી છેદન, ભાલાદિથી ભેદન, ચોરાદિથી ચોરી, તેની પ્રાપ્તિ અને રક્ષા માટે આયાસ, બીજાઓ તરફથી ક્લેશ-ઉપદ્રવો, રાજાદિનો ભય, રગડા-ઝગડા, પ્રાણનાશ, જ્ઞાન-ચારિત્રાદિ ધર્મથી ભ્રષ્ટતા, ઉદ્વેગ-સંતાપ વગેરે સહન કરવા પડે છે. (૫૦)

અર્થ એ સેંકડો દોષોનું મત્સ્યજાળની જેમ મૂળ કારણ છે. અને તેથી જ પૂર્વ ઋષિઓએ ત્યજેલ તથા દીક્ષા લેતાં તે પણ વમી નાખેલ એવું ધન એ અર્થ નહિ પણ નરકાદિ-સર્જક હોવાથી

वहबंधणमारणसेहणाओ काओ परिग्गहे नत्थि ? ।
तं जइ परिग्गहुच्चिय, जइधम्मो तो नणु पवंचो ॥५२॥

✵ किं आसि नंदिसेणस्स, कुलं ? जं हरिकुलस्स विउलस्स ।
आसी पियामहो सच्चरिएण वसुदेवनामुत्ति ॥५३॥

✵ विज्जाहरीहिं सहरिसं, नरिंददुहियाहिं अहमहंतीहिं ।
जं पत्थिज्जइ तइया, वसुदेवो तं तवस्स फलं ॥५४॥

✵ सपरक्कमराउलवाईएण, सीसे पलीविए नियए ।
गयसुकुमालेण खमा, तहा कया जह सिवं पत्तो ॥५५॥

---

અનર્થ છે. એટલે એને જો તું ધારણ કરે છે તો તારો તપ નિષ્ફળ છે. તો એવા નિષ્ફળ તપને (હે સાધુ !) તું શું કામ આચરે છે ? (૫૧)

પરિગ્રહમાં તાડન, બંધન, મરણ અને શી શી કદર્થનાઓ નથી ? અર્થાત્ બધી છે, ને એ જો પરિગ્રહથી નીપજે છે, તો એ રાખીને તારો સાધુવેષ લોકોને ઠગવા માટેનો પ્રપંચ જ છે. (૫૨)

પૂર્વે નંદિષેણના ભવમાં એનું કયું (ઉત્તમ) કુળ હતું કે એ પોતાના સચ્ચારિત્રથી પછીના ભવે (કૃષ્ણ વાસુદેવના વિશાળ-હરિવંશમાં વસુદેવ નામે દાદા થયા ? (જગતમાં સચ્ચારિત્રનો પ્રભાવ છે.) (૫૩)

રુપથી વશ થયેલી વિદ્યાધરીઓ અને રાજપુત્રીઓ 'હું વરું હું વરું' એવી સ્પર્ધા વડે ખૂબ હર્ષથી જેમને વરવા પ્રાર્થે છે તે તેમના પૂર્વભવના વૈયાવચ્ચરૂપ તપનું જ ફળ હતું. (૫૪)

કૃષ્ણ વાસુદેવના ભાઈ તરીકે લાડકોડમાં ઉછરેલા અને પરાક્રમી એવા પણ ગજસુકુમાળે પોતાના મસ્તક ઉપર બળતાં અંગારા ભરી સળગાવનાર ઉપર એવી ક્ષમા કરી કે જે (ક્ષમા)થી

✻ रायकुलेसु वि जाया, भीया जरमरणगब्भवसहीणं ।
साहू संहंति सव्वं, नीयाण वि पेसपेसाणं ॥५६॥

पणमंतिय पुव्वयरं, कुलया न नमंति अकुलया पुरिसा ।
पणओ इह पुव्विं जइ-जणस्स जह चक्कवट्टिमुणी ॥५७॥

✻ जह चक्कवट्टिसाहू, सामाइयसाहुण निरूवयारं ।
भणिओ न चेव कुविओ, पणओ बहुयत्तणगुणेणं ॥५८॥

---

મોક્ષ પામ્યા. (માટે મોક્ષાંગભૂત અને સકળ સિદ્ધિદાયિકા ક્ષમા રાખવી.) (૫૫)

રાજકુળોમાં જન્મેલા સાધુઓ હલકા દાસના પણ દાસોનું દુર્વચન-તાડનાદિ બધું સહન કરે છે. (પણ ક્રોધાદિ કરતા નથી.) કેમકે તે જરા મરણ ગર્ભવાસથી ડરતા રહે છે. (૫૬)

વિશિષ્ટ કુળના આત્માઓ પહેલાં નમે છે, અકુલીન નમતા નથી, એટલા માટે જૈનશાસનમાં ચક્રવર્તી સાધુ પણ એક નાના સાધુને સર્વ સાધુની પહેલાં નમ્યા. (૫૭)

જેમકે, એક સામાયિક માત્ર-ઉચ્ચરેલા (અજ્ઞ નાના) સાધુએ ચક્રી સાધુને વિનયાદિ મર્યાદા રહિત શબ્દોમાં કહ્યું (કે 'તમો માની છો-મુનિઓને વંદન કરવું જોઈએ') ત્યારે તેની ઉપર કોપ તો ન કર્યો પણ તે ચક્રી મુનિએ ઉમદાગુણથી સૌ પહેલાં તેને વંદન કર્યું. (કેમકે કુલાભિમાન અને કોપ એ તુચ્છ છે, જ્યારે પ્રણામ અને ક્ષમા એ ઉમદા ગુણ છે.) (૫૮)

✵ ते धन्ना ते साहू, तेसिं नमो जे अकज्जपडिविरया ।
धीरा वयमसिहारं चरंति जह थूलिभद्दमुणी ॥५९॥

✵ विसयासिपंजरंमिव, लोए असिपंजरम्मि तिक्खंमि ।
सीहा व पंजरगया, वसंति तवपंजरे साहू ॥६०॥

✵ जो कुणइ अप्पमाणं, गुरुवयणं न य लहेइ उवएसं ।
सो पच्छा तह सोअइ, उवकोसघरे जह तवस्सी ॥६१॥

जेट्ठव्वयपव्वयभर-समुव्वहणववसियस्स अच्चंतं ।
जुवइजणसंवइयरे, जइत्तणं उभयओ भट्ठं ॥६२॥

---

તેઓ ધન્ય છે, તેઓ સાધુપુરુષો છે, તેઓને નમસ્કાર થાઓ ! કે જે ધીર સાધુઓ મુનિની જેમ અકાર્યથી દૂર રહ્યા થકા તલવારની સ્થૂલિભદ્ર મુનિની જેમ અકાર્યથી દૂર રહ્યા થકા તલવારની ધાર ઉપર ચાલવા સમાન વ્રતોને અખંડપણે પાળે છે. (૫૯)

સ્વવ્રતોના નિર્મળ પાલન માટે સાધુઓ 'જેમ સિંહો સ્વરક્ષણાર્થે પાંજરામાં પુરાઈને પણ રહે છે, તેમ આ વિષયોરૂપી શસ્ત્રોના ઘર સમા લોકમાં બચવા માટે, સાધુઓ તપરૂપ તલવારોના પાંજરામાં પુરાઈને રહે છે. (અર્થાત્ તપના મહાકષ્ટો વેઠીને પણ વિષયોના મારથી બચો.) (૬૦)

જે ગુરુવચનને માનતો નથી, તેઓના ઉપદેશને સ્વીકારતો નથી તે ઉપકોશા વેશ્યાના ઘેર ગયેલા સિંહ-ગુફાવાસી મુનિની જેમ પાછળથી પસ્તાય છે. (૬૧)

મહાવ્રતોરૂપ પર્વતના ભારને વહન કરવામાં લાગી ગયેલા સાધુને યુવાન બાઈ માણસોનો નિકટ સંબંધ કરવા જતાં એનું સાધુપણું ઉભય-નષ્ટ જેવું છે. (અર્થાત્ સાધુતાના પરિણામ વિના

जइ ठाणी जइ मोणी, जइ मुंडी वक्कली तवस्सी वा ।
पत्थन्तो अ अबंभं, बंभावि न रोयए मज्झं ॥६३॥

✻ तो पढियं तो गुणियं, तो मुणियं तो अ चेइओ अप्पा ।
आवडियपेल्लियामंतिओ वि जइ न कुणइ अकज्जं ॥६४॥

✻ पागडियसव्वसल्लो, गुरुपायमूलंमि लहइ साहुपयं ।
अविसुद्धस्स न वड्ढइ, गुणसेढी तत्तिया ठाइ ॥६५॥

સાધુપણું ન રહ્યું અને સાધુવેષ હોવાથી ગૃહસ્થપણું પણ ન રહ્યું, માટે ઉભય ભ્રષ્ટ થયો.) (૬૨)

જો કાયોત્સર્ગમાં રહેનારો હોય, જો મૌની હોય, જો મસ્તક મુંડાવેલું હોય, ઝાડની છાલનાં વસ્ત્રોવાળો નગ્નપ્રાયઃ હોય, કે કઠોર ઘોર તપસ્વી હોય, પણ જો અબ્રહ્મની ઇચ્છા કરે તો તેવો સાધુ બ્રહ્મા હોય તો ય મને રુચતો નથી. (૬૩)

તો જ સૂત્રો ભણ્યા ગણાય, તો જ ગુણ્યું ગણાય, તો જ એનો અર્થ જાણ્યો ગણાય, યા આત્માને ઓળખ્યો ગણાય, કે જો આત્મા કોઈ કુશીલના પ્રસંગમાં ફસાયો અગર પાપ મિત્રોએ અકાર્યની પ્રેરણા કરી યા કોઈ સ્ત્રી વગેરેએ અકાર્ય માટે પ્રાર્થના કરી તો પણ તે અકાર્યને ન જ આચરે. (ભણતરનું ફળ અકાર્ય ત્યાગ છે.) (૬૪)

(એ હેતુથી સિંહગુફાવાસી મુનિની જેમ) ગુરુના ચરણ સમીપે પોતાના મૂળ-ઉત્તરગણ અંગેના સર્વ અપરાધ શલ્યોને જણાવે તો અશુભ પરિણામથી નષ્ટ પણ શ્રમણત્વને પુનઃ પ્રાપ્ત કરે છે. કારણ કે આલોચના વિના કલુષિત ચિત્તવાળાને જ્ઞાનાદિ ગુણોની પરિણતિ વધતી નથી. બલ્કે અપરાધ કાળે હોય તેટલી જ રહે છે. (શેષ અનુષ્ઠાનો વિના તો તેટલી પણ ગુણશ્રેણિ નાશ પામે છે.) (૬૫)

✸ जइ दुक्करदुक्करकारओत्ति, भणिओ जहट्ठिओ साहू ।
तो कीस अज्ञसंभूअ-विजयसीसेहिं नवि खमिअं ? ॥६६॥

✸ जइ ताव सव्वओ सुंदरुत्ति कम्माण उवसमेण जइ ।
धम्मं वियाणमाणो, इयरो किं मच्छंर वहइ ? ॥६७॥

अइसुट्ठिओ त्ति गुणसमुइओ त्ति जो न सहइ जइपसंसं ।
सो परिहाइ परभवे, जहा महापीढ-पीढरिसी ॥६८॥

परपरिवायं गिण्हइ, अट्ठमयविरल्लणे सया रमइ ।
डज्झइ य परसिरीए, सकसाओ दुक्खिओ निच्चं ॥६९॥

---

(પરગુણ-અસહિષ્ણુતામાં અવિવેક છે, નહિતર) જો સ્થૂલભદ્ર સાધુને હતા તેવા જ 'દુષ્કર દુષ્કરકારક' ગુરુએ કહ્યા તો આર્ય સંભૂતિવિજયના શિષ્યો (સિંહગુફાવાસી વગેરે)એ તે કેમ સહન ન કર્યું ? (૬૬)

જો એ રીતે (સ્થૂલભદ્રજી) કર્મોનો ઉપશમ થવાથી સર્વ રીતે ઉત્તમ હતા તો ધર્મને સમજનારા બીજા (સિંહગુફાવાસી) મુનિએ તેમની ઉપર મત્સર કેમ કર્યો ? અર્થાત્ અવિવેક સિવાય મત્સર કરવાનું કોઈ કારણ નહોતું. (૬૭)

(દ્રષ્ટાંતથી ઈર્ષ્યાના દોષો કહે છે) 'આ મૂળ-ઉત્તર ગુણોમાં અતિ સ્થિર (દ્રઢ) છે, વૈયાવચ્ચાદિ ગુણ સમુદાયવાળો છે,' એવી સાચી પણ અન્ય સાધુની પ્રશંસાને જે સહન ન કરે તે મહાપીઠ અને પીઠ મુનિઓની જેમ પરભવે સ્ત્રીપણું વગેરે હલકા ભાવોને પામે છે. (૬૮)

જે બીજાની નિંદા કરે, વચનથી આઠ મદના વિસ્તારમાં સદા રમતો રહે અને જે બીજાની લક્ષ્મી જોઈને બળે, તેને હલકો

विग्गहविवायरूइणो, कुलगणसंघेण बाहिरकयस्स ।
नत्थि किर देवलोए वि, देवसमिईसु अवगासो ।।७०।।

जइ ता जणसंववहार-वज्जियमकज्जमायरइ अन्नो ।
जो तं पुणो विकत्थइ, परस्स वसणेण सो दुहिओ ।।७१।।

✱ सुट्ठु वि उज्जव(म)माणं पंचेव करिंति रित्तंय समणं ।
अप्पथुई परनिंदा, जिब्भोवत्था कसाया य ।।७२।।

પાડવા મથે તે ઉત્કટ ક્રોધાદિ ગ્રસ્ત આત્મા સદા દુઃખ-સંતાપમાં રહે છે. (૬૯)

લડાઈ-ઝઘડાની રુચિવાળો હોય, તેથી સર્વ સાધુઓએ અને ચતુર્વિધ શ્રીસંઘે પણ અવંદનીય તરીકે તજી દીધો હોય (બહાર કર્યો હોય, તેને દેવલોકમાં દેવોની સભામાં પણ સ્થાન નથી મળતું.) તાત્પર્ય પરલોકમાં કોઈ સારું સ્થાન નથી મળતું. (૭૦)

જે કોઈ બીજો લોક-વ્યવહારથી વિરુદ્ધ (જેવાં કે નિંદા, ચોરી, વ્યભિચાર આદિ) અકાર્યને કરે છે, (તે તો સ્વયં પોતાના જ પાપોથી રાજદંડ, ફાંસી વગેરે દુઃખોથી દુખિત થાય છે,) પણ જે પુનઃ બીજો તેની લોક સમક્ષ નિંદા કરે છે, તે નાહક બીજાના દુઃખે દુઃખી થાય છે. (માટે પાપીનો પણ અવર્ણવાદ કરવો નહિ.) (૭૧)

કારણ કે તપ સંયમમાં સારી રીતે ઉદ્યમ કરનારને પણ ૧. આત્મશ્લાઘા, ૨. પરનિન્દા, ૩. જિહ્વા ૪. સ્પર્શનેન્દ્રિયની પરવશતા તથા ૫. કષાયો એ પાંચ (બીજા દુષ્કૃત્યો વિના પણ) સાધુને ગુણરહિત કરે છે. (૭૨)

✹ परपरिवायमईओ, दूसई वयणेहिं जेहिं परं ।
ते ते पावइ दोसे, परपरिवाई इय अपिच्छो ॥७३॥

✹ थद्धा च्छिद्दप्पेही, अवण्णवाई सयंमई चवला ।
वंका कोहणसीला, सीसा उव्वेअगा गुरुणो ॥७४॥

✹ जस्स गुरुम्मि न भत्ती, न य बहुमाणो न गउरवं न भयं ।
न वि लज्जा न वि नेहो, गुरुकुलवासेण किं तस्स ? ॥७५॥

✹ रूसई चोईज्जंतो, वहई य हियएण अणुसयं भणिओ ।
न य कम्हि करणिज्जे, गुरूस्स आलो न सो सीसो ॥७६॥

---

બીજાની નિંદા કરવાની વૃત્તિવાળો, જે જે દોષવચનોથી બીજાની હલકાઈ કરે છે, તે તે દોષ તેનામાં પ્રગટે છે. એટલા માટે પરનિંદકનું મુખ પણ જોવા લાયક નથી. (૭૩)

ગુરુની સામે પણ ગર્વથી અક્કડ, ગુરુનાં પણ છિદ્ર જોવા ટેવાયેલાં, ગુરુની પણ નિંદા કરનારા, આપમતિએ વર્તનારા અસ્થિર ચિત્તવાળા (દા.ત. અપર અપર શાસ્ત્રોનો અંશ લઈ ચાલનારા, ગાત્રોને આમતેમ ફેરવનારા), વક્ર, ક્રોધી સ્વભાવવાળા એવા શિષ્યો ગુરુને ઉદ્વેગ કરાવનારા છે. (૭૪)

જેનામાં ગુરુ પ્રત્યે ભક્તિ નથી, બહુમાન નથી, (સ્વસમાન દેખી) પૂજ્ય ભાવ નથી, અકાર્ય કરવામાં ગુરુનો ભય નથી, લજ્જા-દાક્ષિણ્ય નથી, તેને ગુરુકલવાસથી શું ? (એવાને ગુરુકુલવાસનું ફળ મળતું નથી.) (૭૫)

જે ભૂલ સુધારણાની હિતશિક્ષા આપનાર ગુરુ પર રોષ કરે, સારણા-વારણાનું કહેવાતાં હૃદયમાં ક્રોધથી ગાંઠ વાળી રાખે (અવસરે એ ક્રોધનું કાર્ય દેખાડે. સારણા-વારણા કરવા છતાં)

उव्विलणसूअणपरिभवेहिं अइभणियदुट्ठभणिएहिं ।
सत्ताहिया सुविहिया, न चेव भिंदति मुहरागं ।।७७।।

✻ माणंसिणोवि अवमाण-वंचणा ते परस्स न करंति ।
सुहदुक्खुग्गिरणत्थं, साहू उयहिव्व गंभीरा ।।७८।।

✻ मउआ निहुअसहावा, हासदवविवज्जिया विगहमुक्का ।
असमंजसमाइबहुअं, न भणंति अपुच्छिया साहू ।।७९।।

---

કોઈ પણ કર્તવ્યમાં લાગે નહિ, તે ગુરુનો શિષ્ય નહિ પણ આળરૂપ છે. (દુશ્મન છે.) (૭૬)

ક્રોધાદિ નિગ્રહ કરવાના સત્ત્વની વિશેષતાવાળા સુવિહિત મુનિઓ, કોઈ પોતાના વચનની અવગણના કરે, પોતાની ચાડી કરે, કે પરાભવ અપમાન કરે તથા કોઈ આડું અવળું બોલે કે કર્કશ-કઠોર વચનો કહે તો પણ મોં બગાડતા નથી. (કેમકે એવાની એ કરુણાદિ વિચારે છે.) (૭૭)

(ઈંદ્રાદિને પૂજ્ય) માનવંતા એવા પણ સાધુઓ બીજા (દુષ્ટ કરનારા)ના પણ અપમાન કે ઠગાઈ કરતા નથી; કેમકે એ શાતા-અશાતાની વિટંબણા ફગાવી દેવા માટે (કર્મ નિર્જરાની અંતરગત શાતા અશાતાના હેતુભૂત પુણ્ય-પાપના પણ ક્ષયની પ્રવૃત્તિવાળા હોય છે); તેમજ સમુદ્રવત્ ગંભીર (એમનો ઉમદા આંતરભાવ બીજા ન પામી શકે એવા ગંભીર હોય છે. અથવા પોતાના સુખ દુઃખ બીજાને કહેવા માટે તૈયાર નહિ એવા ગંભીર હોય છે. જેમ સમુદ્ર પોતાના રત્નો બહાર ફેંકવા તૈયાર નહિ.)(૭૮)

મુનિઓ મૃદુ-નમ્ર (નિરભિમાની), 'નિભૃત' એટલે નિર્વ્યાપાર યાને પ્રવૃત્તિની ધાંધલ વિનાના (સંયમ પ્રવૃત્તિ છતાં ઉપશાંત હોવાથી નિભૃત; જેમ સૂર્ય), હાસ્ય-મશ્કરીથી રહિત,

✱ महुरं निउणं थोवं, कज्जावडियं अगव्वियमतुच्छं ।
पुव्विं मइसंकलियं, भणंति जं धम्मसंजुत्तं ॥८०॥

सट्ठिं वाससहस्सा, तिसत्तखुत्तोदयेण धोएण ।
अणुचिण्णं तामलिणा, अन्नाणतवु त्ति अप्पफलो ॥८१॥

छज्जीवकायवहगा, हिंसगसत्थाइं उवइसंति पुणो ।
सुबहुं पि तवकिलेसो, बालतवस्सीण अप्पफलो ॥८२॥

---

દેશકથા વગેરે વિકથાઓથી રહિત; (કેમકે એ અત્યંત અનુચિત છે); લેશ પણ અસંગત વચન નહિ બોલનારા; તેમજ પૂછ્યા વિના યોગ્ય પણ અતિ બહુ બોલતા નથી. (૭૯)

(સાધુ બોલે તે પણ) 'મધુર' (શ્રોતાને આલ્હાદક) 'નિપુણ' = સૂક્ષ્મ અર્થવાળું, થોડું (પરિમિત) કાર્ય પ્રાપ્ત પ્રયોજન પૂરતું જ, ગર્વ વિનાનું = સ્વશ્લાઘાથી રહિત અને અતુચ્છ અર્થગંભીર, ('અલ્યા' !....વગેરે તુચ્છ બોલ રહિત) અને બોલવા પૂર્વે પુખ્ત વિચાર કરીને જે ધર્મ-સંયુક્ત નિરવદ્ય હોય તેવું જ બોલે... (આવાઓ વિવેકભર્યા હોઈ શીઘ્ર મોક્ષ સાધે છે.) (૮૦)

ઘર છોડીને તામલી તાપસે એકવીસ વાર પાણીથી ધોએલા આહારથી પારણું કરીને સાઠ હજાર વર્ષ છઠ્ઠ ઉપર છઠ્ઠ તપ કરવા છતાં એ અજ્ઞાન તપ હોવાથી (મોક્ષ કે સુદેવત્વદાયી ન હોવાથી) અલ્પ જ ફળવાળો છે. (એ દેવ થયો એનું કારણ એના અલ્પ કષાય અને જલસ્થલ-ગગનચારી પ્રાણીઓ પર પોતાની ભિક્ષામાંથી ત્રણ ભાગ દેવાની અનુકંપા હતી. નહિતર એ અસતી-પોષણથી બીજો અનર્થ ઊભો થાત) (૮૧)

અજ્ઞાની જેઓ છકાય જીવની હિંસામાં પ્રવર્તે છે, અને હિંસા પોષે તેવા અર્થવાળા વેદાદિ શાસ્ત્રોનો ઉપદેશ કરે છે, તેવા બાળ અજ્ઞાન તપસ્વીઓનાં ઘણાં પણ તપનું કષ્ટ અલ્પફળ આપે છે,

✱ परियच्छंति अ सव्वं, जहट्ठियं अवितहं असंदिद्धं ।
तो जिणवयणविहिन्नू, सहंति बहुअस्स बहुआइं ॥८३॥

जो जस्स वट्टए हियए, सो तं ठावेइ सुंदरसहावं ।
वग्घी छावं जणणी, भद्दं सोमं च मन्नइ ॥८४॥

✱ मणिकणगरयणधणपूरियंमि भवणंमि सालिभद्दोवि ।
अन्नो किर मज्झ वि सामिओ त्ति जाओ विगयकामो ॥८५॥

અથવા 'અપ્પફલો = અપિ અફલો' ઇષ્ટ નહિ કિંતુ સંસાર રૂપી અનિષ્ટ ફળદાયી હોઈ નિષ્ફળ છે. (૮૨)

(સર્વજ્ઞના ઉપદેશથી જીવાજીવાદિ) સર્વ તત્ત્વોને યથાર્થ સ્વરૂપમાં જાણે છે. નિઃશંકપણે સદહે છે, તેથી જ તે શ્રી જિનવચનના વિધિના જાણ (યાને સર્વજ્ઞ આગમના વિચારવાળા મુનિવરો) ઘણાઓના ઘણા ઉપસર્ગોને (દુર્વચનોને) સમ્યગ્ રીતે સહન કરે છે. (કેમકે 'આ મારાં જ અશુભ કર્મનું ફળ છે, આમનો દોષ નથી' એવી ભાવના કરે છે.) (૮૩)

(તેમાં કારણ એ છે કે મોહથી કે બીજા કારણથી) જે જેના હૈયે વર્તે છે તે (ખરાબ હોય તો પણ) તેને પોતે સુંદર સ્વભાવવાળો માને છે. વાઘણ માતા પોતાના બચ્ચાને પણ ભદ્ર અને શાંત સ્વભાવવાળું માને છે. (તેમ મંદબુદ્ધિવાળા આવા અજ્ઞાન તપસ્વીને જે સારા માને છે, તે અવિવેકવશ છે. માટે જ વિવેકની આવશ્યકતા છે.) (૮૪)

વિવેકથી જ મણિ, સુવર્ણ, રત્ન અને ધન વગેરેથી ભરેલા ઘરમાં પણ શાલિભદ્રજી 'મારે માથે પણ બીજો સ્વામી ?' એ વિચારે વિષયોની અભિલાષાથી રહિત થયા. (૮૫)

* न करंति जे तवं संजमं च, ते तुल्लपाणिपायाणं ।
पुरिसा समपुरिसाणं, अवस्स पेसत्तणमुविंति ॥८६॥

* सुंदरसुकुमालसुहोइएण, विविहेहिं तवविसेसेहिं ।
तह सोसविओ अप्पा,
जह नवि नाओ सभवणेऽवि ॥८७॥

* दुक्करमुद्धोसकरं, अवंतिसुकुमालमहरिसीचरियं ।
अप्पावि नाम तह तज्जइत्ति अच्छेरयं एयं ॥८८॥

---

(એમણે વિચાર્યું કે-વિષયમગ્ન અને મોહરાજાના ગુલામ એવા મારે માથે સ્વામી હોય એ ઠીક જ છે; કેમકે) જેઓ બાર પ્રકારે તપને અને છ કાયના રક્ષા વગેરે સંયમને આચરતા નથી તેઓ હાથે પગે સમાન અને તુલ્ય-શક્તિ પુરુષાર્થવાળા મનુષ્યોના પણ અવશ્ય દાસ બને છે. (ત્યારે સંયમી આ દાસપણાથી મુક્ત આત્મસ્વાતંત્ર્ય ભોગવે છે, એમ વિચારી) શાલિભદ્રજીએ રૂપાળી કોમળ અને સુખ ભોગને ઉચિત એવી પણ પોતાની કાયાને વિવિધ વિશિષ્ટ તપથી એવી સુકાવી દીધી કે જેથી એ પોતાના ઘર આંગણે પણ ન ઓળખાયા ! (૮૬-૮૭)

(અરે ! એથી પણ આગળ વધીને) અવંતિસુકુમાળ મહર્ષિનું ચરિત્ર દુઃખે આચરી શકાય એવું અને રોમાંચ ખડાં કરે તેવું છે કે જેમણે (પોતાના અનશન, કાયોત્સર્ગ ધર્મ પાર પાડવા) પોતાના શરીરનો સર્વથા ત્યાગ કર્યો ! આ એક અચ્છેરું છે. (૮૮)

उच्छूढसरीरधरा, अन्नो जीवो सरीरमंन्नति ।
धम्मस्स कारणे सुविहिया, सरीरं पि छड्डुंति ॥८९॥

✹ एगदिवसं पि जीवो, पव्वजज्मुवागओ अनन्नमणो ।
जइवि न पावइ मुक्खं, अवस्स वेमाणिओ होइ ॥९०॥

✹ सीसावेढेण सिरम्मि, वेढिए निग्गयाणि अच्छीणि ।
मेयज्ञस्स भगवओ, न य सो मणसा वि परिकुविओ ॥९१॥

---

શરીરઘરની પરવા મૂકી દેનારા સુવિહિત શોભન આચારવાળા મુનિઓ 'જીવ જુદો છે, શરીર તેનાથી જુદું છે,' એ ભાવનાથી ભાવિત થઈ ધર્મ નિમિત્તે શરીરને પણ છોડે છે. (અર્થાત્ પ્રાણાંતે પણ ધર્મની રક્ષા કરે છે.) (૮૯)

(એ પ્રમાણે ધર્મના આદરવાળો) જીવ એક દિવસ પણ સંયમને પામીને સંયમમાં અનન્ય યાને નિશ્ચલ મનવાળો બને તો મોક્ષ પામે છે. કિન્તુ (જો તથાવિધ સંઘયણકાળાદિ સામગ્રીના અભાવે) મોક્ષ ન પામે તો પણ એ વૈમાનિક દેવ થાય છે. (ચારિત્રથી સમર્થિત સમ્યક્ત્વ થોડા પણ કાળનું છતાં વિશિષ્ટ ફળનું કારણ બને છે.) (૯૦)

(૯૧) (ક્રૌંચે ગળેલા સોનાના યવની વાત મેતાર્ય મુનિએ ક્રૌંચની કરુણાથી સોનીને ન કરી તો) ભગવાન આર્ય મેતાર્યનું મસ્તક (સોનારે) વાધરથી વીંટ્યું તો એમના નેત્રો નીકળી પડયા છતાં પણ તેઓ વાણી-કાયાથી તો શું કિન્તુ મનથી પણ (સોની ઉપર) ન કોપ્યા. (મુનિ ધર્મ માટે શરીર નષ્ટ થવા દે, પરંતુ શરીરનાશક પર ગુસ્સો ન કરે.)

जो चंदणेण बाहुं, आलिंपइ वासिणा वि तच्छेइ ।
संथुणइ जो अ निंदइ, महरिसिणो तत्थ समभावा ॥९२॥

सिंहगिरिसुसीसाणं भद्दं गुरुवयणसद्दहंताणं ।
वयरो किर दाही वायणत्ति न विकोविअं वयणं ॥९३॥

मिण गोणसगुलीहिं, गणेहिं वा दंतचक्कलाइं से ।
इच्छंति भाणिऊणं, कज्जं तु त एव जाणंति ॥९४॥

✹ कारणविऊ कयाई, सेयं कायं वयंति आयरिया ।
तं तह सद्दहिअव्वं, भविअव्वं कारणेण तहिं ॥९५॥

(૯૨) (શારીરિક શાતા-અશાતારૂપે) કોઈ હાથને ચંદનનું વિલેપન કરે કે કોઈ વાંસલાથી તેને છોલે; (માનસિક શાતા-અશાતારૂપે) કોઈ સ્તુતિ કરે કે કોઈ નિન્દા કરે; કિન્તુ ઉત્તમ મુનિઓ બન્ને પ્રત્યે સમભાવ રાખે છે. (ન તોષ, ન રોષ.)

(૯૩) (આવી સાધુતા ગુરુના ઉપદેશથી પ્રગટે છે; માટે ગુરુવચનને વિકલ્પ કર્યા વિના ઝીલનારા મુનિઓને ધન્ય છે!) ગુરુવચનમાં શ્રદ્ધાવાળા તે આર્ય સિંહગિરિના ઉત્તમ શિષ્યોનું કલ્યાણ થાઓ કે 'તમને વાચના બાળ વજ્ર આપશે' એમ કહેવા છતાં જેઓનું મોં જરા પણ બગડ્યું નહિ !

(૯૪) (વિનીત શિષ્યનું એ કર્તવ્ય છે કે) ગુરુ કદાચ એમ કહે કે 'આંગળીઓથી સાપને માપ' યા 'સાપના દાંત ગણ' તો પણ 'ઇચ્છં' કહી સ્વીકારી લઈને તે કાર્યને તુર્ત કરે. (કેમ ? તો કે) એનું પ્રયોજન આજ્ઞા કરનારા ગુરુ જ સારી રીતે સમજે છે.

(૯૫) ક્યારેક પ્રયોજન સમજનાર આચાર્ય (ગુરુ) કાગડાને ધોળો કહે, તો પણ તે વચનને એ રીતે સદ્દહવું (માનવું) જોઈએ.

जो गिण्हइ गुरुवयणं, भण्णंतं भावओ विसुद्धमणो ।
ओसहमिव पिज्जंत, तं तस्स सुहावहं होइ ॥९६॥

✷ अणुवत्तगा विणीया, बहुक्खमा निच्चभत्तिमंता य ।
गुरुकुलवासी अमुई, धन्ना सीसा इह सुसीला ॥९७॥

जीवंतस्स इह जसो, कित्ती य मयस्स परभवे घम्मो ।
सगुणस्स य निग्गुणस्स य, अयसो अकित्ती अहम्मो य ।९८॥

---

(એમ સમજીને કે) આમ કહેવામાં કારણ હશે એમ ગુરુ વચનમાં વિશ્વાસ રાખવો જોઈએ.

(૯૬) જે શિષ્ય ગુરુના મુખથી નીકળતું વચન ભાવપૂર્વક નિર્મળ-નિર્વિકલ્પ મનથી સ્વીકારી લે છે, તેને તે ગુરુ-આજ્ઞા 'જેમ પીધેલાં ઔષધ રોગનો નાશ કરે' તેમ કર્મ રોગનાં નાશક બની સુખકારક થાય છે.

(૯૭) ગુરુની ઇચ્છાને અનુકૂળ વર્તનારા, વિનયભાવ વાળા રોષ નહિ કરનારા, બહુ ક્ષમાવાળા, ગુરુની ભક્તિ કરવામાં હંમેશા લાગ્યા રહેનારા, સ્વગુરુના ગચ્છને સેવનારા અને શ્રુતની ઉપસંપદા માટે બીજા આચાર્ય પાસે ગયા હોય તો ભણવાનું પૂર્ણ થવા છતાં એમને ઝટ નહિ છોડનારા, એવા પુણ્યવંત શિષ્યો હોય છે, એટલે જ એ સુશીલ હોય છે.

(૯૮) (શિષ્યમાં આવા ગુણોનો પ્રભાવ એ છે કે) એ જીવે ત્યાં સુધી લોકમાં એના ગુણવાન તરીકેનો યશ ગવાય છે, મરણ પછી અહીં કીર્તિ અખંડ રહે છે અને પરભવમાં (વળી ભાવી સુદેવત્વાદિમાં હેતભૂત) ઉત્તમ ધર્મ મળે છે. સદ્ગુણીને આ બધું મળે છે. ત્યારે (ગુરુ-અનુવર્તનાદિ) ગુણોથી હીનને (અહીં)

वुड्ढावासे वि ठियं, अहव गिलाणं गुरुं परिभवंति ।
दत्तु व्व धम्मवीमंसएण, दुस्सिक्खियं तं पि ।।९९।।

✱ आयरिय-भत्तिरागो, कस्स सुनक्खत्तमहरिसीसरिसो ? ।
अवि जीवियं ववसियं, न चेव गुरुपरिभवो सहिओ ।१००।।

✱ पुण्णेहिं चोइया पुरक्खडेहिं, सिरिभायणं भविअसत्ता ।
गुरुमागमेसिभद्दा, देवयमिव पज्जुवासंति ।।१०१।।

અપયશ, અપકીર્તિ અને (પરભવમાં કુગતિ-કારણભૂત) અધર્મ મળે છે.

(૯૯) દત્તમુનિની જેમ મંદબુદ્ધિમુનિ ધર્મના કુવિકલ્પથી (અર્થાત્ 'હું ધર્મમાં દોષ નથી લગાડતો, ગુરુ લગાડે છે,' એવા કુવિચારથી) જંઘાબળ ક્ષીણ થવાને લીધે વૃદ્ધાવાસ સ્થિરવાસમાં રહેલા કે ગ્લાન (માંદા) પડેલા ગુરુનાં છિદ્ર શોધી એમનો પરાભવ-તિરસ્કાર કરે છે (તે માત્ર ઉદ્ધતાઈથી જ નહિ, કિન્તુ તે પોતાને વ્યવસ્થિત હોવાનું માનતો હોય તો પણ), તેનો તે અભ્યાસ દુષ્ટ છે. (કેમકે દુર્ગતિનું કારણ છે.)

(૧૦૦) (પોતે તો ગુરુનો પરાભવ ન જ કરે, પરંતુ બીજા તરફથી કરાતા પરાભવને પણ સહન ન કરનાર) આર્ય સુનક્ષત્ર મહર્ષિના જેવો ગુરુ પ્રત્યેનો ભક્તિરાગ બીજા કોનો શોધવો કે જે રાગમાં પોતાના જીવનને પણ ખલાસ થવા દીધું ! પણ ગુરુના તિરસ્કારને સહન ન કર્યો. (ગોશાળાએ ભગવંતને કહેલા અપશબ્દો એમને ન સાંખ્યા.)

(૧૦૧) જે ગુરુની દેવાધિદેવની જેમ ઉપાસના કરે છે તે ભવ્ય જીવો ખરેખર પૂર્વકૃત પુણ્યાનુબંધી પુણ્યથી પ્રેરાયા કરે છે.

✹ बहु-सुक्खसयसहस्साण-दायगा मोअगा दुहसयाणं ।
आयरिआ फुडमेएं, केसिपएसी व ते हेऊ ॥१०२॥

नरयगइगमणपडिहत्थए कए तह पएसिणा रण्णा ।
अमरविमाणं पत्तं, तं आयरियप्पभावेणं ॥१०३॥

धम्ममएहिं अइसुंदरेहिं, कारणगुणोवणीएहिं ।
पल्हायंतो व्व मणं, सीसं चोएइ आयरिओ ॥१०४॥

---

અને (તેથી) જ્ઞાનાદિ સંપત્તિનું ભાજન બની ભવિષ્યમાં (સ્વર્ગ-મોક્ષના) કલ્યાણના ભાગી બને છે.

(૧૦૨) ધર્મગુરુ શિષ્યને બહુવિધ લાખો સુખોના આપનારા અને સેંકડો દુ:ખોથી બચાવનારા હોય છે, એ કેશી ગણધર અને પ્રદેશી રાજાના દ્રષ્ટાંતથી સ્પષ્ટ છે. તે હેતુથી (હે શિષ્ય ! તું ગુરુની ઉપાસના કર.)

(૧૦૩) જે રીતે નરકગતિ-ગમનમાં 'પડિહત્થ' = કુશળ કર્મ બંધાયેલાં છતાં પ્રદેશી રાજા વડે દેવ-વિમાન પ્રાપ્ત કરાયું તે ધર્માચાર્યના મહિમાથી જ બન્યું.

(૧૦૪) ધર્માચાર્ય (કેવા કરુણા ને વાત્સલ્ય ભર્યા હોય છે કે એ) શિષ્યને પ્રેરણા = પ્રોત્સાહન આપે છે. તે ધર્મમય (નિરવદ્ય) અને અતિ સુંદર (અર્થાત્ વચન-દોષ રહિત) વચનોથી; ને તે પણ પ્રયોજન તથા જ્ઞાનપાત્રતાદિ ગુણો સહિત રજૂઆતવાળા વચનોથી; અને તેમ કરીને શિષ્યના મનને આલ્હાદ ઉત્પન્ન કરનારા હોય છે. (મન: પ્રલ્હાદ સત્ય વચનોથી જ કરાય. અસત્ય પ્રાણાન્તે પણ ન બોલાય.)

✸ जीअं काऊण पणं, तुरुमिणिदत्तस्स कालिअज्जेण ।
अवि अ सरीरं चत्तं, न य भणिअमहम्मसंजुत्तं ॥१०५॥

✸ फुडपागडमकहंतो, जह-ट्ठियं बोहिलाममुवहणइ ।
जब भगवओ विसालो, जरमरणमहोअही आसि ॥१०६॥

कारुण्णरूण्णसिंगार-भावभयजीवियंतकरणेहिं ।
साहू अवि अ मरंति, न य निअनियमं विराहिंति ॥१०७॥

---

(૧૦૫) (જેમકે) તુરુમિણી નગરીમાં મંત્રીપણામાંથી રાજા થયેલ દત્તબ્રાહ્મણની આગળ શ્રી કાલિકાચાર્યે જીવનને હોડમાં મૂકીને શરીરની પણ મમતા મૂકી દીધી ! કિન્તુ અધર્મયુક્ત વચન ન બોલ્યા.

(૧૦૬) સ્પષ્ટ અને પ્રગટ (અગુઢાર્થક) તથા યથાવસ્થિપણે ધર્મને ન કહેનાર (પરલોક માટે) બોધિલાભને હણે છે જેમ ભગવાનને (મરીચિના ભવમાં 'કવિલા ! ઇહયંપિ ઇત્થંપિ' એવું ગડબડીયું બોલવાને લીધે) જન્મ જરા-મૃત્યુનો મોટો સાગર નિર્માણ થયો.

(૧૦૭) સાધુને (નિયમમાંથી ચલિત કરવા, સામેથી કરુણાભાવ આવે, (સ્વજનનાદિના) રુદન-વિલાપ આવે, (સ્ત્રીઓના) કામોત્તોજક શ્રૃંગાર હાવભાવ આવે, (રાજાદિથી) ભય-ત્રાસ યા પ્રાણ-નાશક કારણ આવે, તો પણ સાધુ (જરૂર પડયે) મોત સ્વીકારે છે. કિન્તુ નિયમ વિરાધતા નથી.

✱ अप्पहियमायरंतो, अणुमोअंतो य सुग्गइं लहइ ।
रहकारदाणअणुमोअगो, मिगो जह य बलदेवो ॥१०८॥

जं तं कयं पुरा पूरणेण, अइदुक्करं चिरं कालं ।
जइ तं दयावरो इह, करिंतु तो सफलयं हुंतं ॥१०९॥

कारणनीयावासी, सुठ्ठुयरं उज्जमेण जइयव्वं ।
जह ते संगमथेरा, सपाडिहेरा तया आसि ॥११०॥

एगंतनियवासी, घरसरणाईसु जह ममत्तं पि ।
कह न पडिहंति कलिकलुस-रोसदोसाण आवाए ॥१११॥

---

(૧૦૮) (તપ સંયમાદિ) આત્મહિત આચરનાર અને એને (દાનમાનાદિથી) અનુમોદનાર સદ્ગતિ પામે છે. જેમ, રથકારના દાનના અનુમોદક હરણિયો અને બળદેવ (પાંચ મા સ્વર્ગે ગયા.)

(૧૦૯) પૂર્વે પૂરણતાપસે જે અતિ દુષ્કર તપ દીર્ઘકાળ કર્યો, તે તપ જો દયાતત્પર બની (સર્વજ્ઞ-શાસનમાં રહીને) કર્યો હોત તો તે સફળ થાત. (મોક્ષ-સાધક થાત.)

(૧૧૦) સર્વજ્ઞ-શાસનમાં અપવાદ પદે ઉદ્યત વિહારી રહીને જુદું વર્તે તો ય તે આરાધક છે. દા.ત. ક્ષીણ જંઘાબળ આદિ કારણે મુનિને એક જ સ્થાને સ્થિરવાસ કરવો પડે તો સંયમમાં ઉત્કટ ઉદ્યમથી પ્રયત્ન રાખવો; જેમ તે સ્થવિર સંગમસૂરિ સ્થિરવાસમાં એવી ઉત્કટ ઉદ્યત યતના રાખતા ત્યારે એમને દેવકૃત અતિશયોની સંપત્તિ હતી. (એથી વિપરીત)

(૧૧૧) નિષ્કારણ સદા સ્થિરવાસ કરનારા એમાં વળી ઘર-છાપરું (સ્વજન) આદિની સાર સંભાળની ય મમતામાં

अविकत्तिऊण जीवे, कत्तो घरसरणगुत्तिसंठप्पं ? ।
अवि कत्तिआ अ तं तह, पडिया असंजयाण पहे ॥११२॥

✱ थोवोऽपि गिहिपसंगो, जइणो सुद्धस्स पंकमावहइ ।
जह सो वारत्तरिसी, हसिओ पज्जोयनरवइणा ॥११३॥

✱ सब्भावो वीसंभो, नेहो रइवइयरो य जुवइज्जणे ।
सयणघर-संपसारो, तवसीलवयाइं फेडिज्जा ॥११४॥

---

પડનારા, એ કલહ-હિંસાદિ પાપ, તથા ક્રોધ (માનાદિ)ના દોષોના સંમિલનમાં કેમ નહિ પડે ? (કારણ,)

(૧૧૨) જીવોના છેદનાદિ કર્યા વિના ઘર-છાપરું-વાડ-દિવાલ વગેરે સમારવાનું ક્યાંથી બની શકે ? (નજ બને) અને એમ છેદનાદિ કરી-કરાવીને તો સાધુ અસંયમી-ગૃહસ્થોના માર્ગે જ પડ્યા !

(૧૧૩) (માત્ર ગૃહકર્મ જ નહિ) ગૃહસ્થોનો થોડો સંબંધ પણ પવિત્ર સાધુને ય મલિનતા લગાડનારો બને છે. જેમકે તે વારત્રઋષિની પ્રદ્યોતરાજા વડે હાંસી કરાઈ. (અલ્પ પણ ગૃહસ્થ-પરિચય દોષકારી છે. વિશેષમાં સ્ત્રી સંબંધનું તો પૂછવું જ શું ?)

(૧૧૪) નારીજનની સાધુ વસતિમાં અકાળે હાજરી, એના પર વિશ્વાસ, સ્નેહરાગ, કામરાગકારી વાતચીત (ઈસારા-ગાત્ર-હાવભાવાદિ દર્શન) તથા એની સાથે સ્વજન સંબંધી-ઘરસંબંધી વિચારણા (એ સાધુના) તપ-શીલ (ઉત્તર ગુણો) તથા મહાવ્રતોનો નાશ કરે છે. (ગાથાના 'તવ' શબ્દનો બીજો અર્થ 'હે શિષ્ય ! તારા તારા.')

✷ जोइसनिमित्तिअक्खर, कोउयआएसभूइकम्मेहिं ।
करणाणुमोअणाहि अ, साहुस्स तवक्खओ होइ ॥११५॥

जह जह कीरइ संगो, तह तह पसरो खणे खणे होइ ।
थेवो वि होई बहुओ, न य लहइ धिइं निरुभंतो ॥११६॥

✷ जो चयइ उत्तरगुणे, मूलगुणे वि अचिरेण सो चयइ ।
जह जह कुणइ पमायं, पेल्लिज्जइ तह कसाएहिं ॥११७॥

---

(૧૧૫) (સાધુનો જ્યાં વિષય નહિ ત્યાં) જ્યોતિષ યા નિમિત્ત બતાવવું, મૂળાક્ષરો આદિ વિદ્યા શીખવવી (અમુક કાર્ય માટે) સ્નાનાદિ કૌતુક દર્શાવવા, ભવિષ્યવાણી કહેવી, રાખ (વાસક્ષેપ દોરા આદિ) મંત્રી આપવા, (મંત્રાદિ) પ્રયોગ કરવા....એ સાધુ સ્વયં કરે, કરાવે કે અનુમોદે તો તેથી એના બાહ્ય આભ્યંતર તપનો નાશ થાય છે.

(૧૧૬) જેમ જેમ (દોષ યા અસત્ ક્રિયાનો) સંગ કરાય તેમ તેમ આગળ-આગળના સમયે એનો પસારો વધે છે. (અતિ પ્રવૃત્તિ થાય છે. થોડામાં શો વાંધો ? તો કે) થોડો પણ દોષ-પ્રમાદ વધીને બહુ થાય છે. (કેમકે અનાદિનો એનો અભ્યાસ છે.) પછીથી એ રોકી શકાતો નથી ને (ગુર્વાદિથી) રોકાવા જતાં સમાધિ-સ્વસ્થતા ગુમાવે છે.

(૧૧૭) (થોડો દોષ બહુ કેમ થાય ? તો કે) જે થોડા અર્થાત્ નિર્દોષ ગોચરી વગેરે ઉત્તર ગુણ જતા કરે છે તે થોડા વખતમાં અહિંસાદિ મૂળ ગુણ પણ જતા કરે છે. કેમકે જેમ જેમ ગુણોમાં પ્રમાદ-શિથિલતા થાય, તેમ તેમ (અવકાશ

* जो निच्छएण गिण्हइ, देहच्चाए वि न य धिइं मुयइ ।
सो साहेइ सकज्जं, जह चंडवडिंसओ राया ॥११८॥
* सीउण्हखुप्पिवासं, दुस्सिज्जपरीसहं किलेसं च ।
जो सहइ तस्स धम्मो, जो धिइमं सो तवं चरइ ॥११९॥
* धम्ममिणं जाणंता, गिहिणो वि दढव्वया किमुअ साहू ? ।
कमलामेलाहरणे, सागरचंदेण इत्थुवमा ॥१२०॥

મળવાથી) કષાયો પ્રજ્વલિત થાય છે. નાના પણ દોષનો રાગ ત્રીજા કષાયની ચોકડીનો રાગ બનવાથી મૂળ ચારિત્રની જ હાનિ થાય. (એથી ઉલટું -)

(૧૧૮) જે દ્રઢ નિશ્ચયી (અમુક સદ્ વ્રત અનુષ્ઠાનને) સ્વીકારે છે અને પ્રાણાંતે પણ એમાં સ્થિરતાને નથી છોડતાં, તે પોતાના પ્રયોજનને સિદ્ધ કરે છે. જેમ રાજા ચંદ્રાવતંસક.

(૧૧૯) વળી શીત-ઉષ્ણ-ક્ષુધા-પિપાસા તથા ઊંચી નીચી શયનભૂમિ, વિવિધ પરિસહ-પીડા તેમજ (દેવતાઈ આદિ ઉપસર્ગ) કષ્ટ જે સમતાથી સહન કરે છે એને જ ધર્મ હોય (તે જ ધર્મી ગણાય) છે. કેમકે જે નિષ્પ્રકંપ ચિત્તથી ધૈર્યવાન હોય છે તેને જ પરિસહ-સહનની તપસ્યાનું આચરણ હોય છે. (પરિસહની અસહિષ્ણુતામાં આર્તધ્યાનના લીધે ધર્મભંગ.)

(૧૨૦) (આ ધૃતિ જિનશાસન-તત્ત્વજ્ઞોને અવશ્ય હોય. એટલે જ) સર્વજ્ઞ પ્રણીત ધર્મને જાણનારા ગૃહસ્થો પણ વ્રત-પાલનમાં દ્રઢ હોય છે; તો સાધુનું તો પૂછવું જ શું ? (એમણે તો સુતરાં દઢવ્રતી બનવું જ જોઈએ.) આમાં

देवेहिं कामदेवो, गिही वि न वि चालिओ तवगुणेहिं ।
मत्तगयंगभुयंगम-रक्खसघोरट्टहासेहिं ॥१२१॥

✷ भोगे अभुंजमाणा वि, केइ मोहा पडंति अहरगइं ।
कुविओ आहारत्थी, जत्ताइ-जणस्स दमगु व्व ॥१२२॥

✷ भवसयसहस्स-दुलहे, जाइजरामरणसागरुत्तारे ।
जिणवयणंमि गुणायर !
खणमवि मा काहिसि पमायं ॥१२३॥

---

કમલામેલાનું હરણ કરનાર સાગરચંદ્ર (પોષધ પ્રતિમાવાળા)નું દ્રષ્ટાંત છે.

(૧૨૧) કામદેવ શ્રાવક ગૃહસ્થ છતાં પણ કાઉસ્સગ્ગમાં દેવકૃત ઉન્મત્ત હાથી, સર્પ, રાક્ષસના ઘોર અટ્ટહાસો વડે તપ અને ગુણોમાંથી ચલિત ન કરી શકાયો. (સાધુ તો વિશેષ વિવેકવાળા હોઈ નિતરાં અક્ષોભ્ય હોય.)

(૧૨૨) (વિના વાંકે ગુસ્સે થનાર અવિવેકી) કેટલાકને શબ્દાદિ-સુખભોગ ન મળવા છતાં અજ્ઞાનતાથી નીચી ગતિમાં પડે છે, જેમ (વૈભારગિરિ તળેટીએ) ઉજાણીમાં એકચિત્ત લોક પર આહાર માટે ગુસ્સે ભરાયેલ દ્રમક-ભિખારી. (સાતમી નરકે પડયો.)

(૧૨૩) માટે હે ગુણના ખાણભૂત શિષ્ય ! લાખ્ખો ભવે ય દુર્લભ અને જન્મ-જરા-મૃત્યુમય સંસારસાગરથી પાર ઉતારનાર એવા જિનવચન(ના આદર) વિષે એક ક્ષણવાર પણ પ્રમાદ કરીશ નહીં.

✷ जं न लहइ सम्मत्तं लद्धूण वि जं न एइ संवेगं ।
विसयसुहेसु य रज्जइ, सो दोसो रागदोसाणं ॥१२४॥

तो बहुगुणनासाणं, सम्मत्तचरित्तगुणविणासाणं ।
न हु वसमागंतव्वं, रागद्दोसाण पावाणं ॥१२५॥

✷ न वि तं कुणइ अमित्तो, सुट्ठुवि सुविराहिओ समत्थोवि ।
जं दोवि अणिग्गहिया, करंति रागो य दोसो य ॥१२६॥

इह लोए आयासं, अजसं च करेंति गुणविणासं च ।
पसवंति अ परलोए, सारीरमणोगए दुक्खे ॥१२७॥

---

• (૧૨૪) જીવ જે સમ્યક્ત્વ પ્રાપ્ત નથી કરતો યા (સમ્યક્ત્વ) પ્રાપ્ત કર્યા પછી પણ સંવેગ યાને મોક્ષની લગન નથી આવતી, પણ શબ્દાદિ વિષય સુખોમાં આસક્ત ગુલામ બન્યા રહેવાય છે, એ વાંક રાગ અને દ્વેષનો જ છે. (કેમકે રાગદ્વેષ જીવને દુઃખ-કારણમાં સુખનો ભ્રમ કરાવે છે.)

(૧૨૫) તેથી જેનો નાશ બહુ ગુણકારી છે એવા રાગદ્વેષ સમ્યગ્દર્શન-ચારિત્ર-જ્ઞાનાદિગુણોના નાશક હોવાથી એની પરવશતામાં નહિ જવું. (એને વશ નહિ થવું. કારણ કે,-)

(૧૨૬) અત્યંત ષણ પ્રબળ પણે વિફરાયેલ શત્રુ તે પણ ભારે શક્તિવાળો જે (નુકસાનો) નથી કરતો તે વશમાં નહિ લીધેલ (નિરંકુશ) રાગ અને દ્વેષ કરે છે. (શ્લોકમાં રાગ અને દ્વેષ તુલ્યબલી છે એમ સૂચવે છે.)

(૧૨૭) (રાગ-દ્વેષજનિત કયા નુકશાનો ? તો કે, -) આ જનમમાં શરીર-મનમાં ખોટા શ્રમ, અને અપયશ તથા ગુણોનો વિધ્વંસ કરે છે, અને પરલોકમાં (નરકાદિમાં પાડીને) શારીરિક-માનસિક દુઃખોને પેદા કરે છે. (આવું છે ત્યારે,)

विद्धी अहो अकज्जं, जं जाणंतोवि रागदोसेहिं ।
फलमउलं कडुअरसं, तं चेव निसेवए जीवो ॥१२८॥
✷ को दुकखं पाविज्जा ?, कस्स व सुक्खेहिं विम्हिओ हुज्जा ?।
को व न लभिज्ज मुक्खं ?, रागद्दोसा जइ न हुज्जा ॥१२९॥
माणी गुरुपडिणीओ, अणत्थभूओ अमग्गचारी अ ।
मोहं किलेसजालं, सो खाइ जहेव गोसालो ॥१३०॥
✷ कलहणकोहणसीलो, भंडणसीलो विवायसीलो य ।
जीवो निच्चुज्जलिओ, निरत्थयं संयमं चरइ ॥१३१॥

---

(૧૨૮) અત્યંત ધિક્કાર છે જીવને કે (અહીં જુઓ) એ અસત્યપ્રવૃત્તિઓમાં રાગ-દ્વેષ કરી કરીને મહા ઉગ્ર કટુ રસવાળા વિપાકને આવવાનું જાણતો હોવા છતાં ખેદની વાત છે કે એ રાગ-દ્વેષભરી અસત્ ચેષ્ટાને સેવતો રહે છે.

(૧૨૯) જો જીવમાં રાગ-દ્વેષ ન હોત તો (દુઃખનું કારણ જવાથી) કોણ જીવ દુઃખ પામત? અને કોને (સુખના પ્રતિબંધક રાગ-દ્વેષના અભાવે સુલભ થતા) સુખો પામવાથી વિસ્મય થાત? (રાગ-દ્વેષાભાવે) કોણ મોક્ષ ન પામત?

(૧૩૦) ગર્વિષ્ઠ, તથા ગુરુનો દ્રોહી પ્રતિકૂળ વર્તનારો, (દુઃશીલતાથી) અનેક અનર્થ ભરેલો, ને માર્ગ (સૂત્ર) વિરુદ્ધ આચરણવાળો, એ (મોઘ=) નિષ્પ્રયોજન જ (શિરમુંડન તપસ્યાદિ) કષ્ટ સમૂહને વધાવી લે છે; જેમકે ગોશાળો. (કષ્ટ-કલેશથી સાધ્ય કશું ફળ નથી આવતું.)

(૧૩૧) કજિયાખોર, ક્રોધિલો, ભાંડણશીલ (દંડાદિથી લડનાર), (કોર્ટ આદિથી) ઝગડાખોર, આવો જીવ સદા ઉકળતો ને ક્રોધાન્ધ બન્યો રહી સંયમને નિરર્થક આચરે છે. એને સંયમનું સાધ્ય સિદ્ધ થતું નથી.

✷ जह वणदवो वणं, दवदवस्स जलिओ खणेण निद्दहइ ।
एवं कसायपरिणओ, जीवो तवसंजमं दहइ ।।१३२।।
परिणामवसेण पुणो, अहिओ ऊणयरओ व हुज्ञखओ ।
तह वि ववहारमित्तेण, भण्णइ इमं जहाथूलं ।।१३३।।
✷ फरुसवयणेण दिणतवं, अहिक्खिवंतो अ हणइ मासतवं ।
वरिसतवं सवमाणो, हणइ हणंतो अ सामण्णं ।।१३४।।
अह जीविअं निकिंतइ, हंतूण य संजमं मलं चिणइ ।
जीवो पमाय बहुलो परिभमइ अ जेण संसारे ।।१३५।।

---

(૧૩૨) જેમ વનમાં ઝટપટ સળગેલો દાવાનળ ક્ષણમાં વનને બાળી નાખે છે. એમ ક્રોધાદિ કષાય-પરિણામવાળો આત્મા તપ-પ્રધાન સંયમને બાળી નાખે છે.

(૧૩૩) (શું ક્રોધથી તપ-સંયમ સર્વથા નષ્ટ ? ના,) તપ-સંયમનો અધિકતર કે ન્યુનતર ક્ષય પરિણામને (યાને અધ્યવસાય-તરતમતાને) અનુસારે જ થાય. છતાં પણ વ્યવહાર માત્રથી સ્થૂલ દ્રષ્ટિએ આમ કહેવાય છે કે,-

(૧૩૪) સાધુ (સાધુપ્રત્યે) કર્કશ વચન બોલવાથી એક દિવસના તપ (અને સંયમ) હણે છે, જાતિ વગેરેથી આક્ષેપ (હીલના) કરતાં એક માસનો તપ, શ્રાપ આપતાં એક વર્ષનો તપ, અને મારતાં સમસ્ત ચારિત્ર પર્યાયને હણે છે.

(૧૩૫) અને જીવ પ્રમાદની બહુલતાથી જો સામાના જીવિતનો નાશ કરે તો હણીને (સકલકાલવ્યાપી) સંયમનો નાશ કરે છે. ત્યાં એવું પાપ બાંધે છે, કે જેથી સંસારમાં ભટકતો થઈ જાય છે.

✱ अक्कोसणतज्जणताडणा य, अवमाणहीलणाओ य ।
मुणिणो मुणियपरभवा, दढप्पहारि व्व विसहंति ॥१३६॥

अहमाहओ त्ति न य पडिहणंति, सत्ता वि न य पडिसवंति।
मारिज्जंता वि जई, सहंति सहस्समल्लु व्व ॥१३७॥

दुज्जणमुहकोदंडा, वयणसरा पुव्वकम्मनिम्माया ।
साहूण ते न लग्गा, खंतिफलयं वहंताणं ॥१३८॥

---

(૧૩૬) દ્રઢ પ્રહારીની જેમ. મુનિઓ પોતાની ઉપર આક્રોશ (વચનથી ટોણાંમેણાં), નિર્ભર્ત્સના, (દોરડેથી) તાડના, અપમાન-તિરસ્કાર અને હીલના સમભાવે સહન કરે છે, કેમકે એ (ન સહતા સામનો કે હાયવોય કરવામાં પરલોકના) પરિણામને જાણે છે.

(૧૩૭) (અધમ માણસોએ) મને (મુષ્ઠિ વગેરે) મારી એમ કરી મુનિઓ સામે નથી મારતા. પેલાઓ શ્રાપની ભાષા નથી બોલ્યા છતાં આ સામે શ્રાપની ભાષા નથી બોલતા. (અધમો વડે) મુનિઓ માર ખવાતા છતાં શાંતિથી સહન જ કરે છે (ઊલટું દયા ખાય છે કે આ બિચારા મારા નિમિત્તે દુર્ગતિ ન પામો.)જેમ કે સહસ્ત્રમલ્લ મુનિ.

(૧૩૮) દુર્જન-મુખ એ ધનુષ્ય છે, એમાંથી કુવચન-રુપી બાણ નીકળ્યા તે પૂર્વકૃત કર્મથી નીકળ્યા. પરતું સાધુઓને એ ભોકાયા નહિ, કેમકે એ ક્ષમાની ઢાલ વહતા હતા. (ક્ષમામાં આ વિવેક હોય છે કે દુર્વચનરુપી બાણને મૂળ ફેંકનાર જે પૂર્વ કર્મ તેના પર દષ્ટિ જાય છે.

✱ पत्थरेणाहओ कीवो, पत्थरं डक्कुमिच्छइ ।
मिगारिओ सरं पप्प, सरूप्पत्तिं विमग्गइ ॥१३९॥

✱ तह पुव्विं किं न कयं ?, न बाहए जेण मे समत्थोऽवि ।
इण्हिं किं कस्स व कुप्पिमुत्ति धीरा अणुप्पिच्छा ॥१४०॥

✱ अणुराएण जइस्स वि, सियायपत्तं पिया धरावेइ ।
तह वि य खंदकुमारो, न बंधुपासेहिं पडिबद्धो ॥१४१॥

गुरु गुरुतरो य अइगुरु, पियमाइअवच्चपियजणसिनेहो ।
चिंतिज्जमाणगुविलो, चत्तो अइधम्मतिसिएहिं ॥१४२॥

(૧૩૯) (અવિવેકીને કોપનો અવકાશ છે,-) પત્થરથી હણાયેલો કૂતરો પત્થરને બચકાં ભરવા ઈચ્છે છે,ત્યારે સિંહ બાણ પામી (બાણ નહી પણ) બાણની ઉત્પત્તિ (અર્થાત્ બાણના ફેંકનાર) તરફ દ્રષ્ટિ લઈ જાય છે. એટલે જ,

(૧૪૦) (મુનિ દુષ્ટના દુર્વચનાદિ આવતાં વિચારે છે કે ) મેં પૂર્વ જન્મમાં તેવું (સારું) કેમ ન કર્યું કે જેથી પુણ્યના હિસાબે સમર્થ પણ માણસ મને પીડી-સતાવી શકે નહિ ? (એટલે આ મારો જ દોષ છે.) તો હવે અત્યારે શા માટે (નિષ્કારણ) કોપ કરું ? ને કોના પર કોપ કરું? આ પ્રમાણે વિચારીને ધીરતાવાળા મહાત્માઓ અ-વિહ્વળ રહે. (આમ દ્વેષી પર દ્વેષત્યાગ કહ્યો. હવે રાગી પર રાગત્યાગ કરવા કહે છે.)

(૧૪૧) પિતા અનુરાગથી મુનિને પણ સફેદ છત્ર ધરે છે ! તો પણ સ્કંદકુમાર સ્વજનના સ્નેહ-પાશથી બંધાયા નહિ.

(૧૪૨) માતા- પિતાનો, સંતાનનો અને (ભાર્યા ભગિની આદિ) પ્રિયજનનો સ્નેહ ક્રમશઃ ગુરુ=દુસ્ત્યજ, વધુ દુસ્ત્યજ અને અત્યંત દુસ્ત્યજ હોય છે (અતિ દુસ્ત્યજતાનું કારણ જીવને ત્યાં ગાઢ ચિત્ત-વિશ્રામ હોય છે) બધો ય સ્નેહ, વિચાર કરતાં, (દુઃખદ

✻ अमुणियपरमत्थाणं, बंधुजणसिनेहवइयरो होइ ।
अवगयसंसारसहाव-निच्छयाणं समं हिययं ॥१४३॥

✻ माया पिया य भाया, भज्जा पुत्ता सुही य नियगा य ।
इह चेव बहुविहाइं, करंति भयवेमणस्साइं ॥१४४॥

मायां नियगमइविगप्पियंमि, अत्थे अपूरमाणंमि ।
पुत्तस्स कुणइ वसणं, चुलणी जह बंभदत्तस्स ॥१४५॥

✻ सव्वंगोवंगविगत्तणाओ, जगडणविहेडणाओ अ ।
कासी अ रज्जतिसिओ, पुत्ताण पिया कणयकेऊ ॥१४६॥

---

ભવોનું કારણ હોવાથી) અતિગહન છે, માટે જ ધર્મના અતિ પિપાસુઓએ એને છોડી દીધા છે. (સ્નેહ સાધુધર્મથી વિરુદ્ધ છે.)

(૧૪૩) જેઓએ વસ્તુ-સ્વરૂપને જાણ્યું નથી તેઓને સ્વજનના સ્નેહના બંધન હોય છે. (કિંતુ) સંસારના સ્વભાવને સમજનારને ક્ષણભંગુરરૂપે નિર્ણયવાળાને હૃદય સ્નેહ-દ્વેષરહિત હોય છે. (સ્વજનો અનર્થકારી હોવાથી એમના પર સ્નેહ નકામો છે. દા.ત.)

(૧૪૪) માતા-પિતા-ભાઈ-ભાર્યા-પુત્ર- મિત્રો અને બીજા સગાં-સ્નેહીઓ અહીંજ બહુવિધ ત્રાસ અને વિરોધ અંટસ કરે છે. (દા.ત.)

(૧૪૫) (માતા :) માતા સ્વમતિથી ધારેલ પ્રયોજન સિદ્ધ ન થતાં પુત્રને આપત્તિમાં મૂકે છે, જેમ માતા ચુલણીએ પુત્ર બ્રહ્મદત્તને મૂક્યો.

(૧૪૬) (પિતા :) પિતા કનકકેતુને કાયમી રાજ્યની મમતા લાગવાથી એ પુત્રોને (રાજ્ય માટે અયોગ્ય ઠરાવવા) સર્વ અંગોપાંગમાં છેદન અને કદર્થના-પીડાઓ કરતો.

✵ विसयसुहरागवसओ, घोरो भाया वि भायरं हणइ ।
ओहाविओ वहत्थं, जह बाहुबलिस्स भरहवई ॥१४७॥

भज्जा वि इंदियविगार-दोसनडिया करेइ पइपावं ।
जह सो पएसिराया, सूरियकंताइ तह वहिओ ॥१४८॥

सासयसुक्खतरस्सी, नियअंगसमुहब्भवेण पियपुत्तो ।
जह सो सेणियराया, कोणियरण्णा खयं नीओ ॥१४९॥

✵ लुद्धा सकज्जतुरिआ, सुहिणो वि विसंवयंति कयकज्जा ।
जह चंदगुत्तगुरुणा, पव्वयओ धाइओ राया ॥१५०॥

---

(૧૪૭) (ભાઈ :) શબ્દાદિ સુખ-સમૃદ્ધિના રાગની પરવશતાથી (હાથમાં શસ્ત્ર લઈ) ભયંકર બનેલો ભાઈ સગાભાઈને પણ હણે છે. જેમ ભરત રાજ્યાધિપતિ (ચક્ર લઈને) ભાઈ બાહુબળને મારી નાખવા દોડયો.

(૧૪૮) (ભાર્યા:) પત્ની પણ ઈંદ્રિય-વિકારના અપરાધને પરવશ બનેલા પતિને મારી નાખવાનું પાપ કરે છે; જેમકે તે પ્રદેશી રાજા સૂર્યકાન્તારાણી વડે તેવા પ્રકારે (અર્થાત્ ઝેર આપીને) મારી નખાયો.

(૧૪૯) (પુત્રઃ-) જેમ પ્રિય પુત્ર કોણિકરાજા પિતા શ્રેણિક રાજાના અંગથી ઉત્પન્ન થયેલ છતાં એના વડે (ક્ષાયિક સમ્યક્ત્વથી)શાશ્વત સુખ તરફ વેગબંધ દોટવાળા એવા પણ પિતા શ્રેણિક ખત્મ કરાયા.

(૧૫૦) (મિત્રઃ-) લોભી અને સ્વાર્થ સાધવામાં ઉત્સાહી મિત્રો પણ કાર્ય સર્યે ફરી બેસે છે.જેમ , ચંદ્રગુપ્તના ગુરુ ચાણકયે

नियया वि निययकज्जे, विसंवयंतंमि हुंति खरफरूसा ।
जह रामसुभूमकओ, बंभक्खत्तस्स आसि खओ ॥१५१॥

कुलधरमिययसुहेसु अ, सयणे अ जणे य निच्च मुणिवसहा ॥
विहरंति अणिस्साए, जह अज्जमहागिरी भयवं ॥१५२॥

रूवेण जुव्वणेण य, कन्नाहि सुहेहिं वरसिरीए य ।
नय लुब्भंति सुविहिया, निदरिसणं जंबूनामुत्ति ॥१५३॥

---

નંદરાજાને ખત્મ કરવા માટે મિત્ર બનાવેલા મલેચ્છ રાજા પર્વતનો (વિષભોજિત કન્યા પરણાવવા દ્વારા) ઘાત કર્યો.

(૧૫૧) પોતાના ગણાતા પણ પોતાનું કાર્ય બગડે ત્યારે નિષ્ઠુર કર્મકારી અને કર્કશવાદી બને છે.જેમ,(પૃથ્વી પરથી) પરશુરામ વડે ક્ષત્રિયોનો (સાત વાર) અને સુભૂમ વડે બ્રાહ્મણોનો (૨૧ વાર) નાશ કરાયો (બંને પરસ્પર સંબંધી છતાં)

(૧૫૨) એટલા માટે ઉત્તમ મુનિઓ, કુટુંબો, ઘરો, અને પોતાની સુખાકારીતા, તથા સ્વજનનો અને જનસામાન્યને વિષે હંમેશા નિશ્રા (પરાધીનતા-સાપેક્ષતા) રાખ્યા વિના વિચરે છે. જેમ મહાત્મા આર્યમહાગિરિ.

(૧૫૩) સુવિહિત સુસાધુઓ સુંદર રુપથી, યૌવનથી,'ય'=કલાઓથી, ગુણિયલ કન્યાઓથી,ઐહિક સુખોથી,અને વિશાળ સંપત્તિથી (કોઈ લોભાવે તો ય) લોભાતા નથી.(એમાં) દ્રષ્ટાન્ત તરીકે જંબૂ નામે મુનિ.(માટે મુનિઓએ ઐહિક સુખોની સ્પૃહારહિત અને સુગુરુથી નિયંત્રિત બહુ સાધુઓ મધ્યે રહેવું જોઈએ.)

✵ उत्तमकुलप्पसूया, रायकुलवडिंसगा वि मुणिवसहा ।
बहुजणजइसंघट्टं, मेहकुमार व्व विसहंति ॥१५४॥

✵ अवरूप्पसंबाहं सुक्खं तुच्छं सरीरपीडा य ।
सारण वारण चोयण, गुरुजणआयत्तया य गमे ॥१५५॥

✵ इक्कस्स कओ धम्मो, सच्छंदगई मइपयारस्स ?
किं वा करेई इक्को, ? परिहरउ कहं अकज्जं वा ? ॥१५६॥

---

(૧૫૪) ઊંચા કુળમાં જન્મ પામેલા અને રાજકુળના અલંકાર(તિલક) તુલ્ય એવા પણ દીક્ષિત થયેલા ઉતમમુનિઓ બહુજન (વિવિધ દેશ) ના સાધુઓની (સારણા-વારણાદિને યા) સંઘટ્ટનને સમતાથી સહન કરે છે જેમ મેઘકુમારમુનિ. (માટે ગચ્છમાં રહી સહિષ્ણુ બનવું, નહિતર ક્ષુદ્રતા પોષાય છે.)

(૧૫૫) ગચ્છમાં રહેવામાં પરસ્પર ઘર્ષણ થાય, સુખ સગવડ નહિવત્ હોય, પરીસહોથી શરીર પીડા થાય, સારણા (વિસ્મૃત કર્તવ્યની યાદગીરી), વારણા (નિષિદ્ધનું વારણ), ને ચોયણા (મૃદુકઠોર વચનથી પ્રેરણા) હોય, તેમજ ગુરુજનની આધીનતા રહે.

(૧૫૬) (એવા કષ્ટ ભર્યા ગચ્છવાસ કરતાં એકલા વિચરવું સારું ને? ના, કેમકે) એકાકી રહેતાં સ્વેચ્છાથી બાહ્ય પ્રવૃત્તિ અને આપમતિનો જ પ્રચાર રહેવાથી એને ધર્મ ક્યાંથી હોય? તેમ એકલો કર્તવ્ય બજાવે શું? ને અકૃત્યનો ત્યાગ પણ શું કરે?

* कत्तो सुत्तत्थागम - पडिपुच्छणचोयणा य इक्कस्स ? ।
विणओ वेयावच्चं, आराहणया य मरणंते ॥१५७॥

पिल्लिज्जेसणमिक्को, पइन्नपमयाजणाउ निच्च भयं ।
काउमणो वि अकज्जं, न तरइ काऊण बहुमज्झे ॥१५८॥

उच्चारपासवणवंत-पित्तमुच्छाइ मोहिओ इक्को ।
सद्दवभायणविहत्थो, निक्खिवइ व कुणइ उड्डाहं ॥१५९॥

---

(૧૫૭) વળી (ગુરુનિશ્રારહિત) એકલો સૂત્ર-અર્થનો લાભ કોની પાસેથી પામે ? અર્થાત્ કોની પાસે ભણે ? (ન સમજાતું) કોને પૂછે ? તર્ક ઊઠે તેનું સમાધાન કોની પાસેથી મેળવે ? અભ્યુત્થાનાદિ વિનય કોનો કરે ? ગ્લાન સેવાદિ વૈયાવચ્ચ કોની કરે ? અને મરણરૂપ અવસાનકાળે (નવકાર) પચ્ચક્ખાણાદિ નિર્યામણાની આરાધના-વર્ગ ક્યાંથી પામે ?

(૧૫૮) એકલો ફરે એ (નિર્ભય હોવાથી) ગવેષણા ગ્રહણેષણા-ગ્રાસેષણાનું ઉલ્લંઘન કરશે, દોષિત ગોચરી વાપરશે. અહીં તહીં આકર્ષયેલી સ્ત્રીઓ તરફથી એકલાને હંમેશા (કામોપદ્રવનો ચારિત્ર-ધનનાશનો) ભય રહે, જ્યારે ગચ્છમાં બહુની મધ્યે રહેતાં (અકાર્ય કરવાનું મન થાય તો ય તે) ન કરી શકે.

(૧૫૯) સ્થંડિલ-માતરું-ઊલટી યા પિત્તના ઉછાળાની અચાનક એકાએક બાધા થતાં ગભરામણથી શરીર હલી ઉઠવાથી એકલો સાધુ હાથમાં પાણીવાળું પાત્ર લેતાં કદાચ પડે તો સંયમ વિરાધના, આત્મ વિરાધના થાય. જો પાણી લીધા વિના સ્થંડિલાદિ જાય તો શાસનની હીલના થાય.

✵ एगदिवसेण बहुआ, सुहा य असुहा य जीवपरिणामा ।
इक्को असुहपरिणओ, चइज्ज आलंबणं लद्धुं ॥१६०॥

✵ सव्वजिणप्पडिकुट्ठं, अणवत्था थेरकप्पभेओ अ ।
इक्को अ सुआउत्तोवि, हणइ तवसंजमं अइरा ॥१६१॥

वेसं जुण्णकुमारिं, पउत्थवइअं च बालविहवं च ।
पासंडरोहमसइं, नवतरूणिं थेरभज्जं च ॥१६२॥

✵ सविडंकुब्भडरूवा, दिट्ठा मोहेइ जा मणं इत्थी ।
आयहियं चिंतंता, दूरयरेणं परिहरंति ॥१६३॥

---

(૧૬૦) (બીજું એ પણ બને કે) એક દિવસમાં પણ જીવને શુભ અને અશુભ ઘણા માનસિક વિતર્કો ચાલે છે. એમાં જો એકલો હોય તો સંક્લિષ્ટ અધ્યવસાયમાં ચડશે, ને કાંઈક આલંબન (કારણ) પામીને સંયમનો ત્યાગ કરશે.

(૧૬૧) (મોટી વાત એ છે કે) સર્વ જિનેશ્વર ભગવંતોએ સાધુને એકલવિહારી બનવાનો નિષેધ કરેલો છે, કેમકે એથી (જીવો પ્રમાદ ભરેલા તેને જોઈને) બીજાઓમાં એકાકીપણાની પરંપરા ચાલે, એમાં સ્થવિરકલ્પ (ગચ્છવાસિતા) છિન્ન ભિન્ન થાય. વળી સારો અપ્રમત્ત) પણ સાધુ એકલવિહારી થતાં તપપ્રધાન સંયમનો શીઘ્ર જ નાશ કરવાનો.

(૧૬૨) વેશ્યા, પ્રૌઢ છતાં કુમારી, પતિ પરદેશ ગયેલો હોય તેવી, બાલવિધવા, જોગણી, કુલટા, નવયૌવના, ઉંમરલાયક પત્ની,

(૧૬૩) શુભ અધ્યવસાયથી પાડે એવી ઉદ્‌ભટરૂપ વેષવાળી તથા જોવા માત્રથી મનને મોહ પમાડનારી, આમાંની

✵ सम्मद्दिट्ठी वि कयागमोवि, अइविसयरागसुहवसओ ।
भवसंकडंमि पविसइ, इत्थं तुह सच्चई नायं ॥१६४॥

✵ सुतवस्सियाण पूया-पणामसक्कारविणयकज्जपरो ।
बद्धं पि कम्ममसुहं, सिढिलेइ दसारनेया व ॥१६५॥

✵ अभिगमणवंदणनमंसणेण, पडिपुच्छणेण साहूणं ।
चिरसंचियं पि कम्मं, खणेण विरलत्तणमुवेइ ॥१६६॥

કોઈ પણ સ્ત્રીને આત્મહિતની ચિંતાવાળા સાધુઓ અતિ દૂરથી જ તજે છે, (આગળ એની સંભાવના હોય ત્યાંથી પણ આઘા રહે છે. (કારણ કે સ્ત્રીથી થતાં અનર્થ સર્વ વિષયરાગનું કારણ હોવાથી અતિ દીર્ઘ સંસાર સર્જે છે.)

(૧૬૪) તત્ત્વાર્થ-શ્રદ્ધાવાળો પણ, અને આગમનો જાણ (ગીતાર્થ) પણ જો શબ્દાદિ વિષયોના અતીવ રાગને વશ પડે તો કલેશમય સંસારમાં પડે છે. (હે શિષ્ય !) આ વિષયમાં તારે સત્યકી વિદ્યાધરનું ઉદાહરણ જાણવું. (સાધુ છતાં વિષયાસક્ત ખુવાર થાય.)

(૧૬૫) (ત્યારે ગૃહસ્થ પણ સાધુની ઉપાસના કરતાં કેવા લાભ પામે ? તો કે) ઉત્તમ સાધુઓની વસ્ત્રાદિથી પૂજા, પ્રણામ, સ્તુતિરૂપ સત્કાર, વિનય, એ કાર્યો કરવામાં તત્પર (ગૃહસ્થ પણ) કૃષ્ણની જેમ બાંધેલાં પણ અશુભ કર્મોને શિથિલ કરે છે.

(૧૬૬) આવતા સાધુની સામે જવાથી, વંદન-ગુણસ્તુતિ કરવાથી, નમસ્કાર-મન કાયાથી નમનો કરવાથી અને શરીર કૌશલ્યાદિ પૂછવાથી, ઘણા જન્મોનાં પણ બાંધેલાં કર્મો અલ્પ કાળમાં ઓછાં થઈ જાય છે.

केइ सुसीला सुहम्माइ, सज्जणा गुरुजणस्स वि सुसीसा ।
विउलं जणंति सद्धं, जह सीसो चंडरूद्दस्स ॥१६७॥

✱ अंगारजीववहगो, कोइ कुगुरू सुसीस परिवारो ।
सुमिणे जइहिं दिट्ठो, कोलो गयकलहपरिकिन्नो ॥१६८॥

सो उग्गभवसमुद्दे, सयंवरमुवागएहिं राएहिं ।
करहोवक्खरभरिओ, दिट्ठो पोराणसीसेहिं ॥१६९॥

(૧૬૭) કેટલાક સુશીલ (ઇન્દ્રિયો અને મનની વિશિષ્ટ સમાધિવાળા) સુધર્મો (જ્ઞાન-ચારિત્ર રૂપ ધર્મવાળા) અને અતિ સંતજન (સર્વને અમૃતરૂપ હોઈ સજ્જન) સુશિષ્યો ગુરુજનને પણ મોટી શ્રદ્ધા ઉત્પન્ન કરે છે. જેમ ચંડરુદ્રાચાર્યનો નૂતન શિષ્ય

(૧૬૮) કોલસીને જીવ માની એની હિંસા કરનારો કોઈ કુગુરુ અંગારમર્દકાચાર્ય સુશિષ્યોથી પરિવરેલો તે (બીજા આચાર્યના) મુનિઓએ સ્વપ્નમાં એક ડુક્કરને હાથીના બચ્ચાઓથી પરિવરેલો જે જોયો, (ને એ પરથી આચાર્યના કહેવાથી ઓળખાયો)

(૧૬૯) એ (અંગારમર્દકાચાર્ય) રૌદ્ર સંસાર સાગરમાં (ભમતો) ઊંટ થયેલ તે ભરચક સામાનથી લદાયેલ સ્થિતિમાં પૂર્વના શિષ્યો જે રાજા થયેલ અને સ્વયંવરમાં આવેલ એમના વડે દેખાયો. (આચાર્ય છતાં આવા સંક્લિષ્ટ પરિણામવાળો ? કારણ ભવાભિનંદી)

✸ संसारवंचणा न वि, गणंति संसारसूअरा जीवा ।
सुमिणगएण वि केई, बुज्झंति पुप्फचूला व्व ॥१७०॥

✸ जो अविकलं तवं संजमं च, साहु करिज्ज पच्छा वि ।
अन्नियसुय व्व सो नियग-मट्ठमचिरेण साहेइ ॥१७१॥

✸ सुहिओ न चयइ भोए, चयइ जहा दुक्खिओ त्ति अलियमिणं ।
चिक्कणकम्मोलित्तो, न इमो न इमो परिच्चयइ ॥१७२॥

जह चयइ चक्कवट्टी, पवित्थरं तत्तियं मुहुत्तेण ।
न चयइ तहा अहन्नो, दुब्बुद्धी खप्परं दमओ ॥१७३॥

---

(૧૭૦) સંસારના (વિષય-વિષ્ઠા-ગૃદ્ધ) ભૂંડ જેવા જીવો સંસારથી (નરકાદિ સ્થાન પ્રાપ્તિ દ્વારા) ઠગાય છે. ત્યારે, કેટલાક સ્વપ્નમાં જોયેલ (નરકાદિ)થી પણ બૂઝી (સંસાર-વિરક્ત બની) જાય છે. જેમ (રાણી) પુષ્પચૂલા. (લઘુકર્મી જીવો જાગ્રત દશામાં ગુરુ ઉપદેશથી બૂઝવાનું તો પૂછવું જ શું ?)

(૧૭૧) જે સાધુ અખંડિત તપ અને સંયમ (પૃથ્વી-કાયાદિ રક્ષા)ને આરાધે છે, તે પછી (અંતકાળે) પણ અર્ણિકાપુત્ર આચાર્યની જેમ પોતાના પ્રયોજનને શીઘ્ર સાધે છે.

(૧૭૨) 'સુખિયા જીવો ભોગસુખો નથી છોડતા જેમ દુખિયા જીવો છોડે છે,' આવું બોલવું એ અસત્ય વચન છે; (કેમકે) ચીકણાં (જ્ઞાનાવરણાદિ) કર્મોથી લેપાયેલ (ભારે કર્મી)ન સુખિયો જીવ ભોગોને છોડતો, કે ન દુખિયો જીવ. (ભોગત્યાગમાં લઘુકર્મિતા જ કારણ છે, સુખ દુઃખ નહિ).

(૧૭૩) (દૃષ્ટાંતમાં) જેમ મહાસુખિયો ચક્રવર્તી ક્ષણમાત્રમાં એવડો મોટો (છખંડ સમૃદ્ધિનો) પથારો ભિખારી ભીખ માગી ખાવાનું ઠીકરું ય નથી છોડતો.

✱ देहो पिवीलियाहिं, चिलाइपुत्तस्स चालणी व्व कओ ।
तणुओ वि मणपओसो, न चालिओ तेण ताणुवरिं ॥१७४॥

पाणच्चए वि पावं, पिवीलियाए वि जे न इच्छंति ।
ते कह जई अपावा, पावाइं करेंति अन्नस्स ? ॥१७५॥

✱ जिणपहअपंडियाणं, पाणहराणं पि पहरमाणाणं ।
न करंति य पावाइं, पावस्स फलं वियाणंता ॥१७६॥

✱ वहमारणअब्भक्खाण-दाणपरधणविलोवणाइणं ।
सव्वजहन्नो उदओ, दसगुणिओ इक्कसि कयाणं ॥१७७॥

(૧૭૪) (કર્મે વિવર આપેલા જીવો તો સંયમરક્ષાર્થે શરીરને પણ છોડી દે છે, જેમ) ચિલાતીપુત્રના શરીરને કીડીયોએ (ફોલી ખાઈ) ચાલણી જેવું કર્યું (છતાં) તે મહાત્માએ મનમાં કીડીઓ પર લેશ પણ દ્વેષ ન ઊઠવા દીધો.

(૧૭૫) જે પ્રાણાંતે પણ કીડી જેવી પ્રત્યે ય દ્વેષ કરવાનું ઈચ્છતા નથી તે નિષ્પાપ (સાવદ્ય-ત્યાગી) મુનિ ભગવંતો બીજાની પ્રત્યે અપરાધ કેમ કરે ?

(૧૭૬) (નિરપરાધીને તો તે ન દંડે, પરંતુ અપરાધીનું કેમ સહન કરે ? તો કે) પાપના ફળ (રૌરવ નરકાદિ)ને જે જાણતા હોય છે એ જિનકથિત માર્ગના અજાણ અને જીવઘાતક એવા (શસ્ત્રથી) ઘા કરનારાઓની પ્રત્યે પણ (દ્રોહનો વિચાર, મારણા ચિંતન આદિ) પાપ નથી કરતા. (ઊલટું અહીં કરુણા ચિંતવે છે કે 'અરે ! અમારું નિમિત્ત પામી આ બિચારા પાપ કરી નરકમાં પડશે ?')

(૧૭૭) તાડન, પ્રાણનાશ, જૂઠા આળ ચડાવવા, પરધન-હરણાદિ ('આદિ' પદથી બીજાનાં ગુપ્ત મર્મ ઉઘાડવા

✱ तिव्वयरे उ पओसे, सयगुणिओ सयसहस्सकोडिगुणो ।
कोडाकोडिगुणो वा, हुज्ज विवागो बहुतरो वा ॥१७८॥

के इत्थ करेंतालंबणं, इमं तिहुयणस्स अच्छेरं ।
जह नियमा खवियंगी, मरूदेवी भगवई सिद्धा ॥१७९॥

किं पि कहिं पि कयाइ, एगे लद्धीहिं केहि वि निभेहिं ।
पत्तेयबुद्धलाभा, हवंति अच्छेरयब्भूया ॥१८०॥

---

વગેરે) એક જ વાર સેવ્યાનો ઓછામાં ઓછો વિપાક દસગુણો આવે છે. (દા.ત. એકવાર મારનારો દસવાર મરાય છે.)

(૧૭૮) ત્યારે જો અધિક ઉત્કટ દ્વેષ-અપ્રીતિ હોય તો (કરેલા એકવારના પાપનું એ દ્વેષની માત્રા પ્રમાણે) સોગણું, લાખગણું, ક્રોડગણું યા ક્રોડાક્રોડ ગણું ફળ ભોગવવું પડે, અથવા એથી પણ બહુતર ભોગવવું પડે છે. (તેથી પ્રાયઃ રાગ ન થાય અને એમાં ય રાગદ્વેષાદિના સંક્લેશ ન થાય એ માટે અપ્રમત્ત રહેવું.)

(૧૭૯) કેટલાક આ વિષયમાં ત્રિભુવનમાં (ક્યારેક જ બને એવાં અતિ) અદ્‌ભુતના આધાર લે છે કે જેમ ભગવતી મરુદેવામાતા નિયમ (તપ-સંયમના કષ્ટ દ્વારા દેહ નિયંત્રણ)થી કર્મ ખપાવ્યા વિના મોક્ષ પામ્યા. (એમ મોક્ષ થઈ જશે, તપ સંયમ કષ્ટનું શું કામ છે ?)

(૧૮૦) (આ આલંબન લેવું ખોટું છે કેમકે) ક્યારેક કોઈક ઠેકાણે કોઈક (વૃષભાદિ વસ્તુ)ને પામીને કેટલાક (કરકંડુ જેવા) આશ્ચર્યભૂત પ્રત્યેક-બુદ્ધતાના લાભવાળા બન્યા ને કોઈક તેવી લબ્ધિઓ (કર્મ-ક્ષયોપશમાદિ) રૂપ નિમિત્તોથી બન્યા. તેથી એના આલંબને પ્રમાદી ન બનાય, નહિતર મોક્ષ જ ન થાય.)

निहिं संपत्तमहन्नो, पत्थिंतो जह जणो निरूत्तप्पो ।
इह नासइ तह पत्तेअ-बुद्धलच्छिं पडिच्छंतो ॥१८१॥

✱ सोऊण गई सुकुमालिए, तह ससगभसगभइणीए ।
ताव न विससियव्वं, सेयट्ठी धम्मिओ जाव ॥१८२॥

खरकरहतुरयवसहा, मत्तगइंदा वि नाम दम्मंति ।
इक्को नवरि न दम्मइ, निरंकुसो अप्पणो अप्पा ॥१८३॥

---

(૧૮૧) (દેવાધિષ્ઠિત) રત્નાદિ-નિધાનની નજીક આવેલો જેમ કોઈ નિર્ભાગી પુરુષ એની ઇચ્છાવાળો છતાં 'નિરુત્તપ્પો' = (એની પૂજા બલિ આદિના) ઉદ્યમ વિનાનો આ લોકમાં નાશ પામે છે. (નિધિલાભ ગુમાવી હાંસીપાત્ર બને છે.) એમ પ્રત્યેક બુદ્ધના લાભની રાહ જોનારો (કિન્તુ તપ સંયમનો ઉદ્યમ વિનાનો) નષ્ટ થાય છે. નિધિસમાન મોક્ષ ન પામતાં તપ સંયમના ઉદ્યમ વિના સન્માર્ગથી ભ્રષ્ટ થાય છે.)

(૧૮૨) તથા શશક-ભશકની બેન સુકુમાલિકા સાધ્વીની (મૂર્છિત દશામાં સહેજ ભ્રાતૃસ્પર્શના સુખદ સંવેદનથી, અતિભ્રષ્ટાવસ્થા સાંભળીને ધર્મચારીએ 'સેયટ્ઠી' = શ્વેતાસ્થિ = મૃત ન થાય ત્યાંસુધી. અથવા શ્રેયાર્થી (મોક્ષાર્થી) 'ધાર્મિક' = યતિ (જીવંત) હોય ત્યાં સુધી રાગાદિનો વિશ્વાસ નહિ કરવો. (રાગાદિથી ડરતા રહેવું.)

(૧૮૩) ગધેડાં, ઊંટ, ઘોડા, બેલ અને ઉન્મત્ત હાથી સુદ્ધાં વશ કરાય છે, માત્ર નિરંકુશ (તપ-સંયમના અંકુશ વિનાનો) પોતાનો આત્મા વશ નથી કરાતો. (આશ્ચર્ય છે.)

वरं मे अप्पा दंतो, संजमेण तवेण य ।
मा हं परेहिं दम्मंतो, बंधणेहिं वहेहि य ॥१८४॥

✷ अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।
अप्पा दंतो सुही होइ, अस्सिं लोए परत्थ य ॥१८५॥

निच्चं दोससहगओ, जीवो अविरहियमसुभपरिणामो ।
नवर दिन्ने पसरे, तो देइ पमायमयरेसु ॥१८६॥

अच्चियवंदिय पूइअ, सक्कारिय पणमिओ महग्घविओ ।
तं तह करेइ जीवो, पाडेइ जहप्पणो ठाणं ॥१८७॥

---

(૧૮૪) (વાસ્તવમાં વિચારવું કે) શ્રેષ્ઠ એ છે કે મારે જ મારા આત્માનું ચારિત્ર અને દ્વાદશવિધ તપથી નિયંત્રણ કરવું જોઈએ જેથી હું બીજાઓ દ્વારા દુર્ગતિમાં (લગામો-બેડીઓના) બંધનોથી અને (ચાબુક-સોટાદિના) મારથી દમન ન કરાઉં.

(૧૮૫) (કર્તવ્ય આ જ છે કે) પોતાના આત્માનું દમન કરવું અતિ જરૂરી છે. કેમકે (બાહ્ય શત્રુનું નહિ પણ સ્વીય) આત્માનું જ દમન મુશ્કેલ છે. બાકી દમન કરાયેલ આત્મા અહીં અને પરલોકે પણ સુખી થાય છે.

(૧૮૬) (આત્મ-દમન વિનાનો જીવ) હંમેશા રાગાદિ દોષથી ગ્રસ્ત અને સતત સંક્લિષ્ટ અધ્યવસાયવાળો રહે છે, માત્ર એ(યથેષ્ટ ચેષ્ટાને) પ્રસરણ અપાતાં ''અતરેષુ'' = લોકવિરુદ્ધ. શાસ્ત્ર વિરુદ્ધ કાર્યો વિષે (વિષયકષાયપ્રવૃત્તિ રૂપ) પ્રમાદને આચરે છે.

(૧૮૭) (પ્રમાદ શું કરે છે ?) જીવ ચંદનાદિથી અર્ચિત થાય, ગુણ-સ્તુતિથી વંદાય, વસ્ત્રાદિથી પૂજાય, અભ્યુત્થાનાદિથી સત્કાર પામે, મસ્તકથી નમસ્કાર પામે, તથા

✵ सीलव्वयाइं जो बहुफलाइँ, हंतूण सुक्खमहिलसइ ।
धिइदुब्बलो तवस्सी, कोडीए कागिणिं किणई ॥१८८॥

✵ जीवो जहामणसियं, हियइच्छियपत्थिएहिं सुक्खेहिं ।
तोसेऊण न तीरई जावज्जीवेण सव्वेण ॥१८९॥

✵ सुमिणंतराणुभूयं, सुक्खं समइच्छियं जहा नत्थि ।
एवमिमं पि अईयं, सुक्खं सुमिणोवमं होई ॥१९०॥

---

(આચાર્યપદવી આદિથી) મહામૂલ્યવાન બનાવાય, ત્યારે તે મૂઢ જીવ દુષ્ટ આચરણ કરે છે કે એ પોતાના (આચાર્યપદાદિ) સ્થાનનો નાશ કરે છે. (વંદનાદિ કરનારમાં અધમ તરીકે નિંદાય છે.)

(૧૮૮) (સ્વર્ગ મોક્ષપર્યંતના) બહુ ફળોને આપનાર મૂળવ્રત ઉત્તર ગુણોને હણીને જે (તુચ્છ વૈષયિક) સુખને ઇચ્છે છે. તે વિશિષ્ટ ચિત્તાસ્થિરતા વિનાનો બિચારો ક્રોડના ધનથી કાકિણી(૧/૮૦રૂ.)ને ખરીદે છે. (આવાને વિષયોથી તોષ તો ન થાય, ઊલટું ભોગોથી શ્રમ વધે, ઇંદ્રિયોની અસ્વસ્થતા વધે, કેમકે,)

(૧૮૯) સંસારી જીવ 'યથામનસ્કૃત'=ચિંતિત પ્રમાણે હૈયાને ઈષ્ટ અને પ્રાર્થિત (વિષય)સુખો આખા જીવન પર્યંત પણ પ્રાપ્ત થયે સંતોષ પામતા નથી. (દિવસો, મહિનાઓ સુખો મળ્યે તો સંતુષ્ઠ થાય જ શાનો ?)

(૧૯૦) જેમ સ્વપ્ન મધ્યે ભોગવેલું સુખ સ્વપ્ન પસાર થઈ ગયે રહેતું નથી. એમ આ પણ (વૈષયિક સુખ) વ્યતીત થયે સ્વપ્ન સુખની જેમ રહેતું નથી. (કેમકે તે તુચ્છ છે માટે જ એના પર આસ્થા નહિ કરવી. નહિતર)

* पुरनिद्धमणे जक्खो, महुरामंगू तहेव सुयनिहसो ।
  बोहेइ सुविहियजणं, विसूरइ बहुं च हियएण ॥१९१॥

* निग्गंतूण धराओ, न कओ धम्मो मए जिणक्खाओ ।
  इड्ढिरससायगुरुयत्तणेण, न य चेइओ अप्पा ॥१९२॥

* ओसन्नविहारेणं, हा जह झीणंमि आउए सव्वे ।
  किं काहामि अहन्नो, संपइ सोयामि अप्पाणं ॥१९३॥

* हा जीव ! पाव भमिहिसि, जाईजोणीसयाइं बहुआइं ।
  भवसयसहस्सदुलहं पि, जिणमयं एरिसं लद्धुं ॥१९४॥

---

(૧૯૧) શ્રુતના કસોટી-પત્થર જેવા (અર્થાત્ બીજાઓને સ્વશ્રુતનું પરીક્ષા સ્થાન એવા મહાન શ્રુતધર) આચાર્ય આર્યમુંગુ પણ તેમજ (જિહ્વાવશ) મથુરામાં નગરની ખાળ પાસે યક્ષ થયા. જે (પોતાના શિષ્ય) સાધુજનોને (પછીથી) બોધ આપે છે, અને (પોતાની અવદશા માટે) હૃદયથી બહુ સંતાપ પામે છે.

(૧૯૨) (તે યક્ષ સંતાપ કરે છે કે) મેં ઘરવાસમાંથી નીકળીને જિનેશ્વરદેવ-કથિત ધર્મ આરાધ્યો નહિ અને ઋદ્ધિ (શિષ્યાદિ સંપત્તિ), રસ (ખાટા મીઠાં ભોજન) અને શાતા (મુલાયમ શય્યાદિના સુખ), એ ત્રણ ગ[illegible]થી ભારે અર્થાત્ તેના આદરવાલો બનીને મેં મારા આત્માને ઓળખ્યો નહિ.

(૧૯૩) (આત્માને આ રીતે ન ઓળખ્યો કે) હાય ! શિથિલ વિહારીપણાથી હું એવો રહ્યો કે સઘળું આયુષ્ય ક્ષીણ થઈ ગયું. હવે હું અભાગી શું કરીશ ? એમ હવે તો મારે મારા આત્મા પર શોક કરવાનો જ રહ્યો.

(૧૯૪) 'હે જીવ ! ખેદ થાય છે કે તુ પાપી દુરાત્મા ! લાખો ભવોએ પણ દુષ્પ્રાપ્ય આવા (અચિંત્ય ચિંતામણિ સમાન)

✵ पावो पमायवसओ, जीवो संसारकज्जमुज्जुत्तो ।
दुक्खेहिं न निव्विण्णो, सुक्खेहिं न चेव परितुट्ठो ॥१९५॥

परितप्पिएण तणुओ, साहारो जइ घणं न उज्जमइ ।
सेणियराया तं तह, परितप्पंतो गओ नरयं ॥१९६॥

✵ जीवेण जाणि विसज्जियाणि, जाईसएसु देहाणि ।
थोवेहिं तओ सयलंपि, तिहुयणं हुज्ज पडिहत्थं ॥१९७॥

---

જિનાગમ પામીને ય એનો અમલ નહિ કરવાથી બહું સેંકડો (એકાન્દ્રિયાદિ) જાતિ અને (શીતઉષ્ણાદિ) યોનિઓમાં રખડીશ.

(૧૯૫) (વળી) જીવ (કષાયાદિ)-પ્રમાદવશ પડી સંસારવર્ધક કાર્યોમાં રક્ત બને છે. દુઃખો ભોગવવા પડ્યા છતાં એનાથી કંટાળ્યો નથી ! (નહિતર દુઃખના કારણોમાં વારંવાર કેમ પ્રવર્તતો રહે ?) સુખો ય મળ્યા છતાં સંતોષ પામ્યો નથી (નહિતર સુખ મળવા છતાં અધિક તૃષ્ણા કેમ ઊભી રહે ?) ('ચ' શબ્દથી મોક્ષ હેતુથી વિમુખ રહ્યો છે.)

(૧૯૬) જો તપ સંયમમાં અપ્રમત્તપણે ગાઢ ઉદ્યમ ન કરે, તો એકલા પરિતાપ (પાપ-સંતાપ)થી અત્યલ્પ રક્ષણ મળે. (દ્રષ્ટાંત તરીકે) શ્રેણિક રાજા (તેવા તપ સંયમના ઉદ્યમ વિના) આત્મનિંદા કરતાં છતાં નરકમાં ગયા.

(૧૯૭) (દુઃખોથી ભવ નિર્વેદ પામવા આ વિચાર કે) સેંકડો જાતિઓમાં જીવે જેટલા શરીરો મૂક્યા એમાંના (અનંતમાં ભાગ જેટલા) થોડા પણ શરીરોથી ત્રણે જગતમાં 'પડિહત્થ' પૂર્ણ ભરાઈ જાય. (આશ્ચર્ય છે કે તો પણ જીવને તોષ નથી !)

✸ नहदंतमंसकेसट्ठिएसु, जीवेण विप्पमुक्केसु ।
तेसु वि हविज्ज कइलास-मेरुगिरिसन्निभा कूडा ॥१९८॥

✸ हिमवंतमलयमंदर-दीवोदहिधरणिसरिसरासीओ ।
अहिअयरो आहारो, छुहिएणाहारिओ होज्जा ॥१९९॥

✸ जं णेण जलं पीयं, घम्मायवजगडिएण तंपि इहं ।
सव्वेसु वि अगडतलाय -
नईसमुद्देसु नवि हुज्जा ॥२००॥

✸ पीयं थणयच्छीरं, सागरसलिलाओ होज्ज बहुअयरं ।
संसारम्मि अणंते, माऊणं अन्नमन्नाणं ॥२०१॥

---

(૧૯૮) જીવે (અનાદિ સંસારમાં જેટલા) નખ, દાંત, માંસ, કેશ, હાડકા મૂક્યા તેનાથી પણ મોટા અષ્ટાપદ મેરુ પર્વત જેવા સ્તૂપ થાય.

(૧૯૯) જીવે ભૂખ્યા થઈને જે આહાર વાપર્યો તેનો હિમવંત પર્વત, મલયાચલ, મેરુ પર્વત, દ્વીપો, સમુદ્રો અને પૃથ્વીઓ સમાન રાશિઓ કરતાં અધિક રાશિ થાય.

(૨૦૦) આ જીવે ગ્રીષ્મના આતપથી અભિભૂત થઈને જેટલાં પાણી પીધાં તેટલું પાણી પણ આ લોકના સર્વ કૂવા, તળાવ, નદી અને સમુદ્રોમાં (સમાય એવું) નથી.

(૨૦૧) જેની આદિ ઉપલબ્ધ નથી એવા સંસારમાં અન્યાન્ય જન્મોમાં થયેલી માતાઓના થાનનું દૂધ જે પીધું તે (સઘળા) સમુદ્રોના પાણીથી પણ અતિ વધારે થાય.

पत्ता य कामभोगा, कालमणंतं इहं सउवभोगा ।
अपुव्वं पिव मन्नइ, तहवि य जीवो मणे सुक्खं ॥२०२॥

✵ जाणइ य जहा भोगिड्ढिसंपया सव्वमेव धम्मफलं ।
तहवि दढमूढहियओ, पावे कम्मे जणो रणइ ॥२०३॥

✵ जाणिज्जइ चिंतिज्जइ, जम्मजरामरणसंभवं दुक्खं ।
न य विसएसु विरज्जइ, अहो सुबद्धो कवडगंठी ॥२०४॥

जाणइ य जह मरिज्जइ, अमरंतंपि हु जरा विणासेई ।
न य उव्विग्गो लोगो, अहो ! रहस्सं सुनिम्मायं ॥२०५॥

---

(૨૦૨) (જીવે) અનંતકાળ સંસારમાં શબ્દાદિ વિષયોના ભોગો મેળવ્યા અને એને ભોગવ્યા પણ છતાં જીવ મનમાં વિષયસુખને જાણે પૂર્વે જોયું જ નથી એવું સમજે છે !

(૨૦૩) જીવ જાણે છે 'ય'=દેખે છે કે ''ઉત્કૃષ્ટ શબ્દાદિ વિષયોની પ્રાપ્તિ અરે ! એટલું જ શું, બધું જ સારું (સુગુર યોગ વગેરે) એ ધર્મનું ફળ છે,'' તો પણ ગાઢપણે 'મૂઢ'=ભ્રાંત ચિત્તવાળા લોકો પાપકાર્યોમાં રક્ત રહે છે.

(૨૦૪) (ગુરુ ઉપદેશથી) જણાય છે ને (બુદ્ધિથી) મનમાં ય બેસે છે કે (વિષયસંગથી) જન્મ, જરા, મૃત્યુથી થતાં દુઃખ ઊભા થાય છે, તો પણ (લોક) વિષયોથી વિરક્ત નથી બનતા ! (ત્યારે કહેવું પડે કે) અહો મોહની ગાંઠ કેવી સખ્ત બંધાયેલી છે.

(૨૦૫) એ પણ ખબર છે કે મરવાનું છે, અને ન મરે ત્યાં સુધીમાં પણ જરાવસ્થા સફેદ વાળ, પળિયા વગેરે વિનાશ સર્જે છે, તો પણ લોક (વિષયોથી) ઉદ્વેગ નથી પામતા ત્યારે અહો ! (હે વિવેકી જનો જુઓ કે) એનું રહસ્ય કેવું દુર્ગમ છે !

दुपयं चउप्पयं बहु-पयं च अपयं समिद्धमहणं वा ।
अणवकएऽवि कयंतो, हरइ हयासो अपरितंतो ॥२०६॥

✱ न य नज्जइ सो दियहो, मरियव्वं चाऽवसेण सव्वेण ।
आसापासपरद्धो, न करेइ य जं हियं बज्झो ॥२०७॥

✱ संझरागजलबुब्बुओवमे, जीविए य जलबिंदुचंचले ।
जुव्वणे य नईवेगसन्निभे, पाव जीव !
किमियं न बुज्झसि ॥२०८॥

---

(૨૦૬) હરામી યમરાજનું કાંઈ બગાડ્યું નથી છતાં એ બેપગાને, ચારપગાને બહુપગા (ભ્રમરાદિ)ને અને અપગા (સર્પાદિ)ને તેમજ સમૃદ્ધિવાળાને ને નિર્ધનને અવિશ્રાંતપણે (વણથાકયો) ઉપાડે છે.

(૨૦૭) તે દિવસની ખબર નથી કે જ્યારે સૌએ પરવશપણે (અનિચ્છાએ) મરવાનું છે એમ છતાં પણ (જીવ) આશા (મનોરથો)ના પાશથી બંધાયેલા આત્મહિત જે આચરતા નથી તે 'વધ્ય:'=મૃત્યુ માટે જ સરજાયેલા છે.

(૨૦૮) સંધ્યાના રંગ અને પાણીના પરપોટા સમાન તથા (ઘાસના ટોપચા પરના) જલબિંદુ સમાન ચંચળ આયુષ્ય છે, તેમજ યુવાની નદીના વેગ તુલ્ય છે. (તો) હે પાપી જીવ ! (આ જોવા છતાં) કેમ બોધ પામતો નથી ? (આ ભ્રમ પ્રાય: અતિ ગાઢ કામરાગથી થાય છે. તેથી આ વિચાર કે,-)

जं जं नज्जइ असुइं, लज्जिज्जइ कुच्छणिज्जमेयं ति ।
तं तं मग्गइ अंगं, नवरमणंगुत्थ पडिकूलो ॥२०९॥

✱ सव्वगहाणं पभवो, महागहो सव्वदोसपायट्टी ।
कामग्गहो दुरप्पा, जेणभिभूयं जगं सव्वं ॥२१०॥

जो सेवइ किं लहइ ? थामं हारेइ दुब्बलो होइ ।
पावेइ वेमणस्सं, दुक्खाणि य अत्तदोसेणं ॥२११॥

✱ जह कच्छुल्लो कच्छुं, कंडुयमाणो दुहं मुणइ सुक्खं ।
मोहाउरा मणुस्सा, तह कामदुहं सुहं बिंति ॥२१२॥

---

(૨૦૯) જે જે અંગ બાળ વડે પણ અશુચિ અશુદ્ધ સમજાય છે, અને 'આ ગંદુ છે' એમ કરી જેનાથી લજ્જા પમાય છે, તે (સ્ત્રીના ગંદા) અંગની જ ઈચ્છા કરાય છે એમાં માત્ર અનંગ-કામદેવ-કામવાસનાની વક્રતા જ કામ કરે છે. (કેમકે એ જ કામ ગંદામાં સુંદર તરીકેનો ભ્રમ કરાવે છે.)

(૨૧૦) સમસ્ત ઉન્માદોનું ઉત્પત્તિસ્થાન એવો મહા ઉન્માદ કોણ ? સર્વ દોષોનો પ્રવર્તક કોણ ? તો કે દુરાત્મા કામનો ઉન્માદ, જેણે આખું જગત વશ કર્યું છે.

(૨૧૧) (એ કામને) જે સેવે છે એ શું પામે છે ? (અર્થાત્ વાસ્તવ તૃપ્તિ વગેરે કશું જ પામતો નથી માત્ર) બળ ગુમાવે છે. તેથી દુબળો પડે છે. તેમજ ચિત્તનો ઉદ્વેગ અને (ક્ષયરોગાદિ) દુઃખો પામે છે, આ જે પામે છે, તે પાતાના જ વાંકે પામે છે.

(૨૧૨) (વળી) જેમ ખસ-ખરજવાવાળો એને ખણતો હોય ત્યારે એ રોગનાં દુઃખને સુખ માને છે, એમ કામવાસના જનિત ભ્રમવાળા મનુષ્ય કામાગ્નિનાં દુઃખને સુખ કહે છે. (કામવાસના એ વાસ્તવમાં ભયંકર રોગ છે)

विसयविसं हालहलं, विसयविसं उक्कडं पियंताणं ।
विसयबिसाइन्नं पिव, विसयविसविसूइया होई ॥२१३॥
✺ एवं तु पंचहिं आसवेहिं, रयमायणित्तु अणुसमयं ।
चउगइदुहपेरंतं, अणुपरियट्टंति संसारे ॥२१४॥
सव्वगईपक्खंदे, काहंति अणंतए अकयपुण्णा ।
जे य न सुणंति धम्मं सोऊण य जे पमायंति ॥२१५॥
✺ अणुसिट्ठा य बहुविहं, मिच्छद्दिट्ठी य जें नरा अहमा ।
बद्धनिकाइयकम्मा, सुणंति धम्मं न य करंति ॥२१६॥

---

(૨૧૩) શબ્દાદિ વિષયો (મારક હોવાથી) વિષ છે..એ જ (શીઘ્રઘાતી હોવાથી) હલાહલ છે. 'ઉત્કૃષ્ટ' તીવ્ર-ઉગ્ર 'વિશદ'=સ્પષ્ટ, લોકપ્રસિદ્ધ, (તાલપૂટાદિ) વિષ પીનારને એ વિશદ વિષનું અજીર્ણ થાય (અર્થાત્ વિષ પચી ન જતાં મારનારું બને) છે, એમ વિષયોરૂપી વિષ સેવનારને વિસૂચિકા (અર્જીણ યાને અનંત મરણ) થાય છે.

(૨૧૪) એ પ્રમાણે જીવ (પાંચ ઈંદ્રિયો યા પાંચ હિંસાદિ) આશ્રવોથી સમયે સમયે કર્મરજ ભેગી કરીને પછીથી સંસારમાં ચાર ગતિના દુઃખની પરાકાષ્ઠા પામવા સુધીના ભ્રમણ કરે છે.

(૨૧૫) જે (જિનોક્ત) ધર્મને નથી સાંભળતા અને જે સાંભળીને પ્રમાદ (શિથિલતા) કરે છે, તે પુણ્યહીન જીવો અનંત (સંસાર)માં સર્વ ગતિઓમાં ભટકણ કર્યા કરશે. (આ તો ધર્મ પામ્યા છતાં અનર્થ ! કિન્તુ ધર્મ નહિ પામેલાને કેવા વિશેષ અનર્થ ? તો કે,)

(૨૧૬) બહુ પ્રકારે હિતશિક્ષા કહેવાયા છતાં જે 'મિથ્યાદ્રષ્ટિ'=બુદ્ધિ વિપર્યાસવાળા નીચ મનુષ્યો છે (તે તો અનંત સંસારે અચૂક સર્વગતિભ્રમણ કરવાના; કેમકે) તે બદ્ધ અને

* पंचेवउज्झिऊणं पंचेव य रक्खिऊण भावेणं ।
  कम्मरयविप्पमुक्का, सिद्धिगइमणुत्तरं पत्ता ॥२१७॥
* नाणे दंसणचरणे तवसंजमसमिइगुत्तिपच्छित्ते ।
  दमउस्सग्गववाए, दव्वाइ अभिग्गहे चेव ॥२१८॥
* सद्दहणाचरणाए निच्चं उज्जुत्त एसणाइ ठिओ ।
  तस्स भवोअहितरणं, पव्वज्जाए य सम्मं तु ॥२१९॥

---

નિકાચિત કર્મવાળા હોઈ (હજી કદાચ કેવા સંયોગ મળ્યે બીજાના આગ્રહથી) ધર્મ સાંભળે ખરા, પરંતુ ધર્મ કરતા જ નથી. (ધર્મ કરનારને લાભ શો ? તો કે)

(૨૧૭) જે ધર્મ કરે છે, તેઓ ભાવપૂર્વક (હિંસાદિ) પાંચનો ત્યાગ કરીને તેમજ (અહિંસાદિ યા સ્પર્શનાદિ) પાંચની રક્ષા કરીને, કર્મરજથી મુક્ત થયેલા સર્વોચ્ચ સિદ્ધિ ગતિને પામી ગયા.

(૨૧૮) (વિસ્તારથી જ્ઞાનાદિ મુક્તિ-કારણોમાં જે સ્થિત છે, તેનો જન્મ મોક્ષ માટે થાય છે.) જે જ્ઞાનમાં, દર્શનમાં, ચરણમાં (અનશનાદિ) તપમાં, (પૃથ્વીસંરક્ષણાદિ) સંયમમાં, ૫ સમિતિઓમાં, ૩ ગુપ્તિઓમાં, (આલોચનાદિ) પ્રાયશ્ચિત્તોમાં, ઇન્દ્રિયોના દમનમાં, ઉત્સર્ગ માર્ગના અનુષ્ઠાનમાં, આવશ્યક અપવાદ માર્ગના અનુષ્ઠાનમાં દ્રવ્યાદિ ચાર પ્રકારના અભિગ્રહોમાં,

(૨૧૯) શ્રદ્ધા સહિત આચરણમાં, સદા ઉપયોગવાળો બની નિર્દોષ ગવેષણામાં જે રહેલો હોય છે એનો જ માનવજન્મ સંસારસાગર તરવા માટે થાય છે. અને પ્રવ્રજ્યાનો સ્વીકાર પણ

जे घरसरणपसत्ता, छक्कायरिऊ सकिंचणा अजया ।
नवरं मोत्तूण घरं, घरसंकमणं कयं तेहिं ॥२२०॥

✸ उस्सुत्तमायरंतो, बंधइ कम्मं सुचिक्कणं जीवो ।
संसारं च पवड्ढइ, मायामोसं च कुव्वइ य ॥२२१॥

जइ गिण्हइ वयलोवो, अहव न गिण्हइ सरीरवुच्छेओ ।
पासत्थसंगमोऽविय, वयलोवो तो वरमसंगा ॥२२२॥

---

એ જ ભવતરણ માટેનો સમ્યક્ છે. (અહીં 'દર્શન' કહેવા ઉપરાંત 'શ્રદ્ધાન' કહ્યું એ જે ન આચરી શકાય એવી સાધનાઓ હોય એની ય શ્રદ્ધા રાખવા માટે કહ્યું.)

(૨૨૦) (અણગાર અગાર-ઘર-ત્યાગી છતાં) જે ઘર મરમ્મત-ઘરસંભાળમાં લાગેલા હોય છે, એ (પૃથ્વીકાયાદિ) ષટ્કાયના શત્રુ છે, પરિગ્રહધારી છે, ને મનવચન-કાયાની યતના (સંયમ) વિનાના છે. એમણે તો માત્ર એક ઘર મૂકી બીજા ઘરમાં જ સંક્રમણ કર્યું (કહેવાય. એ એમને મહા અનર્થ માટે થાય છે, કેમકે.)

(૨૨૧) જિનાગમ-નિરપેક્ષ (જિનવચનથી ઊલટું) આચરે (અર્થાત્ અકાર્ય કરે), એ જીવ ગાઢ ચીકણા કર્મ બાંધે છે, અને એથી ભવના ફેરા વધારે છે; વળી એ માયા મૃષા ય સેવે છે. (કેમકે પહેલા હું 'સૂત્રોક્ત કરીશ' એમ કબૂલી હવે ઉત્સૂત્ર-આચરણમાં જાય છે.)

(૨૨૨) (ઉત્સૂત્ર-સેવી પાસત્થાના આહાર-પાણી વસ્ત્રાદિ) જો લે તો (આધાકર્માદિ-દોષ અને આગમ નિરપેક્ષતાના અનુમોદનથી) વ્રત-લોપ થાય: અને જો ન લે તો

✹ आलावो संवासो, वीसंभो संथवो पसंगो य ।
हीणायारेहिं समं, सव्वजिणिंदेहिं पडिकुट्टो ॥२२३॥

अन्नुन्नजंपिएहिं हसिउद्धसिएहिं खिप्पमाणो य ।
पासत्थमज्झयारे, बलाऽवि जइ वाउली होइ ॥२२४॥

लोएऽवि कुसंसग्गी पियं जणं दुन्नियच्छमइवसणं ।
निंदइ निरूज्जमं पिय-कुसीलजणमेव साहुजणो ॥२२५॥

---

શરીરને બાધા પહોંચે. અરે ! પાસત્થાની વચ્ચે જઈને રહેવું એ પણ વ્રતલોપવાળું છે, (કેમકે 'અસંકિલિટ્ઠેહિં સમં ન વસેજ્જા મુણિ, ચરિતસ્સ જઓ ન હાણી' એવી જિનાજ્ઞા ભંગરૂપ છે) તેથી શ્રેયસ્કર એ છે કે પહેલેથી જ એવાને ભેગા જ નહિ થવું.

(૨૨૩) આચાર-હીનોની સાથે વાતચીત, એક મકાનમાં સહવાસ, મનમેળ-વાતવીસામો, પરિચય અને પ્રસંગ (વસ્ત્રાદિ લેવડદેવડ); એનો સમસ્ત જિનેશ્વર ભગવંતોએ નિષેધ કર્યો છે.

(૨૨૪) પાસત્થાની મધ્યે રહેવામાં સુસાધુ બલાત્ (અનિચ્છાએ) પણ કુસંગના પ્રભાવે પરસ્પર વાતચીતમાં પડે છે, ને (હરખના ઉછાળામાં એની સાથે) હસવું-ખીલવું થાય છે, એમાં રોમાંચ અનુભવે છે, એથી વ્યાકુળ થાય છે, (ધર્મ-સ્થૈર્યથી ચૂકે છે.)

(૨૨૫) લોકો પણ ખરાબ માણસની સંગતના પ્રેમીને 'દુન્નિયચ્છ'=ઉદ્ભટ વેષધારીને, ને અતિવ્યસનવાળાને નિંદે છે. (એની ધૃણા કરે છે), એમ સુસાધુ મધ્યે રહેવા છતાં નિરુદ્યમી (શિથિલાચારી)ની તથા કુશીલજનને વહાલો કરનારની સાધુજન ધૃણા કરે છે.

* निच्चं संकियभीओ, गम्मो सव्वस्स खलियचारित्तो ।
साहुजणस्स अमओ, मओऽवि पुण दुग्गइं जाइ ॥२२६॥

* गिरिसुयपुप्फसुआणं, सुविहिय ! आहरणकारणविहिन्नु ।
वज्जेज्ज सीलविगले, उज्जुयसीले हविज्ज जई ॥२२७॥

ओसन्नचरणकरणं जइणो वदंति कारणं पप्प ।
जे सुविइयपरमत्था, ते वंदंते निवारंति ॥२२८॥

---

(૨૨૬) ચારિત્રની સ્ખલનાવાળો હંમેશા ('આ મારી વાત કરતો હશે ?' એમ) શંકાશીલ રહે છે, અને (ગચ્છથી બહાર મૂકાવાના) ભયવાળો રહે છે, તેમજ (બાળસહિત) સૌથી પરાભવ પામનારો બને છે, સાધુજનને અમાન્ય બને છે, અને મરીને પણ(નરકાદિ) દુર્ગતિમાં જાય છે. ('પુણ'=વળી અનંત સંસારી ય બને છે.)

(૨૨૭) (એક જ મેનાના બે પોપટ એમા એક 'ગિરિશુક' નામે તે મલેચ્છોના સંગે ઉછરેલો, તેથી અપશબ્દો બોલતો, બીજો 'પુષ્પશક' નામે તે તાપસોના સંગમાં ઉછરેલો શિષ્ટ શબ્દ બોલતો.) ગિરિશુક-પુષ્પશુકના દ્રષ્ટાંત અને એની કારણવિધિ જાણનાર તું હે સુવિહિત ! શીલરહિત (પાસત્થાદિ)ના સંગનો ત્યાગ કર. અને ઉદ્યત શીલવાળો યતી બન.

(૨૨૮) મૂળગુણ-ઉત્તરગુણમાં શિથિલ સાધુને સુવિહિત મુનિઓ કોઈ (સંયમાદિ) કારણ પામીને વંદન કરે છે. (અલબત્ તે શિથિલ મુનિઓમાં 'આ વંદન લેવું એ અમારે મહાઅનર્થ માટે છે,' એમ) જે આગમ-રહસ્યના સારા જ્ઞાતા છે, તે વંદન કરતા સુવિહિત મુનિઓને વંદન કરતાં રોકે છે.

✵ सुविहियवंदावंतो, नासेई अप्पयं तु सुपहाओ ।
दुविहपहविप्पुमुक्को, कहमप्प न याणई मूढो ॥२२९॥

✵ वंदइ उभओ कालं पि, चेइयाइं थयत्थुई परमो ।
जिणवरपडिमाघरधूव-पुप्फगंधच्चअणुज्जुत्तो ॥२३०॥

✵ सुविणिच्छियएगमई, धम्मम्मि अनन्नदेवओ अ पुणो ।
न य कुसमएसु रज्जइ, पुव्वावरबाहियत्थेसु ॥२३१॥

(૨૨૯) (પોતે શિથિલ છતાં) સુવિહિત મુનિઓ પાસે વંદન કરાવનારો (વંદન કરતાં નહિ રોકનારો), પોતાના આત્માને સુપથ-રત્નત્રયીમાંથી ભ્રષ્ટ કરે છે. આમ (સાધુ-શ્રાવક) બંને માર્ગથી રહિત બનેલો તે મૂઢ પોતાના ભ્રષ્ટ આત્માને કેમ ઓળખી શકતો નથી (તે સુવિહિતનું વંદન ઝીલે છે ?)

-------------- શ્રાવકધર્મ-વિધિ --------------

(૨૩૦) (અહીં સુધી સાધુ ધર્મવિધિ કહી. હવે શ્રાવક ધર્મવિધિ કહે છે) સુશ્રાક ઉભયકાળ ('ચ' શબ્દથી મધ્યાહ્ને પણ) જિનપ્રતિમાને વંદના કરે છે. (ભક્તામરાદિ) સ્તોત્ર ભણે છે. (બૃહદ્ દેવવંદનાદિમાં) થોયો બોલે છે. અને જિનવર-પ્રતિમાઘર (જિનમંદિર)માં ધૂપ - પુષ્પ - કેશર - વાસક્ષેપાદિ ગંધથી પૂજન કરવામાં 'પરમ'=અત્યંત ઉદ્યત (ઉદ્યમયુક્ત) રહે છે.

(૨૩૧) (અહિંસાદિ) ધર્મમાં અત્યંત નિશ્ચિત એક=અનન્ય મતિવાળો, અને (બીજા કોઈ મિથ્યા દેવ પર નહિ અને) ભગવાન પર જ અનન્ય શ્રદ્ધાવાળો હોય. 'પુનઃ'=વળી (પ્રશમાદિ ગુણયુક્ત હોય) એ મિથ્યા શાસ્ત્રો પર રાગવાળો ન બને; કેમકે એ શાસ્ત્રો પૂર્વાપર-બાધિત (અર્થાત્ અઘટમાન ખંડિત) પદાર્થોને કહેનારા હોય છે.

✵ दट्ठूण कुलिंगीणं, तसथावरभूयमद्दणं विविहं ।
धम्माओ न चालिज्जइ, देवेहिं सइंदएहिं पि ॥२३२॥

✵ वंदइ पडिपुच्छइ, पज्जुवासइ साहुणो सययमेव ।
पढइ सुणइ गुणेइ अ, जणस्स धम्मं परिकहेइ ॥२३३॥

✵ दढसीलव्वयनियमो, पोसहआवस्सएसु अक्खलियो ।
महुमज्जमंसपंचविह-बहुबीयफलेसु पडिक्कंतो ॥२३४॥

---

(૨૩૨) (બૌદ્ધ સાંખ્યાદિ મિથ્યાધર્મવાળા) કુલિંગીઓ દ્વારા ત્રસ સ્થાવર જીવોની (પચન-પાચનાદિમાં) થતી વિવિધ કચરામણ જોઈને, ઈંદ્રો સહિત દેવો વડે પણ (સર્વજ્ઞોક્ત સમસ્ત જીવરાશિની સૂક્ષ્મતાથી રક્ષાને ઉપદેશનારા) જૈન ધર્મથી ચલાયમાન થતો નથી. (તો મનુષ્યોથી તો ચલાયમાન થાય જ શાનો ?)

(૨૩૩) સાધુઓને સતત (એક દિવસના અંતર વિના નિરંતર મન-વચન-કાયાથી) વંદન કરે, સંદેહના નિરાકરણ પૂછે, પાસે રહીને ઉપાસના કરે, સૂત્રોને ભણે, એનો અર્થ સાંભળે, સૂત્રાર્થનું ગુણન-પરાવર્તન કરે, ('ચ' શબ્દથી એના પર ચિંતન કરે), લોકોને ધર્મ ઉપદેશે, (સ્વયં બોધ પામેલો બીજાને પણ બોધવાળા કરે.)

(૨૩૪) શીલ-સદાચારોમાં દઢ ચિત્ત પ્રણિધાન રાખે, અણુવ્રતો તથા બીજા નિયમો પાળવામાં ય નિષ્પ્રકંપ હોય, (આહાર-શરીર-સત્કારાદિ ત્યાગના) પૌષધ તથા આવશ્યક (સામાયિક પ્રતિક્રમણાદિ નિત્યકૃત્યો)માં કોઈ અતિચાર ન સેવે, મદ્ય -મદિરા -માંસ પાંચ પ્રકારના (વડ

✱ नाहम्मकम्मजीवी, पच्चक्खाणे अभिक्खणुज्जुत्तो ।
सव्वं परिमाणकडं, अवरज्झइ तं पि संकंतो ॥२३५॥

✱ निक्खमण-नाण-निव्वाण-जम्मभूमीउ वंदइ जिणाणं ।
न य वसइ साहुजणविरहियंमि देसे बहुगुणेऽवि ॥२३६॥

---

આદિના) ફળથી તથા બહુબીજ (વેંગણાદિ) ફળથીનિવૃત્ત હોય (એના ત્યાગવાળો હોય.)

(૨૩૫) (અંગાર કર્માદિ) બહુ પાપકર્મોથી આજીવિકા ન ચલાવે. પચ્ચકખાણ લેવામાં સતત ઉત્સાહવાળો રહે, (વાતવાતમાં પચ્ચકખાણનો પ્રેમ હોય. વળી ધનધન્યાદિ) સર્વમાં પરિમાણ કરી રાખે. (એમ છતાં કદાચ ક્યારેક ક્યાંક) અપરાધ (દોષ) થઈ જાય તો (તરૃત આલોચના-પ્રાયશ્ચિત્તથી) એનાથી સંક્રાંત થતો ચાલે, (ખસીને નિરતિચાર શુભ યોગમાં લાગી જતો ચાલે.) અથવા 'સંકંતો'નો બીજો અર્થ શંકા પામતો યાને 'ભય પામતો' અર્થાત્ મોટા પાપસ્થાન તો દૂર પણ કુટુંબાદિ અર્થે જે ધાન્યાદિની રસોઈ આદિ કરવું પડે એમાં હેતુ-હિંસાને લીધે પડતાં અલ્પ કર્મબંધથી પણ બીતો રહે.

(૨૩૬) જિનેશ્વર ભગવાનના દીક્ષા-કેવળજ્ઞાન-નિર્વાણ તથા જન્મની (કલ્યાણક) ભૂમિઓને વંદન કરે અને (સુરાજ્ય, સુજલ, ધાન્ય સમૃદ્ધ ઇત્યાદિ) બહુ ગુણભર્યા પણ સાધુમહાત્માઓથી રહિત દેશોમાં વસવાટ ન કરે. (કેમકે એમાં માનવજન્મના સારભૂત ધર્મ-કમાઈને હાનિ પહોંચે.)

परतित्थियाण पणमण-उब्भावण-थुणण-भत्तिरागं च ।
सक्कारं सम्माणं, दाणं विणयं च वज्जेइ ।।२३७।।

✱ पढमं जईण दाऊण, अप्पणा पणमिऊण पारेइ ।
असइ य सुविहियाणं, भुंजेइ कयदिसालोओ ।।२३८।।

✱ साहूण कप्पणिज्जं, जं नवि दिन्नं कहिं वि किंचिं तहिं ।
धीरा जहुत्तकारी, सुसावगा तं न भुंजंति ।।२३९।।

---

(૨૩૭) મિથ્યાદ્રષ્ટિ બૌદ્ધાદિ સાધુને શિરથી પ્રણામ, બીજાઓ આગળ એમના ગુણવર્ણનરૂપ ઉદ્ભાવન, અને એમની સ્તવના તથા એ કુગુરુઓ પર હાર્દિક ભક્તિરાગ, વસ્ત્રોથી સત્કાર, (વળી) એમને વળાવા જવા કે અનુસરવાદિરૂપ સન્માન અને એમના ચરણ ધોવાધિરૂપ વિનય કરવાનું વર્જે.

(૨૩૮) (વળી શ્રાવક) પહેલાં મુનિઓને સુપાત્રદાન કરીને પછી પોતે નમસ્કાર કરવાપૂર્વક ભોજન કરે છે. ('ચ' શબ્દથી વસ્ત્રાદિ પણ મુનિને વહોરાવવા પૂર્વક વાપરે.) કદાચ સુવિહિત મુનિઓ ન મળે તો દિશાલોક કરીને અર્થાત્ 'આ અવસરે મુનિઓ મળે તો મારા પર ઉપકાર થાય' એમ ભાવનાપૂર્વક ચારે બાજુ નજર નાખે કે મુનિઓ દેખાય છે?)

(૨૩૯) સાધુને ખપે એવું જે કાંઈ અશનાદિ કોઈક એવા સ્થાને કે સમયે થોડુંક પણ ન આપી શકાયું હોય તો સુશ્રાવકો એને વાપરતા નથી; કેમકે એ સત્ત્વશાળી અને વિહિત અનુષ્ઠાનમાં તત્પર હોય છે. (ગુરુ મહારાજે ન વાપર્યું એ મારાથી ન જ વપરાય એમાં સત્ત્વ જોઈએ. શ્રાવક માટે વિહિત અનુષ્ઠાન આ, કે તપયોગ્ય આ ઉત્તમ ભવમાં ન છૂટકે કરવું પડતું ભોજન મુનિના પાત્રે પાડીને જ વાપરે.)

वसहीसयणासणभत्त-पाणभेसज्जवत्थपत्ताईं ।
जइवि न पज्जत्तधणो, थोवावि हु थोवयं देइ ॥२४०॥

संवच्छरचाउम्मासिएसु, अट्ठाहियासु अ तिहीसु ।
सव्वायरेण लग्गइ, जिणवरपूयातवगुणेसु ॥२४१॥

✸ साहूण चेइयाण य पडिणीयं तह अवण्णवायं च ।
जिणपवयणस्स अहियं, सव्वत्थामेण वारेई ॥२४२॥

विरया पाणिवहाओ, विरया निच्चंच अलियवयणाओ ।
विरया चोरिक्काओ, विरया परदारगमणाओ ॥२४३॥

---

(૨૪૦) (શ્રાવક પોતે) કદાચ એવા પૂરતા ધનવાળો ન હોય તો ય મુકામ, સંથારાદિ શયન, બાજોઠ આદિ આસન, ભોજન-પાણી, ઔષધ, વસ્ત્ર-પાત્રાદિ, (આદિ પદથી કાંબલ વગેરે) થોડામાંથી પણ થોડું સુપાત્રમાં દે ('પાત્રમાં ન દીધેલું ન વપરાય' એ નિયમ)

(૨૪૧) સાંવત્સરિક-ચાતુર્માસિક પર્વોમાં, ચૈત્રી આદિ અઠ્ઠાઈઓમાં, પર્વતિથિઓમાં, જિનેશ્વર ભગવાનનાં પૂજન, ઉપવાસાદિ તપસ્યા, તથા જ્ઞાનાદિ ગુણોમાં હૈયાના પૂરા આદર બહુમાનથી લાગી જાય છે.

(૨૪૨) મુનિઓના, તથા મંદિર કે મૂર્તિઓનાં પ્રત્યનીકો (ક્ષુદ્ર ઉપદ્રવ કરનારાઓ)ને તથા એમના નિંદકોને તેમજ જિનશાસનનું અહિત કરનારાઓને સમસ્ત શક્તિ (યાવત્ પ્રાણાર્પણ)થી અટકાવે છે. (કેમકે એ મહાઉદયનું કારણ છે.)

(૨૪૩) (હવે શ્રાવકના વિશેષે કરીને ગુણોમાં) સ્થૂલ જીવહિંસાથી વિરામ પામેલા, હંમેશા સ્થૂલ અસત્ય વચનથી

✺ विरया परिग्गहाओ, अपरिमिआओ अणंततण्हाओ ।
बहुदोससंकुलाओ, नरयगइगमणपंथाओ ॥२४४॥

✺ मुक्का दुज्जणमित्ती, गहिया गुरुवयणसाहुपडिवत्ती ।
मुक्का परपरिवाओ, गहिओ जिणदेसिओ धम्मो ॥२४५॥

---

વિરત, સ્થૂલ ચોરીથી વિરત અને પરસ્ત્રીગમનથી વિરામ પામેલા.

(૨૪૪) (શ્રાવક પરિગ્રહ પરિમાણવ્રત દ્વારા) અપરિમિત પરિગ્રહથી વિરામ પામેલો હોય. (કેમકે અપરિમિત પરિગ્રહ એ) (૧) અનંતતૃષ્ણા ભર્યો છે, (૨) બહુ દોષથી વ્યાપ્ત છે, અને (૩) નરકગતિ - ગમનનો ઉપાય છે. (પરિગ્રહમર્યાદાનું વ્રત ન હોય તો (૧) પાસે પરિગ્રહ ન હોવા છતાં અંતરમાં અપરિમિત પરિગ્રહની અનંત અમાપ તૃષ્ણા બેઠી છે. વળી (૨) એ રાજા-ચોર આદિના ઉપદ્રવોનું નિમિત્ત હોઈ શારીરિક-માનસિક કેઈ સંતાપ સંક્લેશાદિનું કારણ બનવાથી બહુ દોષોથી વ્યાપ્ત છે. તેમજ (૩) એટલા જ માટે ઉગ્ર સંકલેશકારી એ અપરિમિત પરિગ્રહ નરકગતિ-ગમનનો ઉપાય બને છે. આમ અનંત તૃષ્ણાવાળા અપરિમિત પરિગ્રહથી વિરત, બહુદોષ વ્યાપી અમિત પરિગ્રહથી વિરત, તથા નરકગતિ-ગમનહેતુ અમિત પરિગ્રહથી 'વિરત' એમ અનેકવાર 'વિરત' કહ્યું તે વિરતિની વિચિત્રતા સમજાવવા કહ્યું.)

(૨૪૫) (ઉત્તમ શ્રાવકો વડે) દુર્જનની મૈત્રી (સંગ) ત્યક્ત હોય છે. ગુરુ (તીર્થંકર ગણધરાદિ)નાં વચનોનો 'સાહુ - પડિવત્તી' = સુંદર સ્વીકાર (પ્રતિજ્ઞા - પાલન) કરાયેલો હોય છે. બીજાનો અવર્ણવાદ કરાતો નથી, અને જિનભાષિત (વ્રત-ભક્તિ આદિ) ધર્મ ગ્રહણ કરાયેલો હોય છે.

तवनियमसीलकलिया, सुसावगा जे हवंति इह सुगुणा ।
तेसिं न दुल्लहाइं, निव्वाणविमाणसुक्खाइं ॥२४६॥
सीइज्ज कयाइ गुरु, तं पि सुसीसा सुनिउणमहुरेहिं ।
मग्गे ठवंति पुणरवि, जह सेलग-पंथगो नायं ॥२४७॥
दस दस दिवसे दिवसे, धम्मे बोहेइ अहव हिअयरे ।
इय नंदिसेणसत्ती, तहवि य से संजमविवत्ती ॥२४८॥
कलुसीकओ अ किट्टीकओ अ, खयरीकओ मलिणिओ अ।
कम्मेहिं एस जीवो, नाऊण वि मुज्झइ जेण ॥२४९॥

(૨૪૬) એ પ્રમામે જૈન-શાસનમાં તપ-નિયમ-શિયળથી સંપન્ન જે ઉત્તમ શ્રાવકો સદ્‌ગુણી હોય છે, તેઓને મોક્ષનાં કે સ્વર્ગના સુખો દુર્લભ નથી. (સદુપાયમાં પ્રવૃત્તને કાંઈ પણ અસાધ્ય નથી.)

(૨૪૭) (કર્મોદયને વશ થઈ) કદાચ ગુરુ શિથિલ (પ્રમાદી) થાય તો તેને પણ ઉત્તમ શિષ્યો અતિ નિપુણ (સૂક્ષ્મ) બુદ્ધિપૂર્વકનાં મધુર (વચનો કહી તથા સુખદ પ્રવૃત્તિ)થી પુનઃ જ્ઞાનાદિરૂપ સન્માર્ગે ચઢાવે છે. જેમકે આ વિષયમાં શૈલક આચાર્ય પંથક શિષ્ય દ્રષ્ટાન્તભૂત છે, (આગમજ્ઞાતા ગુરુ પણ શિથિલ) બને ? હા, જાણકારને પણ કર્મની વિચિત્રતા મહા અનર્થ સર્જે છે. દા. ત.,

(૨૪૮) પ્રતિદિન દસ દસને અથવા તેથી પણ અધિકને પ્રતિબોધ કરી (ચારિત્ર) ધર્મમાર્ગમાં જોડે છે, એ નંદીષેણમાં શક્તિ હતી, તથાપિ તેઓના ચારિત્રનો નાશ થયો !

(૨૪૯) (મૂળ સ્વરૂપે નિર્મળ પણ) આ જીવને કર્મે બંધ દ્વારા (માટીથી પાણીની જેમ) કલુષિત કર્યો; (નિધત્તિથી) કર્મે આત્મપ્રદેશોની સાથે એકમેક મળી જઈને કીટ્ટીભૂત કર્યો.

कम्मेहिं वज्जसारोवमेहिं, जउनंदणो वि पडिबुद्धो ।
सुबहुं पि विसूरंतो, न तरइ अप्पक्खमं काउं ॥२५०॥

वाससहस्सं पि जई, काऊणं संजमं सुविउलं पि ।
अंते किलिट्ठभावो, न विसुज्झइ कंडरीउव्व ॥२५१॥

अप्पेण वि कालेणं, केइ जहागहियसीलसामण्णा ।
साहंति निययकज्जं, पुंडरियमहारिसि व्व जहा ॥२५२॥

---

(સુવર્ણમાં રજ ભળેલી હોય તેમ). (નિકાચનાથી) કર્મે જીવને ખલુરી કર્યો (ગુંદરમાં ભળેલું ગુંદર દ્રવ્ય સાથે એકરસ બને તેમ); અને (સ્પૃષ્ટતાથી) મલિન કર્યો, (ધૂળવાળા શરીરની જેમ દા.ત. ૧૧-૧૨-૧૩ મે ગુણઠાણે) કર્મ-કલુષિત થવાનું કારણ જીવ તત્ત્વને જાણવા છતાં મોહોદયે મુંઝાય છે.

(૨૫૦) (કર્મ-વિટંબણા કેવી ? કે નેમનાથ પ્રભુથી) સારી રીતે બોધ પામેલ યદુપુત્ર-વિષ્ણુ પણ સેંકડો વાર મનમાં ખેદ કરતાં છતાં વજ્રસમાં કઠોર કર્મોથી આત્મકલ્યાણ કરવા (વિરતિ લેવા) શક્તિમાન ન થયા !

(૨૫૧) (ક્લિષ્ટ કર્મોની વિષમતા એવી છે કે) મુનિ એક હજાર વર્ષો સુધી અતિ દીર્ઘ ચારિત્ર પાળીને પણ અંતે (કર્મોદયથી) સંક્લિષ્ટ પરિણામી થયેલો, કંડરીકની જેમ, શુદ્ધ પરિણામવાળો થતો નથી.

(૨૫૨) (ત્યારે ક્લિષ્ટ કર્મ ન હોય એવા મહા સત્ત્વશાળી) કેટલાક આત્માઓ જેવાં 'શીલ'=મહાવ્રત સ્વીકાર્યા તે પ્રમાણે (યથાર્થરૂપમાં પાલન કરીને) પ્રાપ્ત શ્રમણપણાના હિસાબે અલ્પકાળમાં જ પુંડરિક મહર્ષિની જેમ પોતાના પ્રયોજનને સિદ્ધ કરે છે.

काऊण संकिलिट्ठं सामण्णं, दुल्लहं विसोहिपयं ।
सुज्झिज्जा एगयरो, करिज्ज जइ उज्जमं पच्छा ॥२५३॥

उज्झिज्ज अंतरि च्चिय, खंडिय सबलादउ व्व हुज्ज खणं ।
ओसन्नो सुहलेहड, न तरिज्ज व्व पच्छ उज्जमिउं ॥२५४॥

अवि नाम चक्कवट्टी, चइज्ज सव्वं पि चक्कवट्टिसुहं ।
न य ओसन्नविहारी, दुहिओ ओसन्नयं चयइ ॥२५५॥

---

(૨૫૩) પહેલાં સાધુતાને સંક્લેશવાળું (દૂષિત) કરીને પાછળથી આત્માને વિશુદ્ધિ સ્થાન પ્રાપ્ત કરાવવું દુર્લભ છે. છતાં 'એકતરઃ'=કોઈક (કર્મ-વિવર મળવાથી) પાછળથી જો ઉદ્યમ કરે તો પુનઃ વિશુદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. (પરંતુ ઉદ્યમ વિના નહિ. માટે આત્માર્થીએ ચારિત્રમાં પહેલેથી જ દૂષણ ન લાગવા દેવું. કેમકે ચારિત્ર આમ દુષ્કર છે.)

(૨૫૪) ચારિત્ર (ગ્રહણ કરીને) વચ્ચે જ છોડી દે યા એકાદ વ્રતનું ખંડન કરે, નાના નાના ઘણા અતિચારોથી ચારિત્રને શબલ (કાબરચિતરું) કરે, અથવા 'આદિ'-પદથી ચારિત્રને તદ્દન છોડી દે, તેથી અવસન્ન (શિથિલ સાધુ) વિષયસુખમાં લંપટ બની ગએલો પછીથી ચારિત્રમાં ઉદ્યમ કરી શકતો નથી.

(૨૫૫) હજી ચક્રવર્તી ચક્રીપણાના (છ ખંડ આદિ) સર્વ સુખોને તજી દે છે, પણ શિથિલ-વિહારી દુઃખી થાય તો પણ શિથિલતાને છોડી દેતો નથી ! (કેમકે મોહપરવશ બની ગયો છે.)

नरयत्थो ससिराया, बहु भणई जेहलालणासुहिओ ।
पडिओ मि भए भाउअ ! तो मे जाएह तं देहं ॥२५६॥

को तेण जीवरहिएण, संपयं जाइएण हुज्ज गुणो ? ।
जइऽसि पुरा जायंतो, तो नरए नेव निवडंतो ॥२५७॥

जावाऽऽउ सावसेसं, जाव य थोवोऽवि अत्थि ववसाओ ।
ताव करिज्जप्पहियं, मा ससिराया व सोइहिसि ॥२५८॥

---

(૨૫૬) નરકમાં રહેલો શશિપ્રભરાજા (ધર્મ કરી દેવ થયેલ) પોતાના ભાઈને બહુ પ્રકારે કહે છે કે 'હે ભાઈ ! પૂર્વના શરીરના લાલનપાલનથી આનંદ મંગળ માનતો હું (નરકથી ઉદ્ભવતા) ભયમાં પડ્યો છું. મારે મારા તે શરીરને કષ્ટો દે; (જેથી આ નરક દુઃખો મટે.)

(૨૫૭) (તેના ઉત્તરમાં તેના ભાઈ સૂરપ્રભ રાજા કહે છે કે) 'જીવરહિત બનેલા તે શરીરને હવે વર્તમાનમાં કષ્ટ દેવાથી શો લાભ થાય ? જો પહેલાં (જીવતાં) તે શરીરને (ત્યાગ-તપ-પરિસહોના) કષ્ટ આપ્યાં હોત, તો તું નરકમાં જ ન પડત.

(૨૫૮) (માટે હે શિષ્ય !) જ્યાં સુધી આયુષ્ય (કાંઈ પણ) બાકી છે, જ્યાં સુધી થોડો પણ (વ્યવસાય) ચિત્તનો ઉત્સાહ છે, ત્યાં સુધી આત્મહિતકર સાધના કરી લે; જેથી શશીપ્રભરાજાની જેમ પાછળથી ભવિષ્યમાં શોક કરતો ન બેસે. (ધર્મ ન કરનારો પસ્તાય છે. એટલું જ નહિ પણ.)

घित्तूण वि सामण्णं, संजमजोगेसु होइ जो सिढिलो ।
पडइ जई वयणिज्जे, सोअइ अ गओ कुदेवत्तं ॥२५९॥

सुच्चा ते जिअलोए, जिणवयणं जे नरा न याणंति ।
सुच्चाण वि ते सुच्चा, जे नाउणं नवि करेंति ॥२६०॥

दावेऊण धणनिहिं, तेसिं उप्पाडिआणि अच्छीणि ।
नाऊण वि जिणवयणं, जे इह विहलंति धम्मधणं ॥२६१॥

ठाणं उच्चुच्चयरं, मज्झं हीणं च हीणतरगं वा ।
जेण जहिं गंतव्वं, चिट्ठा वि से तारिसी होई ॥२६२॥

(૨૫૯) સાધુ ધર્મ સ્વીકારીને પણ જે સંયમ (મહાવ્રતો) ને યોગો (તપ-સ્વાધ્યાય-આવશ્યકાદિ)માં પ્રમાદી બને છે, તે સાધુ આ ભવમાં નિન્દાનું પાત્ર બને છે. અને હલકું (કિલ્બિષિકાદિ) દેવપણું પામીને ત્યાં (દીર્ઘકાળ) શોક કરે છે (કે હાય ! મે મંદભાગીએ કેવો પ્રમાદ કર્યો !)

(૨૬૦) આ 'જીવલોકમાં' જગતમાં તેઓ શોચનીય છે કે જેઓ (વિવેક શૂન્યતાથી) શ્રી જિનવચનને જાણતા નથી. શોચનીયોથી પણ વધારે શોચનીય તો તે છે કે જેઓ જિનવચન જાણીને પણ તેનો અમલ કરતા નથી.

(૨૬૧) જેઓ શ્રી જિનવચનને જાણીને પણ અહીં (એને ન સેવીને) ધર્મ-ધનને નિષ્ફળ કરે છે, તેઓને (દૈવે) ધનનો રત્નાદિ ભરેલો નિધિ બતાવીને (તે બિચારાના) નેત્રો ઉખાડી લીધાં છે ! (અંધ બનાવ્યા છે !)

(૨૬૨) (એ દોષ તેઓની કરણીનો છે, અને) સ્થાન તો જગતમાં સ્વર્ગરૂપ ઉચ્ચ, મોક્ષરૂપ અતિ ઉચ્ચ, મનુષ્યભવરૂપ મધ્યમ, તિર્યંચગતિરૂપ નીચ, અથવા નરકગતિરૂપ અતિ નીચ

जस्स गुरुम्मि परिभवो, साहूसु अणायरो खमा तुच्छा ।
धम्मे य अणहिलासो, अहिलासो दुग्गईए उ ॥२६३॥

सारीर-माणसाणं, दुक्खसहस्साण वसणपरिभीया ।
नाणंकुसेण मुणिणो, रागगइंदं निरुंभंति ॥२६४॥

सुग्गइमग्गपईवं, नाणं दिंतस्स हुज्ज किमदेयं ? ।
जह तं पुलिंदएणं, दिन्नं सिवगस्स नियगच्छिं ॥२६५॥

હોય છે, પરંતુ જેને જે સ્થાને કે જે કાળમાં ભવિષ્યમાં જવું હોય છે તેને કરણી પણ (તેવી) તેને અનુરૂપ હોય છે. (એ કરણી કેવી ? તો કે)

(૨૬૩) જે (જડમતિ જીવ) ધર્મગુરુનો પરાભવ-અપમાન કરે છે, સાધુઓનો જે આદર કરતો નથી, જેનામાં ક્ષમા નથી યા તુચ્છ (સ્વલ્પ) છે અને જેને શ્રુત ચારિત્રધર્મની અભિલાષા નથી, તેની અભિલાષા (પરમાર્થથી) દુર્ગતિની જ છે. (તાત્પર્ય, તેવી ચેષ્ટાથી તે દુર્ગતિ ઇચ્છી રહ્યો છે. એથી ઊલટું)

(૨૬૪) શારીરિક અને માનસિક હજારો દુઃખોની પીડા-આફતથી ભય પામેલા મુનિઓ જ્ઞાનરૂપી અંકુશથી રાગરૂપી ઉચ્છૃંખલ ગજેન્દ્રને (એના પર આક્રમણ કરી) નિગૃહિત કરે છે (તાત્પર્ય રાગ એ ભવહેતુ છે, ભવ દુઃખાત્મક છે. તેથી ભવના ભીરું તેના હેતુભૂત રાગને જ પહેલેથી તોડે છે.)

(૨૬૫) (રાગનિગ્રહ સમ્યગ્જ્ઞાનથી થાય માટે) શ્રેષ્ઠ ગતિ મોક્ષના માર્ગને દીપકની જેમ પ્રકાશનારા સમ્યગ્જ્ઞાન આપનારા ગુરુને બદલામાં શું આપવા યોગ્ય નથી ? અર્થાત્ પ્રાણ પણ આપી દેવાય ! જેમકે તે (શિવની ભક્ત) એક ભિલ્લે (શિવના મૂર્તિનું એક નેત્ર ઉખડી ગયેલું જોઈ) પોતાનું નેત્ર ઉખેડીને તે મૂર્તિને ચોઢી

सिंहासणे निसण्णं, सोवांग सेणिओ नरवरिंदो ।
विज्ञंमग्गइ पयओ, इअ साहुजणस्स सुअविणओ ।।२६६।।

विज्ञाए कासवसंतिआए दगसूअरो सिरिं पत्तो ।
पडिओ मुसं वयंतो, सुअनिण्हवणा इअ अपत्था ।।२६७।।

सयलम्मि वि जिअलोए, तेण इहं घोसियो अमाघाओ ।
इक्कं पि जो दुहत्तं, सत्तं बोहेइ जिणवयणे ।।२६८।।

દીધું. (એમ જ્ઞાનદાતા પ્રત્યે માત્ર બાહ્ય ભક્તિ નહિ, પણ આંતરિક બહુમાન ધરવું જોઈએ.)

(૨૬૬) ચંડાળને સિંહાસને બેસાડીને શ્રેણિકરાજાએ (એની પાસે) 'પ્રયતઃ' વિનયપૂર્વક વિદ્યાની પ્રાર્થના કરી. એ પ્રમાણે સાધુજને શ્રુતજ્ઞાનનો (શ્રુતદાતાનો) વિનય કરવો જોઈએ. (આમ છતાં ગુરુનો અપલાપ કરનાર દુર્બુદ્ધિ શું પામે ? તો કે,)

(૨૬૭) કોઈ 'કાશ્યપ' હજામની પાસેથી મેળવેલી વિદ્યા દ્વારા કોઈ ઉદક શૂકરે=જળભૂંડે (નિત્ય સ્નાનકારી ત્રિદંડિકે આકાશમાં ત્રિદંડ અદ્ધર રાખી) પૂજા-લક્ષ્મી મેળવી. (કોઈએ વિદ્યા કયાંથી મળી એમ પૂછતાં તેણે હજામને બદલે 'હિમવંતવાસી યોગી પાસેથી' એમ) અસત્ય ઉત્તર આપતાં, (તેનો ત્રિદંડ આકાશમાંથી નીચે) પડ્યો. શ્રુતનો અપલાપ એ વિદ્યાનું કુપથ્ય છે. (કેમકે ગુરુનો અપલાપ એ શ્રુતનો અપલાપ છે.)

(૨૬૮) (ગુરુ આટલા બધા પૂજ્ય કેમ ? તો કે) 'ઈહ'=આ જગતમાં તે બોધદાતા ગુરુએ સકળ ચૌદ રાજલોકમાં 'અ-મારિ'ની ઘોષણા કરી કે જે ગુરુ એક પણ દુઃખ પીડિત જીવને શ્રી જિનવચનના વિષયમાં બુઝવે છે. (કેમકે બુઝેલો જીવ

सम्मत्तदायगाणं दुप्पडिआरं भवेसु बहुएसु ।
सव्वगुणमेलियाहि वि, उवयारसहस्सकोडीहिं ॥२६९॥

सम्मत्तंमि उ लद्धे, ठइआइं नरयतिरिअगाराइं ।
दिव्वाणि माणुसाणि अ, मोक्खसुहाइं सहीणाइं ॥२७०॥

कुसमयसुईण महणं, सम्मत्तं जस्स सुट्ठियं हियए ।
तस्स जगुज्जोयकरं, नाणं चरणं च भवमहणं ॥२७१॥

---

સર્વવિરતિ પામીને જીવનભર માટે તથા મુક્ત થયા પછી સર્વ કાળ માટે સર્વ જીવોને અભયદાતા બને છે.)

(૨૬૯) ઘણા ભવો સુધી 'સવ્વગુણ મેલિયા' દ્વિગુણ ત્રિગુણ યાવત્ અનંતગુણા ઉપકારો ક્રોડો-હજાર વાર કરવા છતાં (વિશિષ્ટ દેશનાથી) સમકિત પમાડનારા (ગુરુના ઉપકાર) નો પ્રત્યુપકાર કરી શકાતો નથી. (બદલો વળાતો નથી.)

(૨૭૦) (કારણ કે) સમ્યક્ત્વ પ્રાપ્ત થયેથી (પૂર્વે આયુષ્ય ન બાંધ્યું હોય તો) નરક તિર્યંચગતિનાં બારણાં બંધ થાય છે, અને દેવભવનાં, મનુષ્યભવનાં તથા અંતે મોક્ષના પણ સુખો સ્વાધીન થાય છે. (સમ્યક્ત્વથી અનંતા મોક્ષ-સુખો સ્વાધીન કેમ ? તો કે)

(૨૭૧) મિથ્યા શાસ્ત્રોના શ્રવણને (શ્રવણજનિત મિથ્યાત્વને) તોડી નાખનારું સમ્યક્ત્વ જેના હૃદયમાં સુસ્થિર થયું છે, તેને જગત્-ઉદ્યોતકર જ્ઞાન (કેવળજ્ઞાન) અને સંસાર-નાશક (સર્વસંવરરૂપ) ચારિત્ર (પ્રગટ થાય) છે. (આમ કહીને સૂચવ્યું કે સમ્યક્ત્વ હોય તો જ્ઞાનચારિત્ર તે ભવે કે ભવાંતરે અવશ્ય સંસાર-નાશક બને છે. ત્રણેય જરૂરી છે, એ કહે છે,)

सुपरिच्छियसम्मत्तो, नाणेणालोइयत्थसब्भावो ।
निव्वणचरणाउत्तो, इच्छियमत्थं पसाहेइ ॥२७२॥

जह मूलताणए पंडुरंमि दुव्वन्नरागवण्णेहिं ।
वीभच्छा पडसोहा, इय सम्मत्तं पमाएहिं ॥२७३॥

✹ नरएसु सुरवरेसु अ, जो बंधइ सागरोवमं इक्कं ।
पलिओवमाण बंधइ, कोडिसहस्साणि दिवसेणं ॥२७४॥

(૨૭૨) સુપરીક્ષિત (અર્થાત્ અતિદ્રઢ) સમ્યક્ત્વવાળો, જ્ઞાનથી 'અર્થ-સદ્ભાવ' યાને જીવાદિતત્ત્વોના બોધવાળો, અને 'નિવ્રર્ણ'=નિરતિચાર ચારિત્રવાળો, એ ઇચ્છિત અર્થ (મોક્ષ)ને સાધે છે.

(૨૭૩) જેમ કોઈ વસ્ત્રનાં તંતુઓ મૂળમાં સફેદ છતાં પાછળથી એના પર ખરાબ રંગનાં વર્ણો લાગે તો તેથી વસ્ત્રની શોભા બગડે, તેમ સમ્યક્ત્વ (પ્રારંભમાં નિર્મળ છતાં પશ્ચાત્) કષાયાદિ પ્રમાદ લાગે તો તેથી એ મલિન થાય છે. (એ પ્રમાદી અત્યંત અવિચારી કાર્યકારી છે, કેમકે સમ્યક્ત્વ અવશ્ય વૈમાનિકાયુ-બંધક હોવાથી થોડા પ્રમાદથી ઘણું ગુમાવે છે તે આ રીતે,)-

(૨૭૪) (જે સો વર્ષના આયુષ્યમાં) પ્રમાદથી નારકીનો એક સાગરોપમ જેટલો અને અપ્રમાદથી દેવગતિનો એક સાગરોપમ જેટલો બંધ કરતો હોય, તે એક દિવસના અપ્રમાદથી હજારો-ક્રોડ પલ્યોપમો દેવલોકનો અને એક દિવસના પ્રમાદથી હજારો-ક્રોડ પલ્યોપમો નારકીનો બંધ કરે છે. (સો વર્ષના દિવસોથી સાગરોપમને અર્થાત્ ૧૦ કોટાકોટિ

पलिओवमसंखिज्जं, भागं जो बंधई सुरगणेसु ।
दिवसे दिवसे बंधइ, स वासकोडी असंखिज्जा ॥२७५॥

✱ एस कमो नरएसु वि, बुहेण नाऊण नाम एयंपि ।
धम्मंमि कह पमाओ, निमेसमित्तंपि कायव्वो ॥२७६॥

दिव्वालंकारविभुसणाइं, रयणुज्जलाणि य धराईं ।
रूवं भोगसमुदओ, सुरलोगसमो कओ इहयं ? ॥२७७॥

---

પલ્યોપમોને ભાગ દેતાં હજારો-ક્રોડ પલ્યોપમ થાય છે. એમાં પ્રમાદથી નરકનો અને અપ્રમાદથી સ્વર્ગનો બંધ થાય છે. તો એક જ દિવસના પ્રમાદથી કેટલું ગુમાવે ?)

(૨૭૫) (એમ, જે સો વર્ષના અપ્રમાદથી પલ્યોપમના સંખ્યાતમાં ભાગ જેટલો દેવગતિનો બંધ કરતો હોય તે પ્રતિદિન અસંખ્યાત ક્રોડ વર્ષો જેટલો બંધ કરે છે. (સો વર્ષના દિવસોથી પલ્યોપમના સંખ્યાતમા ભાગને ભાગ દેતાં તેટલાં થાય.)

(૨૭૬) એ જ ક્રમ નરકના બંધ માટે પણ છે, (અર્થાત્ પ્રમાદથી નરકના સો વર્ષના પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલા બંધના હિસાબે પ્રતિદિન પ્રમાદથી અસંખ્ય ક્રોડ વર્ષનો બંધ કરે) બુદ્ધિમાન પુરુષ (આ ગણિત) સમજીને દુર્ગતિનિવારક ધર્મમાં (પલક) ક્ષણ માત્ર પણ પ્રમાદ કેમ કરે ?

(૨૭૭) (સિંહાસન છત્ર વગેરે) દિવ્ય શણગારો, (મુગટ-હાર કુંડલ વગેરે) દિવ્ય આભરણો અને રત્નોથી પ્રકાશમય દેવતાઈ ઘરો (વિમાનો-ભવનો), તથા અતિ અદ્‌ભુત સૌંદર્ય અને (નિરુપમ દિવ્ય શબ્દાદિ) 'ભોગ૦' = વિષય - સમૃદ્ધિ (દેવલોક) સમી અહીં મૃત્યુલોકમાં ક્યાંથી લાવવી ? (જે

✱ देवाण देवलोए, जं सोक्खं तं नरो सुभणिओऽवि ।
न भणइ वाससएण वि, जस्सऽवि जीहासयं हुज्जा ॥२७८॥

नरएसु जाइं अइकक्खडाइँ दुक्खाइँ परमतिक्खाइँ ।
को वण्णेही ताइं ? जीवंतो वासकोडीऽवि ॥२७९॥

कक्खडदाहं सामलि-असिवणवेयरणिपहरणसएहिं ।
जा जायणाउ पावंति, नारया तं अहम्मफलं ॥२८०॥

---

એ અહીં નથી, તો ઠીકરા જેવા સુખમાં રાચી ધર્મ કાં ગુમાવવો ?)

(૨૭૮) દેવલોકમાં દેવોને જે સુખો હોય છે તે કુશળ વક્તા મનુષ્ય, જેને સો જીભ હોય, તે એક સો વર્ષ સુધી (વર્ણવવા બેસે, તો પણ) ન વર્ણવી શકે. (કેમકે એ સુખો એટલા બધા અમાપ હોય છે ! એથી ઊલટું,)

(૨૭૯) નરકોમાં જે (શારીરિક) અતિ કઠોર અને (માનસિક) અતિ તીક્ષ્ણ દુઃખો (ભોગવવાનાં) હોય છે, તેને એક ક્રોડ વર્ષના આયુષ્યવાળો પણ જીવન પર્યંત વર્ણવે છતાં કોણ પૂર્ણ વર્ણવી શકે ? (કેમકે એ દુઃખો અપરિમિત હોય છે.

**હવે ગાથા ૨૮૭ સુધી ચારે ગતિના દુઃખ કહે છે.)**

(૨૮૦) નરકોમાં નારકો (તીવ્ર અગ્નિના) આકરા દાહ, શાલ્મલી વન અને અસિપત્રવન, વૈતરણી નદી અને સેંકડો શસ્ત્રોથી જે પીડાઓ પામે છે, તે અધર્મ (પાપકાર્યો)નું ફળ છે.

तिरिया कसंकुसारा-निवायवहबंधमारणसयाइं ।
नवि इहयं पावेंता, परत्थ जइ नियमिया हुंता ॥२८१॥
✱ आजीवसंकिलेसो, सुक्खं तुच्छं उवद्दवा बहुया ।
नीयजणसिट्ठणा वि य, अणिट्ठवासो अ माणुस्से ॥२८२॥
चारगनिरोहवहबंध-रोगधणहरणमरणवसणाइं ।
मणसंतावो अजसो, निग्गोवणया य माणुस्से ॥२८३॥
चिंतासंतावेहि य, दरिद्दरूआहिं दुप्पउत्ताहिं ।
लद्धुणऽवि माणुस्सं, मरंति केई सुनिव्विण्णा ॥२८४॥

(૨૮૧) તિર્યંચો જે 'કસ'=ચાબુક. અંકુશ, અને આરો(પરોણા)ના સેંકડો માર, 'વહ'=(સેંકડો લાઠીના) પ્રહારો, દોરડા વગેરેના બંધનો અને પ્રાણઘાતક માર પામે છે, તે પૂર્વભવમાં જો નિયમવાળા (ધર્મી) બન્યા હોત, તો આ (તિર્યંચના) ભવમાં ન પામવા પડત.

(૨૮૨) મનુષ્ય ભવમાં જીવનભર સંક્લેશ (ચિત્ત અસમાધિ) વિષય-સુખ તે માલ વિનાનું (ચોર વગેરેથી) ઉપદ્રવો ઘણા, જેવા તેવા નીચ માણસોના આક્રોશ વચનો અને અનિષ્ટ સ્થાને વસવાટ હોય છે.

(૨૮૩) વળી જેલમાં પુરાવું 'વહ'=શસ્ત્રાદિના પ્રહારો પડવા, દોરડાં વગેરેનાં બંધનો, (અનેક પ્રકારના) રોગો, ધન-માલ લૂંટાવા, મારણાંતિક સંકટો, ચિત્તના સંતાપ, અપયશ અને (અનેક જાતની) વગોવણી-વિટંબણાઓ, એ મનુષ્ય ભવમાં દુઃખો હોય છે. (મનુષ્ય ભવમાં શારીરિક-માનસિક દુઃખો પુષ્કળ એ બતાવવા પુનરુક્તિ દોષ નહિ ગણીને કહે છે,-)

(૨૮૪) (કુટુંબ આદિના ભરણ-પોષણની) ચિંતા (ચોરી વગેરનાં ચોર આદિથી થતાં) સંતાપ, નિર્ધનતા (ખાંસી આદિ)

देवा वि देवलोए, दिव्वाभरणाणुरंजियसरीरा ।
जं परिवडंति तत्तो, तं दुक्खं दारुणं तेसिं ॥२८५॥

तं सुरविमाणविभवं, चिंतिय चवणं च देवलोगाओ ।
अइबलियं चिय जं नवि, फुट्टइ सयसक्करं हिययं ॥२८६॥

✱ ईसाविसायमयकोह-मायालोभेहिं एवमाईहिं ।
देवाऽवि समभिभूया, तेसिं कत्तो सुह नाम ? ॥२८७॥

---

રોગો વગેરે પૂર્વકૃત દુષ્ટ કર્મોના ઉદયથી (એવાં આકરાં હોય છે કે) તેનાથી અત્યંત કંટાળેલા કોઈ કોઈ તો ઉત્તમ મનુષ્ય ભવ પામીને પણ (અકાળે) મરે છે. (આપઘાત કરે છે.)

(૨૮૫) દેવલોકમાં દેવતાઈ આભરણોથી સુશોભિત શરીરવાળા દેવો પણ જે દેવલોકથી (ગર્ભની અશુચિમાં) પડે છે, તે દુઃખ તેઓને(દેવલોકના સુખ કરતાં ય) અતિ દારુણ હોય છે.

(૨૮૬) તે (પૂર્વોક્ત) દેવવિમાનના વૈભવનો અને દેવલોકથી પતનનો ખ્યાલ કરીને પણ હૃદય શતખંડ થઈને ફૂટી જતું નથી ત્યારે એ હૃદય કેવુંક અત્યંત નિષ્ઠુર-કઠોર !

(૨૮૭) દેવો પણ ઈર્ષ્યા, વિષાદ, મદ, ક્રોધ, માયા અને લોભ, 'વગેરે' (એટલે કે હર્ષ, શોક, દીનતાદિ ચિત્ત વિકારો)થી પરાભવ પામેલા (વશ થયેલા) છે. તેઓને વળી સુખ હોય જ ક્યાંથી ? (તાત્પર્ય તેઓને સુખની સંભાવના પણ નથી.)

✷ धम्मंपि नाम नाऊण, कीस पुरिसा सहंति पुरिसाणं ?
सामित्ते साहीणे, को नाम करिज्ज दासत्तं ? ॥२८८॥

✷ संसारचारए चारए व्व आवीलियस्स बंधेहिं ।
उव्विग्गो जस्स मणो, सो किर आसन्नसिद्धिपहो ॥२८९॥

✷ आसन्नकालभवसिद्धियस्स, जीवस्स लख्खणं इणमो ।
वियससुहेसु न रज्जइ, सव्वत्थामेसु उज्जमइ ॥२९०॥

---

(૨૮૮) (માટે એવા એવા દુઃખ ભરેલા સંસારના ઉચ્છેદક સર્વજ્ઞ-કથિત) ધર્મને ઓળખીને પણ માણસો અન્ય માણસોની રાહ જ શા માટે જોતા હશે ? (કે એ ભવ ક્ષય કરી રહેલા પુરુષો અમને ઉપકાર કરે પછી અમે ધર્મ કરશું ? તત્વજ્ઞ પુરુષ એવી આશાએ વિલંબ ન કરે.) સ્વામિપણું સ્વાધીન હોય તો દાસપણું કોણ કરે ?

(૨૮૯) જેલની જેમ સંસારરૂપ કેદખાનામાં કર્મમય બંધનોથી પીડાવાને લીધે (અર્થાત્ બંધનો પીડારૂપ લાગીને) જેનું મન ત્રાસ પામી ગયું હોય (કે 'ક્યારે આમાંથી છૂટીશ') એને મોક્ષમાર્ગ નજીક છે. 'કિર'='કિલ'=એમ આપ્ત પુરુષો કહે છે.

(૨૯૦) નજીકના કાળમાં સંસારમાંથી જેની સિદ્ધિ=મુક્તિ થવાની હોય તેવા જીવનું આ લક્ષણ છે કે તે વિષય-સુખોમાં આસક્ત ન થાય. અને (મોક્ષ-સાધક તપસ્યાદિ) સર્વ સ્થાનોમાં ઉદ્યમ કરે. (વિશિષ્ટ સંઘયણ શારીરિક બળ વિના ધર્મ શી રીતે થાય ? એમ બચાવ નહિ કરવો; કેમકે)

हुज्ज व न व देहबलं, धिइमइसत्तेण जइ न उज्जमसि ।
अच्छिहिसि चिरं कालं, बलं च कालं च सोअंतो ॥२९१॥

✹ लद्धिल्लियं च बोहिं, अकरिंतोऽणागयं च पत्थिंतो ।
अन्नं दाइं बोहिं, लब्भिहिसि कयरेण मुल्लेण ? ॥२९२॥

संघयणकालबलदूसमारूयालंबणाइं घित्तूणं ।
सव्वं चिय नियमधुरं, निरूज्जमाओ पमुच्चंति ॥२९३॥

---

(૨૯૧) શારીરિક બળ હો કે ન હો, તો પણ 'ધૃતિ'=મનઃપ્રણિધાન (મનનો પાકો નિર્ધાર), 'મતિ'=બુદ્ધિ, અને 'સત્ત્વ'=(ચિત્તની સ્થિરતા) સ્થિતપ્રજ્ઞતાથી જો તું ધર્મમાં ઉદ્યમ નથી કરતો તો તું દીર્ઘકાળ શરીર બળ અને દુષમ કાળનો શોક કરતો બેસી રહેવાનો. (કિન્તુ સમજી રાખ, શોકથી બચાવ-રક્ષણ નહિ મળે, ને દીનતાની વૃદ્ધિ થશે. માટે મળેલ સામગ્રી-બળ વગેરેથી શક્ય ધર્મનો ઉદ્યમ કરી એને સફળ કરવા.)

(૨૯૨) ('ભવાંતરે જૈનધર્મ અને સામગ્રી પામી ધર્મ સાધના કરીશ' આ વિચાર ખોટો છે; કેમકે) વર્તમાનમાં મળેલી 'બોધિ'=જિન ધર્મની પ્રાપ્તિને (સદનુષ્ઠા નથી) જે સફળ કરતો નથી અને ભવિષ્ય માટે બોધિની માગણી કરે છે, તો (હે મૂર્ખ !) તે બીજી (ભાવીની) બોધિને તું ક્યાં મૂલ્યથી મેળવીશ ? (બોધિલાભને સદનુષ્ઠાનથી અમલી કરવામાં શુભ સંસ્કાર ઊભા થાય છે, એ ભવાંતરે બોધિલાભ માટે મૂલ્ય રૂપ બને છે. એ સંસ્કાર વિના તો શી રીતે બોધિ મેળવે ?)

(૨૯૩) (પ્રમાદી જીવો 'શું કરીએ ?) સંઘયણ બળ નથી, દુષ્કાળ કે પાંચમાં આરાનો કાળ છે (ધૈર્ય ઓછું હોઈ) માનસિક

कालस्स य परिहाणी, संजमजोगाइं नत्थि खित्ताइं ।
जयणाइ वट्टियव्वं, न हु जयणा भंजए अंगं ॥२९४॥

✱ समिईकसायगारव-इंदियमयबंभचेरगुत्तीसु ।
सज्झायविणयतवसत्तिओ अ जयणा सुविहियाणं ॥२९५॥

✱ जुगमित्तंतरदिट्ठी, पयं पयं चक्खुणा विसोहिंतो ।
अव्वक्खित्ताउत्तो इरियासमिओ मुणी होई ॥२९६॥

---

બળ નથી; અને ભગવાને તો પહેલેથી જ કહ્યું છે કે પડતા કાળમાં ધૈર્ય વિષમ છે (અથવા દુષમ આરો કઠીન છે. શું કરીએ ? અમે રાગ ભરેલા છીએ....' વગેરે ખોટાં) આલંબનો લઈને નિરુદ્યમીઓ (શક્ય એવા પણ) સર્વ 'નિયમ-ધુરા' = સંયમભાર - વહન કરવાનું તદ્દન છોડી દે છે.

(૨૯૪) (ત્યારે બુદ્ધિમાને આ વિચારી શું કરવું જોઈએ ? તો કે) કાળ ખરાબ આવતો જાય છે. (એથી દ્રવ્યો-ક્ષેત્રો-ભાવો પણ હીન થતાં હોઈ) સંયમને યોગ્ય ક્ષેત્રો પણ નથી, માટે સર્વ વિષયમાં જયણાથી વર્તવું જોઈએ, (જયણા એટલે આગમોક્ત ગુણગ્રહણ દોષત્યાગ) જયણા સંયમ-શરીરનો નાશ થવા દેતી નથી.

(૨૯૫) સુવિહિત મુનિઓની એ 'જયણા'=યતના (કર્તવ્યકરણ-અકર્તવ્યત્યાગનો પ્રયત્ન) સમિતિ, કષાય, ગારવ, ઈન્દ્રિય મદ તથા બ્રહ્મચર્યગુપ્તિમાં અને સ્વાધ્યાય વિનય-તપ તથા શક્તિમાં કરવાનાં હોય છે.

(આ દ્વારગાથા છે, તેથી હવે ક્રમશઃ દ્વાર વર્ણવે છે.)

(૨૯૬) (**'સમિતિ'દ્વાર**-'ઈર્યાસમિતિ') ઈર્યાસમિતિમાં સાવધાન મુનિ યુગ (ધુંસરી) પ્રમાણ અંતરે દ્રષ્ટિ રાખીને નેત્રોથી

✸ कज्जे भासइ भासं, अणवज्जमकारणे न भासइ य ।
विगहविसुत्तियपरिवज्जिओ अ जई भासणासमिओ ॥२९७॥

✸ बायालमेसणाओ, भोयणदोसे य पंच सोहेइ ।
सो एसणाइ समिओ, आजीवी अन्नहा होइ ॥२९८॥

पुव्विं चक्खुपरिक्खिय-पमज्जिउं जो ठवेइ गिण्हइ वा ।
आयाणभंडमत्तनिक्खेवणाइ समिओ मुणी होइ ॥२९९॥

---

પગલે પગલે (અહીં કોઈ જીવજંતુ નથી ને? એમ) ભૂમિ શોધતો, (બાજુ કે પાછળનો પણ ઉપયોગ રાખતો) 'અવ્યાક્ષિપ્ત' = શબ્દાદિ કોઈ વિષયમાં રાગદ્વેષ કર્યા વિના ઉપયોગપૂર્વક ચાલતો હોય છે.

(૨૯૭) ('ભાષા સમિતિ') જ્ઞાનાદિ-પ્રયોજને જ વચન ઉચ્ચારે તે પણ નિરવદ્ય (નિષ્પાપ) વચન બોલે, જ્ઞાનાદિ પ્રયોજન વિના ન બોલે, (સ્ત્રી-ભોજન કથાદિ) વિકથાઓ તથા 'વિશ્રોતસિકા' આંતરિક ખરાબ બબડવું એનો ત્યાગી, 'ચ'=૧૬ વચન વિધિજ્ઞ એવો સાધુ ભાષાસમિતિનો પાલક છે.

(૨૯૮) ૪૨ એષણાના (આધાકર્માદિ દોષો જેનાથી રહિત આહારદિ શોધવામાં આવે છે તે), અને ભોજનના પાંચ દોષોને જે લાગવા ન દે, તે સાધુ એષણા-સમિતિવાળો છે; અન્યથા (દોષોને નહિ ગણકારનારો) 'આજીવી'=સાધુ વેષ ઉપર ચરી ખાનારો (પેટ ભરનારો વેષવિડંબક) જાણવો.

(૨૯૯) કોઈ વસ્ત્ર-પાત્રાદિ વસ્તુ લેતાં-મૂકતાં જે સાધુ પહેલાં મૂકવાના સ્થળને નેત્રથી જોઈને અને રજોહરણથી પ્રમાર્જીને મૂકે, કે તેવી રીતે જોઈ પ્રમાર્જીને ગ્રહણ કરે, તે આદાનભંડમાત્રનિક્ષેપ-સમિતિવાળો જાણવો.

उच्चारपासवणखेले, जल्लसिंगाणए य पाणविही ।
सुविवेइए पएसे, निसिरंतो होइ तस्समिओ ॥३००॥

✻ कोहो माणो माया, लोहो हासो रई य अरई य ।
सोगो भयं दुगंछा, पच्चक्खकली इमे सव्वे ॥३०१॥

कोहो कलहो खारो, अवरूप्परमच्छरो अणुसओ य ।
चण्डत्तणमणुवसमो, तामसभावो य संतावो ॥३०२॥

---

(૩૦૦) સ્થંડિલ (મળ), પ્રશ્રવણ (પેશાબ) 'ખેલ' શ્લેષ્મ, 'જલ્લ'=શરીરના મેલ, 'સિંઘાણય' = નાસિકાના મેલને અને (ય = વધેલા યા અશુદ્ધ આહાર-પાણી વસ્ત્રાદિ ઉપકરણોને, તથા) એમાં ચઢી ગયેલા 'પાણવિહી'=ત્રસ કીડી કુંથુઆ વગેરે જીવોને 'સુવિવેચિતે' = સારી રીતે પરખેલી (ત્રસ-સ્થાવર જીવરહિત) ભૂમિ પર 'નિસિરંતો' = ચક્ષુથી જોઈને અને પ્રમાર્જીને જયણાથી પરઠવે (છોડે), તે મુનિ પરિષ્ઠાપનિકા - સમિતિવાળો સમજવો. ('સમિતિ'દ્વાર થયું.)

(૩૦૧) હવે 'કષાય' દ્વારમાં પેટા દ્વારો) ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, (હાંસી) રતિ-અરતિ શોક, ભય જુગુપ્સા (દુર્ગંછા) એ સર્વ (કલહના કારણ હોઈ) પ્રત્યક્ષ કલિ જાણવા. (ઉપલક્ષણથી એ સર્વ અનર્થોના હેતુ છે.)

(તત્વ-ભેદ-પર્યાયથી વ્યાખ્યા થાય, એ ન્યાયે હવે ક્રોધ આદિના પર્યાય કહે છે.)

(૩૦૨) (ક્રોધદ્વાર,-) ક્રોધ એ કલહ (કજીયો), ખાર (ઇર્ષ્યા), પરસ્પર મત્સર (અસૂયા અસહિષ્ણુતા), પશ્ચાત્તાપ (ખેદ), ઉગ્રરોષ, અશાન્તિ (હૈયાનો ઉકળાટ), તામસભાવ

निच्छोडण निब्भंछण, निराणुवत्तित्तणं असंवासो ।
कयनासो य असम्मं, बंधइ घणचिक्कणं कम्मं ॥३०३॥

माणो मयहंकारो, परपरिवाओ य अत्तउक्करिसो ।
परपरिभवो वि अ तहा, परस्स निंदा असूया य ॥३०४॥

✻ हीला निरूवयारित्तणं, निरवणामया अविणओ अ ।
परगुणपच्छायणया, जीवं पाडंति संसारे ॥३०५॥

---

(રોષણ-શીલતા-કનિષ્ઠવૃત્તિ) અને સંતાપ (બળાપો) સ્વરૂપ છે. એ બધાં ક્રોધ જ છે.) તથા

(૩૦૩) 'નિચ્છોડણ' = રૂખસદ (કાઢી મૂકવું) 'નિબ્ભંછણ' = નિર્ભર્ત્સના, ફિટ્કાર-તિરસ્કાર, (વડિલને) નહિ અનુસરવાપણું, (ગુરુની) સાથે ન રહી શકવું, 'કૃતનાશ'-ગુર્વાદિના ઉપકારને વિસરી જવો (અકૃતજ્ઞતા) અને 'અસમ્મં'=સમભાવ ગુમાવવો, (એ પણ ક્રોધનાં કાર્ય હોવાથી ક્રોધના જ રૂપાંતરો છે. તે તે પ્રકારે ક્રોધ કરનારો) 'ઘન'=ગાઢ ચીકણાં (જ્ઞાનાવરણીયાદિ) કર્મોને બાંધે છે.

(૩૦૪) (હવે 'માન',) માન એ (જાત્યાદિ) મદ, અહંકાર, બીજાઓનું ઘસાતું બોલવું, પોતાની પ્રશંસા, બીજાઓનો પરાભવ (ઉતારી પાડવા), તથા પરની નિંદા અને બીજાઓ પ્રત્યે અસૂયા (અસહિષ્ણુતા) સ્વરૂપ છે.

(૩૦૫) 'ઉપરાન્ત' બીજાને વગોવવા, કોઈના ય પર ઉપકાર ન કરવો, અક્કડપણું-અનમ્રતા, અવિનય, બીજાના ગુણોને ઢાંકવા, એ માનનાં પર્યાયો-રૂપાંતરો છે. એ જીવને સંસારમાં પાડે છે, (રખડાવે છે.)

माया कुडंग पच्छण्ण-पावया कूडकवडवंचणया ।
सव्वत्थ असब्भावो, परनिक्खेवावहारो व ॥३०६॥

छलछोमसंवइयरो, गूढायारत्तणं मई कुडिला ।
वीसंभघायणं पि य, भवकोडिसएसु वि नडंति ॥३०७॥

लाभो अइसंचयसीलया य, किलिट्ठत्तणं अइममत्तं ।
कप्पण्णपरिभोगो, नट्ठविणिट्ठे य आगल्लं ॥३०८॥

---

(૩૦૬) (હવે **'માયા'**-) માયા એ 'કુડંગ'=વક્રતા, પાપના ગુપ્ત આચરણ, કૂડ, કપટ, બીજાને ઠગવા, બધે જ અસદ્ભાવ (શંકા, અવિશ્વાસ) કરવો, પારકી થાપણ ઓળવવી. (એ બધાં માયાનાં રૂપાંતરો છે. તે ઉપરાન્ત)

(૩૦૭) 'છળ'=દેખાવ જુદો વર્તાવ જુદો, 'છદ્મ'=ખોટું બહાનું એના પ્રસંગ (દા.ત. પોતાના સ્વાર્થ માટે ગાંડાંમાં ગણાવું) 'ગુઢ'=બીજાને પોતાના હાર્દ ન કળાય એવું આચરણ, વક્ર બુદ્ધિ, વિશ્વાસઘાત એ પણ (માયાનાં રૂપાંતરો છે, ને એ બધાં એ માયાદિ કરનાર જીવને) ક્રોડાક્રોડ જન્મોમાં નચાવે છે.

(૩૦૮) (**'લોભ'**-) લોભ, અતિસંચયશીલતા (એકઠું કરવાનો સ્વભાવ) સંક્લિષ્ટ ચિત્ત, અતિમમતા 'કલ્પ્યાન્ન - અપરિભોગ' ખાવા યોગ્ય અન્ન પાસે છતાં એના પરની તુષ્ણાથી એ ખાય નહિ એવી કૃપણતા, વસ્તુ ગુમ થતાં કે નાશ પામતાં (અત્યંત મૂર્ચ્છાવશ રોગ આવી જવાથી) ભારે આકુળ-વ્યાકુળતા-બેચેની (સ્વરૂપ છે. વળી)

✹ मुच्छा अइबहुधणलोभया य, तब्भावभावणा य सया ।
बोलंति महाघोरे, जरमरणहासमुद्दंमि ॥३०९॥

✹ एएसु जो न वट्टिज्जा, तेणं अप्पा जहट्ठिओ नाओ ।
मणुआण माणणिज्जो, देवाण वि देवयं हुज्जा ॥३१०॥

✹ जो भासुरं भुअंगं पयंडदाढाविसं विघट्टेइ ।
तत्तो चिय तस्संतो, रोसभुअंगोवमाणमिणं ॥३११॥

---

(૩૦૯) મૂર્ચ્છા, ધનની અતિઘણી લોભિતા અને સદા 'લોભ ભાવના'=ચિત્તને લોભથી રંગી નાખવું, (અર્થાત્ ચિત્તમાં જે કોઈ વિચારણા ચાલે તે લોભના પાયા પર જ ચાલે.) (લોભના આ અતિ સંગ્રહશીલતાદિ સ્વરૂપો) જરા-મરણે કરી મહા-ભયંકર અપાર સંસાર સમુદ્રમાં ડૂબાડે છે.

(૩૧૦) (અકષાયી એ સાચો આત્મજ્ઞ :) એ ઉપર્યુક્ત ક્રોધાદિમાં જે રહેતો (ફસાતો) નથી તેણે આત્માને યથાર્થ (અર્થાત્ જ્ઞાન-દર્શન-સુખ-વીર્યાત્મક સ્વરૂપે તથા કર્મથી જુદા તરીકે) ઓળખ્યો છે; અને તે મનુષ્યોને માનનીય અને દેવોનો પણ (પૂજ્ય હોઈ) દેવ જેવો બને છે.

(૩૧૧) (ક્રોધ એ પ્રચંડ સર્પ-) જે રૌદ્ર અને દાઢમાં પ્રચંડ ઝેરવાળા સર્પને છેડે (સતાવે) છે, તેનો તે સર્પથી જ 'અંત'=નાશ (મરણ) થાય છે. એ ઉપમા ક્રોધ સર્પની છે.(અર્થાત્ ક્રોધ જગાવનારો આત્મા નાશ પામે છે, સંયમાદિ ભાવ પ્રાણથી અને સદ્ગતિથી રહિત થાય છે.)

✹ जो आगलेइ मत्तं, कयंतकालोवम वणगइंदं ।
सो तेणं चिय छुज्जइ, माणगइंदेण इत्थुवमा ॥३१२॥

विसवल्लिमहागहणं, जो पविसइ साणुवायफरिसविसं ।
सो अचिरेण विणस्सइ, माया विसवल्लिगहणसमा ॥३१३॥

घोरे भयागरे सागरम्मि, तिमिमगरगाहपउरम्मि ।
जो पविसइ सो पविसइ, लोभमहासागरे भीमे ॥३१४॥

---

(૩૧૨) (માન એ જંગલી હાથી,-) જે જમરાજ જેવા મદોન્મત્ત જંગલી હાથીનો સામો થવા જાય છે, તે તેનાથી જ ચૂરાઈ જાય છે. એ ઉપમાં માન કષાય રૂપ હાથીને લઈને છે. (અર્થાત્ માનને પણ કરનારો આત્મા નાશ પામે છે.)

(૩૧૩) (માયા એ) વિષવેલડી-વન છે; એ વિષવેલડીઓના મહાભયંકર જંગલમાં (સામા પવને) ઝેરી પવન એને સ્પર્શે તે રીતે જે પેસે છે, તે (એ ઝેરી પવનના સ્પર્શ અને ગંધથી) તત્કાળ નાશ પામે છે. તેમ માયા એ વિષવેલડીઓના જંગલ જેવી છે. (કેમકે માયા આત્માની મારક અને ભવોની માતા, ને મરણોની સર્જક છે.)

(૩૧૪) (લોભ ભયંકર મહાસાગર,-) જે લોભરૂપી ભયંકર મહાસમુદ્રમાં પ્રવેશ કરે છે, તે 'તિમિ'=મોટા મચ્છો, મગરો, અને 'ગાહ'=ઝૂંડ (વગેરે જળચર જીવો)થી ભરપૂર ભયંકર મોટા સમુદ્રમાં પ્રવેશ કરે છે, (અર્થાત્ લોભને વશ થવું તે અનંત દુઃખરૂપી જળચરથી વ્યાપ્ત ભયંકર સંસાર-સાગરમાં ડૂબવા બરાબર છે.)

गुणदोस बहुविसेसं, पयं पयं जाणिऊण नीसेसं ।
दोसेसु जणो न विरज्जइ त्ति कम्माण अहिगारो ॥३१५॥

✹ अट्टट्टहासकेलिकिलत्तणं हासखिड्डुजमगरूई ।
कंदप्पं उवहसणं, परस्स न करंति अणगारा ॥३१६॥

✹ साहूणं अप्परूई, ससरीरपलोअणा तवे अरई ।
सुत्थिअवन्नो अइपहरिसो य नत्थी सुसाहूणं ॥३१७॥

---

(૩૧૫) જિનાગમના પદે પદે (જ્ઞાનાદિ) ગુણોનું તથા (ક્રોધાદિ) દોષોનું (મોક્ષફળ અને સંસારફળ જેવું) બહું મોટું અંતર સંપૂર્ણ જાણવા છતાં પણ, લોક 'દોષો'=પાપક્રિયાઓથી વિરક્ત થતો નથી, (વિરામ પામતો નથી અટકતો નથી) એ કર્મોનો જીવ પર અધિકાર (મોહનીય કર્મની શિરજોરી) સૂચવે છે.

(અહીં સુધી ચાર કષાય વર્ણવ્યા... હવે હાસ્યાદિ દ્વાર વર્ણવે છે.)

(૩૧૬) ('હાસ્ય'દ્વાર કહે છે.-) ખુલ્લા મુખે ખડખડાટ હસવાપણું, રમતથી બીજાને ભોંઠા પાડવાપણું 'હાસખિડ્ડ' = ભાંડ-ભવૈયા જેવા ચાળા કરવા; વિષય-રાગ વધે તેવા 'જમગરૂઈ' યમકાદિ કાવ્યો (ગીતો-ઉખાણા-અંત્યાક્ષરી)માં આનંદ 'કંદર્પ'=સામાન્ય હાસ્ય, મજાક કામવશ મજાક અને 'ઉવહસણ'=બીજાઓની હાંશી-મશ્કરી કરવી, ઇત્યાદિ હાસ્ય સાધુઓ કરતાં નથી.

(૩૧૭) (હવે રતિ દ્વાર,-) સાધુને શરીર-પ્રિયતા ન હોય (જેવી કે 'મને ઠંડી ન લાગો', 'મને તાપ ન લાગો'.. ઇત્યાદિ) તથા પોતાના શરીરને ('આ સશક્ત છે ને ? આ સુંદર દેખાય

उव्वेयओ अ अरणामओ अ, अरमंतिया य अरई य ।
कलिमलओ अ अणेगग्गयाय कत्तो ? सुविहियाणं ॥३१८॥

✱ सोगं संतावं अधिइं च, मन्नुं च वेमणस्सं च ।
कारूण्ण-रून्नभावं, न साहुधम्मम्मि इच्छंति ॥३१९॥

---

છે ને ? એવી રાઢાની દ્રષ્ટિથી') જોવાનું ન હોય, એથી તપમાં અરતિ (નારાજી) ન રાખે, ' હું સારા વર્ણવાળો (રૂપાળો) છું.' એવી આત્મશ્લાઘા ન કરે, અને (મોટા લાભાદિમાં પણ) અતિ હર્ષ સારા સાધુને ન હોય, (અહીં બે વાર 'સાધુ' શબ્દ સૂચવે છે કે સાધુ એવા ભિન્ન ભિન્ન પ્રકારની રતિ વિનાના હોય.)

(૩૧૮) (હવે **અરતિ** દ્વાર) 'ઉદ્વેગક' (ધર્મ-ધૈર્યમાં કાંઈક ચંચળતા) 'અરણ-આમય' વિષયોમાં ગમનનો ચિત્તરોગ' 'અરમંતિયા'=ધર્મ-ધ્યાનથી ચિત્તની વિમુખતા 'અરતિ' - ચિત્તમાં ગાઢ ઉદ્વેગ (ઇષ્ટ વિષયોની અપ્રાપ્તિથી વિષય લંપટતાને લીધે 'કલિમલઓ' = મનનો કચવાટ, અનેકાગ્રતા = આ પહેરીશ... આ ખાઈશ... આ જોઈશ' વગેરે ચિત્તનું ડમડોલપણું એવી અરતિ સુવિહિત અર્થાત્ ધર્મધ્યાન- શુક્લધ્યાનના તત્ત્વથી ભાવિત મુનિઓને ક્યાંથી થાય ? (અર્થાત્ ન જ થાય)

(૩૧૯) (હવે **શોક** દ્વાર,) શોક=સ્વજનાદિના મરણ વગેરેમાં ચિત્તખેદ, 'સંતાપ'=અધિક શોક 'અધૃતિ'= કોઈક અનિષ્ટ ક્ષેત્રાદિ વસ્તુના વિયોગની ચિંતા) 'મન્યુ' = અતિશોકથી જાત ઉપર ગુસ્સો, 'વૈમનસ્ય' = આપઘાતાદિની ભાવના, 'કારુણ્ય' = અલ્પ રૂદન, 'રુન્નભાવ' = મોટા અવાજે રડવું વગેરે સાધુધર્મમાં થાય એવું (શ્રીતીર્થંકર ભગવાન આદિ) ઇચ્છતા નથી.

भयसंखोहविसाओ, मग्गविभेओ विभीसियाओ य ।
परमग्गदंसणाणि य, दड्ढधम्माणं कओ हुंति ॥३२०॥

कुच्छा चिलीणमलसंकडेसु, उव्वेयओ अणिट्ठेसु ।
चक्खुनियत्तणमसुभेसु, नत्थि दव्वेसु दंताणं ॥३२१॥

एयं पि नाम नाऊण, मुज्झियव्वं ति नूण जीवस्स ।
फेडेऊण न तीरइ, अइबलिओ कम्मसंघाओ ॥३२२॥

---

(૩૨૦) (હવે 'ભય' દ્વાર) 'ભય'=નિઃસત્વપણાથી આકસ્મિક (અકારણિક) ડર, 'સંક્ષોભ'=ચોર વગેરથી કંપ, 'વિષાદ' = દીનતા 'માર્ગ - વિભેદ', માર્ગે જતાં સિંહાદિના ભયથી આઘાપાછા થવું. 'બિભીષિકા' = વેતાલાદિથી થરથરવું, (આ બે ભય જિનકલ્પીની અપેક્ષાએ સમજવા) 'પરમગ્ગ દંસણાણિ = (ભયથી) બીજાઓને માર્ગદર્શનો આપવા યાને વર્તન કહેવા. (એ ભયો) ધર્મમાં નિશ્ચલ ચિત્તવાળા મુનિને ક્યાંથી હોય ?

(૩૨૧) (હવે જુગુપ્સા દ્વાર) અશુચિ વગેરે મળ ભરેલા (સડેલા દુર્ગંધી મડદા વગેર પદાર્થો) ની 'કુત્સા' નિંદા 'અનિષ્ટ'=મલિન શરીર વસ્ત્રાદિ તરફ ઉદ્વેગ (ખિન્નતા), અને 'અશુભ' કીડા વગેરેથી સડતાં જીવતાં કૂતરાં વગેરે દ્રવ્યો દેખીને ઘૃણાથી આંખ ફેરવી નાખવી વગેરે જુગુપ્સા, દાન્ત = ઇન્દ્રિય દમનવાળા સાધુઓને હોય નહી.

(૩૨૨) એ ઉપર જણાવ્યું તે (કષાય નોકષાયને દબાવનારા પ્રગટ શ્રી જિનવચનને) જાણવા છતાં જે મૂઢ બનાય છે, (મૂઢ બની કષાયાદિ) દૂર નથી કરી શકાતા, તેમાં ખરેખર

❋ जह जह बुहस्सुओ सम्मओ अ, सीसगणसंपरिवुडो अ ।
अविणिच्छिओ अ समए, तह तह सिद्धंतपडिणीओ ॥३२३॥

❋ पवराइं वत्थपाया-सणोवगरणाइँ एस विभवो मे ।
अवि य महाजणनेया, अहंतिअह इड्ढिगारविओ ॥३२४॥

---

જીવનો અતિ બળવાન કર્મ સમૂહ (કામ કરી રહ્યો) છે. (એ તત્ત્વજ્ઞ જીવને પણ બળાત્કારે અકાર્યમાં પ્રવર્તાવે એમાં અમે શું કરી શકીએ ? અમે તો માત્ર દૃષ્ટા બની રહીએ.)

(૩૨૩) (જુગપ્સા દ્વાર પત્યું, પ્રતિદ્વારો પત્યા, તેથી 'કષાયદ્વાર' પત્યા **હવે ગારવ દ્વાર :)**

શાસ્ત્રોના શ્રવણ માત્રથી જેમ જેમ બહુ-શ્રુત ગણાતા હોય, વળી તેવા લોકોમાં માન્ય હોય, (તેમ બહુ મૂઢ) શિષ્ય પરિવારવાળો હોય, (કેમકે મૂઢજીવો જ તેવાને ગુરુ કરે,) તેમ જ આગમ સંબંધમાં પરમાર્થથી તત્વોનો અજાણ હોય, (એટલે જ ત્રણ ગારવમાં મગ્ન હોય), તેમ તેમ એ આગમ-પ્રવચનનો શત્રુ યાને નાશક બને છે. (કેમકે પ્રવચનને લઘુતા પમાડનારો હોય છે. પરમાર્થથી તત્વજ્ઞ પુરુષ ગારવમાં પડે નહિ.)

(૩૨૪) (હવે **'ૠદ્ધિગારવ'** દ્વાર:) સાધુ સારાં સારાં વસ્ત્ર-પાત્ર-આસન તથા ઉપકરણો વગેરેને લઈને 'આ મારે સમૃદ્ધિ વધી' એમ માને, વળી 'અગ્રણી લોકો પર હું પ્રભુત્વ ધરાવું છું,' એમ માને તો એ ૠદ્ધિ ગારવવાળો છે. (ગારવમાં પ્રાપ્ત ૠદ્ધિ પર ઔત્સુક્ય અહોભાવ અને અપ્રાપ્તિની આસક્તિ-પ્રાર્થના-માગણી હોય છે. તેમાં ચિકણા કર્મથી આત્મા ભારે થાય છે. માટે એને ગૌરવ-ગારવ કહે છે.)

✸ अरसं विरसं लूहं, जहोववन्नं च निच्छए भुत्तुं ।
निद्धाणि पेसलाणि य, मग्गइ रसगारवे गिद्धो ॥३२५॥

✸ सुस्सूसई सरीरं, सयणासणवाहणापसंगपरो ।
सायागारवगुरूओ, दुक्खस्स न देइ अप्पाणं ॥३२६॥

तवकुलछायाभंसो, पंडिच्चप्फंसणा अणिट्ठपहो ।
वसणाणि रणमुहाणि य, इंदियवसगा अणुहवंति ॥३२७॥

---

(૩૨૫) ('રસગારવ' દ્વાર, -) રસગારવવાળો સાધુ રસમાં ગૃદ્ધ હોવાથી 'અરસ'=હિંગ આદિની સંસ્કાર-વધારે દીધા વિનાનાં, વિરસ=રસ-કસ વિનાના બહુ જૂના પૌં આદિ 'લૂખાં'=મિઠાસ વિનાના વાલ ચોળાદિ, 'યથોપપન્ન'=કોઈ માયા કે લબ્ધિ વાપર્યા વિના સહેજે પ્રાપ્ત, તે આહારાદિ વાપરવા ઈચ્છતો નથી, કિન્તુ 'સ્નિગ્ધ'=વિગઈ-તરબોળ 'પેશલ'= મનોરમ, સ્વાદિષ્ટ ભોજન શોધે છે.)

(૩૨૬) ('શાતા ગારવ' દ્વાર :) શાતા ગારવથી ભારે થયેલ સાધુ શરીરની ક્ષણેક્ષણે 'ધોવું', સાફ રાખવું,.... વગેરે, સેવા-શોભા કરે છે, પથારી ઓસિકાદિનાં નિષ્કારણ 'વાહણા'=પરિભોગમાં ગાઢ આસક્ત રહ્યા કરે છે, એમ પોતાની જાતને કષ્ટ આપતો નથી. (ગારવ દ્વાર પત્યું.)

(૩૨૭) ('હવે 'ઈન્દ્રિય' દ્વાર :'), ઈન્દ્રિયોને વશ પડેલા (જીવ) અનશનાદિ તપથી ભ્રષ્ટ થાય છે, તપ ગુમાવે છે; કુળના ગૌરવને હણે છે, અને લોકોમાં ફેલાએલી કીર્તિનો નાશ કરે છે; પંડિતાઈને (જ્ઞાનને) કલંકિત કરે છે, 'અનિષ્ટપથ'=સંસારના માર્ગે ગમન કરે છે, અનેક પ્રકારના સંકટો વેઠે છે, અને (વિનાશના નિમિત્તભૂત) કલહનાં દ્વાર ઉઘાડે છે.

✸ सद्देसु न रंजिज्ज्रा, रूवं दट्ठुं पुणो न इक्खिज्ज्रा ।
गंधे रसे अ फासे, अमुच्छिओ उज्ज्रमिज्ज्र मुणी ॥३२८॥

निहयामिहयाणि य इंदिआणि, घाएहऽणं पयत्तेणं ।
अहियत्थे निहयाइं, हियकज्जे पूयणिज्ज्राइं ॥३२९॥

(૩૨૮) (માટે વાજિંત્રાદિના) શબ્દોમાં મુનિએ રાગ કરવો નહિ, મનોહર રૂપ પર અચાનક દ્રષ્ટિ પડી ગઈ તો તેને રાગની દ્રષ્ટિથી ફરીથી જોવું નહિ. (વાસ્તવમાં પહેલેથી જ જેમ સૂર્ય તરફથી દ્રષ્ટિ ખેંચી લેવાય તેમ રૂપ તરફથી દ્રષ્ટિ ખેંચી લેવાય); અને (સુંદર) ગંધ, રસ તથા સ્પર્શમાં 'અમુચ્છિઓ'=ગૃદ્ધ બન્યા વિના, (પોતાની સાધુચર્યામાં) ઉદ્યમ કરવો.

(૩૨૯) ઈંદ્રિયો 'નિહત-અનિહત' બંને છે, 'નિહત'= હણાયેલી. ('ઈષ્ટાનિષ્ટ વિષયમાં ગયેલી ઈંદ્રિય', જો એમાં રાગદ્વેષ ન કરાય તો પોતાનું કાર્ય ન થતાં 'નિહત' થઈ. 'અનિહત'=સક્ષમ (એથી ઊલટું જો રાગદ્વેષ થાય અને સ્વવિષયની જાણીને ગ્રાહક બને તો અનિહત થઈ. હે મુનિઓ !) તમે 'ઘાએહ પયત્તેણં'=છાર-રજ્જુ જેવી બનાવી દીધેલ ઈન્દ્રિયોને (સ્વવિષયના રાગદ્વેષ અટકાવવાના) પ્રયત્નપૂર્વક નિહત કરો, એમ 'અણં'=ઋણ અર્થાત્ કર્મ. (કર્મ પણ ઋણની જેમ ભવકેદમાં જકડી રાખે છે. તેથી કર્મ એ ઋણ) 'નિહતાનિહત' છે; (કર્મ બહુ હણ્યા, નિહત કર્યા, હવે થોડા અનિહત છે,) એનો પણ (કષાય મંદતાદિના) પ્રયત્નપૂર્વક ઘાત કરે, અહિતાર્થમાં જતી ઈંદ્રિયોને નિહત=સ્વકાર્ય-અકારી અને હિતકાર્ય જિનાગમ શ્રવણ જિનબિંબ-દર્શનાદિમાં ઈંદ્રિયોને (અનિહત=સ્વકાર્યકરણ-સજ્જ બનાવી) 'પૂજનીય' કરો. (કેમકે એમ કરવામાં પૂજનીય બનાય છે.)

✱ जाइकुलरूवबलसुअ-तवलाभिस्सरियअट्ठमयमत्तो ।
एयाइं चिय बंधइ, असुहाइँ बहुं च संसारे ॥३३०॥

जाईए उत्तमाए, कुले पहाणम्मि रूवमिस्सरियं ।
बलविज्जा य तवेण य, लाभमएणं च जो खिंसे ॥३३१॥

संसारमणवयग्गं, नियट्ठाणाइं पावमाणो य ।
भमइ अणंतं कालं, तम्हा उ मए विवज्जिज्जा ॥३३२॥

सुट्ठुं पि जई जयंतो, जाइमयाईसु मज्जई जो उ ।
सो मे अज्जरिसी जहा, हरिएसबलु व्व परिहाइ ॥३३३॥

(૩૩૦) હવે ('મદ' દ્વાર) જાતિ-કુળ-રૂપ-બળ-શ્રુત-તપ-લાભ અને ઐશ્વર્ય; એ આઠનાં મદથી ઉન્મત્ત (ગર્વિષ્ઠ) બનનારો સંસારમાં (ભાવીકાળે) ને તે જાતિ વગેરે જ બહુ અનંતગુણા ખરાબ મળે તેવા અશુભ ક્લિષ્ટ કર્મ બાંધે છે. (અર્થાત્ તે- તેના મદથી જીવ (તે-તે ખરાબ ભાવોને પામે છે)

(૩૩૧) પોતાની ઉત્તમ જાતિથી, પ્રધાન કુળથી, સુંદર રૂપથી, ઐશ્વર્યથી, બળથી, વિદ્યાથી, ઉત્કટ તપથી અને લાભના મદથી જે (મંદ-બુદ્ધિ) બીજાઓને હલકા પાડે છે. (કે 'હું' ઉચ્ચ જાતિનો છું, આ હલકી જાતિનો છે.' વગેરે)

(૩૩૨) તે મનુષ્ય આ અપાર સંસારમાં તે તે નિંદ્ય જાત્યાદિ સ્થાનો અવશ્ય પામતો પામતો અનંત કાળ ભટકે છે. માટે (જાત્યાદિ) મદોનો ત્યાગ કરવો.

(૩૩૩) જે સાધુ (સુંદર તપ-સ્વાધ્યાદિ અનુષ્ઠાનોમાં) લાગ્યો રહેવા છતાં જાતિમદ વગેરેથી ઉન્મત રહે છે તે મેતાર્યમુનિ અને હરિકેશબળની જેમ હલકાં જાતિકુળ આદિની હીનતાને પામે છે.

इत्थिपसुसंकिलिट्ठं, वसहिं इत्थिकहं च वज्जंतो ।
इत्थिजणसंनिसिज्जं, निरूवणं अंगुवंगाणं ॥३३४॥

पुव्वरयाणुस्सरणं, इत्थिजणविरहरूवविलवं च ।
अइबहुअं अइबहुसो, विवज्जयंतो अ आहारं ॥३३५॥

वज्जंतो अ विभूसं, जइज्ज इह बंभचेरगुत्तीसु ।
साहू तिगुत्तिगुत्तो, निहुओ दंतो पसंतो अ ॥३३६॥

---

(૩૩૪) (હવે **'બ્રહ્મચર્ય ગુપ્તિ'** દ્વાર) (૧) સ્ત્રી, (દેવી માનુષી સ્ત્રી) તથા પશુ સ્ત્રીના સંક્લેશવાળા યાને ખરાબ સંસર્ગવાળા મુકામનો તથા (૨) સ્ત્રીના વેશ-રૂપ વગેરેની વાતોનો, એકલી સ્ત્રીની સાથે ધર્મની પણ વાતનો, ત્યાગ કરતો, (૩) સ્ત્રી બેઠી હોય તે બેઠકનો, અને (૪) સ્ત્રીનાં અંગોપાંગને જોવાનો મુનિએ ત્યાગ કરવો જોઈએ. (ઉપલક્ષણથી સાધ્વીએ પુરુષ અંગે સમજવું.)

(૩૩૫) વળી (સાધુ કે સાધ્વીએ) (૫) પૂર્વ (ગૃહસ્થાવસ્થામાં કરેલ વિલાસો)નાં સ્મરણ-ચિંતનનો, (૬) પતિ-વિયોગની સ્ત્રીના વિરહ-રુદન-વિલાપ તથા ભીતનાં આંતરે સંસક્ત રતિ-ક્રીડાના કૂણા ધ્વનિને, સાંભળવાનો (૭) (રુક્ષ વગેરે પણ) અતિ પ્રમાણ આહારનો અને (૮) (પ્રણીત વિગઈ-તરબોળ તથા સુસ્વાદુની રસસભરતાને લઈને) બહુવાર આહારનો, એ સર્વનો ત્યાગ કરવો.

(૩૩૬) (હવે નવમી બ્રહ્મચર્ય ગુપ્તિ; 'વિભૂષા-ત્યાગ') 'વિભુષા'=શરીર-સંસ્કારરૂપ શોભાનો બહુશઃ ત્યાગ કરતો મુનિ આ જિનપ્રવચનમાં બ્રહ્મચર્યની રક્ષાની નવ ગુપ્તિના

गुज्झोरुवयणकक्खोरूअंतरे तह थणंतरे दट्ठुं ।
साहरइ तओ दिट्ठिं, न बंधइ दिट्ठिए दिट्ठिं ॥३३७॥

✹ सज्झाएण पसत्थं झाणं, जाणइ य सव्वपरमत्थं ।
सज्झाए वट्टंतो, खणे खणे जाइ वेरग्गं ॥३३८॥

उड्ढमहतिरियलोए, जोइसवेमाणिया य सिद्धि य ।
सव्वो लोगालोगो, सज्झायविउस्स पच्चक्खो ॥३३९॥

---

પાલનમાં યત્ન રાખે છે. કેમકે એ 'ત્રિગુપ્તિગુપ્ત'=મન-વચન - કાય-નિરોધથી સુરક્ષિત, તથા 'નિભૃત' = શાંતતાથી જાણે પ્રવૃત્તિ-રહિત ને 'દાન્ત' = જિતેન્દ્રિય, અને 'પ્રશાન્ત' = કષાયના નિગ્રહવાળો હોય છે.

(૩૩૭) તથા સ્ત્રીનું ગુહ્યાંગ, સાથળ, મુખ, બગલ અને છાતીના ભાગો તથા સ્તનોના ભાગો અજાણતાં દ્રષ્ટિએ પડી જાય તો જેમ સૂર્યની સામેથી દ્રષ્ટિ તરત ખેંચી લે તેમ તુર્ત દ્રષ્ટિને ખેંચી લેવી, (કેમકે એ દર્શન મહાઅનર્થકારી છે.) અને સ્ત્રીની દ્રષ્ટિ સાથે દ્રષ્ટિ કદી પણ જોડવી નહી. (બ્રહ્મચર્ય દ્વાર થયું.)

(૩૩૮) (હવે **'સ્વાધ્યાય'** દ્વાર 'સ્વાધ્યાયનાં મહાલાભ,-) (વાચના-પૃચ્છનાદિ) સ્વાધ્યાયને કરતાં (૧) પ્રશસ્ત ધર્મ-શુક્લધ્યાન લાગે છે. (૨) (સ્વાધ્યાયવાળો) સમસ્ત જગતનાં પરમાર્થને=તત્વને જાણે છે, (૩) અને સ્વાધ્યાયમાં રહેતાં ક્ષણે ક્ષણે વૈરાગ્યને પામે છે, (યાને રાગ મરતો આવે છે; કેમકે સ્વાધ્યાય એ રાગાદિ વિષ ઉતારનાર પરમમંત્ર રૂપ છે.)

(૩૩૯) (સર્વ પરમાર્થને કેવી રીતે જાણે ? તો કે) સ્વાધ્યાયવેત્તાને ઉર્ધ્વલોકમાં વૈમાનિક દેવલોકો અને

✱ जो निच्चकाल तवसंजमुज्जओ णवि करइ सज्झायं ।
अलसं सुहसीलजणं, न वि तं ठावेइ साहुपए ॥३४०॥

विणओ सासणे मूलं, विणीओ संजओ भवे ।
विणयाओ विप्पमुक्कस्स, कओ धम्मो ? कओ तवो ? ॥३४१॥

---

સિદ્ધિસ્થાન, અધોલોકમાં નરકો, (ભવનપતિઓ), તિર્છાલોકમાં જ્યોતિષ્કદેવલોક (વ્યંતર અને અસંખ્યાત દ્વીપ સમુદ્રો, અરે !) સર્વ લોક અલોક પ્રત્યક્ષ થાય છે. (સ્વાધ્યાયમાં ઉપયોગવાળો સમસ્ત પદાર્થને જાણે સાક્ષાત્ જુએ છે.) .

(૩૪૦) (સ્વાધ્યાય ન કરવાનાં અનર્થ :) જે સાધુ નિત્ય કાળે તપ અને સંયમમાં ઉદ્યમી (અર્થાત્ સદા અપ્રમાદી) પણ છતાં સ્વાધ્યાય નથી કરતો તે (કર્તવ્યો બજાવવામાં) આળસું, (ને તેથી જ) સુખશીલિઆ (શાતાલંપટ) લોકને (=પોતાના શિષ્યવર્ગાદિને) સાધુપદે સ્થાપી શકતો નથી, (સાધુતા પમાડી શકતો નથી, કારણ કે સ્વાધ્યાય વિના સાધુતાનું જ્ઞાન થતું નથી. સ્વયં કંઈક અપ્રમાદી પણ જ્ઞાન વિના બીજાનું રક્ષણ નહિ કરી શકે.)

(૩૪૧) (હવે 'વિનય' દ્વાર :) (દ્વાદશાંગીરૂપ) જૈન શાસનમાં (ધર્મનું) મૂળ વિનય છે. (વિનયથી જ સંયમ યોગ્ય નિરહંકાર અને કષાય-નિગ્રહ આવે છે); માટે વિનીત આત્મા જ સંયમી બને છે.

વિનય રહિત દુર્વિનીત જીવમાં (મૂળ ન હોવાથી) તપ ક્યાંથી હોય ? અને ધર્મ ક્યાંથી હોય ? (ન જ હોય.)

विणओ आवहइ सिरिं, लहइ विणीओ जसं च कित्तिं च।
न कयाइ दुव्विणीओ, सकज्जसिद्धिं समाणेइ ॥३४२॥

✻ जह जह खमइ सरीरं, धुवजोगा जह जह न हायंति ।
कम्मक्खओ अ विउलो, विवित्तया इंदियदमो अ ॥३४३॥

✻ जइ ता असक्कणिज्जं, न तरसि काऊण तो इमं कीस ।
अप्पायत्तं न कुणसि, संजमजयणं जइजोगं ? ॥३४४॥

---

(૩૪૨) વિનય (૮ પ્રકારના કર્મનું વિનયન-અપનયન કરાવતો હોવાથી) સર્વ સંપત્તિને પ્રાપ્ત કરાવે છે; અને વિનીત આત્મા (માનસુભટના પરાભવનું પરાક્રમ કરવા દ્વારા) યશ, અને (પુણ્યનું ભાજન બનવા દ્વારા) કીર્તિને પામે છે. દુર્વિનીત કદાપિ સ્વકાર્યોની સિદ્ધિ કરી શકતો નથી.

(૩૪૩) (હવે '**તપ**' દ્વાર) (કેટલાકો કહે છે તેમ દુઃખ વેઠે તો જ તપ એવું નથી; નહિતર મહાદુઃખ વેઠનાર નારકો મહાતપસ્વી ગણાશે ! ને શમનિમગ્નમહાયોગીઓ તપસ્વી નહિ ગણાય ! કિન્તુ) જેટલો જેટલો તપ શરીર સહન કરે અને (જે તપથી) સંયમના પ્રતિલેખના વૈયાવચ્ચ-સ્વાધ્યાયાદિ નિત્ય યોગોમાં હાનિ ન આવે (તેટલો તેટલો તપ કરવો.) એ કરવાથી (૧) વિપુલ કર્મક્ષય થાય છે, (૨) 'વિવિત્તયા' = શરીરથી આત્મા ભિન્ન હોવાની ભાવના થાય છે; (૩) અને ઇન્દ્રિયો પર નિગ્રહ (અંકુશ) થાય છે.

(૩૪૪) (હવે '**શક્તિ**' દ્વાર) (પોતાનામાં શક્તિ ન હોવાનું માની પ્રમાદ સેવનારને શિખામણઃ) જો તું (ભિક્ષુ પડિમાદિ અતિ દુષ્કર આરાધના તારા માટે તેવા દૃઢ સંઘયણના અભાવે)

जायम्मि देहसंदेहयम्मि, जयणाइ किंचि सेविज्ञा ।
अह पुण सज्ञो अ निरूज्ञमो य तो संजमो कत्तो ? ॥३४५॥

✱ मा कुणउ जइ तिगिच्छं, अहियासेऊण जइ तरइ सम्मं ।
अहियासिंतस्स पुणो, जइ से जोगा न हायंति ॥३४६॥

---

અશક્ય હોઈ કરી શકતો નથી તો (હે સાધુ ! ઉપર જણાવી તે) સાધુને શક્ય (વિધેય-આદર, નિષેધ-ત્યાગ સ્વરૂપ સમિતિ પાલન વગેરે) સ્વાધીન સંયમની યતનાને (આરાધનાને) કેમ નથી કરતો ?

(૩૪૫) (શાસ્ત્ર ઉત્સર્ગ અપવાદ ઉભયરૂપ હોઈ અપવાદપદે પ્રમાદ કરનારને શો દોષ ? તેનો ઉત્તર) પ્રાણાંત સંકટ આવી પડ્યે જયણાથી (પંચકપરિહાનિ દ્વારા અધિક દોષ-ત્યાગ સાથે કાંઈક અનેષણીયાદિ અલ્પ દોષ સેવનરૂપી (વિવેકથી) અપવાદનો આશ્રય કરે; (પરંતુ એ સિવાય નહિ, એમ આગમાભિપ્રાય છે) પણ સમર્થ કે નિરોગી (છતી શક્તિએ પણ) શૈથિલ્ય સેવે તો તેને સંયમ ક્યાંથી રહે ? (અર્થાત્ જિનાજ્ઞાને પરાઙ્મુખ થવાથી સંયમ ન જ રહે, સારાંશ વિહિત અનુષ્ઠાનોમાં ઉદ્યમ જોઈએ. કેમકે કારણે પણ દોષિત ન સેવે એ દૃઢ ધર્મિતા છે, શાસ્ત્રમાન્ય છે)

(અહીં સુધી ૨૯૫ મી ગાથામાં કહેલા સમિતિ વગેરે દ્વારોનું વર્ણન કર્યું. હવે જો સમર્થને શૈથિલ્યથી સંયમનો અભાવ થાય પણ માંદાને નહિ, તો શું ઉપચાર પણ ન કરાવવા ? તે માટે કહે છે કે)

(૩૪૬) (રોગસહન એ પરિસહજય છે, સંવરસાધના છે, તથા રોગો કર્મક્ષય કરવામાં સહાયક છે, માટે) રોગની અતિ પીડાને પણ જો સહન કરી શકે, (દુર્ધ્યાન ન થવા દે), તો તેણે

निच्चं पवयणसोहा-कराण चरणुज्जयाण साहूणं ।
संविग्गविहारीणं, सव्वपयत्तेण कायव्वं ॥३४७॥

हीणस्स वि सुद्धपरूवगस्स, नाणाहियस्स कायव्वं ।
जणचित्तग्गहणत्थं, करिंति लिंगावसेसेऽवि ॥३४८॥

दगपाणं पुप्फफलं, अणेसणिज्जं गिहत्थकिच्चाइं ।
अजया पडिसेवंति, जइवेसविडंबगा नवरं ॥३४९॥

---

રોગ પ્રતીકાર-ઉપચાર કરવો નહિ. પરંતુ જો અતિ સહન કરતાં (સંઘયણ બળ ન પહોંચવાથી) સંયમના યોગો (પડિલેહણાદિ કાર્યો) સીદાય, તો તેણે ઔષધ કરવું અનુચિત નથી.

(૩૪૭) (શેષ સાધુઓનું કર્તવ્ય એ છે કે) હંમેશાં જૈન શાસનની પ્રભાવના કરનારા, 'ચરણોદ્યત' અપ્રમાદી અને 'સંવિગ્ન'=મોક્ષની જ એક ઇચ્છાથી વિહરનારા સાધુઓનું સર્વ પ્રયત્નો કરીને (વૈયાવચ્ચાદિક) કરવું જોઈએ.

(૩૪૮) અપ્રમત (આત્માર્થી) મુનિએ લોકરંજન કરવા માટે ચારિત્રમાં શિથિલ છતાં વિશેષ જ્ઞાની અને આગમના શુદ્ધ પ્રરૂપકનું પણ ઉચિત કાર્ય કરવું. (કારણકે 'સાધુઓ, નિર્દય છે, પરસ્પર ઈર્ષ્યાળું છે' એવો લોકોમાં શાસનનો ઉડ્ડાહ ન થાય.)

(૩૪૯) (તે માત્ર વેશધારી પાર્શ્વસ્થાદિ કેવા હોય ? તો કે) સચિત્ત પાણી, પુષ્પો, ફળો તથા આધાકર્મિકાદિ દોષિત સેવનારા અને ગૃહસ્થકાર્યો (ગૃહ કરણાદિ) 'અજયા'=યતના વિનાના (પાપ મોકળાં એ રીતે) સેવનારા હોય છે. એ મુનિગુણરહિત માત્ર વેશ વિડંબક છે.

✺ ओसन्नया अबोही, पवयणउब्भावणा य बोहिफलं ।
ओसन्नो वि वरं पि हु, पवयणउब्भावणापरमो ॥३५०॥

✺ गुणहीणो गुणरयणायरेसु, जो कुणइ तुल्लमप्पाणं ।
सुतवस्सिणो य हीलइ, सम्मत्तं कोमलं तस्स ॥३५१॥

✺ ओसन्नस्स गिहिस्स व, जिणपवयणतिव्वभावियमइस्स ।
कीरइ जं अणवज्जं, दढसम्मत्तस्सऽवत्थासु ॥३५२॥

---

(૩૫૦) (સર્વ ઓસન્નનો) 'શિથિલાચારી' તરીકે (આ ભવમાં જ લોકોમાં પરાભવ થાય છે, અને આજ્ઞા વિરાધંક હોઈ પરલોકમાં) 'અબોધિ'=જૈનધર્મ પ્રાપ્તિ વિનાના બને છે. (કારણકે) શાસનની પ્રભાવના જ બોધિરૂપ કાર્ય પેદા કરે છે. (સંવિગ્ન વિહારીના અનુષ્ઠાન દેખી લોક શાસન-પ્રશંસા કરે છે.) પોતે શિથીલ છતાં (વાદ લબ્ધિ વ્યાખ્યાનાદિ) તથા સુસાધુના ગુણપ્રકાશનાદિથી મુખ્યપણે શાસનની પ્રભાવના કરે છે. તે દેશ-ઓસન્નો છતાં શ્રેષ્ઠ છે.

(૩૫૧) જે (ચારિત્રાદિ) ગુણહીન ('અમે પણ સાધુ છીએ' એમ કરી) પોતાને ગુણસાગર સાધુઓની તુલ્ય માનેમનાવે છે, તે ઉત્તમ તપસ્વીઓને ('આ તો માયાવી ને લોકને ઠગનારા છે' એમ કરી) હલકા પાડે છે. (તે મિથ્યાદ્રષ્ટિ જ છે, કેમકે) તેનું સમ્યક્ત્વ નિઃસાર છે. (સમ્યક્ત્વ ગુણવાન પ્રત્યે પ્રમોદથી સાધ્ય છે.)

(૩૫૨) (પ્રવચન-ભક્તિને વરેલા સુસાધુ) પાસત્થાદિ શિથિલાચારી કે જિનાગમથી ગાઢ રંગાયેલા ચિત્તવાળા દૃઢ સમ્યક્ત્વધારી સુશ્રાવકનું નિરવદ્ય (નિષ્પાપ) ઉચિત કરે, પરંતુ તે (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-આપત્તિ વગેરે) અવસ્થામાં (કારણે) જ કરે, (સર્વદાં નહિ, કેમકે)

पासत्थोसन्नकुसील, - नीयसंसत्तजणमहाच्छंदं ।
नाऊण तं सुविहिया, सव्वपयत्तेण वज्जंति ॥३५३॥

✱ बायालमेसणाओ, न रक्खइ धाइसिज्जपिंडं च ।
आहारेइ अभिक्खं, विगईओ सन्निहिं खाई ॥३५४॥

✱ सूरप्पमाणभोजी, आहारेइ अभिक्खमाहारं ।
न य मंडलीए भुंजइ, न य भिक्खं हिंडई अलसो ॥३५५॥

---

(૩૫૩) 'પાસત્થો'=જ્ઞાનાદિની માત્ર પાસે રહે એટલું જ પણ 'આરાધે' નહિ, 'ઓસન્નો'=આવશ્યાકાદિમાં શિથિલાચારી, 'કુશીલ'=ખરાબ શીલવાળો, 'નીય'=નિત્ય એક જ સ્થાને વસનારો, 'સંસત્ત'=પરગુણ-દોષમાં તેવો તેવો ખેંચાનાર, 'અહા છંદો'=આગમ નિરપેક્ષ સ્વાભિપ્રાયથી ચાલનાર, (આ પૂર્વોક્તોથી વધુ ભારે દોષવાળો હોઈ અલગ બતાવ્યો) આ છને ઓળખીને સુવિહિત સાધુઓએ એમના સંગનો સર્વપ્રયત્ને ત્યાગ કરવો. (કેમકે અસત્‌નો સંગ અનર્થહેતુ છે.)

(૩૫૪) (પાસાત્થાદિપણું કેવી શિથિલતાઓમાં આવે ? તો કે) 'એસણા'=ગોચરી ગવેષણાના ૪૨ દોષ ટાળવારૂપ એષણા સમિતિ ન પાળે, બાળ ખેલાવનાર ધાવમાતા જેવું વર્તી આહાર મેળવવારૂપ ધાત્રીપિંડ તથા શય્યાંતર પિંડ ન છોડે, (સતત (દૂધ આદિ) વિગઈઓ વાપરે; 'સંનિહિ'=(ગોળ વગેરે ક્ષેત્રાતીત કાલાતીતનો) સંગ્રહ રાખી વાપરે.

(૩૫૫) જ્યાં સુધી સૂર્ય (અસ્ત ન પામ્યો હોય) ત્યાં સુધી આહાર-પાણી વાપરે, વારંવાર આહાર વાપર્યા કરે, માંડલીમાં સાધુઓ સાથે ન વાપરે, આળસુ થઈ ભિક્ષાર્થે ન ફરે.

✵ कीवो न कुणइ लोअं, लज्जइ पडिमाइ जल्लमवणेइ ।
सोवाहणा अ हिंडइ, बंधइ कडिपट्टयमकज्जे ॥३५६॥

✵ गामं देसं च कुलं, ममायए पीठफलगपडिबद्धो ।
घरसरणेसु पसज्जइ, विहरइ य सकिंचणो रिक्को ॥३५७॥

✵ नहदंतकेसरोमे, जमेइ उच्छोलधोअणो अजओ ।
वहिइ य पलियंकं, अइरेगपमाणमत्थुरइ ॥३५८॥

---

(૩૫૬) સત્ત્વહીન બન્યો રહી કેશલૂંચન ન કરે, 'પડિમાં'= કાયોત્સર્ગે રહેતાં શરમાય, શરીરનો મેલ ઉતારે, પગરખાં પહેરીને ચાલે, વિના કારણે 'કડિપટ્ટય'=ચોલપટ્ટકને (કંદોરાથી) બાંધે. (શ્રી આર્યરક્ષિતસૂરિજી મ. પૂર્વે ઓળપટ્ટા ઉપર કંદોરો બાંધવાનો આચાર ન હતો તેથી આ દોષ.) તથા-

(૩૫૭) અમુક ગામ-(નગર) -દેશ -કુલ-(ઉગ્રકુલાદિ) ઉપર ('આ મારા' એવી) મમતા રાખે, (ઋતુબદ્ધ શેષ કાળમાં પણ) પાટ-પાટલા પર 'પડિબદ્ધ'=સેવનમાં આસક્ત થાય, 'ઘરશરણ'=ઘર સમારકામમાં અથવા સ્મરણમાં મગ્ન બને, અને ધન રાખીને ફરે છતાં હું નિર્ગ્રંથ (અપરિગ્રહી) છું એમ બોલે. વળી-

(૩૫૮) નખ-દાંત-કેશ-રોમની (નખ કાપ્યા પછી સુઘડ કરે, દાંત ઘસે, વાળ ઓળે વગેરે) શોભા કરે, ઘણાં પાણીથી હાથ-પગ અને મુખ ધોયા કરે, (એટલે જ ગૃહસ્થની જેમ) યતના રહિત બને, પલંગ વાપરે, તથા (સંથારા ઉત્તરપટ્ટાથી) અધિક પ્રમાણમાં પાથરે, તથા-

* सोवइ य सव्वराइं, नीसट्ठमचेयणो न वा झरइ ।
न पमज्जंतो पविसइ, निसिहीयावस्सियं न करे ॥३५९॥

* पाय पहे न पमज्जइ, जुगमायाए न सोहए इरियं ।
पुढवीदगअगणिमारुअ-वणास्सइतसेसु
निरविक्खो ॥३६०॥

* सव्वं थोवं उवहिं न पेहए, न य करेइ सज्झायं ।
सद्दकरो, झंझकरो, लहुओ गणभेयतत्तिल्लो ॥३६१॥

---

(૩૫૯) (જડ કાષ્ટની જેમ) નિશ્ચેષ્ટ બની આખી રાત સૂતો રહી-ઊંઘે (રાત્રે) સ્વાધ્યાય ન કરે (અંધારે) રજોહરણથી (દંડાસણથી) પ્રમાર્જન કર્યા વિના મકાનમાં પેસે (કરે,) અને પેસતાં નિસિહી નીકળતા આવસ્સહી ન કહે. વળી-

(૩૬૦) માર્ગમાં (વિજાતીય પૃથ્વી પર પ્રવેશતાં) પૂર્વ રજવાળા પગને ન પ્રમાર્જે, માર્ગે જતાં 'યુગ'=ધુંસરી પ્રમાણ દ્રષ્ટિથી ઈર્યાસમિતિ ન શોધે, પૃથ્વી- પાણી- અગ્નિ- વાયુ - વનસ્પતિ અને ત્રસ, એ છ કાય જીવોની નિઃશક પણે વિરાધના કરે. વળી-

(૩૬૧) (મુહપત્તિ આદિ) થોડી પણ ઉપધિનું પડિલેણહણ ન કરે. (દિવસે પણ) સ્વાધ્યાય ન કરે, (રાત્રે લોક સૂતું હોય ત્યારે) મોટા શબ્દથી બોલે, કલહ (કજિયો) કરે, (રાડો પાડવાનો પ્રેમી હોય), તુચ્છ પ્રકૃતિવાળો 'ગણભેદ'=ગચ્છમાં પરસ્પર ચિત્તભેદ કરવામાં તત્પર રહે. વળી-

✸ खित्ताईयं भुंजई, कालाईयं तहेव अविदिन्नं ।
गिण्हइ अणुइयसूरे, असणाई अहव उवगरणं ॥३६२॥

✸ ठवणकुले न ठवेई, पासत्थेहिं च संगयं कुणई ।
निच्चमवज्झाणरओ, न य पेहपमज्जणासीलो ॥३६३॥

✸ रीयइ य दवदवाए, मूढो परिभवइ तहय रायणिए ।
परपरिवायं गिण्हई, निट्ठुरभासी विगहसीलो ॥३६४॥

---

(૩૬૨) 'ક્ષેત્રાતીત'=બે ગાઉ ઉપર વહોરેલા આહાર, પાણી વાપરે, 'કાલાતીત' ત્રણ પ્રહર ઉપરનું વહોરેલું વાપરે (માલિકે યા ગુરુએ) નહિ આપેલા વાપરે. સૂર્ય ઉગ્યા પહેલાં અશનાદિ અથવા ઉપકરણો વહોરે (જિનાજ્ઞા સંમત નથી.)

(૩૬૩) (ખાસ પ્રયોજને આહારાદિ મેળવવા ગુરુએ સ્થાપી રાખેલા અને રોજના માટે ત્યાગ કરેલા શ્રીમંતના કે ભક્તના ઘર એ) સ્થાપી ન રાખે (પણ એમાં નિષ્કારણ ગોચરીએ જાય.) પાસત્થાઓની સાથે સંગતિ (મૈત્રી) કરે, નિત્ય 'અપધ્યાન'=દુષ્ટ સંકિલષ્ટ ચિત્તવાળો બન્યો રહી (પ્રમાદથી વસતિ-ઉપધિ આદિમાં) પ્રેક્ષણ-પ્રમાર્જનાશીલ ન રહે. વળી-

(૩૬૪) માર્ગમાં 'દવદવાએ'=દ્રુતં =જલ્દી ચાલે, વળી એ મૂઢ-મૂર્ખ 'રત્નાધિક'=વિશિષ્ટ જ્ઞાનાદિયુક્તનો તિરસ્કાર કરે છે. બીજાની નિંદા કરે, કડવાં-કઠોર વચન બોલે તથા (સ્ત્રીકથાદિ) વિકથાઓમાં લાગ્યો રહે છે.

✱ विज्जं मंतं जोगं, तेगिच्छ कुणई भूईकम्मं च ।
अक्खर-निमित्तजीवी, आरंभपरिग्गहे रमइ ॥३६५॥

✱ कज्जेण विणा उग्गह-मणुजाणावेई, दिवसओ सुयइ ।
अज्जियलाभं भुंजइ, इत्थिनिसिज्जासु अभिरमइ ॥३६६॥

✱ उच्चारे पासवणे, खेले सिंघाणे अणाउत्तो ।
संथारगउवहीणं, पडिक्कमइ वा सपाउरणो ॥३६७॥

---

(૩૬૫) (ગૃહસ્થો માટે,-) (દેવી-અધિષ્ઠિત) વિદ્યા (દેવાધિષ્ઠિત) મંત્ર, (વિશિષ્ટ દ્રવ્ય-સંમિશ્રણરૂપ) યોગના પ્રયોગ કે દવા ઉપચાર કરે અને 'ભૂતિ કર્મ'=મંત્રેલી રાખ, એનો પ્રયોગ કરે (એ ગોચરી નિમિત્તે અથવા સામાનું મોં રાખવા કે સન્માન-સત્કાર મેળવવા કરે.) 'અક્ષર-નિમિત્ત'= પાઠશાળા - જોષીપણું એનાથી આજીવિકા ચલાવે, આરંભ = પૃથ્વીકાયાદિ જીવ - નાશે, 'પરિગ્રહ' = અધિક ઉપકરણ-ગ્રહણે રમતો રહે.

(૩૬૬) વિના પ્રયોજને ઇન્દ્ર-રાજા વગેરેના અવગ્રહની અનુજ્ઞા માગે (દા.ત. થોડી જગાની જરૂર હોય અને ઘણી જગ્યાઓના અવગ્રહ માગી રાખે.) દિવસે શયન કરે, સાધ્વીએ મેળવેલા આહારાદિ વાપરે, અને સ્ત્રીના ઉઠયા પછી તેની બેઠકનો ઉપભોગ કરે.

(૩૬૭) સ્થંડિલ-માત્રુ-બળખો-શ્લેષ્મ (વગેરે)ને પરઠવવામાં ઉપયોગ ન રાખે,, (અજયણા કરે,) સંથારામાં રહીને કે ઉપધિ ઉપર રહીને અથવા વસ્ત્ર ઓઢીને પ્રતિક્રમણ કરે. તથા

✸ न करेइ पहे जयणं, तलियाणं तह करेइ परिभोगं ।
चरइ अणुबद्धवासे, सपक्खपरपक्खओमाणे ॥३६८॥

✸ संजोअइ अइबहुअं, इंगाल सधूमगं अणट्ठाए ।
भुंजइ रूवबलट्ठा, न धरेइ अ पायपुंछणयं ॥३६९॥

✸ अट्ठम छट्ठ चउत्थं, संवच्छर चाउमास पक्खेसु ।
न करेइ सायबहुलो, न य विहरइ मासकप्पेणं ॥३७०॥

---

(૩૬૮) માર્ગમાં ચાલતાં સચિત પાણી (વગેરે)ની જયણા (જોવું, સંઘટ્ટાથી બચવું વગેરે) ન કરે તથા (પગરખા વિના ચાલવા સશક્ત છતાં) પગરખાંનો ઉપયોગ કરે, વર્ષાકાળમાં ફરે, અને જ્યાં ઘણાં સ્વપક્ષી અને બૌદ્ધાદિ પર પક્ષી સાધુઓ હોય તેવા ક્ષેત્રમાં સુખશીલતાના કારણે એ રીતે વિચરે કે જેથી અપમાન-લઘુતા થાય.

(૩૬૯) (ભોજન માંડલીનાં પાંચ દોષો સેવે) ૧. (દૂધમાં સાકર વગેરે સંયોગ) સંયોજના કરે, ૨. અતિ પ્રમાણ આહાર લે, ૩. અંગારદોષ (રાગ),ને ૪. ધૂમ્રદોષ (દ્વેષ)થી વાપરે, તથા ૫. 'અણટ્ઠાએ'=ક્ષુધાની વેદના વગેરે છ કારણો વિના વાપરે, શરીરનું સૌંદર્ય-પુષ્ટિ વધારવા વાપરે અને રજોહરણ ન રાખે. તથા-

(૩૭૦) સુખશીલતાથી દરેક વાર્ષિક, ચોમાસી અને પાક્ષિક તપનો અઠ્ઠમ છઠ્ઠ અને ઉપવાસ ન કરે અને (તે કાલે વિહિત છતાં) માસકલ્પ (આદિ નવ કલ્પ) વિહારથી ન વિચરે.

✸ नीयं गिण्हइ पिंडं, एगागी अच्छए गिहत्थकहो ।
पावसुआणि अहिज्जइ, अहिगारो लोगगहणंमि ॥३७१॥

✸ परिभवइ उग्गकारी, सुद्धं मग्गं निगूहए बालो ।
विहरइ सायागुरुओ, संजमविगलेसु खित्तेसु ॥३७२॥

✸ उग्गाइ गाइ हसई असंवुडो, सइ करेइ कंदप्पं ।
गिहिकज्जचिंतगोऽविय, ओसन्ने देह गिण्हइ वा ॥३७३॥

---

(૩૭૧) 'નીયં' હંમેશા એક ઘરનો આહાર વાપરે, એકાકી રહે, ગૃહસ્થોની વાતો કર્યા કરે, ખગોળ-જ્યોતિષ-ગ્રહચાર વગેરેના પાપશાસ્ત્રો ભણે, અને લોકરંજન-આકર્ષણ કરવામાં 'અધિકાર'=સંતોષ (કિંતુ સ્વઅનુષ્ઠાનોમાં નહિ.) વળી-

(૩૭૨) ઉગ્ર વિહારી (અપ્રમાદી) સાધુઓનો પરાભવ (અવગણના-નિંદા) કરે, બાલ-મંદબુદ્ધિવાળો તે (જ્ઞાનદર્શન - ચારિત્રરૂપ શુદ્ધ માર્ગને ગોપવે, શાતાગારવીયો બનીને (ઉત્તમ સાધુઓથી અભાવિત) સંયમ - પ્રતિકૂળ ક્ષેત્રોમાં સુખ-શીલતા પોષાય એ ઉદેશથી વિચરે.

(૩૭૩) મોટા અવાજથી સંગીત કરે, સામાન્ય સંગીત કરે, ખુલ્લા મુખે (ખડખડાટ) હસે, (હાસ્યોદ્દીપક વચનો બોલીને) સદા કંદર્પ (હાસ્ય-મજાક) કરે, ગૃહસ્થનાં કાર્યોની ચિંતા કરે, અને ઓસન્નને (શિથિલાચારીઓને) વસ્ત્રાદિ આપે અથવા તેમના પાસેથી લે.

✱ धम्मकहाओ अहिज्जइ, घराघरं भमइ परिकहंतो अ ।
गणणाइ पमाणेण य, अइरित्तं वहइ उवगरणं ॥३७४॥

✱ बारस बारस तिण्णि य, काइय-उच्चार-कालभूमीओ ।
अंतोबहिं च अहियासि, अणहियासे न पडिलेहे ॥३७५॥

✱ गीअत्थं संविग्गं, आयरिअं मुअइ वलइ गच्छस्स ।
गुरुणो य अणापुच्छा, जं किंचि वि देइ गिण्हइ वा ॥३७६॥

---

(૩૭૪) (આજીવિકા અર્થે) ધર્મકથાઓને (શાસ્ત્રોને) ભણે, ઘેર ઘેર ધર્મકથા (ઉપદેશ) કરતો ફરે, અને ગણત્રી (સંખ્યા)થી તથા માપથી વધારે (ઘણાં તથા મોટાં) ઉપકરણો રાખે. વળી-

(૩૭૫) મકાનથી (જઘન્ય એક હાથ નજીકની, એની ઉપરાંત મધ્યની) તથા બહારની (સો હાથ દૂર સુધીની) સહ્ય સામાન્ય હાજત તથા અસહ્ય હાજતે રાત્રે માત્રુ તથા સ્થંડિલ માટેની બાર બાર ભૂમિઓનું (માંડલાનું) તથા કાળગ્રહણની ત્રણ ભૂમિઓનું પડિલહણ ન કરે. તથા-

(૩૭૬) 'ગીતાર્થ'=આગમના જ્ઞાતા,ને 'સંવિગ્ન'= મોક્ષાભિલાષી ઉદ્યત વિહારી એવા 'આચાર્ય'= પોતાના ગુરુને (વિના કારણે) તજે; (અગીતાર્થ-અસંવિજ્ઞને આગમોક્ત ક્રમથી ત્યજે એમાં દોષ નહિ). (ક્યારેક પ્રેરણા આપનાર) 'ગચ્છસ્સ'=ગુરુને 'વલઈ'=ઉત્તર દેવા સામો થાય, ગુરુને પૂછ્યા વિના (કોઈને) કોઈક (વસ્ત્રાદિ) આપે અથવા (કોઈક પાસેથી) લે.

✱ गुरुपरिभोगं भुंजइ, सिज्ञा-संथार-उवगरणजाये ।
किं ति तुमं ति भासई, अविणीओ गव्विओ लुद्धो ॥३७७॥

✱ गुरुपच्चक्खाणगिलाण-सेहबालाउलस्स गच्छस्स ।
न करेइ नेव पुच्छइ, निद्धम्मो लिंगमुवजीवी ॥३७८॥

✱ पहगमण-वसहि-आहार-सुयण-थंडिल्लविहिपरिट्ठवणं ।
नायरइ नेव जाणइ, अज्ञावट्टावणं चेव ॥३७९॥

---

(૩૭૭) ગુરુ વાપરતાં હોય તે 'શય્યા' = શયનભૂમિ વાપરે, 'સંથાર' = પાટ આદિ વાપરે, તથા (વર્ષાકલ્પ = ખાસ કામળ આદિ) ઉપકરણ સમૂહને પોતે વાપરે. (ગુરુસંબંધી બધું ભોગ્ય નહિ,. પણ વંદનીય છે.) (ગુરુ બોલાવે ત્યારે) શું છે ? એમ કહે (મત્થએણ વંદામિ કહેવું જોઈએ) વળી ગુરુ સાથે વાત કરતાં, 'તમે તમે' કહે ! ('આપ' એવું માનભર્યું વચન કહેવાય, તો વિનીત ગણાય પરંતુ આ) અવિનીત ગર્વિષ્ઠ અને 'લુદ્ધો'=વિષયાદિમાં ગૃદ્ધ છે.

(૩૭૮) (કર્તવ્ય ચૂકે;) ગુરુ, અનશની, બિમાર, 'સેહ'=શૈક્ષક (નૂતન દીક્ષિત)ને બાળ મુનિથી ભરેલા ગચ્છમાં (દરેક)નું (કરવા યોગ્ય સેવાકાર્ય)એ ન કરતો હોય, (અરે !) પૂછતો ય ન હોય (કે 'મહાનુભાવ ! મારે યોગ્ય સેવા ?') 'નિદ્ધમ્મો'=આચારો ન પાળે, માત્ર વેષ પર ચરી ખાનારો હોય.

(૩૭૯) માર્ગે ગમન, મુકામ, આહાર, શયન, સ્થંડિલ ભૂમિ અંગેની વિધિ(અધિક અશુદ્ધ આહારાદિ) પરિષ્ટાપનની વિધિ જાણવા છતાં નિર્ધર્મી હોઈ) ન આચરે, અથવા જાણતો જ ન હોય, તેમજ સાધ્વીઓને (સંયમની રક્ષાર્થે વિધિપૂર્વક) પ્રવર્તાવવાનું (કરે નહિ, યા જાણે પણ નહિ.)

✸ सच्छंदगमण-उट्ठाण-सोअणो अप्पणेण चरणेण ।
'समणगुणमुक्कजोगी, बहुजीवखयंकरो भमइ ॥३८०॥

✸ बत्थि व्व वायपुण्णो, परिभमइ जिणमय अयाणंतो ।
थद्धो निव्विन्नाणां, न य पिच्छइ किंचि अप्पसमं ॥३८१॥

✸ सच्छंदगमणउट्ठाण-सोअणो भुंजई गिहीणं च ।
पासत्थाइट्ठाणा, हवंति एमाइया एए ॥३८२॥

(૩૮૦) (ગુર્વાજ્ઞા વિના) સ્વેચ્છાથી ગમન, (આસનેથી) ઊઠવાનું; ને શયન કરે. (સ્વેચ્છાચારી છે માટે જ) સ્વબુદ્ધિએ કલ્પિત આચરણથી વિચરે. શ્રમણપણાના (જ્ઞાનાદિ) ગુણોમાં પ્રવૃત્તિ વિનાનો હોય, (માટે જ) બહુ જીવોનો નાશ કરતો વિચર્યા કરે.

(૩૮૧) (મદરોગના ઓષધસમા) સર્વજ્ઞ-વચનને ન જાણતો વાયુ ભરેલી મશકની જેમ ગર્વ ભર્યો વિચર્યા કરે. 'થદ્ધો'=(શરીરે પણ ગર્વના ચિહ્નવાળો) અક્કડ થઈને જ્ઞાનહીન છતાં કોઈને પોતાના જેવો મહાન ન જુએ. (સૌને ન્યૂન દેખે: જ્ઞાનીને ગર્વ ન હોય. ગર્વ અજ્ઞાનીને.)

(૩૮૨) સ્વચ્છંદ ગમન-ઉત્થાન-શયનવાળો (આ ફરીથી કહીને સૂચવ્યું કે સર્વે ગુણો ગુણી પ્રત્યેની પરતંત્રતાથી સાધ્ય છે. એ પરતંત્રતા વિનાનો શું કરે છે? તો કે) ગૃહસ્થોની વચ્ચે બેસીને આહારપાણી વાપરે. (અથવા અહીં મોહ પરતંત્રનાં દુષ્ટ આચરણ કેટલાં કહેવાય ?) પાસત્થો કુશીલ વગેરેનાં આવાં આવાં દોષ-સ્થાન હોય છે. (આ પરથી વિષય-વિભાગ ન જાણનાર એમ ન સમજે કે 'તો તો ઉદ્યત વિહારી પણ બિમારી આદિમાં દોષિત-સેવનાદિ કરે છે તો તે ય પાસત્થાદિ છે,' એ માટે કહે છે,-)

जो हुज्ज उ असमत्थो, रोगेण वपिल्लिओ फुरियदेहो ।
सव्वमवि जहाभणियं, तयाइ न तरिज्ज काउं जे ॥३८३॥

सोऽविय नियपरक्कम-ववसायधिईबलं अगूहंतो ।
मुत्तुण कूडचरिअं, जई जयंतो अवस्स जई ॥३८४॥

अलसो सढोऽवलित्तो, आलंबणतप्परो अइपमाई ।
एवं ठिओऽवि मन्नई, अप्पाणं सुट्ठिओम्हि त्ति ॥३८५॥

---

(૩૮૩) જે 'અસમત્થો'=નબળા સંઘયણને લીધે યથોક્ત બજાવવા અશક્ત હોય, યા (ક્ષય આદિ) રોગથી પીડિત હોય, યા જરાજર્જરિત દેહવાળો હોય, એ શાસ્ત્રે કહ્યા મુજબનું બધું જ કદાચિત્ ન કરી શકે, (ગાથામાં છેલ્લું 'જે' પદ વાક્યાલંકારમાં છે.)

(૩૮૪) તે પણ (એવો બીજો કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળથી આપત્તિગ્રસ્ત હોય તે ય) પોતાના 'પરાક્રમ'=સંઘયણનાં વીર્યથી શક્ય 'વ્યવસાય'=બાહ્ય પ્રવૃત્તિ, તથા ધૈર્ય (મનોવીર્ય)નાં બળ (યાને સ્વકાર્ય પ્રવૃત્તિ-સામર્થ્ય)ને છુપાવે નહિ, ને એમાં માયા-રમતનો ત્યાગ કરી પ્રામાણિક પ્રયત્ન કરે તે નિયમા (ભગવદ્ આજ્ઞા બજાવવાથી) સુસાધુ જ છે.

(૩૮૫) (માયા ચરિત્તવાળો કેવો હોય ? તો કે) આળસુ હોય, 'શઠ'=ઠગાઈ કરનારો હોય, 'અવલિપ્ત'=ગર્વિષ્ઠ હોય, 'આલંબન'=ગમે તે બહાનું કાઢી સર્વ કાર્યોમાં અધમસ્વાર્થ પૂર્વક પ્રવર્તે, ગાઢ નિદ્રાદિ અતિપ્રમાદ સેવે; આવી દુર્દશાવાળો છતાં પોતાની જાતને 'હું સુસ્થિત (ગુણિયલ સાધુ) છું.' એમ માને છે. (બીજાને પણ માયાથી પોતાની ગુણિયલતા જણાવે છે.)

जोऽवि य पाडेऊणं, मायामोसेहिं खाइ मुद्धजणं ।
तिग्गाममज्झवासी, सो सोयइ कवडखवगु व्व ॥३८६॥

एगागी पासत्थो, सच्छंदो ठाणवासी ओसन्नो ।
दुग्गमाइसंजोगा, जह बहुआ तह गुरु हुंति ॥३८७॥

(૩૮૬) (તેમ માયાવીને નુકસાનમાં,-) (લોકરંજન કરનારો) જે કોઈ પણ મુગ્ધજનને (ભદ્રક જીવોને) માયા પૂર્વકના મૃષા વચનોથી આત્મવશમાં પાડીને 'ખાઈ'=ઠગે છે, તે ત્રણ ગામ મધ્યે રહેવાવાળા બ્રાહ્મણ કપટી માસ ખમણી સંન્યાસીની જેમ (અંતે) શોક કરતો બેસે છે.

(૩૮૭) એકાકી (સાધર્મિક રહિત) પાસત્થો, સ્વચ્છંદ (ગુર્વાજ્ઞારહિત) સદા સ્થિરવાસી, અવસન્ન (આવશ્યકાદિમાં શિથિલ), આ પાંચ પદ છે. એના (એકેક પદનાં પાંચ ભાંગા થાય, અને) દ્વિક આદિ સંજોગો (થઈ ૧૦ ભાંગા થાય) એમાં જેમ જેમ બહુ પદ મળે તેમ તેમ વધુ ભારે દુષ્ટ ભાંગો ગણાય. (તાત્પર્ય, કોઈ ફક્ત એકાકીપણાનો જ દોષ વહેતો હોય યા ફક્ત પાસત્થાપણાનો જ દોષ વહેતો હોય, તો એવાં પાંચ ભાંગા થાય, બબ્બેના સંયોગવાળા ૧૦ ભાંગા થાય, દા.ત. કોઈ એકાકી અને પાસત્થો હોય, યા એકાકી અને સ્વચ્છંદ હોય... ૩-૩ના સંયોગવાળા ૧૦ ભાગા. દા.ત. કોઈ એકાકી પાસત્થો અને સ્વચ્છંદ હોય એમ ૪-૪ સંયોગવાળા ૫ ભાગા અને પાંચનાં સંયોગવાળા ૧ ભાંગો. આ સાધુ સૌથી વધુ દુષ્ટ બને.)

गच्छगओ अणुओगी, गुरुसेवी अनियओ गुणाउत्तो ।
संजोएण पयाणं, संजमआराहगा भणिया ॥३८८॥

निम्ममा निरहंकारा, उवउत्ता नाणदंसणचरित्ते ।
एगखित्तेऽवि ठिआ, खवंति पोराणयं कम्मं ॥३८९॥

जियकोहमाणमाया, जियलोहपरीसहा य जे धीरा ।
वुड्ढावासेऽवि ठिया, खवंति चिरसंचियं कम्मं ॥३९०॥

---

(૩૮૮) (પાસત્થાદિથી ક્રમશઃ વિપરીત સુસાધુ) (૧) ગચ્છવાસી હોય, (૨) જ્ઞાનાદિ સાથે સંબંધવાળો, (૩) ગુરુપરતન્ત્ર, (૪) 'અનિયત'=માસ કલ્પાદિ મર્યાદાયુક્ત વિચરવાવાળો, (૫) 'ગુણેસુ'=રોજની ક્રિયામાં 'આયુક્ત'= અપ્રમાદી હોય. આ પદોના સંયોગથી (પૂર્વની જેમ ૫-૧૦-૧૦-૫-૧ ભાંગાએ) સંયમ આરાધકો (તીર્થંકર ગણધર ભગવંતોએ) કહેલા છે. આમાં પણ જેમ જેમ પદવૃદ્ધિ થાય તેમ તેમ ગુણવૃદ્ધિ સમજવી.)

(૩૮૯) (આર્ય સમુદ્ર વગેરે મહામુનિઓએ સ્થિરવાસ કર્યો પરંતુ જિનાજ્ઞાપાલક હોવાથી આરાધક હતા કેમકે) જે મમત્વબુદ્ધિ રહિત હોય, અહંકાર વિનાના હોય, જ્ઞાન - દર્શન - ચારિત્રમાં દત્તચિત્ત હોય, પછી તે એકજ ક્ષેત્રમાં ક્ષીણ જંઘા-બળ આદિ પુષ્ટ આલંબને સ્થિરવાસ કરતા હોય તો પણ તે પૂર્વના (ચિર સંચિત) કર્મોને ખપાવે છે.

(૩૯૦) જેઓએ ક્રોધ-માન-માયા(નો નિગ્રહ કરી એને) જીતી લીધા છે, જેમણે લોભ અને પરીસહો જીતી લીધા છે, જે 'ધીર' =સત્ત્વવાન (મુનિ, પૂર્વે કહ્યા તે રીતે) વૃદ્ધાવસ્થામાં સ્થિર વાસે રહેલા છતાં ચિરસંચિત કર્મ (સમૂહ)નો નાશ કરે છે.

पंचसमिया तिगुत्ता, उज्जुत्ता संजमे तवे चरणे ।
वाससयं पि वसंता, मुणिणो आराहगा भणिया ।।३९१।।

तम्हा सव्वाणुन्ना, सव्वनिसेहो य पवयणे नत्थि ।
आयं वयं तुलिज्जा, लाहाकंखि व्व वाणियओ ।।३९२।।

(૩૯૧) પાંચ સમિતિથી સમિત (સમ્યક્ પ્રવૃત્તિવાળા), અને ત્રણ ગુપ્તિ (મન-વચન-કાયાએ સત્પ્રવૃત્તિ-અસત્ નિવૃત્તિ)થી ગુપ્ત (સુરક્ષિત), તથા (૧૭ પ્રકારે) સંયમ, (૧૨ પ્રકારે) તપ અને (૧૦ પ્રકારના યતિધર્મ સહિત સાધ્વાચાર રૂપ) ચરણમાં ઉદ્યુક્ત મુનિઓને (કદાચ) એકસો વરસ સુધી પણ એક જ ક્ષેત્રે રહેવું પડે, તો ય એમને (તીર્થંકર-ગણધર ભગવંતોએ) આરાધક કહ્યા છે.

(૩૯૨) એટલા જ માટે સર્વજ્ઞના આગમમાં (બધા જ કર્તવ્યો અંગે આ કરવું જ એવી સર્વથા અનુજ્ઞા નથી) તેમજ (બધા જ અ-કર્તવ્ય અંગે 'આમ ન જ કરવું' એવો) સર્વથા નિષેધ નથી. (કારણ આગમમાં સર્વ કર્તવ્યો-અકર્તવ્યોનું દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની અપેક્ષાએ વિધાન-નિષેધ છે. તેથી ક્યારેક તેવા વિચિત્ર દ્રવ્ય-ક્ષેત્રાદિની અપેક્ષાએ વિધેયના ત્યાગનો કે નિષિદ્ધના આદરનો અવસર આવે. એટલા માટે) 'આયં વયં' તુલિજ્જા=જ્ઞાનાદિના લાભ અને હાનિની તુલના કરવી; જેમકે લાભની આકાંક્ષાવાળો વણિક (વેપારાદિમાં નફા-નુકશાનનો હિસાબ માંડી) બહુ લાભવાળી પ્રવૃત્તિ કરે છે. મુનિએ અહીં પ્રવૃત્તિ નિવૃત્તિમાં ધ્યાન આ રાખવાનું કે રાગ-દ્વેષના ત્યાગ પૂર્વક સ્વાત્માને સમ્યગ્ સંતોષવો. પરંતુ માયાથી દુષ્ટ આલંબન ન લેવું. કેમકે

धम्मंमि नत्थि माया, न य कवडं आणुवत्तिभणियं वा ।
फुडपागडमकुडिल्लं, धम्मवयणमुज्जुयं जाण ॥३९३॥

नवि धम्मस्स भडक्का, उक्कोडावंचणा व कवडं वा ।
निच्छम्मो किर धम्मो, सदेवमणुआसुरे लोए ॥३९४॥

---

(૩૯૩) (હે જીવ !) તું સમજ કે ધર્મ (તો સદ્ભાવ-સરળ ભાવથી સાધ્ય છે તેથી એ)માં માયાનો અત્યંત ત્યાગ હોય, 'કપટ'=બીજાને ઠગવાની પ્રવૃત્તિ ન હોય, અથવા 'આણુવત્તિ ભણિયં'=બોલવાનું (સદોષ) બીજાને આવર્જવા માટે ન હોય, કિંતુ 'સ્ફુટ'=સ્પષ્ટ અક્ષરવાળા, 'પ્રકટ'=શરમાવું ન પડે એવાં, 'અકુટિલ'=માયારહિત ધર્મવચન એ 'ઋજુ'=મોક્ષ પ્રત્યે અનુકૂળ છે.

(૩૯૪) 'ભડક્કા'(મોટું આસન વગેરે) ભપકો આડંબર એ ધર્મનું (સાધન) નથી, (એમ) 'ઉક્કોડા'=('તમે મને આ આપો તો હું આ ધર્મ કરું' એવા રૂપનો) બદલો, યા 'વંચના'=(સામો કંઈક આપે માટે તત્વજ્ઞાનાદિ આપવાની) માયાભરી ચતુરાઈ અથવા 'કપટ'=માયાચાર (પરને ઠગવાની પ્રવૃત્તિ), એ ધર્મનું સાધન નથી. (પૂર્વ ગાથા પર આ પુનરુક્તિ કરી તે માયા સાથે ધર્મને અત્યંત વિરોધ બતાવવા. આ અત્યંત વિરોધ હોવાથી જ કહે છે.) 'નિશ્છદ્મ'=માયા (બહાના) રહિત હોય તે જ 'કિર ધર્મ'=આપ્તોક્ત ધર્મ તરીકે દેવ- મનુષ્ય-અસુર (ભવનપતિ) સહિત લોકમાં પ્રવર્તે છે.

✵ भिक्खू गीयमगीए, अभिसेए तहय चेव रायणिए ।
एवं तु पुरिसवत्थुं, दव्वाइ चउव्विहं सेसं ॥३९५॥

✵ चरणइयारो दुविहो, मूलगुणे चेव उत्तरगुणे य ।
मूलगुणे छट्ठाणा, पढमो पुण नवविहो तत्थ ॥३९६॥

(૩૯૫) (૩૯૨મી ગાથામાં આય-વ્યય તોલીને વર્તવાનું કહ્યું, તો એ શાને આશ્રીને તોલવાના? તો કે) સાધુ ગીતાર્થ (આગમજ્ઞાતા), અગીતાર્થ, 'અભિષેક'=ઉપાધ્યાય, 'તથા ચ'=આચાર્ય, 'ચેવ'=સ્થવિર-ગણાવચ્છેદક, પ્રવર્તક 'રાયણિએ'= રત્નાધિક (ચારિત્ર પર્યાયે અધિક) એ પ્રમાણે પુરુષ વસ્તુ આશ્રીને આય-વ્યયની તુલના કરવાની. બાકી દ્રવ્યાદિ (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ) ચાર પ્રકારને આશ્રીને તોલવાનું. (અલબત્ દ્રવ્યાદિ ચાર પૈકી દ્રવ્યમાં 'પુરુષ' સમાઈ જાય, કિન્તુ અહીં અલગ લીધા તે એની પ્રધાનતા બતાવવા. હવે આ રીતે ન તોલે તો અતિચાર લાગે.)

(૩૯૬) (અતિચાર સામાન્યથી રત્નત્રયી અંગે લાગે. વિશેષથી), ચારિત્રમાં અતિચાર (અતિક્રમણ) બે પ્રકારે, ૧. મૂળગુણમાં, તથા ૨. ઉત્તરગુણમાં (એમાં) મૂળગુણમાં છ 'સ્થાન' (પ્રાણાતિપાત-વિરમણથી રાત્રિભોજન-વિરમણ સુધી) અતિચારના વિષય હોય છે.

એમાં ય પહેલો મૂળગુણ પ્રાણાતિપાત-વિરમણ (પૃથ્વી આદિ ૫ સ્થાવર કાય + ૩ વિકલેન્દ્રિય + ૧ પંચેન્દ્રિય, એ નવની રક્ષા કરવાની હોવાથી) નવ પ્રકારે છે. (અતિચારનાં ૯ સ્થાન.)

✸ सेसुक्कोसो मज्झिम-जहन्नओ वा भवे चउद्धा उ ।
उत्तरगुणऽणेगविहो, दंसणनाणेसु अट्ठट्ठ ॥३९७॥

✸ जं जयइ अगीअत्थो, जं च अगीयत्थनिस्सिओ जयइ ।
वट्टावेई य गच्छं, अणंतसंसारिओ होइ ॥३९८॥

✸ कह उ ? जयंतो साहू, वट्टावेई य जो उ गच्छंतु ।
संजमजुत्तो होउं, अणंतसंसारिओ होइ ? ॥३९९॥

---

(૩૯૭) બાકીના (મૃષાવાદ-વિરમણાદિ પાંચ અતિચારનાં સ્થાન બને. તેમાં મૃષાવાદાદિ અતિચાર) ઉત્કૃષ્ટ મધ્યમ-જઘન્ય (એમ ૩ પ્રકારે) હોય, અથવા (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, એમ) ૪ પ્રકારે હોય. 'ઉત્તરગુણ'=પિંડ વિશુદ્ધિ આદિ (અંગેના અતિચાર) અનેક પ્રકારે બને. તેમજ, દર્શન-જ્ઞાનમાં (૮-૮ આચાર હોવાથી અતિચારના સ્થાન) ૮-૮ છે. (અહીં દર્શન-જ્ઞાન કરતાં ચારિત્રના અતિચાર પહેલા કહેવાનું કારણ ચારિત્ર એ મોક્ષનું અંતરંગ સ્વરૂપ છે. મોક્ષ સંપૂર્ણ સ્થિર આત્મસ્વરૂપ છે, ને ચારિત્ર અંશે સ્થિરતારૂપ છે.)

(૩૯૮) (અતિચાર અસત્પ્રવૃત્તિથી લાગે. સત્પ્રવૃત્તિ જ્ઞાન પૂર્વકના પ્રયત્નથી જ થાય, નહિતર) 'અગીતાર્થ'=શાસ્ત્રજ્ઞાન વિનાનો જે કાંઈ (તપ-ક્રિયાદિમાં) યત્ન કરે છે અને અગીતાર્થની નિશ્રામાં રહેલો (અગીતાર્થને ગુરુ કરીને) યત્ન કરે છે; તેમજ ગચ્છ ચલાવે છે. ('ચ શબ્દથી અજ્ઞ છતાં અભિમાનથી ગ્રંથોની વ્યાખ્યા કરે છે.) તે અનંત સંસારી બને છે.)

(૩૯૯) (સવાલ થાય,-તપ-ક્રિયામાં) પ્રયત્ન કરનારો સાધુ, તથા જે ગચ્છને ચલાવે તે, (અને 'તથા' ગ્રંથોની વ્યાખ્યા કરનાર) સંયમયુક્ત હોવા છતાં માત્ર અગીતાર્થ હોઈને કેમ અનંત સંસારી થાય ?

✷ दव्वं खित्तं कालं, भावं पुरिसपडिसेवणाओ उ ।
नवि जाणइ अगीअत्थो, उस्सग्गववाइयं चेव ।।४००।।

✷ जहठियदव्व न याणइ, सचित्तातित्तमीसियं चेव ।
कप्पाकप्पं च तहा, जुग्गं वा जस्स जं होई ।।४०१।।

✷ जहठियखित्त न जाणइ, अद्धाणे जणवए अ जं भणियं ।
कालं पि अ नवि जाणइ, सुभिक्ख-दुभिक्ख जं कप्पं-।४०२।।

---

(૪૦૦) (ઉત્તરમાં,-) અગીતાર્થ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પુરુષ અને 'પ્રતિસેવના'=નિષિદ્ધ આચરણને જાણતો નથી; તેમજ ઉત્સર્ગમાર્ગનું-અપવાદમાર્ગનું (અનુષ્ઠાન) 'એવ'= તદ્દ્ગત ગુણદોષને જાણતો નથી. (તેથી અજ્ઞાનતાથી વિપરીત વર્તી સાનુબંધ-કર્મબંધ કરી અનંત સંસારી થાય છે.)

(૪૦૧) (પૂર્વના દ્વાર ગાથાના પ્રત્યેક પદનો વિચાર: અગીતાર્થ સાધુ) દ્રવ્યના વિષયમાં યથાસ્થિત દ્રવ્ય નથી જાણતો કે 'આ દ્રવ્ય સચિત્ત છે ? કે અચિત્ત છે ? યાં મિશ્ર છે ?' એમ 'સાધુને કલ્પ્ય છે ? કે અકલ્પ્ય ?' અથવા સાધુને યોગ્ય છે કે અયોગ્ય ? યા જસ્સ જં કોઈ '(ગ્લાન-બાળ-તપસી આદિ)ને શું પ્રાયોગ્ય છે ? (અગીતાર્થ આ કશું ન જાણે)

(૪૦૨) (અગીતાર્થ) યથાસ્થિત ક્ષેત્રને ન સમજે (કે સંયમને આ ઉપકારક છે ? કે અપકારક ? તથા વિહારના માર્ગમાં તેમજ (તે તે) ગામ-નગરાદિ દેશમાં જિનાગમે કર્તવ્ય તરીકે જે કહ્યું છે તે નથી જાણતો (એમ, યથાસ્થિત કાળને પણ નથી ઓળખતો કે સુકાળ-દુષ્કાળને યોગ્ય (વસ્તુ કે કરણીય) શું છે ?

भावे हट्ठगिलाणं, नवि याणइ गाढऽगाढकप्पं च ।
सहु असहुपुरिसरूवं, वत्थुमवत्थुं च नवि जाणे ॥४०३॥

पडिसेवणा चउद्धा, आउट्टिपमायदप्पकप्पेसु ।
न वि जाणइ अग्गीओ, पच्छित्तं चेव जं तत्थ ॥४०४॥

(૪૦૩) (અગીતાર્થ) ભાવના વિષયમાં ન જાણે કે (સાધુ) નીરોગી છે કે રોગિષ્ઠ છે ? તેમ ગાઢ પ્રયોજનમાં શું કલ્પ્ય ? ને સામાન્ય પ્રયોજનમાં શું કલ્પ્ય છે ? ઉચિત શું છે ? એમ, 'પુરુષના' વિષયમાં એ પણ ન જાણતો હોય કે પુરુષ-સાધુ સહિષ્ણુ (ખડતલ - કઠોર - શરીરવાળો) છે ? કે અસહિષ્ણુ-સુકોમળ શરીરવાળો ? 'તુ'=કેળવાયેલું શરીર છે કે બીન કેળવાયેલું શરીર છે ? વસ્તુ આચાર્યદિ છે કે સામાન્ય સાધુ છે ? એ પણ ન સમજે; (અર્થાત્ આમાં કેવી વ્યક્તિ છે અને એને શું યોગ્ય છે-અયોગ્ય છે એ નથી સમજી શકતો.)

(૪૦૪) 'પ્રતિસેવના'=નિષિદ્ધ આચરણ ૪ પ્રકારે છે, આકુટ્ટિ-પ્રમાદ-દર્પ-કલ્પ (આકુટ્ટિ=ઇરાદાપૂર્વક જાણી જોઈને કરવું, 'પ્રમાદ'=કંદર્પ, હાસ્ય-મશ્કરી આદિથી કરવું, 'દર્પ' = આપત્તિથી નિષ્કારણ સેવવું, દા.ત. કૂદવું વગેરે, 'કલ્પ'=કારણે શાસ્ત્ર-વિહિત કરવું.) અગીતાર્થ આ ભેદો તથા 'ચ'=પેટાભેદો ન જાણે; તેમ જ (આલોચનાદિ) પ્રાયશ્ચિત ન જાણે 'ચેવ'=નિષિદ્ધ સેવાના ભાવ ક્યા બદલાયા ? કેમ બદલાયા ? વગેરે ન જાણે (અહીં 'ન જાણે' એ બહુવાર કહ્યુ તેથી સૂચવ્યું કે આગમ વિના કોઈ પણ કર્તવ્ય-અકર્તવ્ય ન જણાય. સ્વમતિ-કલ્પનાનું તો સત્ય સાથે બંધાયેલું નહિ, તેથી મહામોહ રૂપ છે.)

जह नाम कोइ पुरिसो, नयणविहूणो अदेसकुसलो य ।
कंताराडविभीमे, मग्गपणट्ठस्स सत्थस्स ॥४०५॥

इच्छइ य देसियत्तं, किं सो उ समत्थ देसियत्तस्स ।
दुग्गाइँ अयाणंतो, नयणविहूणो कहं देसे ? ॥४०६॥

एवमगीयत्थोऽवि हु, जिणवयणपईवचक्खुपरिहीणो ।
दव्वाइँ अयाणंतो, उस्सगववाइयं चेव ॥४०७॥

---

(૪૦૫/૪૦૬) દા. ત. જેમ કોઈ માણસ આંખ વિનાનો હોય અને 'અદેસકુસલો'=માર્ગ જાણવામાં અજ્ઞાન હોય, એ ભયંકર અટવીમાં માર્ગભુલેલા સાર્થને માર્ગદર્શન બનવા (માર્ગે ચડાવવા) સમર્થ છે ? 'દુર્ગ'=વિષમ=વાંકાચૂકા અને ઊંચાનીચા કે સમતલ માર્ગને નહિ દેખી શકનારો અંધ કેવી રીતે (બીજાને) દોરનારો બની શકે ? (તદ્દન અસંભવ.)

(૪૦૭/૪૦૮) એ પ્રમાણે અગીતાર્થ પણ (ત્રિભુંવન ભવનપ્રકાશક) દીપક સમાન જિનવચનરૂપી ચક્ષુ વિનાનો (અર્થાત્ તત્ત્વદર્શનમાં અંધ) એ દ્રવ્યાદિને તથા ઉત્સર્ગ અપવાદના અનુષ્ઠાનને જ નહિ જાણતો, એ અગીતાર્થ ઉચિત પ્રયત્નને શી રીતે કરે ? અથવા કોઈ એવા અગીતાર્થની નિશ્રાએ રહી કેવી રીતે (હિતને) સાધી શકે ? અથવા બાળવૃદ્ધોથી (ને તપસ્વી-મેમાન મુનિઓથી) ભરેલા ગચ્છને શી રીતે યથાયોગ્ય સંભાળી શકે ? (કેમકે ગચ્છ સંભાળવાના ઉપાયને અનભિજ્ઞ છે, ઊલ્ટું 'તું' શબ્દથી વિપરીત પ્રવૃત્તિથી અનર્થ સર્જે !)

कह सो जयउ अगीओ ? कह ? वा कुणउ अगीयनिस्साए।
कह ? वा करेउ गच्छं, सबालवुड्ढाउलं सो उ ॥४०८॥

✷ सुत्ते य इमं भणियं, अप्पच्छित्ते य देइ पच्छित्तं ।
पच्छित्ते अइमत्तं, आसायण तस्स महईओ ॥४०९॥

आसायण मिच्छत्तं, आसायणवज्जणाउ सम्मत्तं ।
आसायणानिमित्तं, कुव्वइ दीहं च संसारं ॥४१०॥

एए दोसा जम्हा, अगीय जयंतस्सऽगीयनिस्साए ।
वट्टावेइ गच्छस्स य, जोवि गणं देइ अगीयस्स ॥४११॥

---

(૪૦૯) આગમમાં આમ કહ્યું છે કે પ્રાયશ્ચિતને પાત્ર નહિ એવાને પ્રાયશ્ચિત આપે, અથવા પ્રાયશ્ચિત પાત્રને અત્યધિક (પ્રાયશ્ચિત્ત) આપે, તેને (જ્ઞાનાદિની પ્રાપ્તિમાં શાતન-નાશ આદિ કરવારૂપ) મોટી આશાતનાઓ લાગે. (કેમકે અત્યધિક પ્રાયશ્ચિત વહન કરવામાં એટલો સમય જ્ઞાનાદિની નવી પ્રાપ્તિ અટકે.)

(૪૧૦) આશાતના (જ્ઞાનાદિના નાશરૂપ હોઈ, સાક્ષાત્) મિથ્યાત્વ છે. આશાતનાથી બચવું એ (સાક્ષાત્) સમ્યક્ત્વરૂપ છે. (કેમકે આશાતના-વર્જનનો પરિણામ સમ્યક્ત્વ છે. એટલા જ માટે અગીતાર્થ અત્યધીક પ્રાયશ્ચિત-દાનાદિ અવિધિ સેવવા દ્વારા) આશાતના કરવાના નિમિત્તે પોતાનો સંસાર દીર્ઘ અને 'ચ'=ક્લિષ્ટ સરજે છે.

(૪૧૧) (સારાંશ) જે કારણથી (૧) અગીતાર્થપણામાં કરાતા સ્વયં આરાધનાના પ્રયત્નોમાં તથા (૨) બીજા અગીતાર્થની નિશ્રાએ રહી કરાતા આરાધનાના પ્રયત્નોમાં આ બધા દોષો છે, તેથી જ (સ્વયં અગીતાર્થ બન્યો રહી) જે ગચ્છને ચલાવે છે, તથા (૩) જે અગીતાર્થને ગચ્છ સોંપે છે, તેને પણ

अबहुस्सुओ तवस्सी विहरिउकामी जाणिऊण पहं ।
अवराहोपयसया, काऊण वि जो न याणेइ ॥४१२॥

देसियराइयसोहिय, वयाइयारे य जो न याणेइ ।
अविसुद्धस्स न वड्ढइ, गुणसेढी तत्तिया ठाइ ॥४१३॥

આ બધા દોષો લાગે છે, (તેથી શાસ્ત્રબોધ વિષે ધરખમ પ્રયત્ન કરવો જોઈએ. અહીં સુધી દ્વાર ગાથા વિવેચન પૂરું થયું.)

(૪૧૨/૪૧૩) (હવે અલ્પ આગમજ્ઞાનવાળાની પણ એવી જ સ્થિતિ બતાવે છે,)

જે મોક્ષ માર્ગને નહિ જાણવાને લીધે 'અવરાહ'='સેંકડો અતિચારસ્થાન' સેવે છે, કારણ કે એ 'અ-બહુશ્રુત'=વિશિષ્ટ શ્રુતરહિત છે, છતાં ય જે 'વિહરિઉકામો'=ગીતાર્થ વિના એકલો વિચરવાની-રહેવાની ઇચ્છાવાળો હોય છે, એ પછી ભલે 'તવસ્સી' વિકૃષ્ટ તપ (અઠ્ઠમ ઉપરના તપ)થી શરીરને તપાવી (શોષાવી) નાખનારો હોય (તો પણ એની ગુણશ્રેણી વધતી નથી) દૈવસિક-રાત્રિક (અતિચારો)ની 'સોહિય'=પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ-પ્રક્ષાલનને, તથા (મૂળ-ઉત્તર ગુણરૂપ) વ્રતોના ખંડન-અતિચારના સ્વરૂપને જે જાણતો નથી, એવા અવિશુદ્ધની 'ગુણ-શ્રેણિ'=જ્ઞાનાદિગુણ સોપાન આરોહણા વધતી નથી કિંતુ (પૂર્વે હતી) તેટલી જ રહે છે. (અહીં ટીકામાં વિશેષ લખ્યું છે કે ગુરુનિશ્રારહિતને ય પોતે પ્રાયશ્ચિત-શુદ્ધ અને સમ્યક્ પ્રવૃત્તિવાળો હોવા છતાં ગુણશ્રેણિ વધતી નથી, પૂર્વે જેટલી જ રહે છે; કેમકે ગુણવાન ગુરુનો યોગ જ ગુણશ્રેણિવૃદ્ધિનું કારણ છે. એમાં ય થોડું જાણનાર એકાકી મુનિ સંક્લિષ્ટ ચિત્તવાળો હોય તો એની ગુણશ્રેણિ તો નષ્ટ જ થઈ જાય છે, અને એને પૂર્વોક્ત અનંત-સંસારિતા નીપજે છે.)

* अप्पागमो किलिस्सइ, जइ वि करेइ अइदुक्करं तु तवं ।
सुंदरबुद्धीइ कयं, बहुइयं पि न सुंदरं होइ ॥४१४॥

अपरिच्छिय सुयनिहसस्स, केवलमभिन्नसुत्तचारिस्स ।
सव्वुज्जमेण वि कयं, अन्नाणतवे बहुं पडइ ॥४१५॥

---

(૪૧૪) 'અલ્પાગમ'=થોડું ભણેલો જો કે અતિ દુષ્કર જ (માસખમણાદિ) તપ કરતો હોય, તો પણ તે માત્ર (અજ્ઞાન) કષ્ટ જ ભોગવી રહ્યો છે. કેમકે પોતાની કલ્પાનુસાર) 'આ સુંદર છે' એવી બુદ્ધિથી કરાયેલું ઘણું પણ (વાસ્તવમાં) સુંદર નથી હોતું, (કારણ, એ અજ્ઞાનથી ઉપહત છે, જેમકે લૌકિક ઋષિઓનાં તપ-કષ્ટ.)

(૪૧૫) 'શ્રુતનિકષ'=આગમના સમ્યગ્ભાવને-રહસ્યને (અર્થાત્ ઉત્સર્ગ અપવાદાદિના વિષય વિભાગવાર) સારી રીતે નિશ્ચિતપણે નહિ જાણતો અને માત્ર 'અભિન્ન' = વિવરણહીન - વિશિષ્ટ વ્યાખ્યાન રહિત સૂત્રમાત્રનો અનુસારે 'ચારિ'=ચારિત્ર -અનુષ્ઠાન કરવાનાં સ્વભાવવાળો, એના સમસ્ત પ્રયત્નથી પણ કરાયેલા અનુષ્ઠાન ઘણું તો (પંચાગ્નિ સેવનાદિ સ્વરૂપ) અજ્ઞાન તપમાં પડે છે, (માત્ર થોડું જ આગમાનુસારિતામાં આવે છે, કેમકે ઉપર કહ્યું તેમ એને વિષય વિભાગનું જ્ઞાન નથી. તે આ રીતે-સૂત્રમાં સામાન્યથી કહેલ પદાર્થ સૂત્રની વ્યાખ્યામાં-વિવરણમાં વિશેષરૂપે દર્શાવાય છે, જેથી પૂર્વાપરમાં કહેલ ઉત્સર્ગ-સૂત્ર યા અપવાદ-સૂત્ર સાથે વિરોધ ન આવે. 'વિવરણ' વિના આ ક્યાંથી સમજે ? વળી જો સૂત્રમાત્ર-કાર્યકારી હોય, અર્થાત્ એકલો સૂત્રનો યથાશ્રુત અર્થ જ લેવાનો હોય, પરંતુ એના પર વિચારણા ન કરવાની હોય, તો 'અનુયોગ' પૂર્વાચાર્યોની વ્યાખ્યાઓ નિરર્થક બને ! દા. ત.)

जह दाइयम्मि वि पहे, तस्स विसेसे पहस्सऽयाणंतो ।
पहिओ किलिस्सइ च्चिय, तह लिंगायारसुअमित्तो ।।४१६।।

✸ कप्पाकप्पं एसणमणेसणं चरणकरणसेहविहिं ।
पायच्छित्तविहिं पि य, दव्वाइगुणेसु अ समग्गं ।।४१७।।

---

(૪૧૬) જેમ પ્રવાસમાર્ગ માત્ર દિગ્દર્શનરૂપે તો બતાવ્યો હોય તો પણ પ્રવાસી (વચલા ગામ, એની વચમાં શું શું, તથા સભય-નિર્ભય કેટલું, વગેરે) વિશેષોને નહિ જાણતો (ભૂખ, ચોર આદિથી) કષ્ટ પામે જ છે, તે જ પ્રમાણે 'લિંગ' = રજાહરણાદિ વેશ, 'આચાર' = માત્ર સૂત્રને અનુસરી આપમતિથી કરાતી ક્રિયા, તથા 'શ્રુતમાત્ર' = વિશિષ્ટ અર્થરહિત સૂત્રમાત્રવાળો (અલ્પજ્ઞાની પણ બહુ અપાયોથી કષ્ટ જ પામે છે.)

(૪૧૭) (આટલું આટલું ન જાણે એ નિર્મળ ચારિત્રના પ્રયત્ન શો કરી શકે ? દા. ત.) 'કપ્પાકપ્પ'=સાધુને કલ્પ્ય - અકલ્પ્ય (ઉચિતાનુચિત), યા માસકલ્પ સ્થવિરકલ્પાદિ - તદિતર, 'એસણ૦' = ગવેષણા -ગ્રહણૈષણા -ગ્રાસૈષણામાં નિર્દોષતા-સદોષતા, 'ચરણ' = મૂળગુણ મહાવ્રતાદિની ચરણસિત્તરી, 'કરણ'=ઉત્તરગુણ પિંડવિશુદ્ધિ આદિની કરણ-સિત્તરી, તથા 'સેહ'=દીક્ષાર્થી યા નૂતન દીક્ષિતને સામાચારી શિક્ષણની ક્રમ વિધિ, (તેમાં આલોચનાદિ) પ્રાયશ્ચિત વિધિ, (એ કેવાને શું અપાય ? અને એ કેમ કરાવાય ? એ વિધિ,) તે પણ "દ્રવ્યાદિ ગુણેષુ"=દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સારા-નરસા સંયોગોમાં (દેયાદેયની) સમગ્ર વિધિ,

✺ पव्वायणविहिमुट्ठावणं च, अज्जाविहिं निरवसेसं ।
उस्सग्गववायविहिं, अयाणमाणो कहं ? जयउ ॥४१८॥

सीसायरियकमेण य, जणेण गहियाई सिप्पसत्थाइं ।
नज्झंति बहुविहाइं, न चक्खुमित्ताणुसरियाइं ॥४१९॥

जह उज्जमिउंजाणइ, नाणी तव संजमे उवायविऊ ।
तह चक्खुमित्तदरिसण-सामायारी न याणंति ॥४२०॥

---

(૪૧૮) દીક્ષા-પ્રદાન વિધિ, 'ઉપસ્થાપના' = મહાવ્રતારોપણ (વિધિ) 'અજ્જા-વિધિ' = સાધ્વીગણપાલન-વિધિ ને સંપૂર્ણ ઉત્સર્ગ -અપવાદ વિધિ (દ્રવ્યાદિની અપેક્ષાએ કર્તવ્યાકર્તવ્ય માર્ગ)ને નહિ જાણનારો અલ્પજ્ઞ કેવી રીતે (શુદ્ધ સંયમનો) પ્રયત્ન કરી શકે ? (તેથી જ્ઞાનનો પ્રયત્ન કરવા જેવો. જ્ઞાનના અર્થીએ ગુરુ આરાધ્ય છે.)

(૪૧૯) (લોકોત્તર સાધુ તો પછી, પણ લોકમાં ય તેવા વિવેક વિનાના) જન સામાન્ય વડે વિદ્યાર્થી-કલાચાર્યના ક્રમથી જ (ચિત્રાદિ) શિલ્પો અને (વ્યાકરણાદિ) શાસ્ત્રો ગ્રહણ કરાયા છે, ત્યારે જ એમને એનું 'નજ્ઝંતિ'=યથાર્થ જ્ઞાન થાય છે, કિન્તુ માત્ર આંખેથી બહુ પ્રકારના શિલ્પો અને શાસ્ત્રો જોયા અર્થાત્ સ્વબુદ્ધિથી ગ્રહણ કર્યા તેથી યથાર્થ બોધ નથી થતો. (તેથી આ આવ્યું કે,-)

(૪૨૦) જ્ઞાની અને તપ-સંયમને વિષે 'ઉપાયવિઉ'=તેથી આરાધનામાં કુશળ જેવી રીતે 'ઉજ્જમિઉં'=સમ્યગ્ અનુષ્ઠાન (આરાધના) કરવાનું જાણે છે, એવી રીતે માત્ર ચક્ષુથી (બીજાની ક્રિયા) જોઈ સામાચારી આચરનારા (સમ્યગ્ અનુષ્ઠાન કરવાનું) જાણતા નથી. (આમ જ્ઞાનની પ્રધાનતા સાંભળી જ્ઞાનમાત્રથી સંતોષ નથી વાળવાનો. કેમકે,-)

सिप्पाणि य सत्थाणि य, जाणंतोऽवि न य जुंजइ जो उ ।
तेसिं फलं न भुंजइ, इअ अजयंतो जई नाणी ॥४२१॥

गारवतियपडिबद्धा, संजमकरणुज्ञमम्मि सीअंता ।
निग्गतूण गणाओ (घराओ), हिंडति पमायरण्णम्मि-।४२२।

नाणाहिओ वरतरं, हीणोऽविहु पवयणं पभावंतो ।
न य दुक्करं करंतो, सुट्ठु वि अप्पागमो पुरिसो ॥४२३॥

---

(૪૨૧) શિલ્પો અને શાસ્ત્રો જાણતો હોવાં છતાં જે (એને ક્રિયામાં) ન જોડતો = ન ઉતારતો હોય તે એનાં (દ્રવ્યલાભાદિ) ફળને ભોગવી શકતો નથી, એજ પ્રમાણે સાધુ પણ જ્ઞાની છતાં અનુષ્ટાન વિનાનો હોય તો (મોક્ષ ફળ નથી પામતો.)

(૪૨૨) (જ્ઞાન છતાં ક્રિયા કેમ નહિ? તો કે જ્ઞાની છતાં રસ-ૠદ્ધિ-શાતા) ગારવત્રિકમાં આસક્ત હોઈ 'સંયમ' = ષટ્કાય રક્ષાદિના આચરણ વિષયના 'ઉદ્યમે' = ઉત્સાહમાં શિથિલ બની જનારા ગચ્છમાંથી (નીકળી યથેષ્ટ પ્રવૃત્તિથી વિષય-કષાયરૂપી ચોર અને શિકારી પશુથી ભરેલા) પ્રમાદ-અરણ્યમાં વિચરતા હોય છે. (તેથી ક્રિયાહીન હોય છે.)

(૪૨૩) (કાંઈક ક્રિયારહિત જ્ઞાની, અને કંઈક જ્ઞાન રહિત ક્રિયાવાળો, બેમાં કોણ સારો ? તો કે) ચારિત્રથી હીન પણ (વાદ-વ્યાખ્યાનથી) પ્રવચનની પ્રભાવના કરનારો જ્ઞાનાધિક એ વધુ સારો છે, કિન્તુ (માસક્ષમણાદિ) દુષ્કરને સારી રીતે કરનારો પણ અલ્પજ્ઞાની તેવો નહિ. (કેમકે અલ્પજ્ઞ શાસ્ત્ર-વિધાનોનો અજાણ હોઈ ખરેખરું કેટલું આરાધે ?)

नाणाहियस्स नाणं, पुज्जइ नाणा पवत्तए चरणं ।
जस्स पुण दुण्ह इक्कं पि नत्थि तस्स पुज्जए काइं ? ॥४२४॥

नाणं चरित्तहीणं, लिंगग्गहणं च दंसणविहीणं ।
संजणहीणं च तवं, जो चरइ निरत्थयं तस्स ॥४२५॥

✷ जहा खरो चंदणभारवाही, भारस्स भागी न हु चंदणस्स ।
एवं खु नाणी चरणेण हीणो, नाणस्स भागी न हु सुग्गईए ॥४२६॥

---

(૪૨૪) (જ્ઞાનની વડાઈ છે,-) જ્ઞાનાધિકનું જ્ઞાન પૂજાય છે, (કેમકે) જ્ઞાનથી ચારિત્ર પ્રવર્તે છે, (અને ચારિત્રી સાધુ જ્ઞાની હોય એટલે સહેજે પૂજાય). જેનામાં જ્ઞાન-ચારિત્ર બેમાંથી એકેય નથી તેનું શું પૂજાય ? (વાસ્તવમાં જ્ઞાનચારિત્ર, દર્શન-ચારિત્ર, તપ-ચારિત્ર પરસ્પર સાપેક્ષ રહીને જ કાર્ય કરે છે; તેથી)

(૪૨૫) ચારિત્ર વિનાનું જ્ઞાન નિરર્થક છે. સમકિત વિનાનો સાધુવેશ નિરર્થક છે, સંયમ વિના જે તપ આચરે તે મોક્ષની અપેક્ષાએ નિષ્ફળ છે.

(૪૨૬) (ત્યાં જ્ઞાન એ ચારિત્ર વિના કેમ નકામું ? તો કે) જેવી રીતે ચંદનનો ભાર ઊંચકી લઈ જનાર ગધેડો ભારનો 'ભાગી'=ભાજનમાત્ર બને છે પરંતુ ચંદન(ના શીતલ વિલેપનાદિ)નો ભાગી નહિ, એ પ્રમાણે ચારિત્રથી રહિત જ્ઞાની (માત્ર) જ્ઞાનનો ભાગી = ભાજન બને, કિન્તુ સુગતિ (મોક્ષ)નો ભાગી નહિ...

संपागडपडिसेवी, काएसु वएसु जो न उज्जमइ ।
पवयणपाडणपरमो, सम्मत्तं कोमलं तस्स ॥४२७॥

चरणकरणपरिहीणो, जइ वि तवं चरइ सुट्ठु अइगुरुअं ।
सो तिल्लं व किणंतो, कंसियबुद्धो मुणेयव्वो ॥४२८॥

छज्जीवनिकायमहव्वयाण, परिपालणाइ जइधम्मो ।
जइ पुण ताइँ न रक्खइ, भणाहि को नाम सो धम्मो? ।४२९॥

(૪૨૭) (ચારિત્રહીનનું દર્શન નિરર્થકઃ-) જે સાધુ 'સુપાગડ' લોકના દેખતાં નિષિદ્ધને આચર્યા કરતો હોય, અને પૃથિવ્યાદિ ષટ્કાયની રક્ષામાં તેમજ (અહિંસાદિ) મહાવ્રતોમાં જે ઉદ્યમ નથી કરતો, ને તેથી જ શાસનની લઘુતા-પ્રધાન જીવન જીવતો હોય, તેનું સમ્યક્ત્વ 'કોમળ' અર્થાત્ ફોફા જેવું છે.

(૪૨૮) (ચારિત્રહીનનો તપ કેવો ? તો કે) ચરણ સિત્તરી કરણ-સિત્તરીનાં સંયમ વિનાનો જો કે (૪-૪ માસના ઉપવાસાદિ) સારા એવા અતિ કષ્ટમય તપ કરતો હોય તો ય તે 'કંસિયા'=આરિસાથી (માપીને તલ આપી માપ્યા વિના) તેલ ખરીદનાર મૂર્ખ ગામડિયા જેવો છે. (સાધુ મૂર્ખ એટલા માટે કે બહુ અલ્પ લઈને ઘણું હારે છે. તે આ રીતે કે,)

(૪૨૯) સાધુધર્મ છ જીવનિકાયની (રક્ષા) અને મહાવ્રતોના પાલનથી બને છે. (હવે) જો એનું પાલન-રક્ષણ ન કરે તો (હે શિષ્ય !) તું જ કહે કે એ કયો ધર્મ બને ? (અર્થાત્ ધર્મરૂપ જ ન બને.)

छज्जीवनिकायदयाविवज्जिओ, नेव दिक्खिओ न गिही ।
जइधम्माओ चुक्को, चुक्कइ गिहिदाणधम्माओ ॥४३०॥

सव्वाओगे जह कोई, अमच्चो नरवइस्स घित्तुणं ।
आणाहरणे पावइ, वहबंधणदव्वहरणं च ॥४३१॥

तह छक्कायमहव्वय-सव्वनिवित्तीउ गिण्हिऊण जई ।
एकमवि विराहंतो, अमच्च-रण्णो हणइ बोहिं ॥४३२॥

---

(૪૩૦) ષટ્ જીવનિકાયની દયાથી રહિત (અર્થાત્ જીવોને કચરનારો) એ દીક્ષિત સાધુ જ નથી, (કેમકે ચારિત્રહિન છે. તેમજ સાધુવેશ ધર્યો હોવાથી એ) ગૃહસ્થ પણ નથી. (આ સ્થિતિમાં એ) યતિ ધર્મથી ભ્રષ્ટ થયેલો ગૃહસ્થને શક્ય દાનધર્મથી પણ ચૂકે છે. (કારણ, સુસાધુને ગૃહસ્થનાં આહાર વસ્ત્રાદિ લેવા કલ્પે, પણ આવાનું કશું લેવું ન કલ્પે. આવાનાં ભાગ્યમાં સુસાધુને દાન પણ નહિ.)

(૪૩૧) (સંપૂર્ણ ગુણો તો અતિ દુર્લભ છે, તેથી જેટલો ધર્મ કરે તેટલું સારું નહિ ? હા, પણ તે દેશવિરતિમાં વિચિત્ર પ્રકારો હોવાથી ગૃહસ્થને સારું, કિન્તુ સર્વવિરતિધર સાધુને માટે સારું નહિ. એને તો થોડો પણ આજ્ઞાભંગ ભયંકર નિવડે.) જેમ કોઈ મંત્રી જે (રાજા પ્રસન્ન થવાથી રાજા પાસેથી) રાજા સંબંધી સર્વ અધિકાર મેળવીને ક્યારેક રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો એને (દંડા વગેરેથી) માર, (દોરડાથી) બંધન, સંપત્તિનું અપહરણ, અને ('ચ' શબ્દથી યાવત્ મોત) મળે,

(૪૩૨) તેવી રીતે સાધુ ષટ્ જીવનિકાય અને મહાવ્રતોમાં (સર્વથા રક્ષા-પાલન કરવા રૂપના) 'નિવૃત્તિ'=નિયમો લઈને એક પણ (કાય કે મહાવ્રતની) વિરાધના કરતો 'અમર્ત્ય

✹ तो हयबोही य पच्छा, कयावराहाणुसरिसमियममियं ।
पुण वि भवो अहिं पडिओ, भमइ जरामरणदुग्गम्मि ॥४३३॥

✹ जइयाऽणेणं चत्तं, अप्पणयं नाणदंसणचरित्तं ।
तइया तस्स परेसुं, अणुकंपा नत्थि जीवेसु ॥४३४॥

✹ छक्कायरिऊण असंजयाण, लिंगावसेसमित्ताणं ।
बहुअसंजमपवाहो, खारो मइलेइ सुट्ठुअरं ॥४३५॥

---

રાજા'=જિનેશ્વર ભગવાનની 'બોધિ' આજ્ઞાને હણે છે, અથવા (પરભવ માટે) 'બોધિ'=જૈનધર્મ-પ્રાપ્તિને હણે છે.

(૪૩૩) તેથી એમ બોધિને હણનારો પછીથી એ 'કય'=આજ્ઞાનિરપેક્ષ હૃદયે સેવેલા અતિચારોને અનુરૂપ આ (જ્ઞાનિદષ્ટ) 'અમિત'=અનંત સંસાર સમુદ્રમાં ફરીથી પણ પડી અતિગહન જરા-મૃત્યુના કિલ્લામાં ભટકતો થઈ જાય છે. (આ તો પરલોકના અનર્થ; પરંતુ અહીં પણ,)

(૪૩૪) જ્યારે એ (પુણ્યશાળીએ) પોતાના જ્ઞાનદર્શન-ચારિત્રને ફગાવી દીધા, ત્યારે (એમ કહેવાય કે) બીજા જીવો પર એને અનુકંપા નથી; (કેમકે એ અધર્મ પામવાના.)

(૪૩૫) (પૃથ્વીકાયાદિ) ષટ્ જીવનિકાયના દુશ્મન ભૂત અને 'અસંયત્'=મન-વચન-કાયાના યથેચ્છ પ્રવર્તક, તથા (એટલા જ માટે) રજોહરણને માત્ર ધરનારા (વેશધારી)ને ઘણો અસંયમનો પ્રવાહ (અને એના લીધે પાપ સમૂહ લાગે છે, ને તે) ક્ષાર છે; (વસ્ત્રાદિને તેવો ક્ષાર બાળીને ડાઘડુઘિયું કરે તેમ).

किं लिंगविड्डरीधारणेण ? कज्जम्मि अट्ठिए ठाणे ।
राया न होइ सयमेवधारयं चामराडोवे ॥४३६॥

जो सुत्तत्थविणिच्छिय-कयागमामूल उत्तरगुणोहं ।
उव्वहइ सयाऽखलियो, सो लिक्खइ साहुलिक्खम्मि ॥४३७॥

बहुदोससंकिलिट्ठो, नवरं मइलेइ चंचलसहावो ।
सुट्ठु वि वायामंतो, कायं न करेइ किंचि गुणं ॥४३८॥

---

(૪૩૬) જો રજોહરણાદિ સાધુવેશ ધારણ કરીને 'કાર્યે'=સંયમરૂપી પ્રયોજન ન સરતું હોય તો તેવા વેશનો 'વિડ્ડર'=ફટાટોપ-આડંબર ધરવાથી શું ? (એ સાધુ જ નથી; જેમ) આપમેળે સિંહાસને બેસી ચામર અને (છત્ર ધ્વજ આદિનો) ફટાટોપ ધરતાં રાજા નથી બનાતું. (કેમકે ત્યાં રાજ્યસંપત્તિ-ખજાનો-પ્રજા-સેનાદિ પરિવાર વગેરે રાજાપણાનું કાર્ય નથી થતું. એ થતું હોય તો રાજા કહેવાય, એમ સંપૂર્ણ સંયમ પાલનથી સાધુ બનાય.)

(૪૩૭) જે કોઈ સૂત્ર-અર્થના (શ્રુતસાર-પરમાર્થ સમજવા સાથે) નિશ્ચયવાળો બની 'કૃતાગમઃ' આગમને જિનવચનને (આત્મસ્થ) કરે છે, અને 'મૂલોત્તરગુણૌઘ'=મહાવ્રત તથા પિંડવિશુદ્ધિ આદિ ગુણસમૂહને 'ઉદ્વહતિ'=સમ્યક્ બજાવીને જીવનના અંત સુધી પહોંચાડે છે, તથા હંમેશા (સંયમમાં) 'અસ્ખલિત'=નિરતિચાર રહે છે, તે સાધુને સાચા સાધુની ગણતરીમાં ગણના અપાય છે. બાકી,-

(૪૩૮) (અજ્ઞાન-ક્રોધ-મદાદિ) બહુ દોષોથી ચિત્ત સંક્લેશવાળો તો (વિષયાદિમાં) ભટકતા સ્વભાવનો બની (સ્વાત્માને) માત્ર મલિન કરનારો હોય છે. એ કાયાને (તપસ્યા

✵ केसिंचि वरं मरणं, जीवियमन्नेसिमुभयमन्नेसिं ।
दद्दुरदेविच्छाए, अहियं केसिंचि उभयं पि ॥४३९॥

✵ केसिंचि य परलोगो, अन्नेसिं इत्थ होइ इहलोगो ।
कस्स वि दुण्णि वि लोगा,
दोऽवि हया कस्सइ लोगा ॥४४०॥

---

વગેરેથી) ગાઢપણે પણ કષ્ટ આપનારો હોય, તોય (વિચારપૂર્વક વર્તનારો નહિ હોવાથી) તે કષ્ટ કરતો (પોતાના આત્માને કર્મક્ષયાદિ કશો) ગુણ નથી કરતો.

(૪૩૯) કેટલાકને મરણ સારું છે, બીજાઓને જીવવું સારું છે, તો અન્યોને (વળી જીવતર-મરણ) બંને સારા છે, ત્યારે કેટલાકને બંને અહિતકર હોય છે, - આ દર્દુરાંક નામના દેવતાની ઈચ્છાથી (ભગવાનની પ્રરૂપણા છે.) દેવે ચારને કહેલા શબ્દોના ભાવ પ્રભુશ્રી મહાવીર ભગવાને આ પ્રરૂપ્યો,-દેવે મને 'મરો' કહ્યું કેમકે અનંત સુખમય મોક્ષ રાહ જુએ છે. શ્રેણિકને 'જીવો' કહ્યું કેમકે મરે તો સીધી નરક છે. અભયને 'જીવો મરો' કહ્યું કેમકે જીવતાં સુખ અને ધર્મ છે, મર્યા પછી સ્વર્ગ છે. કાલ સૌકરિક કસાઈને 'જીવ નહિ, મર નહિ' કહ્યું, કેમકે અહીં કસાઈ વેડામાં ભયંકર સંકલેશ અને મર્યા પછી ૭ મી નરક છે."

(૪૪૦) કેટલાકને પરલોક હિતકર છે, (તો) બીજાઓને અહીં આ જન્મ હિતકર હોય છે. કોઈકને (વળી આ લોક પરલોક) બંને હિતકર હોય છે, (ત્યારે) કોઈને બંનેય ભવ (સ્વકર્મથી) નષ્ટ (અર્થાત્ અહિતકર) છે.

छज्जीवकायविरओ, कायकिलेसेहिं सुट्ठु गुरुएहिं ।
न हु तस्स इमो लोगो, हवइऽस्सेगो परो लोगो ॥४४१॥

नरयनिरूद्धमईणं, दंडियमाईण जीवियं सेयं ।
बहुवायम्मि वि देहे, विसुज्झमाणस्स वरं मरणं ॥४४२॥

✱ तवनियमसुट्ठियाणं, कल्लाणं जीविअं पि मरणं पि ।
जीवंतऽज्जंति गुणा, मया वि पुण सुग्गइं जन्ति ॥४४३॥

---

(૪૪૧) પૃથ્વીકાયાદિ ષટ્ જીવનિકાય જીવોને વિષે (સંહાર દ્વારા) 'વિરત'=વિશેષરૂપે આસક્ત હોય, પછી એ ભલેને પંચાગ્નિતપ, માસખમણ વગેરે) 'સુટ્ઠુગુરુ=મોટા મોટા કષ્ટોથી યુક્ત હોય એવા (અજ્ઞાન તપસ્વી)ને આ ભવ (વિવેક વિનાના કષ્ટ-સહનથી દુઃખરૂપ, હોઈ સાર્થક) નથી. કિન્તુ એવાને (અહીંના અજ્ઞાન કષ્ટોપાર્જિત તુચ્છ પુણ્ય-સ્થાનના હિસાબે સુખકર) એકમાત્ર પરભવ છે.

(૪૪૨) (પરભવે) નરક પર કેન્દ્રિત બુદ્ધિવાળા રાજા વગેરેને અહીં જીવવું સારું છે, (ત્યારે) અહીં બહુ અસહ્ય 'અવાય'=અપાય, રોગ-વેદના, યા 'વાત'=વાયુદર્દ હોવા છતાં (પ્રશસ્ત ધ્યાનથી) વિશુદ્ધિના અધ્યવસાયવાળાને આગળ સુંદર ગતિ હોઈ) મરણ સારું છે.

(૪૪૩) તપ-નિયમ (સંયમના વિશિષ્ટ ગુણો)થી સારી રીતે ભાવિત થયેલા (રંગાયેલા)ને જીવન પણ 'કલ્યાણ'=હિતરૂપ છે, અને મરણ પણ કલ્યાણરૂપ છે, (કેમકે એ) જીવતાં ય (તપ સંયમાદિ) ગુણોને વધારે છે, અને મર્યા ય વળી સારી ગતિમાં જાય છે. (જીવન-મરણ બંનેમાંય ક્યાંય જરાક પણ અહિત થતું નથી.)

अहियं मरणं अहियं च जीवियं पावकम्मकारीणं ।
तमसम्मि पडंति मया, वेरं वड्ढंति जीवंता ॥४४४॥

अवि इच्छंति अ मरणं, न य परपीडं करंति मणसाऽवि ।
जे सुविइयसुगइपहा, सोयरियसुओ जहा सुलसो ॥४४५॥

मूलग कुदंडगा दामगाणि, उच्छूलघंटिआओ य ।
पडेइ अपररितंतो, चउप्पया नत्थि य पसूवि ॥४४६॥

तह वत्थपायदंडग-उवगरणे जयणकज्जमुज्जुत्तो ।
जस्सऽट्ठाए किलिस्सइ, तं चिय मूढो न वि करेइ ॥४४७॥

---

(૪૪૪) પાપકર્મો (ચોરી વગેરે) કરનારાને મરણ પણ અહિતરૂપ અને જીવન પણ અહિતરૂપ છે. કેમકે મરે ત્યારે નરક સ્વરૂપ અંધકારમાં પડે છે, અને જીવતાં થકા વૈરને-પાપને વધારે છે. (બંનેમાં અનર્થ. તેથી એ સમજીને વિવેકી મોત આવે તો ય પાપ નહિ કરે. વિવેક આ,-)

(૪૪૫) (જે વિવેકમાં મોક્ષગતિના માર્ગને સારી રીતે સમજ્યો છે. તે વિવેકી જીવો જરૂર પડ્યે) હજી મોતને પસંદ કરે છે, કિન્તુ મનથી પણ બીજાને પીડા કરવાનું વિચારતા નથી; જેમકે કાલસૌકરિક કસાઈનો પુત્ર સુલસ (હવે અવિવેક આ-)

(૪૪૬) (જેમ અવિવેકી માણસ જો કે પાસે એક બકરી જેવું) ચોપગું પશું ય નથી છતાં એને ગાંઠવાનો ખૂંટો, હંકારવાની દંડી, નાથવાની લગામ, ગળે લગાડવાની ઘંટડી...વગેરે અવિશ્રાન્તપણે એકઠું કરે છે.

(૪૪૭) તે પ્રમાણે મૂઢ જાણે જયણા કાર્ય માટે સજ્જ વસ્ત્ર પાત્ર દંડ વગેરે ઉપકરણ અવિશ્રાન્તપણે એકત્રિત કરે છે, પણ એ એકત્રિત કરવાનો કલેશ (કષ્ટ) જેના માટે અનુભવે છે, એ

✹ अरिहंतो भगवंतो, अहियं व हियं व नवि इहं किंचि ।
वारंति कारवेंति य, घित्तूण जणं बला हत्थे ॥४४८॥

✹ उवएसं पुणतं दिंति, जेण चरिएण कित्तिनिलयाणं ।
देवाणऽवि हुंति पहू, किमंगपुण मणुअमित्ताणं ॥४४९॥

वरमउडकिरीडधरो, चिंचइओ चवलकुंडलाहरणो ।
सक्को हिओवएसा, एरावणवाहणो, जाओ ॥४५०॥

---

સંયમરક્ષા સંયમ-યતના જ નથી કરતો ! (આવાને તીર્થંકર ભગવાન કેમ રોકે નહિ ? તો કે)

(૪૪૮) અરિહંત ભગવાન પણ માણસને બળાત્કારે હાથમાં પકડીને સહેજ પણ અહિતથી રોકતા નથી કે હિત કરાવતા નથી. ('વા' શબ્દથી ઉપેક્ષણીય વસ્તુની ઉપેક્ષા કરાવતા નથી.)

(૪૪૯) અલબત્ (ભગવાન) એવો ઉપદેશ આપે છે જે આચરીને એ કીર્તિના આશ્રયભૂત દેવતાઓનો પણ સ્વામી બને છે; તો પછી મનુષ્યમાત્રનો (સ્વામી રાજા બને એનું) પૂછવું જ શું ?

(૪૫૦) (હિતોપદેશ અવશ્ય સકલ કલ્યાણ-સાધક છે, દા. ત. કાર્તિક શેઠ) હિતોપદેશ આચરવાથી (ઉચ્ચરત્નમય) શ્રેષ્ઠ અગ્રભાવથી શોભતા મુગટને ધારણ કરનાર બાજુબંધાદિથી શોભતો, 'ચપલ'=તેજપ્રસારી કુંડલના આભૂષણયુક્ત તથા ઐરાવણ હાથીના વાહનવાળો શક્રેન્દ્ર થયો.

रयणुज्जलाइँ जाइं, बत्तीसविमाणसयसहस्साइं ।
वज्जहरेण वराइं, हिओवएसेण लद्धाइं ॥४५१॥

सुरवइसमं विभूइं, जं पत्तो भरहचक्कवट्टी वि ।
माणुसलोगस्स पहू, तं जाण हिओवएसेण ॥४५२॥

लद्धूण तं सुइसुहं, जिणवयणुवएस-मऽमयबिंदुसमं ।
अप्पहियं कायव्वं, अहिएसु मणं न दायव्वं ॥४५३॥

हियमप्पणो करिंतो, कस्स न होइ गरुओ गुरू गण्णो ।
अहियं समायरंतो, कस्स न विप्पच्चओ होइ ? ॥४५४॥

(૪૫૧) એ જ વજ્રધર ઇન્દ્રે જે (ઇન્દ્રનિલાદિ) રત્નોથી ચમકતા ૩૨ લાખ શ્રેષ્ઠ વિમાનો(ની માલિકી) મેળવી તે હિતોપદેશ(ના આચરણ)થી.

(૪૫૨) મનુષ્યલોકના (છખંડના) સ્વામી ભરત ચક્રવર્તીએ પણ ઈન્દ્ર જેવી સમૃદ્ધિ પ્રાપ્ત કરી, તે (પણ) હિતોપદેશ-આચરવાના પ્રભાવે બન્યું સમજ. (એ પ્રાપ્તિ કરાવવાનું સામર્થ્ય હિતોપદેશનું જ છે. માટે કર્તવ્ય શું ? તો કે,-)

(૪૫૩) શ્રોત્રને સુખદ અમૃતબિંદુ સમાન શ્રી જિનવચનોપદેશ પ્રાપ્ત કરીને આત્મહિત (કરનાર જિનવચનોએ કહેલું) કરવું જોઈએ, અને (જિનવચન-નિષિદ્ધ હિંસાદિ) અહિતને વિષે મન પણ નહિ લઈ જવું જોઈએ, (પછી વચન, કાયા લઈ જવાની શી વાત ?)

(૪૫૪) (જિનવચનાનુસાર) આત્માના હિતને આચરનારો કોનો-'ગરુઓ ગુરુ' પ્રધાન આચાર્ય સમાન તથા 'ગણ્ય'=સર્વ કાર્યમાં પૂછવાલાયક નથી થતો ? (અર્થાત્ સર્વનો ગણ્ય મોટો ગુરુ થાય છે. ત્યારે) અહિતને આચરનારો કોને અવિશ્વનીય નથી થતો ? (અહીં માને કે 'અમે હિતાચરણ ને યોગ્ય નથી, અમે શી

जो नियमसीलतवसंजमेहिं, जुत्तो करेइ अप्पहियं ।
सो देवयं व पुज्जो, सीसे सिद्धत्थओ व्व जणे ॥४५५॥

सव्वो गुणेहिं गण्णो, गुणाहिअस्स जह लोहवीरस्स ।
संभंतमउडविडवो, सहस्सनयणो सययमेइ ॥४५६॥

चोरिक्कवंचणाकूडकवड-परदारदारूणमइस्स ।
तस्स च्चिय तं अहियं, पुणोऽवि वेरं जणो वहइ ॥४५७॥

---

રીતે હિત સાધીએ?' તો એ બરાબર નથી, કેમકે અયોગ્યની કોઈ જન્મસિદ્ધ ખાણ નથી, કિન્તુ ગુણ હોય એ પૂજ્ય બને, ને ગુણો પ્રયત્ન સાધ્ય છે માટે ગુણોનો પ્રયત્ન કરો.)

(૪૫૫) વ્રત-નિયમ, શીલ, તપ, સંયમમી યુક્ત બની જે આત્મહિત સાધે છે, તે દેવની જેમ પૂજ્ય બને છે, (માંગલિક) સરસવની જેમ લોકમાં મસ્તકે ચડે છે. (તેની આજ્ઞા શિરોધાર્ય બને છે.)

(૪૫૬) સૌ કોઈ (જ્ઞાનાદિ) ગુણોથી ગણનીય-પૂજનીય બને છે, જેમ ઉત્કટ (સત્ત્વાદિ) ગુણોએ કરીને લોકમાં (કર્મ-શત્રુને મારી હટાવનાર) વીર તરીકે પ્રસિદ્ધ (મહાવીર ભગવાન)ની પાસે (અતિશય ભક્તિવશ) સંભ્રમથી હલી ઉઠેલા મુગટાગ્રવાળા શક્રેન્દ્ર સતત (વંદનાર્થે) આવ્યા કરતાં હતા. (ત્યારે ગુણહીનને ઊલટું છે; દા.ત.)

(૪૫૭) ચોરી, ઠગબાજી, કૂટવચન, કપટ (માનસિક શઠતા) ને પરસ્ત્રીને વિષે 'દારુણ'=પાપિષ્ઠ બુદ્ધિવાળાને એનું પોતાનું જ એ આચરણ (અહીં) અહિતકર થાય છે; અને ફરીથી પણ (પરલોકમાં) લોક એના પર 'વૈર'=ગુસ્સાનો અધ્યવસાય વહન કરે છે. ('આ પાપિષ્ઠ છે. એનું મોઢું જોવાલાયક નથી' એવા આક્રોશ-વચન બોલે છે.)

जइ ता तणकंचणलुट्ठ-रयणसरिसोवमो जणो जाओ ।
तइया नणु वुच्छिन्नो, अहिलासो दव्वहरणम्मि ॥४५८॥

आजीवगणनेया, रज्जसिरिं पयहिऊण य जमाली ।
हियमप्पणो करिंतो, न य वयणिज्जे इह पडंतो ॥४५९॥

✸ इंदियकसायगारवमएहिं, सययं किलिट्ठपरिणामो ।
कम्मघणमहाजालं, अणुसमयं बंधइ जीवो ॥४६०॥

---

(૪૫૮) ત્યારે જો બુદ્ધિમાન મનુષ્ય તૃણ (ઘાસ) કે કંચન, માટીનું ઢેફું કે રત્ન(રાશિ) પ્રત્યે (નિસ્પૃહતાથી) સમાન બુદ્ધિવાળો બની જાય, તો તો નિશ્ચિત છે કે એને પરદ્રવ્ય-હરણની ઈચ્છા જ ખલાસ થઈ ગઈ. (માટે આ વિચારીને સન્માર્ગે ચાલવું. એમાં સ્ખલનાથી મોટાઓની પણ વાસ્તવિકતા યાને કિંમત ઊડી જાય છે.)

(૪૫૯) ('દ્રવ્યલિંગ'=સાધુવેશ માત્રથી લોક પર આધાર રાખી જીવનારા) 'આજીવક' = નિહ્નવોના સમુહનો નેતા જમાલિ રાજ્ય સંપત્તિ છોડી આવેલો ! (ને આગમ ભણેલો ! એણે જો 'કડેમાણે કડે' એ જિનવચનનો અપલાપ યાને નિહ્નવપણું ન કર્યું હોત ને) પોતાના આત્માનું (જિનોક્ત) હિત સાચવ્યું હોત તો 'અહીં' આ ભવમાં જ નિંદ્ય ન બનત. ('આ નિહ્નવ છે' એવી નિંદા ન પામત. દુષ્કર તપ-સંયમ કરવા છતાં હિત ભૂલવાથી છઠ્ઠા દેવલોકે ભંગી જેવું કિલ્બિષિક દેવપણું પામ્યો.)

(૪૬૦) ઈન્દ્રિયો-કષાયો-ગારવો અને મદ વડે સતત સંક્લિષ્ટ 'પરિણામ' = અધ્યવસાયવાળો જીવ પ્રત્યેક સમયે કર્મરૂપી મેઘના મોટા સમૂહને બાંધે છે, (આત્મપ્રદેશ સાથે એકમેક કરે છે. કર્મ એ જીવરૂપી ચંદ્રને આવરે છે માટે કર્મ એ મેઘ-વાદળ

परपरिवायविसाला, अणेगकदप्पविसयभोगेहिं ।
संसारत्ता जीवा, अरइविणोअं करंतेवं ।।४६१।।

आरंभपायनिरया, लोइयरिसिणो तहा कुलिंगी य ।
दुहओ चुक्का नवरं, जीवंति दरिद्दजियलोयं ।।४६२।।

---

જેવા છે. આ ઈન્દ્રિયાદિથી વાસ્તવ સુખ કશું નથી; વિષયસુખ દુ:ખ-પ્રતિકારરૂપ હોવાથી ખરજવાને ખણવા જેવું સુખ છે; પરંતુ મહાઅરતિ નિવારણના લીધે જીવને સુખનો ભ્રમ થાય છે. તેથી અવિવેકી જીવ એવા સુખ વધારવા મથે છે.)

(૪૬૧) પરના અવર્ણવાદમાં લાબાં-પહોળા થનારા સંસારી (સકર્મા) જીવો અનેક પ્રકારના 'કંદર્પ' = પરિહાસ -વચન -હાસ્ય -વચન બોલીને તથા શબ્દાદિ વિષયોના ઉપભોગ કરીને (મૂઢતાથી) 'અરતિ-વિનોદ' = અરતિને હટાવવાનું જ કરતાં હોય છે. (પરંતુ એ હટતી નથી. એ અરતિ ફરી ફરી જાગ્યા જ કરે છે.) (અહીં નિંદા એ દ્વેષનું કાર્ય, વિષય-ભોગએ રાગનું કાર્ય, ને સકર્મક્તા એ રાગદ્વેષનું કાર્ય સૂચવ્યું. વિષય-ભોગના અભ્યાસથી ઈન્દ્રિયોને કુશળતા રહે, પરંતુ અરતિ-તૃષ્ણાદિ આત્મરોગો વધે છે.)

(૪૬૨) (વળી મૂઢતા કેવી, કે) 'આરંભ'=સ્નાનાદિમાં જીવહિંસા તથા 'પાક'=ધાન્યાદિથી યજ્ઞના ચરુ આદિના નિર્માણ, કે રસોઈ,-એ બેમાં આસક્ત 'લૌકિક ઋષિઓ' = સ્વબુદ્ધિએ માયારહિત તાપસો, તથા 'કુલિંગી' = માયાવી બૌદ્ધ સાધુ આદિ (ગૃહસ્થીપણું અને સાધુપણું) બંનેથી ચૂકેલા (બિચારા) જીવે છે તે 'દારિદ્રય જીવલોક' = દરિદ્રતાની જેમ

सव्वो न हिंसियव्वो, जह महीपालो तहा उदयपालो ।
न य अभयदाणवइणा, जणोवमाणेण होयव्वं ॥४६३॥

पाविज्जइ इह वसणं, जणेण तं छगलओ असत्तुत्ति ।
न य कोई सोणियबलिं, करेइ वग्घेण देवाणं ॥४६४॥

---

દૈન્યવૃત્તિથી જીવિકાને જીવનારા હોય છે. (ગૃહસ્થ કરતાં વિલક્ષણ ચેષ્ટા, તેથી ગૃહસ્થપણું નહિ; હિંસાદિમાં પ્રવર્તમાન, તેથી સાધુપણું નહિ.)

(૪૬૩) (ત્યારે મોહ-મુક્ત જીવો આ જુએ છે, કે) સર્વ યાને કોઈ પણ જીવની હિંસા કરવા જેવી નથી, કિન્તુ જેમ 'મહીપાલ'=રાજા, તેમ 'ઉદકપાલ'=રંક, (બંને સમાન લેખવાયોગ્ય છે, અપમાન-તિરસ્કારને યોગ્ય નથી.) અભયદાનના સ્વામી(અભયદાનવ્રતી)એ સામાન્ય જન(ની ઉપમાવાળા અર્થાત્ લૌકિક) જેવા નહિ થવું જોઈએ. (અવિવેકી લૌકિક ધર્મવાળા કહે છે-''અગ્નિ મૂકનાર, ઝેર દેનાર, શસ્ત્ર ઉગામનાર, ધનચોર, પુત્રચોર, ને સ્ત્રીચોર, - આ છ આતતાયી છે, આને તથા વેદાન્ત પારગામીના હત્યારાને મારી નાખવા જોઈએ. એમાં પાપ નથી. જે એમ માને છે કે પીડા આપનારને પણ પીડા ન કરવી, તે બાયલા છે.'' આવા અવિવેકી લૌકિક જેવા ન થતાં અહિંસક બન્યા રહેવું.)

(૪૬૪) 'ઈહ'=જગતમાં (અવિવેકી માણસ દ્વારા (નબળાને જ દુઃખ-સંકટ પમાડાય છે;) દા.ત. બકરો અશક્ત છે. માટે તેને (દેવી આગળ બળિદાન કરવા) દુઃખ પમાડાય છે. મેલા દેવો આગળ કોઈ વાઘથી (એના) લોહીની બળિ કરતું નથી. (માટે તું તેવો ન થતાં તારી હીલના તિરસ્કાર કરનાર નબળાને પણ ક્ષમા દેજે; ક્રોધ કે સામનો ન કરીશ; કેમકે આ માણસ માત્ર

✱ वच्चइ खखेण जीवो, पित्तानिलधाउसिंभखोभेहि ।
उज्जमह मा विसीअह, तरतमजोगो इमो दुलहो ॥४६५॥

पंचिदियत्तणं माणुसत्तणं, आरिए जणे सुकुलं ।
साहुसमागम सुणणो, सद्दहणाऽरोग पव्वज्जा ॥४६६॥

---

આ લોકનો અપકારી છે, ત્યારે ક્રોધ-હિંસા એ પરલોક-અપકારી છે. પરલોક કાળ દીર્ઘાતિદીર્ઘ છે. અહીં કેટલું જીવવાનું છે?)

•(૪૬૫) જીવ પિત્ત-વાયુ-(રસ રુધિરાદિ ધાતુ કે કફના પ્રકોપથી ક્ષણવારમાં (પરલોક) ચાલ્યો જાય છે. (માટે હે શિષ્યો !) ઉદ્યમ કરો, (સદનુષ્ઠાનોમાં) વિષાદ-કંટાળો-શિથિલતા લાવો નહિ; (કેમકે) 'તરતમજોગો'= એકેકથી ચડિયાતા આ (હવે કહેવાશે તે) ધર્મના સાધન (-સામગ્રી)નો યોગ દુષ્પ્રાપ્ય છે. (એ જો અહીં મળેલ છે, તો પ્રમાદ કરવો ઉચિત નહિ.)

(૪૬૬) (એ ધર્મ-સાધનો આ,-) 'પંચેન્દ્રિયપણું'=સંપૂર્ણ પાંચે ઇન્દ્રિયો, મનુષ્યજન્મ, (તે પણ મગધાદિ) આર્યદેશમાં (જન્મ, એમાં ય ધર્મયોગ્ય) સારું કુળ, સદ્ગુરુસાધુ-સમાગમ, (ધર્મશાસ્ત્રોનું) શ્રવણ, (સાંભળેલા પર) 'શ્રદ્ધા'='આ એમજ છે' એવી તત્ત્વપ્રતીતિ (તત્ત્વપર દ્રઢ વિશ્વાસ) , નીરોગીપણું (સંયમભાર-વહનનું સામર્થ્ય), અને 'પ્રવ્રજ્યા' = સદ્વિવેકથી સર્વસંગ ત્યાગરૂપ ભાગવતી દીક્ષા. (આ બધા 'તરતમ યોગ' યાને ઉત્તરોત્તર ચડિયાતા અને અતિ દુર્લભ ધર્મકારણો છે. આવો ઉપદેશ છતાં વર્તમાન સુખમાં લુબ્ધ દુર્બુદ્ધિ ધર્મ કરતો નથી ! એ કેવો પસ્તાય છે, તો કે)

आउं संविल्लंतो, सिढिलंतो बंधणाइं सव्वाइँ ।
देहट्ठिइं मुयंतो, झायइ कलुणं बहुं जीवो ॥४६७॥

✷ इक्कं पि नत्थि जं सुट्ठु, सुचरियं जह इमं बलं मज्झ ।
को नाम दढक्कारो, मरणंते मंदपुण्णस्स ॥४६८॥युग्मम्॥

सूल-विस-अहि-विसूई, पाणी-सत्थ-ग्गि-संभमेहिं च ।
देहंतरसंकमणं, करेइ जीवो मुहुत्तेण ॥४६९॥

---

(૪૬૭) (પિત્તાદિના પ્રકોપથી ઉપક્રમ નજીક હોઈ આયુષ્યને સંકોચતો, સર્વ અંગોપાંગોના સાંધાઓને શિથિલ કરતો, અને (અંતે 'દેહસ્થિતિને'=) દેહવાસને, ('ચ' શબ્દથી પુત્ર-સ્ત્રી-ધન આદિને) છોડતો, એ (વિવેકીઓને દયા ઊપજે એવું) કરુણપણે બહુ પ્રકારનું ચિંતવે છે.- (કે અરેરે ! મેં હીનભાગીએ શીઘ્ર મોક્ષ આપે એવા મહાન જિનશાસનને પામવા છતાં વિષયલંપટતાથી સતત મહા દુઃખદાયી સંસારનાં જ કારણોરૂપ આરંભ-વિષય-પરિગ્રહ સેવ્યા ! તો હાય ! પરભવે મારે ઓથ કોની ?....)

(૪૬૮) (હાય !) એવું મારે એક પણ 'સુષ્ઠુ સુરચિતં'= સારી રીતે આચરેલું સુકૃત નથી કે જેથી મારી પાસે આ (સદ્‌ગતિમાં જવાનું) સામર્થ્ય હોય ! તો (જીવનમાં સારાં સુકૃતોની સામગ્રી હારી જવાથી યાને નિષ્ફળ કરવાથી) મરણનાં અંતકાળે મંદભાગી મારે દ્રઢ આલંબન કોનું ? (એમ કરુણ રુદન કરે છે.)

(૪૬૯) (માત્ર પિત્તાદિના પ્રકોપથી જ આયુષ્યક્ષય નહિ, કિન્તુ) શૂળ, ઝેર, સર્પ, 'વિસૂઈ'=ઝાડા-ઊલટી, પાણી(નું પૂર), શસ્ત્ર, આગ, અને 'સંભ્રમ'=આઘાત (અતિભય વગેરેનો

कत्तो चिंता सुचरिय-तवस्स गुणसुट्ठियस्स साहुस्स ? ।
सोग्गइ-गम-पडिहत्थो, जो अच्छइ नियभ-भरियभरो ।४७०।।

साहंति य फुडविअडं, मासाहस-सउण-सरिसया जीवा ।
न य कम्मभार-गरुयत्तणेण तं आयरंति तहा ।।४७१।।

वग्घमुहम्मि अहिगओ, मंसं दंतंतराउ कड्ढेइ ।
मा साहसं तिजंपइ, करेइ न य तं जहाभणियं ।।४७२।।

---

આંચકો હૃદયાઘાત)થી 'મુહુત્તેણ'=અતિ અલ્પકાળમાં, જીવ(આ દેહ છોડી) બીજા દેહમાં સંક્રમણ (ગમન) કરે છે. (અંતે આ ચિંતા ને શોક ધર્મ નહિ કરનારાને થાય છે; કિન્તુ)

(૪૭૦) જેણે સુંદર રીતે (અનશનાદિ ૧૨ પ્રકારનો) તપ આચર્યો છે, ને જે સંયમગુણમાં સુસ્થિર છે, એવા સાધુને (મોક્ષ સાધકને) ચિંતા ક્યાંથી હોય ? કે જે 'નિયમો'=દ્રવ્યાદિ અભિગ્રહોરૂપી માલથી ભરેલા ગાડાવાળા છે; ને માટે જ 'સોગ્ગઈ -ગમ -પડિહત્થો' = સ્વર્ગ-મોક્ષરૂપ સુગતિગમનમાં દક્ષ ચતુર છે. (અર્થાત્ આવા સાધુને જીવનમાં અંતે ચિંતા-શોક કરવાનો રહે જ નહિ.)

(૪૭૧) (લઘુકર્મી આત્માર્થી આમ આરાધે છે, પરંતુ ગુરુકર્મી માનાકાંક્ષી) 'મા સાહસ' પંખી જેવા જીવો બીજાઓને 'સ્ફુટ'=સ્પષ્ટપણે 'વિકટં'=વિસ્તારથી ઉપદેશે છે ખરા, પરંતુ કર્મના ભારથી ભારેપણાને લીધે તે (ઉપદેશેલ કર્તવ્ય)ને તે પ્રમાણે (સ્વયં) આચરતા નથી.

(૪૭૨) (માસાહસ પંખીનું દ્રષ્ટાન્ત આ પ્રમાણે-) (ખાઈ પી મોં ફાડી સૂતેલા) વાઘના મોંમાં પેઠેલું (પંખી, એ વાઘના) દાંતના આંતરાઓમાંથી માંસના કણિઆઓ ખેંચે (ને ખાય) છે, અને

परिअट्टिऊण गंथत्थ-वित्थरं निहसिऊण परमत्थं ।
तं तह करेइ जह तं, न होइ सव्वं पि नडपढियं ॥४७३॥
पढइ नडो वेरग्गं, निव्विज्जिज्जा य बहुजणो जेण ।
पढिऊण तं तह सढो, जालेण जलं समोअरइ ॥४७४॥

✱ कह कह करेमि, कह मा करेमि, कह कह कयं बहुकयं मे।
जो हिययसंपसारं, करेइ सो अइकरेइ हियं ॥४७५॥

---

'મા સાહસ' (સાહસ ન કરો) એમ બોલે છે, છતાં પોતે તે બોલવા પ્રમાણે (સાહસ ન કરવાનું) આચરતું નથી.

(૪૭૩) (માસાહસ પંખીની જેમ), સૂત્ર અને અર્થવિસ્તાર (અનેકવાર) પુનરાવર્તનથી સારા અભ્યસ્ત કરીને, તથા (માત્ર અક્ષર પાઠ નહિ, કિન્તુ સોનાને કસોટી પર કસવાની જેમ) પરમાર્થને-સારને ખેંચીને પણ, (ભારે કર્મીપણાને લઈને) વર્તાવ એવી રીતે કરે છે કે એ બધું લઘુતા પામે છે, અને પરલોકે અનર્થ લાવનારું બને છે. જેમકે નટનું ભાષણ. તે આ રીતે,-)

(૪૭૪) નાટકીયો (સ્પષ્ટ ભાષાથી) વૈરાગ્ય(નાં વચન) બોલે છે, જેથી બહુ લોક સંસારથી ઉભગી જાય, (પરંતુ)શઠ એ 'તથા'=એવા જ અભિનય (હાવભાવ) સાચવીને વૈરાગ્યનું બોલીને (બહુજનને અસર થઈ જાય, [illegible] ધર્મકથા કરે,) એ (શઠ માણસ માછીમારની જેમ માછલા પક[illegible] જાળ વડે પાણીમાં ઊતરે છે. (ધર્મકથારૂપી જાળથી ભોળા જીવોને આકર્ષી એમની પાસેથી આહાર-વસ્ત્રાદિ મેળવે છે, પણ પોતે સુખશીલિયો બની સંયમાદિ આરાધતો નથી.)

(૪૭૫) (માટે વિવેકથી પ્રતિક્ષણ આ વિચારવું, કે ''હિતકર અનુષ્ઠાનો) હું કેવી રીતે (અતિશય આદરથી) કરું ? (અહિતકરમાં) કેમ ન ફસું ? કેવી કેવી રીતે કરેલું

सिढिलो अणायरकओ, अवसवसकओ तहा कयावकओ ।
सययं पमत्तसीलस्स, संजमो केरिसो होज्जा ? ॥४७६॥
चंदु व्व कालपक्खे, परिहाइ पए पए पमायपरो ।
तह उग्घरविघरनिरं-गणो य ण य इच्छियं लहइ ॥४७७॥
भीओव्विग्गनिलुक्को, पागडपच्छन्नदोससयकारी ।
अप्पच्चयं जणंतो, जणस्स धी जीवियं जियइ ॥४७८॥

---

'બહુકૃત'=બહુગુણકારી થાય ?'' એમ જે (બુદ્ધિમાન) હૃદયમાં આ ભાવના કરે છે, ને આત્મહિતને 'અઈકરેઈ'=અત્યંત વેગથી સાધે છે. ('અતિશય આદરથી' એટલા માટે કહ્યું, કે)

(૪૭૬) સતત 'પ્રમાદશીલ'=વિષય-વાંછાવાળાને સંયમ શિથિલ (અતિચારભર્યું) હોય, (કેમકે) અનાદરથી-અયતનાથી કરાતું હોય, (વળી ક્યાંક યતના પણ બીજાના ભયથી કરે, 'અવસવસકઓ' ગુર્વાદિ પ્રત્યેની) પરવશતા-વશ આચરાતું હોય, (કિન્તુ આત્મ-ધર્મશ્રદ્ધાથી નહિ વળી ક્યારેક સંપૂર્ણ આરાધનામય, તો કયારેક અવિચારીપણાને લીધે સંપૂર્ણ વિરાધનામય હોવાથી) 'કૃત-અપકૃત'=આરાધ્યા-વિરાધ્યા જેવું હોય, એ સંયમ કેવું ક હોય ? (કશીય કિંમતનું નહિ.)

(૪૭૭) 'પદેપદે' સ્થાને સ્થાને પ્રમાદ-તત્પર (સાધુ) 'કાલપક્ષે'=કૃષ્ણ પક્ષના ચંદ્રની જેમ (ગુણોની અપેક્ષાએ) ક્ષીણ થતો જાય છે, અને ગૃહસ્થપણાનું ઘર તો ગયું, પરંતુ સાધુપણામાં ય વિશિષ્ટ મુકામ ન મળે, તેમજ અંગના પણ ગઈ, (એટલે સંક્લિષ્ટ અધ્યવસાયથી પ્રતિક્ષણ પાપ બાંધે છે, ને ઘર-ગૃહિણી વગેરે સાધન ન હોવાથી) ઇચ્છિત (વિષય)સુખ મળતું નથી.)

(૪૭૮) (વળી એવો પ્રમાદી જીવ 'કોણ મને શું કહેશે ?' એમ) ભયભીત રહે છે, (કયાંય પણ ધૈર્ય-સ્થૈર્ય ન હોવાથી)

न तहिं दिवसा पक्खा, मासा वरिसा वि संगणिज्जंति ।
जे मूलउत्तरगुणा, अक्खलिया ते गणिज्जंति ।।४७९।।

जो नवि दिणे दिणे संकलेइ, के अज्जअज्जिया मि गुणा ? ।
अगुणेसु अ न हु खलिओ, कह सो करिज्ज अप्पहियं ।।४८०।।

---

ઉદ્વિગ્ન રહે છે, તેમજ (સંઘપુરુષો આદિના ભયથી) 'નિલુક્કો'=છુપાતો રહે છે; (કેમકે) પ્રગટ અને પ્રછન્ન (ગુપ્ત) સેંકડો દોષ સેવનારો હોય છે, (એટલા જ માટે એવો જીવ લોકને 'ખરેખર ! આમનો ધર્મ એમના શાસ્ત્રકારોએ આવો જ બતાવ્યો લાગે છે !' એવી બુદ્ધિ કરાવી) લોકોને ધર્મ પર અવિશ્વાસ પેદા કરનારો બની ધિક્કારપાત્ર જિંદગીને જીવે છે. (માટે નિરતિચાર સંયમ પાળવું.)

(૪૭૯) ('ભલે સાતિચાર પણ મારે લાંબો ચારિત્ર પર્યાય હોઈ ઇષ્ટસિદ્ધિ થશે' એમ નહિ માનવું, કેમકે) 'તહિં'=ધર્મના વિચારમાં ને ઇષ્ટસિદ્ધિમાં જે દિવસો, પખવાડિયા, મહિના અને વરસો પણ (માત્ર સારી સંખ્યામાં પસાર થાય તેટલા માત્રથી તે) ગણતરીમાં નથી આવતાં, કિન્તુ અસ્ખલિત નિરતિચાર મૂળ-ઉત્તર ગુણો (ની આરાધના)વાળા પસાર થયા તે જ ગણતરીમાં આવે છે; (કેમકે એ જ ઇષ્ટસાધક છે: માત્ર ચિર દીક્ષિતતા નહિ, કિન્તુ નિરતિચારિતા ઈષ્ટની સાધક બને છે, ને તે અત્યંત અપ્રમાદિને હોય. કેમકે)

(૪૮૦) જે દિન પ્રતિદિન (ને 'પણ'થી રાત્રિના ય) સંકલના કરતો નથી, (સમ્યગ્ બુદ્ધિથી તપાસી અંદાજ કાઢતો નથી) કે "આજે હું ક્યા ગુણ (જ્ઞાનાદિ) કમાયો ? અને ક્યાં દોષો (મિથ્યાત્વાદિ)માં સ્ખલિત પતિત ન થયો ? (ક્યાં અતિચારથી બચ્યો ?)," એ સ્વાત્મહિત શું સાધે ? (કેમકે એ સંકલના નહિ

इय गणियं इय तुलिअं, इय बहुहा दरिसियं नियमियं च ।
जह तह वि न पडिबुज्झइ, किं कीरइ ? नूण भवियव्वं ॥४८१॥

किमगं तु पुणो जेणं, संजमसेढी सिढिलिकया होइ ।
सो तं चिय पडिवज्जइ, दुक्खं पच्छा उ उज्जमई ॥४८२॥

કરનારો સુસંસ્કાર-શૂન્ય છે. સાધનાના સંકલનથી સુસંસ્કાર પડે છે.)

(૪૮૧) એ પ્રમાણે ('સંવચ્છરમુસભજિણો' ગાથાથી ભગવાનના વાર્ષિકતપ વગેરે સદ્અનુષ્ઠાનોની) ગણતરી કરી, (અવંતીસુકુમાલના દ્રષ્ટાન્તાદિથી) તુલના કરી, (આર્ય મહાગિરિના દ્રષ્ટાન્તાદિથી) અનેક પ્રકારે સદ્અનુષ્ટાનો દર્શાવ્યા, અને ('ચ'=અન્વય-વ્યતિરેકથી, સમિતિ -કષાયા -દિની તથા ગોચરીના ૪૨ દોષોનો ત્યાગ વગેરે અંગેની ગાથાઓથી 'આ આરાધના માર્ગ' 'આ વિરાધના માર્ગ' એમ) નિયંત્રણ-નિયમન સૂચવ્યું, તો પણ જો (આટલા પ્રેમ આદરથી કહેવાવા છતાં જીવ) પ્રતિબોધ ન પામે, (કેમકે ભારેકર્મી જીવ તત્વદર્શી બની શકતો નથી), તો (બીજું વધારે) શું કરાય ? નિશ્ચે (એવા જીવોને સંસારમાં હજી અનંતકાળ) હોવો જોઈએ.

(૪૮૨) 'કિમગં'=કિમંગ (પ્રાકૃત હોવાથી અનુસ્વાર વિપર્યાસ, તેથી 'અગં'ને બદલે 'અંગ' પદ લેવાનું. એ આમંત્રણાર્થે, હે શિષ્યો !) જે (પુણ્યશાળી) સંયમ શ્રેણિ (ગુણસ્થાનકશ્રેણિ પ્રાપ્ત કરીને પણ એ)ને શિથિલ કરવાનું કરે છે, (એના પ્રત્યે અનાદર કરે છે, તો ગુણ પ્રાપ્ત નહિ કરનાર કરતાં તે વધુ અધમ છે; કેમકે પછીથી એમાંથી પાછો નહિ વળી શકતાં,) એ તે જ શૈથિલ્યને અપનાવે છે, અને પાછળથી ઉદ્યમ કરવો એને અતિ અતિ મુશ્કેલ હોય છે. (કેમકે મહામોહની વૃદ્ધિ થઈ હોય છે.)

जइ सव्वं उवलद्धं, जइ अप्पा भाविओ उवसमेणं ।
कायं वायं च मणं, उप्पहेणं जह न देई ॥४८३॥

✱ हत्थे पाए न खिवे, कायं चालिज्ज तंपि कज्जेणं ।
कुम्मो व्व सए अंगे अंगोवंगाइं गोविज्जा ॥४८४॥

विकहं विणोयभासं, अंतरभासं अवक्कभासं च ।
जं जस्स अणिट्ठमपुच्छिओ, य भासं न भासिज्जा ॥४८५॥

---

(૪૮૩) (લઘુકર્મી ઉપદેશ યોગ્ય હોઈ એમને ઉદ્દેશીને કહે છે,) જો તમને પૂર્વોક્ત તથા અન્ય શાસ્ત્રોક્ત બધું સારી રીતે સમજાયું હોય, અને તમારા આત્માને ઉપશમ(યાને રાગાદિ પર વિજય)થી ભાવિત(રંગાયેલો) કર્યો હોય, તો (ભાવી દોષના નિરોધ અને પૂર્વદોષના ક્ષય માટે) કાયા, વાણી અને મનને (એવા શુભમાં પ્રવર્તાવો કે જેથી તમે એને) ઉન્માર્ગથી (પ્રવર્તવા) અવકાશ ન આપો. (અર્થાત્ મન-વચન કાયાના યોગ ઉન્માર્ગમાં ન પ્રવર્તે એ રીતે વર્તવું.)

(૪૮૪) (કાયયોગ-નિયંત્રણમાં,-) હાથ-પગને નિષ્પ્રયોજન નહિ ચલાવવા. કાયાને પ્રવર્તાવે તે પણ (જેમ તેમ નહિ, કિન્તુ જ્ઞાનાદિ) પ્રયોજનથી જ. બાકીમાં તો કાચબાની જેમ (પોતાના હાથ-આંખ વગેરે) અંગોપાંગને પોતાના શરીરમાં જ ગોપવી રાખજે. (અર્થાત્ સહજભાવે છે તેમ રાખજે.)

(૪૮૫) (વચનયોગ-નિયંત્રણમાં,-) દેશકથાદિ વિકથા (નો એક અક્ષર પણ) બોલીશ નહિ, (જ્ઞાનાદિ પ્રયોજન વિનાનાં ને માત્ર સમય પસાર કરવાના) વિનોદ વચન ન બોલીશ, ગુરુના બોલવાની વચ્ચે વચ્ચે ન બોલીશ, (જકાર, મકાર, અલ્યા વગેરે) 'અવાક્ય'=અવચનીય શબ્દથી ન બોલીશ, તેમજ જેને કોઈને

अणवट्ठियं मणो जस्स, झायइ बहुयाइं अट्टमट्टाइं ।
तं चितिअं च न लहइ, संचिणइ अ पावकम्माइं ॥४८६॥

जह जह सव्वुवलद्धं, जह जह सुचिरं तवोवणे वुच्छं ।
तह तह कम्मभरगुरु, संजमनिब्बाहिरो जाओ ॥४८७॥

विज्जप्पो जह जह ओसहाइं, पिज्जेइ वायहरणाइं ।
तह तह से अहिययरं, वाएणाऊरियं पुट्टं ॥४८८॥

---

જે 'અનિષ્ટ'-અપ્રિય લાગે તે ન બોલીશ, સામાના વગર પૂછયે (વાચાલતાથી) બોલીશ નહિ.

(૪૮૬) (મનોયોગ-નિયંત્રણમાં,-) જેનું મન ચંચળ છે, તે (પાપ સંબંધી) જુદા જુદા પ્રકારના આહટ્ટ-દોહટ્ટ વિચારો કરે છે, અને એ વિચારેલું (પોતાને ગમવા પ્રમાણે) મળતું-વળતું નથી, ને (ઊલટું નિરર્થક પ્રતિક્ષણે નરકાદિને યોગ્ય અશાતાવેદનીયાદિ) પાપકર્મો ભરપૂર બાંધે છે; (માટે સ્થિર-શુદ્ધ મન બનાવી આવા આહટ્ટ-દોહટ્ટ વિચારો બંધ કરજે.)

(૪૮૭) (ભારે કર્મીની ઊંધી ચાલ કેવી? તો કે જ્ઞાનાવરણના ક્ષયોપશમથી આગમની વાતો) જેમ જેમ બધી જાણતો ગયો, અને જેમ જેમ સારો દીર્ઘકાળ 'તપોવન' = સુસાધુ -સમુદાયમાં રહેતો થયો, તેમ તેમ (મિથ્યાત્વાદિ) કર્મના થોકથી ભારે થતો, 'સંયમ'=આગમોક્તના આચરણથી 'બાહ્ય'=દૂર થતો ગયો.

(૪૮૮) 'વિજ્જપ્પો' આપ્ત (વિશ્વસનીય) વૈદ્ય જેમ જેમ (જાતના ભાન વિનાના કુપથ્યસેવી) રોગીને વાયુનાશક સૂંઠ ઓસડો પાય, તેમ તેમ તે દરદીને પેટ (પહેલાં કરતાં પણ) અધિક વાયુથી ભરાતું જાય છે. (એ પ્રમાણે ભગવાન જિનવચનરૂપી ભાવવૈદ્ય પાસેથી આત્મભાન વિનાનો અનેક

दड्ढझउमकज्जकरं, भिन्नं संखं न होइ पुण करणं ।
लोहं च तंबविद्धं, न एइ परिकम्मणं किंचि ॥४८९॥

को दाही उवएसं, चरणालसयाण दुव्विअड्ढाणं ?
इंदस्स देवलोगो, न कहिज्जइ जाणमाणस्स ॥४९०॥

રીતે પાપિષ્ઠ સાધુ રોગી જેમ જેમ કર્મરોગહર આગમપદોરૂપી ઔષધો પીતો જાય છે, તેમ તેમ એનું ચિત્તરૂપી પેટ પાપ-વાયુથી અધિકાધિક ભરાતું જાય છે, અર્થાત્ પાપીસાધુ જેમ જેમ શાસ્ત્રો ભણતો જાય ને તપ કરતો જાય તેમ તેમ વધુ વધુ મોહમાં અસંયમની પ્રવૃત્તિમાં ફસાતો જાય છે.)

(૪૮૯) (જિનવચન-વૈદ્યના ઉપચારથી પણ અસાધ્ય એ અસાધ્ય જ છે, જેમકે) બળી ગયેલી લાખ કામની નથી રહેતી, ફૂટેલો શંખ સંધાતો નથી, તાંબે વીંધેલું લોઢું હવે કાંઈ પણ 'પરિકર્મ'=સુધારો (પૂર્વઅવસ્થા) પામી શકતું નથી. (એમ એ પાપીસાધુ પુનઃ સંયમપ્રાપક ચિકિત્સાને અયોગ્ય બને છે.)

(૪૯૦) ચારિત્રમાં આળસુ (પ્રમાદી અને શાસ્ત્રના ઇધર-ઉધરના વાક્યોને વિપરીત રીતે લગાવનાર) પંડિતમાની દોઢ ડાહ્યાને સત્યતત્ત્વનો ઉપદેશ કોણ આપશે? દેવલોકને નજરે જોનારા ઈંદ્ર આગળ કોઈ દેવલોકનું વર્ણન કરતું નથી. (કરનારો ઈંદ્રથી ઉપહાસ્ય બને, ઈંદ્રની દ્રષ્ટિએ તુચ્છ દેખાય છે; એમ પોતાની જાતને જાણકાર માની બેઠેલા જનો તત્ત્વબોધ આપનારની હાંસી કરે છે, અર્થાત્ તત્ત્વોપદેશકને તુચ્છ લેખે છે. ખરેખર તો એવાઓ પ્રબળ મોહનિદ્રાથી ઘેરાયેલા હોઈ અન્યાન્ય ઉન્માર્ગ પ્રવૃત્તિ કરનારા હોવાથી વાસ્તવમાં આગમના જાણકાર જ નથી.)

जो चेव जिणवरेहिं, जाइजरामणविप्पमुक्केहिं ।
लोगम्मि पहा भणिया, सुस्समण सुसावगो वाऽवि ॥४९१॥

भावच्चणमुग्गविहारया य, दव्वच्चणं तु जिणपूआ ।
भावच्चणाउ भट्ठो, हविज्ज दव्वच्चणुज्जुत्तो ॥४९२॥

जो पुण निरच्चणो च्चिअ, सरीरसुहकज्जमित्ततल्लिच्छो ।
तस्स न हि बोहिलाभो, न सुग्गई नेय परलोगो ॥४९३॥

---

(૪૯૧) (સંયમથી દૂર રહેલાનો વર્તાવ ઉન્માર્ગ કેમ ? તો કે) જન્મ-જરા-મૃત્યુથી અત્યંત મુક્ત જિનેશ્વર ભગવંતોએ જગતમાં (આત્મ કલ્યાણના) બે જ માર્ગ ફરમાવ્યા છે; એક સુસાધુ થાય તે, અને તે ન બની શકે તો બીજો માર્ગ સુશ્રાવક થાય તે. (સંવિગ્ન પાક્ષિકનો ત્રીજો માર્ગ સન્માર્ગનો પક્ષપાતી હોવાથી આ બે માર્ગમાં જ સમાઈ જાય છે. આ બે માર્ગને જ બીજા શબ્દોમાં ભાવાર્ચન - દ્રવ્યાર્ચન ભાવસ્તવ દ્રવ્યસ્તવ કહેવાય છે.)

(૪૯૨) 'ભાવાર્ચન'=ભગવાનની તાત્ત્વિક પૂજા ઉગ્ર વિહારીપણું (ઉદ્યત વિહાર) જ છે. 'દ્રવ્યાર્ચન' = ભાવપૂજાની અપેક્ષાએ ગૌણ પૂજા પુષ્પાદિથી જિનબિંબની પૂજા છે. ભાવાર્ચનથી ભ્રષ્ટ થયેલો (તેવી શક્તિના અભાવે તે નહિ પાળી શકનારો) દ્રવ્યાર્ચન માટે ઉદ્યમી બને. (કેમકે દ્રવ્યપૂજા પણ પુણ્યાનુબંધી પુણ્યનું કારણ હોઈ પરંપરાએ ભાવપૂજાનું કારણ બને છે.)

(૪૯૩) ત્યારે, જે 'નિરચ્ચણો'=દ્રવ્ય-ભાવઅર્ચનથી અર્થાત્ ચરણકરણ અને સમ્યગ્ જિનપૂજાથી રહિત હોય છે, એને તો એકમાત્ર શરીરસુખનાં કાર્યોમાં જ ગાઢ લંપટતા હોય છે. (પરભવે) આવાને 'બોધિલાભ' જૈનધર્મની પ્રાપ્તિનો લાભ થાય

कंचणमणिसोवाणं, थंभसहस्सुसिअं सुवण्णतलं ।
जो कारिज्ज जिणहरं, तओऽवि तवसंजमो अहिओ ।।४९४।।

निब्बीए दुब्भिक्खे, रण्णा दीवंतराओ अन्नाओ ।
आणेऊणं बीअं, इह दिन्नं कासवजणस्स ।।४९५।।

केहि वि सव्वं खइयं, पइन्नमन्नेहिं सव्वमद्धं च, ।
वुत्तं गयं च केइ, खित्ते खुट्टंति संतत्था ।।४९६।।

---

નહિ, તેમ 'સુગતિ'=મોક્ષ ન થાય, કે 'પરલોક'=સુદેવત્વાદિ મળે નહિ.

(૪૯૪) (ભાવપૂજાનું કેવું માહાત્મ્ય ? તો કે ચંદ્રકાંતાદિ) મણિઓ જડેલા સુવર્ણના પગથિયાવાળું, એક હજાર થાંભલાઓથી ઊંચું (ભારે વિસ્તૃત), ને સોનાની ફરસીવાળું જિનમંદિર જે બનાવરાવે, એના કરતાં તપપ્રધાન સંયમ ચડિયાતું છે; (કેમકે એનાથી જ મોક્ષ છે. તેથી ભાવપૂજા રૂપ સંયમનો જ પ્રયત્ન રાખવો. માત્ર પ્રમાદ નહિ કરવો; નહિતર મહા અનર્થ નીપજે ! જેમકે,-)

(૪૯૫) 'નિર્બીજ'=જ્યાં વાવેતર પૂરતું ય, ધાન્ય નથી એવો, દુકાળ આવ્યે કોઈ રાજાએ બીજા દ્વીપમાંથી બિયારણ મંગાવીને ખેડૂત લોકોને (પુષ્કળ ધાન્યની પેદાશ માટે) આપ્યું.

(૪૯૬) (એમાં) કેટલાક ખેડૂતો તો એ બધું જ ખાઈ ગયા, બીજાઓ (બધામાંથી અડધું ખાઈ ગયા)ને અડધું 'પકીર્ણ'=વાવ્યું, ત્યારે (વળી બીજાઓએ) 'વૃત્તં'=વાવ્યું ને તે 'ગયં' નિષ્પત્તિને ય પામ્યું, (યાને પાક સુધી પહોંચ્યું); એમાં કેટલાકો (રાજાથી છુપાવી ઘરે લઈ જવા) ઊગેલા પાકને ખેતરમાં જ દાટી દે છે. (તેથી જ પછીથી રાજાની જાણમાં આવતાં, 'અરે !

राया जिणवरचंदो, निब्बीयं धम्मविरहिओ कालो ।
खित्ताइं कम्मभूमी, कासववग्गो य चत्तारि ॥४९७॥

अस्संजएहिं सव्वं, खइयं अद्धं च देसविरएहिं ।
साहुहिं धम्मबीअं, उत्तं नीअं च निप्फत्तिं ॥४९८॥

जे ते सव्वं लहिउं, पच्छा खुट्टंति दुब्बलधिइया ।
तवसंजमपरितंता, इह ते ओहरिअसीलभरा ॥४९९॥

---

આ અમે હવે પકડાવાના !' એવા ભયથી) 'સંત્રસ્તાઃ'=ત્રાસ પામી ગયા (વ્યાકુલતાથી એમની આંખો ફાટી ગઈ, અને રાજાનો પ્રચંડ હુકમ હોવાથી સિપાઈઓથી પકડાતાં) ભારે કષ્ટથી પાયમાલી પામે છે.

(૪૯૭-૪૯૮) (ઉપરોક્ત દ્રષ્ટાન્તનો ઉપનય બતાવે છે) રાજા તરીકે અહીં જિનેશ્વર ભગવાન છે. નિર્બીજ કાળ તરીકે ધર્મરહિત કાળ છે, ખેતરો તરીકે કર્મભૂમિઓ છે, અને ખેડૂત વર્ગ તરીકે (૧. અસંયતઃ અવિરતિ ઘર, ૨. દેશ વિરતિધર, ૩. સર્વ વિરતિધર સુસાધુ અને ૪. પાસત્થા, એ) ચાર છે. (એમને જિનેન્દ્ર દેવે કેવળજ્ઞાન રૂપી દ્વીપમાંથી વિરતિરૂપ ધર્મબીજ લાવીને મોક્ષ-ધાન્યના પાક માટે સોંપ્યા. (૪૯૮) અવિરતિધરો એ વિરતિ-બીજ બધું જ ખાઈ ગયા, (કેમકે એમને વિરતિ નથી;) ને દેશ વિરતિધરો અર્ધું ખાઈ ગયા, સાધુઓએ (વિરતિરૂપ) ધર્મબીજ (પોતાના આત્મક્ષેત્રે) વાવ્યું, ને (સમ્યક્ પાલનથી) પાક સુધી પહોંચાડ્યું.)

(૪૯૯) (પરંતુ ચોથા પ્રકારના પાસત્થા-ખેડૂત એવા છે કે,-) જે એ બધું જ વિરતિ-ધર્મબીજ પામીને પછીથી જિનેન્દ્રરાજાના આદેશ વિરુદ્ધ વર્તીને (પેલા ચોર ખેડૂતની જેમ)

✱ आणं सव्वजिणाणं, भंजइ दुविहं पहं अइक्कतो ।
आणं च अइक्कंतो, भमइ जरामरणदुग्गम्मि ॥५००॥

जइ न तरसि धारेउं, मूलगुणभरं सउत्तरगुणं च ।
मुत्तूण तो तिभूमी, सुसावगतं वरतरागं ॥५०१॥

अरिहंतचेइयाणं, सुसाहूपूयारओ दढायारो ।
सुसावगो वरतरं, न साहुवेसेण चुअधम्मो ॥५०२॥

---

પોતાના આત્મક્ષેત્રમાં એ ધર્મબીજને કૂટે છે (કચરી નાખે છે. કેમકે સ્વીકારેલ વિરતિનાં નિર્વાહ માટે સમર્થ એવું મનોબળરૂપી) ધૈર્ય એમનું દુબળું છે, ને તપ-સંયમમાં થાકી ગયેલા અને શીલના સમૂહને દૂર કરનારા (પાર્શ્વે બાજુએ મૂકનાર તે આ શાસનમાં 'પાર્શ્વસ્થ' કહેવાય) છે.

(૫૦૦) (આ દ્રષ્ટાંત-ઉપનયનું ફલિત એ છે કે સાધુ-શ્રાવકપણાના) દ્વિવિધ માર્ગનું ઉલ્લંઘન કરનારો સમસ્ત જિનેશ્વર ભગવંતોની આજ્ઞાનો ભંજક બને છે; અને જિનાજ્ઞાનો ભંજક જરા-મરણના દુર્ગ(સ્વરૂપ) અનંત સંસારમાં ભટકે છે. (પરંતુ પરિણામ પડી ગયા હોય તો શું કરે ? તે હવે કહે છે.-)

(૫૦૧) જો ઉત્તરગુણો સાથે (મહાવ્રતાદિ) મૂળગુણ સમૂહને (આત્મામાં વ્યવસ્થિત રીતે) ધારણ ન કરી શકતો હોય તો શ્રેયસ્કર એ છે કે (પોતાની જન્મભૂમિ, દીક્ષાભૂમિ અને વિહારભૂમિ) એ ત્રણ ભૂમિ સિવાય(ના પ્રદેશમાં રહી) સંપૂર્ણ ગૃહસ્થ ધર્મ પાળે.

(૫૦૨) (કેમકે) અરિહંત ભગવાનના બિંબોની પૂજામાં રક્ત, ઉત્તમ મુનિઓની (વસ્ત્રાદિથી) પૂજામાં ઉદ્યમી-ઉજમાળ, તથા (અણુવ્રતાદિ દેશ વિરતિ-ધર્મના) આચાર-પાલનમાં દ્રઢ

सव्वं ति भाणिऊणं, विरई खलु जस्स सव्विया नत्थि ।
सो सव्वविरइवाई, चुक्कइ देसं च सव्वं च ॥५०३॥

✱ जो जहवायं न कुणइ मिच्छद्दिट्ठी तओ हु को अन्नो ? ।
वड्ढेइ अ मिच्छत्तं, परस्स संकं जणेमाणो ॥५०४॥

आणाए च्चिय चरणं, तब्भंगे जाण किं न भग्गंति ? ।
आणं च अइक्कंतो, कस्साएसा कुणइ सेसं ॥५०५॥

---

ઉત્તમ શ્રાવક વધુ સારો છે, (પરંતુ) સાધુવેશ રાખીને સંયમ ધર્મથી ભ્રષ્ટ થનારો (સારો) નહિ, કેમકે એ જિનાજ્ઞા-ભંજક અને શાસનની લઘુતા કરાવનારો બને છે.

(૫૦૩) 'સવ્વં (સાવજ્જં....' સમસ્ત પાપપ્રવૃત્તિઓનો ત્રિવિધ ત્રિવિધે ત્યાગ કરું છું) એમ બોલીને જેને સર્વ (પાપ વ્યાપાર અંગે) નિવૃત્તિ છે નહિ, એ સર્વવિરતિ ઉચ્ચરનારો દેશવિરતિ અને સર્વવિરતિથી ચૂકે છે. (કેમકે પ્રતિજ્ઞા પાળતો નથી. માત્ર વિરતિ જ નહિ પણ સમ્યક્ત્વથી ય ચૂકે છે ! કેમકે)

(૫૦૪) જે બોલવા પ્રમાણે પાળતો નથી એના કરતાં (વધીને) બીજો કયો મિથ્યાદ્રષ્ટિ છે ? (અર્થાત્ એ મિથ્યાદ્રષ્ટિ-શેખર છે.) એ બીજાના મિથ્યાત્વને યાને વિપરીત અભિનિવેશને વધારી રહ્યો છે; કેમકે એ બીજાને (પોતાના શિથિલાચારથી સર્વજ્ઞ-આગમ પર) સંદેહ ઉત્પન્ન કરનારો બને છે; ('કે શું આ જિનાગમનો ધર્મ આવો અસદ્ આચારમય જ હશે ? આ ધર્મમાં માત્ર બોલવાનું ખરું, ને આચરવાનું કશું જ નહિ ?')

(૫૦૫) (જિનાજ્ઞાનું મહત્ત્વ કેવું, તો કે) આજ્ઞા પ્રમાણે વર્તન)થી જ ચારિત્ર છે. આજ્ઞાનો ભંગ થાય તો, સમજ, કે શું ન ભાંગ્યું ? (બધો જ ધર્મ નષ્ટ કર્યો.) જો આજ્ઞાનું જ ઉલ્લંઘન

संसारो अ अणंतो, भट्ठचरित्तस्स लिंगजीविस्स ।
पंचमहव्वयतुंगो, पागारो भिल्लिओ जेण ॥५०६॥

✹ न करेमि त्ति भणित्ता, तं चेव निसेवए पुणो पावं ।
पच्चक्खमुसावाई, मायानियडीपसंगो य ॥५०७॥

✹ लोएऽवि जो ससूगो, अलिअं सहसा न भासए किंचि ।
अह दिक्खिओऽवि अलियं, भासइ तो किं च दिक्खाए ॥५०८॥

---

કરે છે તો બાકીનું (અનુષ્ઠાન) કોની આજ્ઞાથી કરે છે? (તાત્પર્ય, આજ્ઞાભંગે વિડંબણા જ છે.)

(૫૦૬) જેણે પાંચ મહાવ્રતરૂપી ઊંચો કિલ્લો તોડી નાખ્યો (ચારિત્રના પરિણામ નષ્ટ કર્યા) એવા ચારિત્ર ભ્રષ્ટ અને 'લિંગજીવી' = સાધુ વેશને (ધંધાનો માલ બનાવી એના) આધારે જ જીવનારાને 'અનંત'=અપરિમિત (દીર્ઘ દુઃખદ) સંસાર ભવભ્રમણા નીપજે છે. (પાંચ મહાવ્રત એ ઊંચો કિલ્લો એટલા માટે કે એથી જીવરૂપી નગરની રક્ષા થાય છે અને એમાં ગુણસમુદાય સુરક્ષિત રહે છે.)

(૫૦૭) (આજ્ઞાભંજક ભ્રષ્ટ-ચારિત્રી કેવોક મહાસાહસિક છે, કે-) 'હું સર્વ સાવદ્ય યોગ નહિ કરું,' એમ પ્રતિજ્ઞા કરીને પાછો એ જ (સ્વયં નિષેધ કરેલા) પાપને બેફામ સેવે છે ! એ સાક્ષાત્ જુઠાં બોલનારો છે, (ધોળે દહાડે ચોરી કરનાર જેવો છે, સુધારાને અયોગ્ય છે. એમાં એને) 'માયા -નિકૃતિ' = આંતર -બાહ્ય દંભ કેળવવાનો જ અવસર રહે છે.

(૫૦૮) (એ જનસામાન્ય કરતાં પણ પાપિષ્ઠ છે; કેમકે,-) લોકમાં પણ જે કાંક 'સશૂક'=કોમળ પાપભીરુ હોય છે, કે (વિચારપૂર્વક કાર્ય કરનારો હોઈ) એકાએક કાંઈ પણ અસત્ય

महव्वयअणुव्वयाइं छंडेउं, जो तवं चरइ अन्नं ।
सो अन्नाणी मूढो, नावाबुड्डो मुणेयव्वो ।।५०९।।

सुबहुं पासत्थजणं नाऊणं, जो न होइ मज्झत्थो ।
न य साहेइ सकज्जं, कागं च करेइ अप्पाणं ।।५१०।।

---

નથી બોલતો. (સહસા પણ અસત્ય ન બોલાઈ જાય એની કાળજી રાખે છે.) ત્યારે સાધુ દીક્ષા લઈને પણ અસત્ય બોલે? તો (એને) દીક્ષાથી શું? (અર્થાત્ કાંઈ જ હિત નહિ, આત્મરક્ષણ ન મળે.)

(૫૦૯) (કહો, 'તપથી બધું સાધ્ય છે' એ શાસ્ત્ર વચનથી સંયમ નહિ પણ તપમાં યત્ન રાખે તો?) મહાવ્રતો-અણુવ્રતોનો ત્યાગ કરીને જે તપને આચરે છે તે અજ્ઞાની છે; કેમકે મોહથી હણાયેલો છે. એને (સમુદ્રમાં નાવડાને ભેદી એમાંના લોખંડના ખીલાને મેળવી લેનાર) 'નાવાબોદ્ર'=નાવામૂર્ખ જેવો જાણવો. (કાણી કરેલી નાવા સમુદ્રમાં ડુબાડી દે, પછી ખીલો મળ્યો તે વ્યર્થ! કશો ઉપયોગી ન થાય; એમ સંયમ-ભંગ ભવમાં ડૂબાડી દે એટલે પૂર્વ તપ સાધેલો વ્યર્થ જાય.)

(૫૧૦) 'સુબહુ'=અનેકાએક પ્રકારના પાસત્થા લોકોને જોઈને જે મધ્યસ્થ નથી બનતો, (મૌન રાખ્યા કરવાનું નથી કરતો, ને તેથી રાગ-દ્વેષમાં આવી જવા દ્વારા) જે પોતાની સાધનાને સારી નથી સાધતો, એ પોતાના આત્માને કાગડા જેવો કરે છે. (કેમકે મૌન ન ધરતાં એ લોકોના દોષ બોલવા જતાં પેલાઓ ભેગા થઈને લોકોમાં પોતે ગુણવાન હંસ જેવા અને આને ગુણહીન કાગડા જેવો ઓળખાવે, એમ બને.)

✹ परिचिंतिऊण निऊणं, जइ नियमभरो न तीरए वोढुं ।
परचित्तरंजणेणं न वेसमित्तेएण साहारो ॥५११॥

निच्छयनयस्स चरणस्सुवघाए नाणदंसणवहोऽवि ।
ववहारस्स उ चरणे हयम्मि, भयणा उ सेसाणं ॥५१२॥

(૫૧૧) 'નિપુણ'=સૂક્ષ્મ બુદ્ધિથી પૂરો વિચાર કરીને જો (જીવનભર મૂળ-ઉત્તરગુણ રૂપ) નિયમોનો સમૂહ વહન કરવો શક્ય ન હોય, તો 'પરચિત્તરંજણેણ'=('આ પણ સાધુ મહારાજ છે' એવી) બીજાને આદર-બુદ્ધિ કરાવનારા વેશ માત્રથી (આત્માને) રક્ષણ ન મળે. (તાત્પર્ય, વેશધારી નગુણો લોકોને મિથ્યાત્વ પામવાનું કારણ બનવાથી અતિગાઢ અપરિમિત સંસાર ઊપાર્જે છે; તેથી વેશત્યાગ શ્રેયસ્કર છે.)

(૫૧૨) (સંયમનાશ છતાં જ્ઞાનદર્શન તો છે જ. તો એ એકાંતે નિર્ગુણી નથી. પછી એવાને, વેશ ત્યાજ્ય કેમ ? તો કે) 'નિશ્ચયનયસ્ય'=નિશ્ચયનયની અર્થાત્ આંતર -તત્ત્વનિરૂપણની દ્રષ્ટિએ (આમ કહેવાય કે) ચારિત્રનો નાશ થતાં જ્ઞાનદર્શનનો પણ નાશ થાય છે. (જ્ઞાનદર્શન એ બે ચારિત્રના સાધક હોઈને જ વાસ્તવિક જ્ઞાનદર્શનરૂપ બને છે.) 'વ્યવહારસ્ય'=વ્યવહારનયની અર્થાત્ બાહ્યતત્વ-નિરૂપણની દ્રષ્ટિએ ચારિત્ર નષ્ટ થતાં બાકી એની ભજના; (અર્થાત્ એકાંત નહિ કે બે નષ્ટ થાય જ. ચારિત્રનું કારણ જ્ઞાનદર્શન છે. ચારિત્ર એ કાર્ય છે. ચારિત્રના અભાવે એ બે હોય અગર ન પણ હોય. (કારણ છતે કાર્ય હોય જ એવો નિયમ નહિ. દા.ત. અગ્નિ છતે ધૂમાડો હોય, યા ન પણ હોય. જેમકે અગ્નિમય લોઢાના સળિયામાં ધૂમાડો નથી હોતો.)

सुज्झइ जई सुचरणो, सुज्झइ सुस्सावओऽवि गुणकलिओ ।
ओसन्नचरणकरणो सुज्झइ संविग्गपक्खरूई ॥५१३॥

* संविग्गपक्खियाणं, लक्खणमेयं समासओ भणियं ।
ओसन्नचरणकरणाऽवि जेण कम्मं विसोहंति ॥५१४॥

* सुद्धं सुसाहुधम्मं कहेइ, निंदइ य नियमायारं ।
सुतवस्सियाणं पुरओ, होइ य सव्वोमरायणीओ ॥५१५॥

(૫૧૩) (સાધુ-શ્રાવક માર્ગની જેમ ત્રીજો સંવિગ્ન પાક્ષિક માર્ગ પણ કાર્ય સાધક છે તે કહે છે,-) દ્રઢ ચારિત્રવાળો મુનિ (સર્વકર્મમળ કલંક ધોવા દ્વારા) નિર્મળ થાય છે. (સમ્યક્ત્વાદિ) ગુણોમાં દ્રઢ સુશ્રાવક પણ નિર્મળ થાય છે. (એમ) ચરણ-કરણ (મૂળ-ઉત્તરગુણ)માં શિથિલ પણ જો 'સંવિગ્નપક્ષ-રુચિ' = મોક્ષાભિલાષી સુસાધુની આચરણાઓની રુચિવાળો (શુદ્ધ પ્રરૂપક) હોય, તો તે પણ નિર્મળ થાય છે. (ગાથામાં 'સુજ્ઝઈ' પદ અનેકવાર આ ભેદ બતાવવા માટે છે કે મુનિને સાક્ષાત્ શુદ્ધિ, ને બાકી બેને પરંપરાએ.)

(૫૧૪) સંવિજ્ઞપાક્ષિક ('સંવિગ્ને'=મોક્ષાભિલાષી સુસાધુવર્ગ ઉપર, 'પક્ષ'=સુંદર બુદ્ધિવાળા)નું આ લક્ષણ (પછીની ગાથામાં કહેવાશે તે) ગણધરાદિએ સંક્ષેપમાં બતાવ્યું છે કે જેના વડે (પ્રાણીઓ કર્મ પરતંત્રતાએ) 'ઓસન્ન ચરણ કરણાવિ'=શિથિલાચારી પ્રમાદી બનેલા છતાં (ક્ષણે ક્ષણે જ્ઞાનાવરણાદિ) કર્મમલ ધોતા રહે છે.

(૫૧૫-૫૧૬) (સંવિજ્ઞપાક્ષિક) નિર્દોષ સાધુ ધર્મની પ્રરૂપણા કરનારો હોય છે, અને પોતાના શિથિલ આચારની નિંદા-ઘૃણા કરનારો હોય છે, તેથી પોતે 'સુતવસ્સિયાણં' = ઉત્તમ સાધુઓની આગળ (અર્થાત્ એમની વચ્ચે રહીને આજના દીક્ષિત

✸ वंदइ न य वंदावइ, किइकम्मं कुणइ, कारवे नेय ।
अत्तट्ठा न वि दिक्खइ, देइ सुसाहूण बोहेउं ॥५१६॥

ओसन्नो अत्तट्ठा, परमप्पाणं च हणइ दिक्खंतो ।
तं छुहइ दुग्गईए, अहिययरं बुड्डइ सयं च ॥५१७॥

✸ जह सरणमुवगयाणं, जीवाणं निकिंतए सिरे जो उ ।
एवं आयरिओ वि हु, उस्सुत्तं पन्नवंतो य (उ) ॥५१८॥

---

સુદ્ધાં) બધા મુનિઓથી 'અવમરાત્નિક' = ન્યૂન પર્યાયવાળો થઈને રહે છે. (૫૧૬) પોતે બધા સુસાધુને વંદન કરે છે, (પણ પોતાની પછીના પણ દીક્ષિત સુસાધુ પાસે) પોતાને વંદન કરાવતો નથી. સ્વયં 'કૃતિકર્મ'=સાધુઓની વિશ્રામણાદિ સેવા-વૈયાવચ્ચ કરે છે, પરંતુ (એમની પાસે પોતાની સેવા) કરાવતો નથી. 'અત્તટ્ઠા'=(પોતાના નિમિત્તે ઉપસ્થિત થયેલને પણ) પોતાને માટે શિષ્ય તરીકે દીક્ષા આપતો નથી, (કિન્તુ બીજાને ધર્મ-દેશનાથી) બોધ પમાડી સુસાધુઓને સોંપી દે છે.

(૫૧૭) (શિથિલાચારી શિષ્ય કેમ ન કરે ? તો કે) શિથિલાચારી પોતાના માટે (જો શિષ્ય તરીકે દીક્ષા આપે તો) એની અને પોતાની હત્યા કરે છે, (ભાવ પ્રાણનો નાશ કરે છે.) તે શિષ્યને (નરકાદિ) દુર્ગતિમાં ફેંકે છે, ને સ્વયં (પૂર્વાવસ્થા કરતાં) વધુ (ભવસાગરમાં) ડૂબે છે.

(૫૧૮) (ઉત્સૂત્ર પ્રરૂપક પણ કેવો ભયંકર ? તો કે) જેવી રીતે 'શરણે'=ભયથી રક્ષણાર્થે સ્વીકારેલા (વિશ્વાસુ) જીવોના જે મસ્તકો કાપે (તે દુઃખદ દુર્ગતિઓમાં પોતાની જાતને ધકેલે છે), એ જ પ્રમાણે (શરણે આવેલા વિશ્વાસુ શિષ્યોને) 'ઉત્સૂત્ર'=આગમને ઓળંગીને પ્રરૂપણા કરનાર તથા

✵ सावज्जजोगपरिवज्जणा उ सव्वुत्तमो जइधम्मो ।
बीओ सावगधम्मो, तइओ संविग्गपक्खपहो ॥५१९॥

सेसा मिच्छद्दिट्ठी, गिहिलिंगकुलिंगदव्वलिंगेहिं ।
जह तिण्णि य मुक्खपहा, संसारपहा तहा तिण्ण ॥५२०॥

संसारसागरमिणं, परिब्भमंतेहिं सव्वजीवेहिं ।
गहियाणि य मुक्काणि य, अणंतसो दव्वलिंगाइं ॥५२१॥

---

'તુ'=આચરણ કરનાર આચાર્ય પણ (સ્વ-પરને દુર્ગતિમાં ધકેલે છે.)

(૫૧૯) સર્વપાપ-પ્રવૃત્તિના ત્યાગના કારણે યતિધર્મ (સાધ્વાચાર) એ સર્વોત્તમ (મોક્ષમાર્ગ) છે, બીજો માર્ગ શ્રાવકધર્મ અને ત્રીજો માર્ગ સંવિગ્નપાક્ષિક ધર્મ છે. (પાછલા બે ધર્મ મોક્ષમાર્ગરૂપ 'ચારિત્ર'ની પ્રત્યે કારણ હોવાથી એ પણ મોક્ષમાર્ગ છે. કારણમાં કાર્યનો ઉપચાર થાય.)

(૫૨૦) (ઉપરોક્ત ત્રણ માર્ગ સિવાય) બાકીના ગૃહિલિંગ-કુલિંગ-દ્રવ્યલિંગથી (ગૃહસ્થપણે ગુરુ, તાપસાદિ ને માત્ર દ્રવ્યથી સાધુવેશ ધારી) એ મિથ્યાદ્રષ્ટિ છે, (વિપરીત દુરાગ્રહથી સંસાર માર્ગે છે.) જેમ ત્રણ મોક્ષમાર્ગ છે એમ ત્રણ સંસારમાર્ગ જાણવા.

(૫૨૧) ('ગૃહસ્થ, સંન્યાસી વગેરે તો સંસારગામી બને, કિન્તુ ભગવાનનો વેશ ધરનાર કેમ બને ?' આવું મનને સમ્યગ્જ્ઞાનાદિના અભાવે લાગે છે, પરંતુ લિંગ (વેશ) માત્રથી રક્ષણ નથી, કેમકે) આ અપાર સંસારસાગરમાં ભટકતા સર્વ જીવોએ અનંતવાર દ્રવ્ય લિંગ (સમ્યક્ત્વ વિનાના સાધુવેશ)

अच्चणुरत्तो जो पुण, न मुयइ बहुसोऽवि पन्नविज्जंतो ।
संविग्गपक्खियत्तं, करिज्ज लब्भिगिसि तेण पहं ।।५२२।।

कंताररोहमद्धाण-ओमगेलन्नमाइकज्जेसु ।
सव्वायरेण जयणाइ, कुणइ जं साहुकरणिज्जं ।।५२३।।

आयरतरसंमाणं सुदुक्करं माणसंकडे लोए ।
संविग्गपक्खियत्तं, ओसन्नेणं फुडं काउं ।।५२४।।

---

લીધા ને મૂકયા છે. (કાળ અનાદિ હોઈને સર્વ પદાર્થો સાથે સંયોગ અસંભવિત નથી.)

(૫૨૨) (અત્યંત નિર્ગુણી વેશ ન છોડે તો ગીતાર્થો એને સમજાવે; અને ગુણદોષ કથન દ્વારા) બહુવાર પણ સમજાવવા છતાં વેશના ગાઢ અનુરાગથી (વેશને વળગી જ રહેનારો હોઈ, ને કાંઈક કોમળ ભાવવાળો હોઈ) વેશ ન છોડે, (એને સમજાવાય કે) તું સંવિગ્ન પાક્ષિકપણું પાળ, જેથી (ચારિત્રધર્મનું બીજાધાન રહેવાથી ભવાંતરે) તું આ સંવિગ્નપાક્ષિકતાથી મોક્ષમાર્ગ પામી શકીશ.

(૫૨૩) (એ સંવિગ્ન પાક્ષિકોનો ઉપયોગ શો ? તો કે) મોટું અરણ્ય-લંઘન, 'રોહ'=પરસૈન્ય ઘેરો, (ભિક્ષા દુર્લભવાળો) 'અદ્ધાણ'=વિહારમાર્ગ, 'અવમ'=દુકાળ, બિમારી, (રાજાનો ઉપદ્રવ) ઈત્યાદિ કાર્યોમાં સર્વ શક્તિએ યતનાથી પ્રવર્તવું, (જેથી મનને ખેદ-વિમાસણ ન થાય.) એમાં સંવિગ્નપાક્ષિક આત્મા જે શોભતું કરણીય હોય યા તપસ્વીનું કાર્ય હોય તે કરે.

(૫૨૪) 'માણસંકડે'=ગર્વથી સાંકડા (તુચ્છ મનના સ્વાભિમાન-ગ્રસ્ત) લોકો વચ્ચે શિથિલાચારીએ અતિશય પ્રયત્નથી (નાના પણ સુસાધુઓને વંદનાદિ) સન્માન કરવા રૂપ

सारणचइआ जे गच्छ-निग्गया पविहरंति पासत्था ।
जिणवयणबाहिरा वि य, ते उ पमाणं न कायव्वा ॥५२५॥

---

સંવિગ્નપાક્ષિકપણું પ્રગટ આચરવું, (યા સ્પષ્ટ નિષ્કપટ ભાવે બહાના વિના આચરવું) એ અત્યંત દુષ્કર છે.

(૫૨૫) (૧. બહુકાળ સંવિગ્ન રહી પછી શિથિલ થાય તે પૂર્વોક્ત ત્રણમાંની કઈ કક્ષામાં ? અથવા ૨. પ્રમાદમાં પડેલા અને ગીતાર્થથી સારણાવારણા પામેલા જો એમ કહે કે 'આ તો અમારાથી મોટેરાઓએ પણ આચરેલું છે.' તો એવાઓ કઈ કક્ષામાં ? તો કે) જે સારણાદિથી કંટાળી એને છોડી દઈ (સદ્ગુરુથી સંચાલિત) સાધુગચ્છમાંથી નીકળી જઈને (યથેષ્ટ પ્રવૃત્તિથી) વિચરતા હોય, તે પણ જિનાજ્ઞાની બાહ્ય છે. (જિનાજ્ઞાની માત્ર પાસે રહેનારા કિન્તુ આચરનારા નહિ, માટે પાસત્થા છે.) એમને 'પ્રમાણ ન કર્તવ્યાઃ'=સુસાધુ તરીકે નહિ માનવા કરવા. (માને તો અર્થાપત્તિથી ભગવાનને અપ્રમાણ માન્યા ગણાય. સંવિગ્નતા જન્મસિદ્ધ પરવાનો નથી, કિન્તુ સંપૂર્ણ સાધુધર્મ તથા ગૃહસ્થધર્મને વર્તમાનકાળે પાળનાર એ સંવિગ્ન સાધુ અને સુશ્રાવક છે, તેમ કહ્યાથી, માર્ગ બહાર પ્રવર્તતો છતાં મનથી મોક્ષમાર્ગને દ્રઢપણે બંધાયેલો એને પક્ષકાર હોય તે સંવિગ્ન-પાક્ષિક છે. એ વિનાના પાસત્થાદિ છે. વર્તમાનના પાસત્થાદિના પૂર્વનાં સંવિગ્નપણાના આચરણની અત્યારે મહત્તા નથી, સારાંશ, લોકાચરણથી વિલક્ષણ આગમ-પરતંત્રતા જ અપરલોક 'મોક્ષ'નું અંગ છે. એ પરતંત્રતા રાખીને શકત્યનુરૂપ જે કાંઈ આચરાય તે જ કર્મ નિર્જરાકારી છે માટે કહે છે,-)

✷ हीणस्स वि सुद्धपरूवगस्स, संविग्गपक्खवायस्स ।
जा जा हविज्ज जयणा, सा सा से निज्जरा होइ ॥५२६॥

सुक्काइयपरिसुद्धे, सइ लाभे कुणइ वाणिओ चिट्ठं ।
एमेव य गीयत्थो, आय दट्ठुं समायरइ ॥५२७॥

आमुक्कजोहिणो च्चिअ, हवइ थोवाऽवि तस्स जीवदया ।
संविग्गपक्खजयणा, तो दिट्ठा साहुवग्गस्स ॥५२८॥

---

(૫૨૬) (નિષ્કલંક ચારિત્ર તો દૂર, કિન્તુ ઉત્તર ગુણોએ કરીને) ન્યૂન છતાં 'શુદ્ધપ્રરૂપક' = યથાવસ્થિત સર્વજ્ઞ -આગમ -પ્રકાશન અને સંવિગ્ન સાધુઓ ઉપર પક્ષપાતવાળાથી જે જે 'જયણા'=(પરિમિત જલાદિ-ગ્રહણમાં દોષ ઓછા લગાડવાની) કાંઈક શુભ પરિણતિરૂપ યતના થાય, તે તે એને (કાયાથી શિથિલ છતાં હૈયે શુદ્ધ આરાધના પર દ્રઢ રાગ અને સદનુષ્ઠાન પર ગાઢ મમતા હોવાથી) નિર્જરાકારી થાય છે.

(૫૨૭) (ગીતાર્થ બહુગુણ ને અલ્પદોષ વિચારી જિનાજ્ઞાનુસાર કાંઈક દોષવાળું સેવે, તો તે પણ મહાનિર્જરાના લાભ માટે થાય છે. કેમકે જેમ વેપારમાં) વણિક રાજ્યના કર આદિ (નોકરના પગાર, વ્યાજ, દુકાનભાડું વગેરે ખર્ચ) ચૂકવ્યા પછી જો નફો રહેતો હોય, તો (વેપારીની) પ્રવૃત્તિ કરે છે. એ જ હિસાબથી 'ગીતાર્થ'=આગમસાર પામેલો પુરુષ (અધિકતર જ્ઞાનાદિનો) લાભ જોઈને (કારણે યતનાથી કાંઈક) સેવે છે.

(૫૨૮) (ગીતાર્થને, આય-વ્યયની તુલના કરીને સપ્રયોજન સેવતાં, નિર્જરાલાભ હો, પરંતુ નિષ્પ્રયોજન સેવનારા એવા સંપૂર્ણ સાધુધર્મ રહિત સંવિગ્નપાક્ષિકના માર્ગનું સમર્થન કેમ કર્યું ? તો કે) 'આમુક્કજોગિણો' = સંયમધર્મની પ્રવૃત્તિઓ

किं मूसगाण अत्थेण, किं वा कागाण कणगमालाए ? ।
मोहमलखवलिआणं, किं कज्जुवएंसमालाए ? ॥५२९॥

સર્વથા છોડી દેનારા સાધુવર્ગનો (વિચાર કરીએ તો) તેને થોડી પણ જીવદયા હોય જ છે, એ કારણે 'સંવિગ્નપક્ષ' = મોક્ષાભિલાષી સુસાધુના પક્ષપાતવાળાને જયણા(પૂર્વોક્ત મનાક્ શુભ પરિણતિ) હોવાનું (ભગવાને) જોયું છે. (તાત્પર્ય, બહુ કાળ કુપથ્યસેવનથી રોગી બનેલાને સુવૈદ્યના સંપર્કાદિથી પથ્યસેવન દ્વારા લાભ દેખવા મળતાં આરોગ્યની આકાંક્ષાથી સર્વથા કુપથ્યત્યાગની ભાવના થાય છે. ને હૈયાથી તો એ પથ્યસેવનને જ ઝંખતો હોય છે; છતાં અમલમાં કુપથ્યત્યાગ ધીરે ધીરે કરતો આવે છે; એમ અહીં બહુકાળ પાસત્થાપણું સેવીને રોગીષ્ઠ બનેલાને સુસાધુજનના સંપર્કાદિથી તીવ્ર ધર્મશ્રદ્ધા અને ગાઢપણે 'સંયમરાગ ઊભા થવા છતાં પાસત્થાપણાનો સર્વથા ત્યાગ દુષ્કર હોઈ એ ધીરે ધીરે ત્યાગ કરતો આવે છે. એમાં એ સંવિગ્ન-પાક્ષિકપણું આરાધે છે. માટે એને ત્રીજા માર્ગ તરીકે અર્થાત્ મોક્ષના પરંપરાએ કારણ તરીકે કહ્યો. બાકી પહેલાં સુસાધુતા પાળી, પણ પછીથી એ છોડી દઈ સુસાધુમાર્ગ પ્રત્યે અનાદરવાળો બને તો એ સંવિગ્નપાક્ષિક પણ નથી.)

(૫૨૯) (આ અનેક પ્રકારના સદ્ ઉપદેશોની માળા સ્વરૂપ ઉપદેશમાળા અયોગ્યને નહિ આપવી; કેમકે) ઉંદરોને (સોનૈયાદિ) પૈસા મળવાથી શું ? કાગડાઓને સોનાની યા સોને જડેલી રત્નોની માળાથી શું ? (અર્થાત્ કાંઈ પ્રયોજન ન સરે. એમ) મિથ્યાત્વાદિ કર્મ-કીચડથી ખરડાઈ ગયેલા (જીવો)ને ઉપદેશમાળાથી શું પ્રયોજન સરે ? (અર્થાત્ કાંઈ જ ઉપકાર ન થાય.)

चरणकरणालसाणं, अविनयबहुलाण सययऽजोगमिणं ।
न मणी सयसाहस्सो, आवज्झइ कुच्छभासस्स ॥५३०॥

नाउणकरगयामलं व सब्भावओ पहं सव्वं ।
धम्मम्मि नाम सीइज्जइ, त्ति कम्माइं गुरुआई ॥५३१॥

धम्मत्थकामुक्खेसु, जस्स भावो जहिं जहिं रमइ ।
वेरग्गेगंतरसं न इमं सव्वं सुहावेइ ॥५३२॥

(૫૩૦) ચરણ-કરણ(ના સમ્યક્ પાલન)માં પ્રમાદી અને બહુ પ્રકારના અવિનયથી ભારોભાર ભરેલાને આ (ઉપદેશમાળાવસ્તુ દેવી એ) 'સતત'=સર્વદા અનુચિત છે. 'કુચ્છ ભાસસ્સ'=કાગડાને (કોટે) લાખના મૂલ્યનું રત્ન ન બંધાય. (બાંધનારો હાંસીપાત્ર બને છે, એમ દુર્વિનીતને ઉપદેશમાળા દેનાર હાંસીપાત્ર બને.)

(૫૩૧) (આવા ઉપદેશના થોકથી અયોગ્યને સુધારો કેમ નહિ ? તો કે) હાથમાં રહેલા આમળાની જેમ સઘળોય જ્ઞાનાદિ મોક્ષમાર્ગ 'સદ્ભાવથી'=ઉપાદેય તરીકે સ્પષ્ટ જાણવા છતાં ધર્મમાં સીદાય (પ્રમાદી થવાય) છે, એ પરથી જણાય છે કે એમના કર્મો ભારે છે. (અર્થાત્ એ બિચારા કર્મોને ગાઢ પરતંત્ર હોવાથી, જાણકાર હોઈને ય, સુધરતા નથી.)

(૫૩૨) (વળી) ધર્મ, અર્થ, કામ અને મોક્ષ (જ્યારે ઉપદેશાતા હોય ત્યારે) એમાંથી જેનો 'ભાવ'=અભિપ્રાય યાને અતિરસિકતા જે જે ધર્મ કે કામ કે અર્થમાં હોય (તેમાં તેમાં જ) એ રક્ત બને છે, (બધામાં કે માત્ર ધર્મમાં નહિ. તો) વૈરાગ્યના એકાંતે રસવાળું આ શાસ્ત્ર બધાયને આલ્હાદ ન આપે (એ સહજં છે. ઊલટું ભારે કર્મીને આ વિમુખ કરે છે, અરુચિકારક બને છે. તેથી એવાને આ નહિ દેવું.)

✱ संजमतवालसाणं, वेरग्गकहा न होइ कण्णसुहा ।
संविग्गपक्खियाणं, हुज्ज व केसिंचि नाणीणं ॥५३३॥

✱ सोऊण पगरणमिणं, धम्मे जाओ न उज्जमो जस्स ।
न य जणियं वेरग्गं, जाणिज्ज अणंतसंसारी ॥५३४॥

कम्माण सुबहुआणुव समेण उवगच्छई इमं सव्वं ।
कम्ममलचिक्कणाणं, वच्चइ पासेण भण्णंतं ॥५३५॥

---

(૫૩૩) સંયમ અને તપમાં 'અલસ'=ઉત્સાહ-ઉદ્યમ વિનાના(ભારે કર્મી)ને વૈરાગ્યનો ઉપદેશ (સાંભળવો ગમતો નથી), કાન(દ્વારા ચિત્ત)ને આલ્હાદકર નથી બનતો. (સંવિગ્ન-પાક્ષિકને સંયમ-તપમાં અનુત્સાહ છતાં જ્ઞાની હોઈ સંયમ-તપ ઉપર પક્ષપાત હોવાથી, એવાને વૈરાગ્યનો ઉપદેશ આનંદદાયક બને છે.)

(૫૩૪) (આ શાસ્ત્ર, મિથ્યાત્વાદિ મહાસર્પથી ડસાયેલા જીવોને 'જીવનમાં સાધ્ય શું' એનું ભાન નહિ હોવાથી, માત્ર પ્રકરણ-પદાર્થ સંગ્રહનો શુષ્કબોધ કરાવનારું થાય; કેમકે) આ ઉપદેશમાળા નામનું પ્રકરણ સાંભળીને જેને સર્વજ્ઞ-કથિત ધર્મમાં વિશિષ્ટ ઉત્સાહ ભર્યો ઉદ્યમ ન જાગે, (અરે ! સાંભળીને) 'વૈરાગ્ય'=વિષય-વિમુખતા ય ઉત્પન્ન ન થાય, તેને અનંત સંસારી જાણવો. (કાળ સર્પથી ડસાયેલાની જેમ એ અસાધ્ય છે. કારણ,)

(૫૩૫) આ સમસ્ત શાસ્ત્રનો સમ્યગ્ બોધ અતિ બહુ કર્મોના (સ્વકાર્યકરણના અસામર્થ્યસ્વરૂપ) ઉપશમ (ક્ષય, ક્ષયોપશમ)થી (કાંઈક શેષ કર્મ બાકી રહ્યે) પ્રાપ્ત થાય છે. બાકી (મિથ્યાત્વાદિ) કર્મકીચડથી ખરડાયેલા જીવોની (આગળ આ શાસ્ત્ર) વંચાતું હોય

उवएसमालमेयं, जो पढइ सुणइ कुणइ वा हियए ।
सो जाणइ अप्पहियं, नाऊण सुहं समायरइ ॥५३६॥

धंतमणिदामससिगयणिहिपयपढमक्खराभिहाणेणं ।
उवएसमालपगरणमिणमो रइअं हिअट्ठाए ॥५३७॥

✷ जिणवयणकप्परूक्खो, अणेगसुत्तत्थसाल विच्छिन्नो ।
तवनियमकुसुमगुच्छो, सुग्गइ फलबंधणो जयइ ॥५३८॥

---

ત્યારે (એમનાં અંતઃકરણમાં ઊતર્યા વિના એમની) પાસે થઈને ચાલ્યું જાય છે. (ઉપરથી વહ્યું જાય છે.)

(૫૩૬) આ ઉપદેશમાળા જે (ધન્ય પુરુષ) ભણે (સૂત્રથી બોલે) છે, (અર્થથી) સાંભળે છે, અને હૃદયસ્થ (પ્રતિક્ષણ આના પદાર્થને દિલમાં ભાવિત) કરે છે, તે (આ લોક પરલોકના) પોતાના હિતને સમજે છે, અને એને સમજીને, 'સુહં'=વિના મુશ્કેલીએ, આચરે છે.

(૫૩૭) ધંત-મણિ-દામ-સસિ-ગય-ણિહિ એ છ પદોના પહેલા પહેલા અક્ષરોથી બનતા નામવાળા (ધર્મદાસ ગણિ)એ 'હિયટ્ઠાએ'=મોક્ષ માટે ને જીવોના ઉપકાર માટે, આ ઉપદેશમાળા નામનું પ્રકરણ-શાસ્ત્ર 'રચ્યું'=જિનાગમમાંથી અર્થથી ઉદ્ધરીને સૂત્રબદ્ધ કર્યું.

(૫૩૮) (દ્વાદશાંગીરૂપ) જિનવચન-જિનાગમ એ કલ્પવૃક્ષ છે, (કેમકે ઈષ્ટ ફળદાયી છે. એ વ્યાપક હોઈ અને સમ્યક્ છાયા આપનાર હોઈ) અનેક સૂત્રશાસ્ત્ર અને તદર્થરૂપી શાખાઓના વિસ્તારવાળો છે, એમાં (મુનિમધુકરને પ્રમોદકારી) તપ-નિયમરૂપી પુષ્પોના ગુચ્છા છે, અને એ (સ્વર્ગ મોક્ષરૂપી અનંત સુખરસભર્યા) ફળની નિષ્પત્તિવાળું છે. એ

जुग्गा सुसाहुवेरग्गिआण परलोगपत्थिआणं च ।
संविग्गपक्खिआणं, दायव्वा बहुसुआणं च ॥५३९॥

✱ इय धम्मदासगणिणा जिणवयणुवएसकज्जमालाए ।
मालव्व विविहकुसुमा, कहिआ य सुसीसवग्गस्स ॥५४०॥

✱ संतिकरी वुड्ढिकरी, कल्लाणकरी, सुमंगलकरी य ।
होइ कहगस्स परिसाए, तह य निव्वाणफलदाई ॥५४१॥

---

જિનાગમ-કલ્પવૃક્ષ (મિથ્યાશાસ્ત્રરૂપી વૃક્ષોને અકિંચિત્કર ઠરાવતું હોવાથી જયવંતુ વર્તે છે.

(૫૩૯) સુસાધુ અને વૈરાગી શ્રાવકો તથા (સંયમ સન્મુખ થવાથી) પરલોક-હિતની પ્રવૃત્તિમાં ઉદ્યત સંવિગ્નપાક્ષિકને આ ઉપદેશમાળા (આપવા) યોગ્ય છે, ને એવા વિવેકી બહુશ્રુતને આપવી.

(૫૪૦) જિનવચનના ઉપદેશના કાર્ય(આગમો)ની માળામાંથી ધર્મદાસગણીએ વિવિધ પુષ્પોવાળી માળાની જેમ એ પ્રમાણે (ગૂંથીને વિવિધ ઉપદેશવાળી આ ઉપદેશમાળા) ઉત્તમ શિષ્યવર્ગને કહી.

(૫૪૧) આ ઉપદેશમાળા ઉપદેશનાર તથા (સાંભળનારી) સભાને (વિષયાસક્તિ તથા કષાયોની) 'શાંતિ'=ઉપશમ કરનારી, (વૈરાગ્ય તથા જ્ઞાનાદિ ગુણોની) વૃદ્ધિ કરનારી, (આત્મહિત-પ્રવૃત્તિરૂપ) કલ્યાણને કરનારી, (વિઘ્નનિવારક તથા ઉચ્ચતર પ્રશસ્ત અધ્યવસાય પ્રેરક) ઉત્તમ મંગળને કરનારી બને છે. અને એ જ રીતે (આગળ વધતાં) નિર્વાણ-મોક્ષફળને આપનારી બને છે.

इत्थ समप्पइ इणमो, मालाउवएसपगरणं पगयं ।
गाहाणं सव्वाणं, पंचसयाचेव चालीसा ॥५४२॥

जाव य लवणसमुद्दो, जाव य नक्खत्तमंडिओ मेरू ।
ताव य रइया माला, जयम्मि थिरथावरा होउ ॥५४३॥

अक्खरमत्ताहीणं, जं चिय पढियं अयाणमाणेणं ।
तं खमह मज्झ सव्वं, जिणवयणविणिग्गया वाणी ॥५४४॥

**[ -: इति श्री उपदेशमाला प्रकरणम् :- ]**

---

(૫૪૨) અહીં આ હારમાળામય પ્રસ્તુત ઉપદેશ-પ્રકરણ સમાપ્ત થાય છે. (એમાં) બધી ગાથાઓ કુલ પાંચસો ચાલીસ છે.

(૫૪૩) જ્યાં સુધી લવણસમુદ્ર અને જ્યાં સુધી-નક્ષત્રોથી શોભતો મેરુ પર્વત (અસ્તિત્વમાં હોય) ત્યાં સુધી આ ગૂંથેલી (ઉપદેશ)માળા જગતમાં સ્થિર-સ્થાવર=અવિચલ-અવિનાશી રહો.

(૫૪૪) (આ ઉપદેશમાળામાં) અજાણપણે મારાથી જે કાંઈ એક અક્ષર કે માત્રાથી પણ હીનાધિક કહેવાયું હોય, તે બધા મારા (અપરાધ)ની શ્રી જિનેશ્વર ભગવાનના મુખારવિંદમાંથી નીકળેલ વાણી સરસ્વતી ક્ષમા આપો.

# गाथा-अकारादि क्रमः


| **गाथांशः** | **गाथांकः** |
|---|---|
| अइसुट्ठिओ | ६८ |
| अक्कोसण | १३६ |
| अक्खर | ५४४ |
| अच्चणुरत्तो | ५२२ |
| अच्चिय | १८७ |
| अट्टट्टहास | ३१६ |
| अट्ठम | ३७० |
| अणवट्ठियं | ४८६ |
| अणुगम्मइ | १३ |
| अणुराएण | १४१ |
| अणुवत्तगा | ९७ |
| अणुसिट्ठा | २१६ |
| अंतेउर | ४९ |
| अन्नुन्नजं | २२४ |
| अंगारजीव | १६८ |
| अपरिच्छिय | ४१५ |
| अप्परिसावी | ११ |
| अप्पहिय | १०८ |
| अप्पागमो | ४१४ |
| अप्पा जाणइ | २३ |
| अप्पा चेव | १८५ |
| अप्पेण वि | २५२ |
| अभिगम | १६६ |
| अमुणिय | १४३ |
| अरसं वि | ३२५ |
| अरिहंत | ५०२ |
| अरिहंता | ४४८ |
| अवरूप्प | १५५ |
| अविइच्छंति | ४४५ |
| अविकत्ति | ११२ |
| अवि नाम | २५५ |
| अस्संज० | ४९८ |
| अह जी० | १३५ |
| अहमाहओ | १३७ |
| अहियं | ४४४ |
| आउं सं | ४६७ |
| आजीवग | ४५९ |
| आजीव सं | २८२ |
| आणाए | ५०५ |
| आणं सव्व | ५०० |
| आमुक्क जो | ५२८ |

| | |
|---|---|
| आयरतर | ५२४ |
| आयरिय | १०० |
| आरंभपा | ४६२ |
| आलावो | २२३ |
| आवा० | २५८ |
| आसन्न० | २१० |
| आसायण | ४१० |
| आहारेसु | ४० |
| इक्कंपि | ४६८ |
| इच्छइ य | ४०६ |
| इक्कस्स | १५६ |
| इत्थसम | ५४२ |
| इत्थिपसु | ३३४ |
| इंदियक | ४६० |
| इय गणियं | ४८१ |
| इय धम्म | ६४० |
| इह लोए | १२७ |
| ईसाविसा | २८७ |
| उग्गाइ | ३७३ |
| उच्चारपासवणखेले | ३०० |
| उच्चारपासवणवंत | १५९ |
| उच्चारे | ३६७ |
| उच्छूढ | ८९ |
| उज्झिज्ज | २६४ |
| उद्धम | ३३९ |
| उत्तम | १५४ |
| उवएस | ३१ |
| उवएसं | ४४९ |
| उव्विलण | ७७ |
| उव्वेयओ | ३१८ |
| उस्सुत्तमा | २२१ |
| एए दोसा | ४११ |
| एएसु जो | ३१० |
| एगदिव | ९० |
| एगदिह | १६० |
| एगंत | १११ |
| एयंपि | ३२२ |
| एवमगी | ४०७ |
| एवंठिओ | ३८५ |
| एवं तु | २१४ |
| एगागी | ३८७ |
| एसकमो | २७६ |
| ओसन्न च० | २२८ |
| ओसन्न वि० | १९३ |
| ओसन्नया | ३५० |
| ओसन्नस्स | ३५२ |

| | | | |
|---|---|---|---|
| ओसन्नो | ५१७ | कारुण्ण | १०७ |
| कइया वि | १२ | कालस्स | २९४ |
| कक्खड | २८० | किमगं | ४८२ |
| कज्जेभा० | २९७ | किं आसि | ५३ |
| कज्जेण | ३६६ | का पर | २० |
| कडुय | ३६ | किं पिक | १८० |
| कत्तो चिंता | ४७० | किं मूसगा | ५२९ |
| कत्तो सुत्त० | १५७ | किं लिंग | ४३६ |
| कंचणम | ४९४ | किं० सक्का | ३५ |
| कंतारगे | ५२३ | कीवो | ३५६ |
| कप्पाकप्पं ए० | ४१७ | कुच्छा | ३२१ |
| कप्पाकप्पं च | ४०१ | कुलघर | १५२ |
| कम्माण | ५३५ | कुसमय | २७१ |
| कम्मेहिं | २५० | के इत्थ | १७९ |
| कलहण | १३१ | केइ सु | १६७ |
| कलुसी | २४९ | केसिंचिय | ४४० |
| कह उ | ३९९ | केसिंचिव | ४३९ |
| कह कह | ४७५ | केहिवि | ४९६ |
| कह तं | ३० | कोडीसए | ४८ |
| कह वा | ४०८ | को तेण | २५७ |
| काऊण | २५३ | को दाही | ४९० |
| कारणनी० | ११० | कोहो कल | ३०२ |
| कारण वि० | ९५ | कोहो माणो | ३०१ |

| | | | |
|---|---|---|---|
| खरकर | १८३ | छक्काय | ४३५ |
| खित्ताई | ३६२ | छज्जीवकायवह० | ८२ |
| गच्छ | ३८८ | छज्जीवकायविर० | ४४१ |
| गय | ३२ | छज्जीवनिकायदया | ४३० |
| गामं | ३५७ | छज्जीवनिकायमहं | ४२९ |
| गार | ४२२ | छल | ३०७ |
| गिरि | २२७ | छेओ | ५० |
| गीअत्थं | ३७६ | जइ गिण्हइ | २२२ |
| गुज्झो | ३३७ | जइ ठाणी | ६३ |
| गुणदोस | ३१५ | जइ ता अ | ३४४ |
| गुणहीणो | ३५१ | जइ ता ज | ७१ |
| गुरु गुरु | १४२ | जइ तात ण | ४५८ |
| गुरु पच्च | ३७८ | जइ ता ति | ४ |
| गुरुपरि | ३७७ | जइ ता ल | २९ |
| घित्तूण | २५९ | जइ ताव | ६७ |
| घोरे | ३१४ | जइ दुक्कर | ६६ |
| चंदुव्व | ४७७ | जइ न | ६०१ |
| चरणूइ | ३९६ | जइ सव्वं | ४८३ |
| चरणकरण | ४२८ | जग चूडा | २ |
| चरणकरणा | ५३० | जं आणवेइ | ७ |
| चारग | २८३ | जं जयइ | ३९८ |
| चिंता | २८४ | जं जं न | २०९ |
| चोरि | ४५७ | जं जं समयं | २४ |

| | | | |
|---|---|---|---|
| जं णेण | २०० | जायम्मि | ३४५ |
| जंतेहिं | ४२ | जाइकुल | ३३० |
| जं न | १२४ | जाईए | ३३१ |
| जं तं | १०९ | जाणइ अ | २०३ |
| जस्सगुरुम्मि न | ७५ | जाणइ य | २०५ |
| जस्सगुरुम्मि परि. | २६३ | जाणिज्जइ | २०४ |
| जह उज्झमि | ४२० | जायम्मि | ३४५ |
| जह कच्छु | २१२ | जाव य | ५४३ |
| जह चक्क | ५८ | जिणपह | १७६ |
| जह चयइ | १७३ | जिणवयणक | ५३८ |
| जह जह कीर | ११६ | जिणवयणसु | ४३ |
| जह जह खमइ | ३४३ | जियकोह | ३९० |
| जह जह बहु | ३२३ | जीअं का | १०५ |
| जह जह सव्वु | ४८७ | जीवेण | १९७ |
| जह ठिय | ४०२ | जीवो | १८९ |
| जह दाइ | ४१६ | जीवंत | ९८ |
| जह नाम | ४०५ | जुग्गा सु | ५३९ |
| जह मूल | २७३ | जुगमित्तं | २९६ |
| जह या | ४३४ | जेट्ठव्व | ६२ |
| जह वण | १३२ | जे घर | २२० |
| जह सर | ५१८ | जे ते | ४९९ |
| जहा खरो | ४२६ | जो अवि | १७१ |
| जहा सुर | ८ | जो आग | ३१२ |

| | |
|---|---|
| जोइस | ११५ |
| जो कुणइ | ६१ |
| जो गिण्हइ | ९६ |
| जो चयइ | ११७ |
| जो चंदणे | ९२ |
| जो जस्स | ८४ |
| जो जह | ५०४ |
| जो नवि | ४८० |
| जो निच्च | ३४० |
| जो निच्छए | ११८ |
| जो नियम | १६५ |
| जो पुण | ४९३ |
| जो भासुरं | ३११ |
| जो विय | ३८६ |
| जो सुत्त | ४३७ |
| जो सेवइ | २११ |
| जो हुज्जउ | ३८३ |
| ठाणं | २६२. |
| तंसुर | २८६ |
| तम्हा | ३९२ |
| तवकुल | ३२७ |
| तवनियमसील | २४६ |
| तवनियमसुट्ठि | ४४३ |
| तह छक्काय | ४३२ |
| तह पुव्विं | १४० |
| तह वत्थ | ४४७ |
| तह विय | १८ |
| तिरिया | २८१ |
| तिव्वयरे | १७८ |
| ते धन्ना | ५९ |
| तो पढियं | ६४ |
| तो बहु | १२५ |
| तो हय | ४३३ |
| थद्धा | ७४ |
| थद्धो | २७ |
| थोवेण | २८ |
| थोवो वि | ११३ |
| दगपाणं | ३४९ |
| दट्ठूण | २३२ |
| दड्ढ | ४८९ |
| दढ | २३४ |
| दव्वं | ४०० |
| दस | २४८ |
| दावेऊण | २६१ |
| दिण | १४ |
| दिव्वा | २७७ |

| | |
|---|---|
| दीसं | ३८ |
| दुक्कर | ८८ |
| दुज्झाण | १३८ |
| दुपयं | २०६ |
| देवाण | २७८ |
| देवा वि | २८५ |
| देवो नेर | ४५ |
| देवेहिं | १२१ |
| देसियरा | ४१३ |
| देहो | १७४ |
| दो चेव | ४९१ |
| दोस | ५१ |
| धतमणि | ५३७ |
| धम्मकहा | ३७४ |
| धम्मत्थ | ५३२ |
| धम्मं | २२ |
| धम्मंपि | २८८ |
| धम्ममिणं | १२० |
| धम्ममि नत्थि | ३९३ |
| धम्ममएहिं | १०४ |
| धम्मो पुरि | १६ |
| धम्मो मएण | २५ |
| धिद्धी | १२८ |
| न करंति | ८६ |
| न करेइ | ३६८ |
| न करेमि | ५०७ |
| न कुलं | ४४ |
| न चइ | ५ |
| न तहिं | ४७९ |
| नमिऊण | १ |
| नयन | २०७ |
| नरएसु जाइ | २७९ |
| नरएसु सुर | २७४ |
| नरयग | १०३ |
| नरयत्थो | २५६ |
| नरयनि | ४४२ |
| नवि इत्थ | ४७ |
| नवि तं | १२६ |
| नवि धम्म | ३९४ |
| नहदंतकेस | ३५८ |
| नह दंत मंस | १९८ |
| नाऊण | ५३१ |
| नाणं | ४२५ |
| नाणाहिओ | ४२३ |
| नाणाहिय | ४२४ |
| नाणे दंसण | २१८ |

| | |
|---|---|
| नाहम्म | २३५ |
| निक्खम | २३६ |
| निच्छय | ५१२ |
| निच्छो | ३०३ |
| निग्गंतू | १९२ |
| निच्चं दस | १८६ |
| निच्चं पव | ३४७ |
| निच्चं सं | २२६ |
| निब्बीए | ४९५ |
| निम्ममा | ३८९ |
| नियगम | २६ |
| निययां | १५१ |
| निहयाणि | ३२९ |
| निहिसं० | १८१ |
| नीयं गिण्हइ | ३७१ |
| पडिसेवणा | ४०४ |
| पडिवज्जि | ३४ |
| पढइ नडो | ४७४ |
| पढमं | २३८ |
| पंचसमिया | ३९१ |
| पंचिदिय | ४६६ |
| पंचेव | २१७ |
| पणमंति | ५७ |
| पत्ता | २०२ |
| पत्थरेणा | १३९ |
| परतित्थिया | २३७ |
| परपरिवाय्य गिण्हइ | ६९ |
| परपरिवायं मइओ | ७३ |
| परपरिवाय विसाला | ४६१ |
| परिअट्टि | ४७३ |
| परिचिंति | ५११ |
| परिणाम | १३३ |
| परितप्पि | १९६ |
| परिभवइ | ३७२ |
| परियच्छंति | ८३ |
| परिुव | १० |
| पलिओव | २७५ |
| पवराइं | ३२४ |
| पव्वायण | ४१८ |
| पहगमण | ३७९ |
| पागडिय | ६५ |
| पाण | १७५ |
| पाय पहे | ३६० |
| पावि | ४६४ |
| पावो | १९५ |
| पासत्थो | ३५३ |

| | | | |
|---|---|---|---|
| पिल्लि | १५८ | मणिकण | ८५ |
| पीयं | २०१ | महव्वय | ५०९ |
| पुण्णेहिं | १०१ | महिला | १९ |
| पुप्फि | ३९ | माणंसि | ७८ |
| पुर | १९१ | माणी | १३० |
| पुव्व | ३३५ | मायाकुडंग | ३०६ |
| पुव्विं | २९९ | मायानियग | १४५ |
| फरुस | १३४ | मा कुणउ | ३४६ |
| फुड | १०६ | महुर | ८० |
| बहु दोस | ४३८ | माणो | ३०४ |
| बायालमेसणाओ न | ३५४ | मायापिया | १४४ |
| बायालमेसणाओभोय | २९८ | मिण | ९४ |
| बारस | ३७५ | मुक्का | २४५ |
| बालुत्ति | ९ | मुच्छा | ३०९ |
| भद्दो | ६ | मूल | ४४६ |
| भज्ञा | १४८ | रयणु | ४५१ |
| भय | ३२० | राउत्ति | ४६ |
| भव | १२३ | रायकुले | ५६ |
| भिक्खू | ३९५ | राया | ४९७ |
| भीओ | ४७८ | रीय | ३६४ |
| भोगे | १२२ | रूवेण | १५३ |
| भावे | ४०३ | रूसइ | ७६ |
| मउआ | ७९ | लद्धि | २९२ |

| | | | |
|---|---|---|---|
| लद्धूण | ४५३ | विज्ञप्पो | ४८८ |
| लुद्धा | १५० | विज्ञाह | ५४ |
| लोए वि कु | २२५ | विणओ | ३४१ |
| लोए वि जो | ५०८ | विणयाओ | ३४२ |
| लोभो | ३०८ | विरया परि | २४४ |
| वग्घ | ४७२ | विरया पाणि | २४२ |
| वच्चइ | ४६५ | विसयविसं | २१३ |
| वज्जंतो | ३३६ | विसयसुह | १४७ |
| वत्थिव्व | ३८१ | विसयासि | ६० |
| वंदइ उम० | २३० | विसवल्लि | ३१३ |
| वंदइ पडि० | २३३ | वुड्ढावासे | ९९ |
| वंदइ न | ५१६ | वेसंजु | १६२ |
| वरमउ | ४५० | वेसो | २१ |
| वरिस | १५ | वोत्तूण | ३३ |
| वरं | १८४ | सच्छंद...अप्पणे | ३८० |
| वसही | २४० | संवच्छर चा० | २४१ |
| वहबंध | ५२ | सच्छंद...भुंजइ | ३८२ |
| वह मारण | १७७ | सज्झाए | ३३८ |
| वासह | २५१ | सड्ढि | ८१ |
| विकहं | ४८५ | सद्दहणा | २१९ |
| विग्गह | ७० | सद्देसु | ३२८ |
| विज्जं | ३६५ | सपरक्कम | ५५ |
| विज्ञाए | २६७ | सब्भावो | ११४ |

| | | | |
|---|---|---|---|
| समिइ | २९५ | सव्वजिण | १६१ |
| सम्मत्त | २६९ | सव्वंगोवं | १४६ |
| सम्मद्दिट्टि | १६४ | सव्वंति | ५०३ |
| संघयण | २९३ | सव्वं थोवं | ३६१ |
| संजम | ५३३ | सविडंकु | १६३ |
| संजोअइ | ३६९ | सव्वो गुणेहिं | ४५६ |
| संज्झ | २०८ | सव्वो न हिं | ४६३ |
| संति | ५४१ | साय | १४९ |
| संपागड | ५२७ | सारण | ५२५ |
| संसारचा० | २८९ | सारीर | २६४ |
| संसार म० | ३३२ | सावज्ज | ५१९ |
| संसार वं० | १७० | साहंति | ४७१ |
| संसार सा० | ५२१ | साहुकांता | ४१ |
| संसारो | ५०६ | साहूण कं० | २३९ |
| संतेवि | ३७ | साहूण चे० | २४२ |
| संवच्छर उसभ | ६ | साहूणं | ३१७ |
| संवच्छर चा | २८९ | सिद्धि | ४७६ |
| संवाहण | १७ | सिप्पाणि | ४२१ |
| संविग्ग | ५१४ | सिंहगिरि | ९३ |
| सव्वगई | २१५ | सिंहागणे | २६६ |
| सव्वगहाणं | २१० | सीइज्ज | २४७ |
| सव्वाओगे | ४२१ | सी उण्ह | ११९ |
| संयलम्मि | २६८ | सीलव्वया | १८८ |

| | | | |
|---|---|---|---|
| सीसयरि | ४१९ | सूरप्प | ३५५ |
| सीसावेढे | ९१ | सूल | ४६९ |
| सुक्काइय | ५२७ | सेसा मिच्छ | ५२० |
| सुग्गइ | २६५ | सेसुक्कोसो | ३९७ |
| सुच्चा | २६० | सोहणग० | १८२ |
| सुज्झइ | ५१३ | सोउणंपग | ५३४ |
| सुट्ठु वि | ७२ | सोगं | ३१९ |
| सुट्ठु पि | ३३३ | सोउग्ग | १६९ |
| सुत्ते | ४०९ | सोवइय | ३५९ |
| सुंदर | ८७ | सोविय | ३८४ |
| सुद्धं | ५१५ | हत्थेपाए | ४८४ |
| सुपरि | २७२ | हा जीव | १९४ |
| सुबहुं | ५१० | हिमवंत | १९९ |
| सुमिणं | १९० | हियमप्पणो | ४५४ |
| सुरवइ | ४५२ | हीणस्स....नाणा० | ३४८ |
| सुविणि | २३१ | हीणस्स...संवि० | ५२६ |
| सुस्सूस | ३२६ | हीलानिरु | ३०५ |
| सुहिओ | १७२ | हुज्जव | २९१ |

## ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આલેખિત સાહિત્ય

| | પુસ્તકનું નામ | મૂલ્ય રૂપિયા |
|---|---|---|
| ૧ | યોગદ્રષ્ટિ સમુચ્ચય ભાગ-૧ (બીજી આવૃત્તિ) | ૩૫-૦૦ |
| ૨ | યોગદ્રષ્ટિ સમુચ્ચય ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૩ | સીતાજીના પગલે પગલે ભાગ ૧-૨ દરેકના | ૭-૫૦ |
| ૪ | નવપદ પ્રકાશ-૧ (અરિહંત પદ) | ૧૦-૦૦ |
| ૫ | નવપદ પ્રકાશ-૨ (સિદ્ધ પદ) | ૨૦-૦૦ |
| ૬ | નવપદ પ્રકાશ-૩ (આચાર્ય-ઉપાધ્યાય પદ) | ૧૦-૦૦ |
| ૭ | તાપ હરે તનમનના | ૧૦-૦૦ |
| ૮ | પરમતેજ ભાગ-૧ | ૩૦-૦૦ |
| ૯ | પરમતેજ ભાગ-૨ | ૨૫-૦૦ |
| ૧૦ | ગણધરવાદ | ૧૦-૦૦ |
| ૧૧ | મીઠા ફલ માનવ ભવના | ૨૫-૦૦ |
| ૧૨ | ઉચ્ચ પ્રકાશના પંથે (ચોથી આવૃત્તિ) | ૩૦-૦૦ |
| ૧૩ | ધ્યાન અને જીવન ભાગ-૧. (ચોથી આવૃત્તિ) | ૨૫-૦૦ |
| ૧૪ | ધ્યાન અને જીવન ભાગ-૨ | ૨૫-૦૦ |
| ૧૫ | કડવા ફળ છે ક્રોધના | ૨૦-૦૦ |
| ૧૬ | પ્રતિક્રમણ સૂત્ર ચિત્રાવલી | ૨૦-૦૦ |
| ૧૭ | ભેદી આકાશવાણી-કુવલયમાલા ભાગ.૧ | ૨૫-૦૦ |
| ૧૮ | मानव ! तुं मानव बन | २०-०० |
| ૧૯ | मानव जीवन में ध्यान का महत्व | २०-०० |
| ૨૦ | કુવલયમાલા ભાગ-૧. | ૨૫-૦૦ |
| ૨૧ | કુવલયમાલા ભાગ-૨. | ૨૫-૦૦ |
| ૨૨ | શ્રી ભગવતીસૂત્ર વિવેચન (ભા.૧.) | ૨૨-૦૦ |
| ૨૩ | કર્મ ! તારી ગતિ ન્યારી (ભા.૧.) | ૨૫-૦૦ |
| ૨૪ | કર્મ ! તારી ગતિ ન્યારી (ભા.૨.) | ૨૫-૦૦ |
| ૨૫ | ઉપદેશમાળા - (અનુવાદ) આવૃત્તિ-૨ | ૧૫-૦૦ |

પ્રાપ્તિસ્થાન : દિવ્યદર્શન ટ્રસ્ટ
C/o. કુમારપાળ વિ. શાહ,
૩૬ - કલિકુંડ સોસાયટી, ધોળકા - ૩૮૭૮૧૦